## પંચાયતી રાજ સમિતિના અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવાની રીત:

| | | |
|---|---|---|
| પ્રમુખશ્રી/સભ્યશ્રી | : | માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિનો પહેલો, બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરુ છું. |
| અધ્યક્ષશ્રી | : | અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે છે. |

# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંચાયતી રાજ સમિતિ

| ક્રમ | સભ્યશ્રીનુ નામ | |
|---|---|---|
| ૧. | શ્રી પંકજભાઇ દેસાઇ | પ્રમુખશ્રી |
| ૨. | શ્રી પ્રધુમનસિંહ જાડેજા | સભ્યશ્રી |
| ૩. | ગેનીબેન ઠાકોર | સભ્યશ્રી |
| ૪. | શ્રી કરશનભાઇ સોલંકી | સભ્યશ્રી |
| ૫. | શ્રી ગજેન્દ્રસિંહ પરમાર | સભ્યશ્રી |
| ૬. | શ્રી દેવાભાઇ માલમ | સભ્યશ્રી |
| ૭. | શ્રી ભીખાભાઇ બારૈયા | સભ્યશ્રી |
| ૮. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ | સભ્યશ્રી |
| ૯. | શ્રીમતી નિમિષાબેન સુથાર | સભ્યશ્રી |
| ૧૦. | શ્રી ફતેસિંહ ચૌહાણ | સભ્યશ્રી |
| ૧૧. | શ્રી અક્ષયકુમાર પટેલ | સભ્યશ્રી |
| ૧૨. | ડૉ. દર્શના દેશમુખ (વસાવા) | સભ્યશ્રી |
| ૧૩. | શ્રી ઇશ્વરભાઇ પરમાર | સભ્યશ્રી |
| ૧૪. | શ્રી મોહનભાઇ ઢોડિયા | સભ્યશ્રી |
| ૧૫. | શ્રી ભરતભાઇ પટેલ | સભ્યશ્રી |

અહેવાલ સભાગૃહમાં રજૂ થયા

તા.૧૩/૦૨/૨૦૨૪

सत्यमेव जयते

# પંચાયતી રાજ સમિતિ

## પ્રથમ અહેવાલ

### પંદરમી ગુજરાત વિધાનસભા

(તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં ઉપરનો અહેવાલ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન,
સેકટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૩-૨૦૨૪)

**પ્રમુખશ્રી**

શ્રી પંકજભાઇ દેસાઇ

**સભ્યશ્રીઓ**

શ્રી પ્રધુમનસિંહ જાડેજા

ગેનીબેન ઠાકોર

શ્રી કરશનભાઇ સોલંકી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી દેવાભાઇ માલમ

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી ગુલાબસિંહ ચૌહાણ

શ્રીમતી નિમિષાબેન સુથાર

શ્રી ફતેસિંહ ચૌહાણ

શ્રી અક્ષયકુમાર પટેલ

ડાં. દર્શના દેશમુખ(વસાવા)

શ્રી ઇશ્વરભાઇ પરમાર

શ્રી મોહનભાઇ ઢોડિયા

શ્રી ભરતભાઇ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ

શ્રી મેરામણ કરંગિયા, નાયબ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર એસ. પ્રજાપતિ, શાખા અધિકારી

શ્રી નિસર્ગ મોડિયા, શાખા અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૨-૨૦૨૩)

### પ્રમુખશ્રી

શ્રી મહેશકુમાર રાવલ

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૦૨૨)

(તા.૧૧-૧૦-૨૦૨૧ થી)

**પ્રમુખશ્રી**

શ્રી મહેશકુમાર રાવલ

**સભ્યશ્રીઓ**

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૦૨૨)

(તા.૧૦/૧૦/૨૦૨૧ સુધી)

**પ્રમુખશ્રી**

શ્રી કિરીટસિંહ રાણા

**સભ્યશ્રીઓ**

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી ઋષિકેશ પટેલ

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૦-૨૦૨૧)

**પ્રમુખશ્રી**

શ્રી ગોવિંદભાઈ પટેલ

**સભ્યશ્રીઓ**

ગેનીબેન ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી ઋત્વિકભાઈ મકવાણા

શ્રી લલિતભાઈ કગથરા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી કેસરીસિંહ સોલંકી

શ્રી રમેશભાઈ કટારા

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા

શ્રી અરૂણસિંહ રણા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી આનંદભાઈ ચૌધરી

શ્રીમતી ઝંખનાબેન પટેલ

શ્રી ભરતભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૧૯-૨૦૨૦)

### પ્રમુખશ્રી

શ્રી રમણભાઈ પટેલ

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી સુરેશભાઈ પટેલ

શ્રી બાબુભાઈ પટેલ

શ્રી મહમદજાવીદ પીરઝાદા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી હર્ષદકુમાર રીબડીયા

શ્રી દેવાભાઈ માલમ

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી જેઠાભાઈ આહિર (ભરવાડ)

શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ

શ્રી સુખરામભાઈ રાઠવા

શ્રી મોહનભાઈ ઢોડિયા

શ્રી પુનાભાઈ ગામીત

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી હર્ષિલ પટેલ, ઉપસચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૧૪-૨૦૧૫)

### પ્રમુખશ્રી

શ્રી ચીમનભાઇ શાપરીઆ

### સભ્યશ્રીઓ

ડૉ. નીમાબેન આચાર્ય

શ્રી કેશાજી ચૌહાણ

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી અશ્વિન કોટવાલ

શ્રી શંભુજી ઠાકોર

શ્રી કાંતિભાઇ અમૃતિયા

* શ્રી જેઠાભાઇ સોલંકી

શ્રી કેશુભાઇ નાકરાણી

શ્રી રાજેંદ્રસિંહ પરમાર

શ્રી નટવરસિંહ ઠાકોર

શ્રી માનસિંહ ચૌહાણ

પ્રો. હિરાભાઇ હ. પટેલ

શ્રી અજયકુમાર ચોક્સી

શ્રી રમણલાલ પાટકર

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એસ. એમ. મેમણ, નાયબ સચિવ

શ્રી હિમાંશુ જાની, સેક્શન અધિકારી

શ્રી ડી. આર. પરમાર, સેક્શન અધિકારી

* તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજ સંસદીય સચિવ તરીકે નિમણૂક થતા ગુજરાત વિધાનસભાના નિયમ-૧૯૭(૨)ના પરંતુક અન્વયે સમિતિના સભ્ય ગણાતાં બંધ થયા.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧૦ થી ૧૧ |
| ૨ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૨ થી ૧૪ |
| ૩ | કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ | ૧૫ થી ૧૬ |
| ૪ | શિક્ષણ વિભાગ | ૧૭ થી ૨૪ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૫ થી ૩૦ |
| ૬ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૧ |
| ૭ | આદિજાતિ વિકાસ વિભાગ | ૩૨ થી ૪૩ |
| ૮ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૪ થી ૪૬ |

<u>અહેવાલ</u>

પ્રાસ્તાવિક

હું, પંચાયતી રાજ સમિતિનો પ્રમુખ, તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના પ્રથમ અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલા પગલાં પરનો પ્રથમ અહેવાલ રજુ કરું છું.

૨. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ જિલ્લા અને તાલુકા પંચાયતોના સન ૧૯૯૬-૯૭નો ઓડિટ અહેવાલ તપાસીને તેના ઉપરનો સમિતિનો પ્રથમ અહેવાલ તા.૩૦-૦૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજુ કર્યો હતો. તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર વિભાગો દ્વારા મોકલવામાં આવેલ પગલાંના પત્રકોની સમિતિએ નીચે કોષ્ટકમાં દર્શાવેલ તારીખના રોજ સંબંધિત વિભાગની તપાસ હાથ ધરી હતી. (જુઓ પરિશિષ્ટ - ૧ થી ૭)

| ક્રમ | વિભાગનું નામ | સમિતિએ તપાસ કર્યા તારીખ | પરિશિષ્ટ નંબર |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગ | તા.૧૫-૧૦-૨૦૧૯ | પરિશિષ્ટ-૩ |
| ૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | તા.૧૫-૧૦-૨૦૧૯ | પરિશિષ્ટ-૫ |
| ૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | તા.૦૫-૧૧-૨૦૧૯ | પરિશિષ્ટ-૭ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | તા.૧૭-૧૨-૨૦૧૯ | પરિશિષ્ટ-૪ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | તા.૩૧-૧૨-૨૦૧૯ | પરિશિષ્ટ-૧ |
| ૬ | આદિજાતિ વિકાસ વિભાગ | તા.૨૧-૦૧-૨૦૨૦ | પરિશિષ્ટ-૬ |
| ૭ | કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ | તા.૦૨-૦૧-૨૦૨૪ | પરિશિષ્ટ-૨ |

૩. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના પ્રથમ અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં પરનો અહેવાલ સમિતિએ તેની તા.૦૮-૦૨-૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં મંજૂર કર્યો હતો.

૪. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ તેના પ્રથમ અહેવાલમાં કુલ-૭ વિભાગોને લગતી અલગ-અલગ ભલામણો કરી હતી. સમિતિની ભલામણો ઉપર સરકારના સંબધિત વિભાગોએ લીધેલા પગલાંથી સમિતિને મહદઅંશે સંતોષ થયો છે. તેથી ઉક્ત અહેવાલની ભલામણો સંબધમાં વિભાગોએ આપેલ ખુલાસાઓ/પગલાંઓ પર સમિતિએ કોઈ ટીકા કરવાની રહેતી નથી. <u>પરંતું સમિતિએ વિભાગોની જેતે સમયે તપાસ વખતે ભલામણો ઉપર વિભાગને જો કોઇ કાર્યવાહી કરવા અથવા તે સંબંધમાં વધું પગલાં ભરવા જણાવેલ</u>

હોય અથવા વધારાની માહિતી માંગેલ હોય તો તે સંબંધમાં સંબંધિત વિભાગોએ જેતે ભલામણો ઉપર જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૫. નાણા વિભાગના અધિકારીઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ, સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષક અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ કિંમતી સહાય માટે સમિતિ તેમનો આભાર માને છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર,
તા.૧૩-૦૨-૨૦૨૪

પંકજભાઈ દેસાઇ
પ્રમુખ,
પંચાયતી રાજ સમિતિ

## પરિશિષ્ટ-૧

### નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (જળ સંપત્તિ પ્રભાગ)

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૩.૪, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧

સમિતિની તપાસ દરમિયાન એ બાબત ધ્યાને આવી હતી કે, ઇજારદારો જાણીબુઝીને કામો અધુરા રાખી પાછળથી વિલંબ માફ કરાવવા દરખાસ્ત કરતા હોય છે. સમિતિની તપાસ દરમિયાન એ બાબત પણ ધ્યાને આવી કે ઇજારદારો તરફથી બે-બે વર્ષ સુધીના વિલંબ માફ કરવાની દરખાસ્ત આવતી હોય છે. મોટા ભાગના કિસ્સામાં સિંચાઇ સમિતિ સરકારના નિયમો મુજબ કામના ૧૦%ને બદલે નજીવા દરે વિલંબ વળતર વસુલ કરતી હોય છે અને ઘણા કિસ્સામાં કાંઇપણ વિલંબ વળતર વસુલ કરતી નથી જેના કારણે દર વર્ષ અનેક ઓડિટ વાંધાઓ ઉપસ્થિત થતા હોય છે. કોન્ટ્રાકટરો તેમના કામો સમયસર પુરા કરતા ન હોવાથી સરકારની યોજનાઓ સમયસર પુરી થતી નથી અને લોકો આવી યોજનાના લાભોથી વંચિત રહેતા હોય તથા સરકારના નાણાનો વ્યય થતો હોય છે.

સમિતિ એમ માને છે કે, સિંચાઇ સમિતિને આપવામાં આવેલ અમર્યાદિત સત્તા પર કોઇ ચોક્કસ નિયંત્રણ હોવું જોઇએ તેમજ સિંચાઇ સમિતિ કેટલો વિલંબ માન્ય કરી શકે અને અમુક વિલંબથી વધારે વિલંબ થયો હોય તો સરકારના પરિપત્ર અને ટેન્ડરની શરતો મુજબ વિલંબ વળતર વસુલ કર્યા સિવાય આખરી ચુકવણું કરી ન શકાય. તે અંગે ચોક્કસ નિયમો ઠરાવવા જોઇએ. આથી તદ્નુસાર વિચારણા કરી સિંચાઇ સમિતિની સત્તા, કામગીરી, ફરજો વગેરે બાબતે ચોક્કસ નિયમો ઘડવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

સમિતિની ભલામણ મુજબ સિંચાઇ સમિતિની સત્તા પર નિયંત્રણ મુકવા અંગેના નિયમો ઠરાવવા, સિંચાઇ સમિતિની સત્તા, કામગીરી, ફરજો બાબતે ચોક્કસ નિયમો ઘડવા માટેની કાર્યવાહી સરકારશ્રી કક્ષાએ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તક છે. તેથી, જળસંપત્તિ વિભાગ આ બાબતમાં કોઇ બંધનકારક હુકમો કરી શકે નહીં. જળસંપત્તિ વિભાગ તરફથી જિલ્લા પંચાયત હસ્તકના સિંચાઇ કામોમાં સમય-મર્યાદા, વિલંબ વળતર વગેરે અંગે અનુસરવાની કાર્યવાહી બાબતે તા.૧૧/૯/૨૦૧૪ના પરિપત્રથી કરેલ છે. (જુઓ પત્રક-૧)

પત્રક – ૧

જિલ્લા પંચાયત હસ્તકના સિંચાઇ કામોમાં સમય-મર્યાદા, વિલંબ વળતર વગેરે અંગે અનુસરવાની કાર્યવાહી બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જ.સં.,પા.પુ.અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંકઃપીઆરસી/૧૦૨૦૧૪/૬૩૬૪૪૯/(પ)/આઇ
સચિવાલય, ગાંધીનગર
તા.:૧૧/૦૯/૨૦૧૪

પ્રસ્તાવના :-

જિલ્લા અને તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલોમાં દર વર્ષે વિવિધ જિલ્લા પંચાયતોના સિંચાઇ વિભાગના કામોમાં સમય-મર્યાદા લંબાવવા, કામ અપૂર્ણ રહેવા, વિલંબ વળતર તેમજ અન્ય બાબતોમાં જિલ્લા પંચાયત હસ્તકની સિંચાઇ સમિતિ દ્વારા ઠરાવ કરીને સમય-મર્યાદા વધારવા ટોકનરૂપ વિલંબ વળતર ચુકવણી જેવા ઠરાવો કરવામાં આવે છે, જેના કારણે ઇજારદારોને નિયમોનુસાર વિલંબ વળતર ચુકવવા, અમુક વર્ષ માટે કામો ન આપવા, કાળી યાદીમાં મુકવા વગેરે કાર્યવાહીમાં નિયમ વિરૂધ્ધનો લાભ મળી જાય છે. આવા નિયમ વિરૂધ્ધના લાભો ન મળે તેની તકેદારી રાખવી જરૂરી છે. તાજેતરમાં પંચાયતી રાજ સમિતિની મળેલ બેઠકમાં પણ સમિતિ દ્વારા આવા નિયમ વિરૂધ્ધના ઠરાવો અંગે કાર્યવાહી કરવાનું સૂચન થયેલ છે. આમ કામોની સમય-મર્યાદા લંબાવવા, વિલંબ વળતરની ચુકવણી વગેરે નક્કી કરવાની બાબતે સર્વગ્રાહી નીતિ ઘડવાની થાય છે.

પરિપત્રઃ-

જિલ્લા અને તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલોમાં દર વર્ષે વિવિધ જિલ્લા પંચાયતોના સિંચાઇ વિભાગના કામોમાં સમય-મર્યાદા લંબાવવા, કામ અપૂર્ણ રહેવા, વિલંબ વળતર તેમજ અન્ય બાબતોના પરિપ્રેક્ષ્યમાં નીચે મુજબની સૂચના અનુસારની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૧) કોઇપણ કામોની દરખાસ્ત મોકલતા પહેલા તેની પુરતી ચકાસણી (પ્રાથમિક તબક્કે લોકોપયોગીતા) કર્યા બાદ જ દરખાસ્ત કરવાની રહેશે.

(૨) કોન્ટ્રાકટથી આપેલ કામો સમયસર પૂર્ણ થાય તે સારૂ યોગ્ય સ્તરેથી મોનીટરીંગ કરવું અને કામો સમયસર પુર્ણ થાય તેવુ આયોજન કરવાનું રહેશે.

(3) ઇજારદારશ્રી સાથે વાટાઘાટો કરીને નક્કી કરવામાં આવતા ભાવો અંગેના લખાણની કાળજી પૂર્વક ચકાસણી કરવાની રહેશે.

(૪) કામો સમયસર ઇજારદારના કારણે પુર્ણ ન થાય તેવા કિસ્સામાં કરારખતની શરતો અને નિયમો અનુસાર ઇજારદાર સામે જરૂરી પગલાં ભરવા.

(૫) ઇજારદારશ્રી પાસેથી વસુલાતની રકમ સત્વરે વસુલ થાય અને નિષ્ફળ જનાર ઇજારદારશ્રી સામે કાનુની પગલા લેવા સમય-મર્યાદામાં કાર્યવાહી હાથ ધરવી.

(૬) કોઇ કેસમાં કાનુની/લવાદની કાર્યવાહી ચાલુ હોય ત્યારે અસરકારક રજુઆત કરીને સરકારને થયેલ નુકશાનની વસુલાત અંગે અદ્યતન વિગતોસહ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૭) કામની સમય-મર્યાદા લંબાવવાના અને વિલંબ વળતર વસુલાતના કિસ્સામાં વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગના જળસંપત્તિ વિભાગ દ્વારા સ્વિકારાયેલ વખતો વખતના ઠરાવોની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી સમય-મર્યાદામાં કરવાની રહેશે.

(૮) જ્યાં સમય મર્યાદા વધારવાની થાય ત્યાં ઇજારદાર દ્વારા મળેલ અરજી કરારખત અને નિયમોનુસાર સમય-મર્યાદામાં થયેલી હોવી જોઇએ અને તે અંગેની રેકર્ડ પર નોંધ પણ કરવાની રહેશે.

(૯) કામની સમય-મર્યાદા લંબાવવાના અને વિલંબ વળતર વસુલાતની બાબત નિયમ વિરૂધ્ધ થતી હોય ત્યારે જિલ્લા પંચાયત હસ્તકના કાર્યપલક ઇજનેરશ્રીઓએ આવી બાબતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને વાકેફ કરવાના રહેશે, તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને સરકારમાં આવી બાબત ધ્યાન પર લાવવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ. કે. મહેતા)
ઉપસચિવ (પંચાયત)
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિઃ-

- વિકાસ કમિશ્નરશ્રી, બ્લોક ન.૧૬/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધિક્ષક ઇજનેરશ્રીઓ
  - ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર
  - વડોદરા પંચાયત સિંચાઇ વર્તુળ, વડોદરા
  - રાજકોટ પંચાયત સિંચાઇ વર્તુળ, રાજકોટ
  - કચ્છ સિંચાઇ વર્તુળ, ભુજ (કચ્છ)
- પંચાયત સિંચાઇ વિભાગ હસ્તકના સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ. (સર્વે જિલ્લા પંચાયત)
- સિલેકટ ફાઇલ (૧) સેકશન અધિકારી (૨) ના.સે.અ. અને (૩) શાખ

## પરિશિષ્ટ-૨

## કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૫.૩, અહેવાલ ભલામણ ક્રમાંક : ૨

સરકારની કોઇ નીતી નિયમો ઠરાવ્યા ન હોવા છતાં લાંબા સમયથી જિલ્લા પંચાયત હેઠળનાં બિયારણ વૃધ્ધિ કેન્દ્રો દ્વારા ઉધાર વેચાણ થતું હોવાનું તેમજ સરકાર દ્વારા આવા ગેરકાયદેસર ઉધાર વેચાણ રોકવામાં આવતું ન હોવાનું સમિતિની તપાસ દરમિયાન સમિતિના ધ્યાન પર આવ્યું હતું. સમિતિ આ બાબતને ગંભીર ગણે છે અને આવા ગેરકાયદેસર ઉધાર વેચાણને તાત્કાલિક બંધ કરવા તેમજ નિયમ વિરૂધ્ધ ઉધાર વેચાણ કરનાર ખેતીવાડી અધિકારી/કર્મચારી સામે પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે.

બિયારણ વૃધ્ધિ કેન્દ્રોની ખોટ અંગે સમિતિનાં ધ્યાને આવ્યું કે પંચાયત હસ્તકનાં બિયારણ વૃધ્ધિ કેન્દ્રો છેલ્લા ઘણા વર્ષોથી સતત ખોટ કરે છે. આ ઉપરાંત વડોદરા જિલ્લાના કેટલાક બિયારણ કેન્દ્રો જે વાણિજય પાકો લેવા છતાં ખોટ કરે છે. વિભાગનાં પ્રતિનિધિએ ખોટ સંબધમાં જે ખુલાસો કર્યો તે વ્યાજબી જણાતો નથી. આથી જિલ્લા પંચાયત હસ્તકના બિયારણ વૃધ્ધિ કેન્દ્રો ખોટમાંથી બહાર આવે અને નફો કરતાં થાય તેવા ચોકકસ પ્રયોસો કરવા જોઇએ. જરૂર જણાય તો આ અંગે કૃષિ યુનિવર્સિટીનું માર્ગદર્શન મેળવવા પણ સમિતિ ભલામણ કરે છે. આ ઉપરાંત જે બિયારણ વૃધ્ધિ કેન્દ્રો ખોટમાંથી બહાર આવી શકે તેમ ન હોય તો તેવા બિયારણ વૃધ્ધિ કેન્દ્રો અલગ તારવી તેને તાત્કાલિક અસરથી બંધ કરી આવા બિયારણ વૃધ્ધિ કેન્દ્રો મહેસૂલ વિભાગને તબદીલ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

ઉધાર વેચાણની રકમ વસુલ કરવા અંગે.

(૧) જિલ્લા પંચાયત, પંચમહાલ (ગોધરા)ના તા:૨૪/૦૬/૨૦૧૬ (પૃ.૧૦૩/પ.વિ.)થી રૂ.૫૦,૦૨૧/-ની વસુલાત થયેલ છે.

(૨) જિલ્લા પંચાયત, વડોદરાના તા:૨૩/૧/૨૦૧૭ (પૃ.૧૪૭/પ.વિ.)ના પત્રથી રજુ થયેલ વિગત અનુસાર શેરડી ઉધાર વેચાણની રકમ રૂ.૧,૦૭,૨૩૭/- તથા અન્ય ઉધાર વેચાણની રકમ રૂ.૫,૨૩,૩૫૨/– ની વસુલાત થયેલ છે.

(3) વડોદરા જિલ્લાની રકમ રૂ.૫,૨૩,૬૫૩/- અને પત્રક ૧, ૨ અને ૩ ની કુલ વસુલાત રૂ.૫,૨૩,૩૫૨/- માં આપેલ આ બાબતની વસુલ થયેલ રકમ વચ્ચે રૂ.૩૦૧/- ની રકમ જિલ્લા ખેતીવાડી અધિકારી જિ.પં. વડોદરા દ્વારા વસુલ કરવામાં આવેલ છે.

નિયમ વિરૂધ્ધ ઉધાર વેચાણ કરનાર ખેતી અધિકારી/કર્મચારી સામે પગલાં લેવા બાબત.

(૧) જિલ્લા પંચાયત, પંચમહાલ (ગોધરા)ના ખુલાસા અનુસાર રૂ.૧૫૩૬૬/- શ્રી બી. પી. ગોહિલ માજી સીની. ક્લાર્કને મળવાપાત્ર ગ્રેજયુઇટીમાંથી વસુલ કરેલ છે.

(૨) જિલ્લા પંચાયત, છોટા ઉદેપુર દ્વારા તા.૨૫/૪/૨૦૧૭ (પૃ.૨૪૯/પ.વિ.)ના પત્રથી શ્રી બી. આર. પટેલ, ખેતી મદદનીશ, બહાદરપુર હાલ ગ્રામસેવકને શિક્ષાનો હુકમ કરેલ છે.

(3) જિલ્લા વિકાસ અધિકારી, છોટા ઉદેપુરએ તા.૫/૫/૨૦૧૭ (પૃ.૨૫૩/પ.વિ.)ના પત્રથી શ્રી એમ. જી. કોળી, ખેતી મદદનીશ, નસવાડી હાલ વિસ્તરણ અધિકારી ખેતી, ચાલામણી તા. બોડેલીની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા નોટીસ પાઠવેલ છે તથા ખુલાસો મળ્યેથી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ છે.

બંધ બિયારણ વૃધ્ધિ કેન્દ્રો મહેસૂલ વિભાગને તબદીલ કરવા બાબત.

રાજયનાં કુલ ૧૨૮ સીડ ફાર્મ મહેસૂલ વિભાગ/યુનિવર્સિટીને સોંપવા માટે કાર્યવાહી થયેલ છે.

| ક્રમ | વિગત | સીડ ફાર્મ સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસૂલ વિભાગે કબજો સંભાળેલ છે તેવા સીડ ફાર્મ | ૫૭ |
| ૨ | મહેસૂલ વિભાગે કબજો ન સંભાળેલ હોય તેવા સીડ ફાર્મ | ૧૦ |
| ૩ | અનિર્ણિત સીડ ફાર્મ | ૦૫ |
| ૪ | ૧૦૦ ટકા નફા – ખોટના ધોરણે જી. પં. ને સોપેલ સીડ ફાર્મ | ૩૦ |
| ૫ | કૃષિ યુનિવર્સીટીને સુપરત કરેલ સીડ ફાર્મ | ૧૪ |
| ૬ | બાગાયત ખાતાને સુપરત કરેલ સીડ ફાર્મ | ૧૧ |
| ૭ | અન્ય સંસ્થાને સુપરત કરેલ સીડ ફાર્મ | ૦૧ |
| ૮ | રાજ્યના કુલ સીડ ફાર્મ સંખ્યા | ૧૨૮ |

<u>પરિશિષ્ટ-૩</u>

<u>શિક્ષણ વિભાગ</u>

<u>લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૬.૨, અહેવાલ ભલામણ ક્રમાંક : ૩</u>

વિભાગના લેખિત ખુલાસા અને રૂબરૂ તપાસને ધ્યાનમાં લઇને કોર્ટનો જે ચુકાદો આવે તેની જાણ સમિતિને કરવાની શરતે સમિતિએ આ પેરા ડ્રોપ કર્યો હતો,પરંતુ આ ફકરાની તપાસને સાડા છ વર્ષ જેટલો સમય થવા છતાં આ કેસ અંગે કોર્ટનો શું ચુકાદો આવ્યો અને રૂ.૩,૦૭,૧૩૧/-ની રકમની વસુલાત અંગે શું કાર્યવાહી થઇ તેની કોઇ વિગતો હજુ સુધી સમિતિને મળી નથી. સમિતિ આ બાબતને ગંભીર ગણે છે, અને આ અંગે સખત નારાજગી વ્યકત કરે છે. આ વિગતો સમિતિને ન મોકલવા માટે જવાબદારો સામે પગલાં લેવા તેમજ ઉકત કેસ અંગે થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

<u>સરકારે લીધેલા પગલાં</u>

જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરાના તા.૫/૧૦/૨૦૧૮ના પત્રમાં જણાવ્યાનુસાર તાલુકા પંચાયત કચેરી, સંખેડા, જિલ્લો છોટાઉદેપુરના તાબાની કલેડીયા પ્રાથમિક શાળા તા.સંખેડા ખાતે ફરજ બજાવતા તત્કાલિન પ્રાથમિક શિક્ષકશ્રી નરેશકુમાર કંચનભાઇ પટેલ દ્વારા જયારે નોકરી મેળવવા અરજી દાખલ કરેલ. તે સાથે જે પ્રમાણપત્રો રજુ કરેલાં તેમાં પી.ટી.સી. માર્કશીટ તથા પ્રમાણપત્ર જેનો બેઠક નંબર ૦૦૬૫૭, એપ્રિલ-૮૪ પરીક્ષામાં બીજા વર્ગમાં પાસ કરેલ છે. જેથી રાજય પરીક્ષા બોર્ડ અમદાવાદમાં તપાસ કરાવતાં પી.ટી.સી.ની માર્કશીટ અને પ્રમાણપત્ર બંને તદ્દન બનાવટી જણાઇ આવેલ. આમ, પ્રાથમિક શાળામાં નોકરી મેળવવા માટે શૈક્ષણિક લાયકાત સિધ્ધ કરવાના હેતુસર પી.ટી.સી.ની બનાવટી માર્કશીટ અને પ્રમાણપત્ર રજુ કરી છેતરપિંડી કરીને પ્રાથમિક શિક્ષકની નોકરી મેળવેલ છે તેમ જણાઇ આવતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વડોદરાના પત્ર ક્રમાંક નં.શિક્ષણ/તપાસ/૬૨-૬૪/૧૯૯૭, તા.૨૯/૧/૯૭થી શ્રી નરેશકુમાર કંચનભાઇ પટેલ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૯, ૪૬૭, ૪૬૫, ૪૭૧ તથા ૪૪૭ની શિક્ષા થાય તે માટે તાલુકા નિરીક્ષકશ્રી, સંખેડાને અધિકાર આપતાં સંખેડા પોલિસ સ્ટેશનમાં ગુ.ર.નં.૭/૯૭, તા.૦૧/૦૨/૧૯૯૭થી ગુનો નોંધવામાં આવેલ છે. ઉપરાંત તાલુકા વિકાસ અધિકારી, સંખેડાના પત્રાંક/પેરા/શિક્ષણ/૮૩, તા.૩૧/૩/૧૯૯૭થી શ્રી નરેશકુમાર કંચનભાઇ પટેલને નોકરીમાંથી તા.૨૯/૧/૧૯૯૭ની અસરથી બરતરફ કરવામાં આવેલ છે.

પ્રકરણ સંખેડા પોલિસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૭/૯૭થી નોંધાયેલ ફરિયાદ નવરચિત છોટાઉદેપુર જિલ્લા અંતર્ગત નવીન બોડેલી તાલુકો અસ્તિત્વમાં આવતાં સદરહું કેસ બોડેલી પોલીસ સ્ટેશનમાં તબદીલ કરવામાં આવેલ છે.

બોડેલી પોલિસ સ્ટેશન દ્વારા અત્રે રજુ થયેલ વિગતો મુજબ ફ.ગુ.ર.નં.૭/૯૭ થી ઇપીકો કલમ ૪૨૦, ૪૬૫, ૪૭૧, ૪૪૭(૨) મુજબનો ગુનો દાખલ થયેલ જેની ચાર્જશીટ તા.૦૫/૦૪/૧૯૯૭ થી સંખેડા પોલિસ સ્ટેશન દ્વારા નામ. સંખેડાની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ, જેનો કોર્ટ કેસ નં.૪૯૫/૯૭ મુજબનો હતો. પરંતુ હાલમાં સદરહું કેસ બોડેલી કોર્ટમાં નવા કેસ ન.૭૯૧/૨૦૧૬થી દાખલ થયેલ છે. સદરહું કેસ પુરાવા પર હાલ નામ. કોર્ટમાં ચાલુ છે. જેની છેલ્લી મુદત તા.૨૬/૯/૨૦૧૮ના રોજ થયેલ છે. આમ, આ કિસ્સામાં જાહેર હિસાબ સમિતિની ભલામણ મુજબ આ બાબતની થયેલ કાર્યવાહીની વિગતો સમિતિને ન મોકલવા માટે જવાબદારો સામે પગલાં લેવા તત્કાલિન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા કોઇ કાર્યવાહી થયેલ નથી. જો કે આ કિસ્સામાં હાલમાં સબજયુડિસ કાર્યવાહીમાં કેસ ચાલવા પર છે અને તેની છેલ્લે મુદત તા.૨૬/૯/૧૮ના રોજ હતી.

વિશેષ નોંધઃ- નરેશકુમાર કંચનભાઇ પટેલના ધોરણ-૧૦ તથા પી.ટી.સી. પરીક્ષાના પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી કરવામાં આવતાં આ પ્રમાણપત્રો ખોટા માલુમ પડતાં તેઓ પાસેથી તા.૧૯/૦૩/૧૯૮૭ થી તા.૩૧/૧૦/૧૯૯૬ સુધી શિક્ષક તરીકે કરેલ નોકરી સામે અદા કરેલ પગાર ભથ્થાની રકમ રૂ.૩,૦૭,૧૩૧/-ની વસુલાત માટે તાલુકા પંચાયત, સંખેડા દ્વારા તેઓની સ્થાવર જંગમ મિલકતમાંથી વસુલાત કરવા માટે વર્ષ ૨૦૦૦થી ૨૦૦૫ દરમિયાન સમયાંતરે વસુલાત માટેની નોટીસો પાઠવવામાં આવેલ છે.

શ્રી એન. કે. પટેલ સામે ફોજદારી કેસ નંબર.૭૬૧/૨૦૧૬ દાખલ થયેલ છે અને સદર કેસ હાલમાં બોડેલી સિવિલ કોર્ટમાં EVIDENCE OF PROSECUTION સ્ટેજ ઉપર છે. આ કેસમાં છેલ્લે મુદ્દત તા.૧૮/૦૫/૨૦૧૯ની હતી અને હવે પછીની મુદ્દત તા.૧૮/૦૬/૨૦૧૯ના રોજની છે. આમ, આ કેસમાં ખોટા માર્કશીટ અને પ્રમાણપત્ર આધારે નોકરી કરેલ મજકૂર શિક્ષક પાસેથી પગાર ભથ્થાની નાણાકીય વસુલાત બાબતે તેઓ સામે બોડેલી સિવિલ કોર્ટમાં કેસનો આખરી ચુકાદાનો નિર્ણય આવ્યા બાદ કરી શકાય તેમ છે.

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૬.૧૩, અહેવાલ ભલામણ ક્રમાંક : ૪

સમિતિ સમક્ષ ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિએ હવે રાત્રિ રોકાણ કરવાની જરૂર નથી તેમજ તા.૩૧/૧૨/૧૯૭૮ ના પી.ટી.એ. ના ઠરાવમાં વિભાગ દ્વારા તદઅનુસાર સુધારો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું આથી આ સુધારો કયારે કરવામાં આવ્યો, તેની તથા આડિટે લીધેલા વાંધા મુજબ જિલ્લા પંચાયત ભુજ હસ્તકના કેળવણી નિરીક્ષકો પાસેથી જરૂરી વસુલાત કરવા અંગે થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, કચ્છ-ભુજના તા.૨૯/૯/૨૦૧૭ના પત્રમાં જણાવ્યાનુસાર પંચાયતી રાજ સમિતિની ભલામણ અનુસાર વિભાગના પ્રતિનિધિએ હવે રાત્રિ રોકાણ કરવાની જરૂર નથી. તેમજ તા.૩૧/૧૨/૧૯૭૮ના પી.ટી.એ.ના ઠરાવમાં વિભાગ દ્વારા તદઅનુસાર સુધારો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. જે સુધારો તા.૨૨/૫/૨૦૧૫ના રોજ કરવામાં આવેલ છે. (જુઓ પત્રક -૨)

જિલ્લા પંચાયત ભુજ હસ્તકના કેળવણી નિરીક્ષકોએ વર્ષ દરમિયાન નિયત થયેલ પ્રવાસ તથા રાત્રી રોકાણ પુર્ણ કરેલ ન હોવાથી સુચવેલ વસુલાત રૂ.૩૨,૭૭૯/- પૈકી રૂ.૧૭,૭૩૪/-ની વસુલાત કરવામાં આવેલ છે તથા બે કેળવણી નિરીક્ષકોને રજા દરમિયાન ચુકવાયેલ પી.ટી.એ. તથા અર્ધ પગારી રજાના કારણે રૂ.૧૩,૭૭૧/-ની વસુલાત સામે રૂ.૫૧૬૭-૫૦ની વસુલાત કરવામાં આવેલ છે. ઓડીટે સુચવેલ વસુલાત પૈકી મોટા ભાગની વસુલાત થઇ ગયેલ છે. રૂ.૨૩,૬૪૮-૫૦ની બાકી વસુલાત બાબતે કેળવણી નિરીક્ષક અવસાન નિવૃત પામેલાઓના છેલ્લા સરનામાં ઉપલબ્ધ ન હોઇ તેમને નોટીસ બજાવી શકાયેલ નથી જેથી વસુલાત થઇ શકેલ નથી. આ રેકર્ડ ભુકંપ પહેલાનું હોવાથી મેળવવું મુશ્કેલ છે. આ સાથે ભુકંપ બાદ હયાત રેકર્ડની માહિતીનું કલેકટરશ્રી, કચ્છ-ભુજ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, કચ્છ-ભુજ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કચ્છ-ભુજ એમ જિલ્લાના શિક્ષણ/વિકાસ/મહેસૂલ સાથે સંકળાયેલ ત્રણેય અધિકારીઓની સંયુકત સહી સાથેનું પ્રમાણપત્ર આ સાથે સામેલ છે.(જુઓ પત્રક – ૩) વધુમાં બાકી રહેતી વસુલાતની પ્રગતિ વસુલાત થયેથી જાણ કરવાની લેખિત સંમતિ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચ્છ-ભુજે આપી છે. (જુઓ પત્રક – ૪)

પત્રક – ૨

જીલ્લા/તાલુકા પંચાયત હસ્તકના કેળવણી નિરીક્ષક(એડીઆઈ) ના કાયમી પ્રવાસ ભથ્થાના દર સુધારવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-પીઆરઈ-૧૧૨૦૦૦-૧૭૨૮/ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૦૫/૨૦૧૫

વંચાણમાં લીધાં:-

૧. શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૫/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક-પીઆરઈ-૧૧૨૦૦૦-૧૭૨૮/ક
૨. શિક્ષણ વિભાગનો તા.૧૮/૦૬/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક-પીઆરઈ-૧૨૦૦૦-૧૭૨૮/ક
3. ના.વિ.નો તા.૨૬/૦૯/૨૦૦૦નો પરિપત્ર મશભ-૧૪૨૦૦૦-૧૮૦૯/ચ તથા તા.૧૬/૦૬/૮૯નો પરિપત્ર ક્રમાંક-એમએસબી-૧૪૮૯-૪૨૯/જે
૪. ના.વિ.નો તા.૧૬/૧૨/૨૦૦૪નો પરિપત્ર ક્રમાંક-મસભ-૧૪૨૦૦૪-૧૦૩૩-ચ
૫. શિક્ષણ વિભાગનો તા.૨૨/૦૧/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૨૦૦૦/૧૭૨૮/ક

આમુખ:-

જીલ્લા/તાલુકા પંચાયત શિક્ષણ સમિતિના કેળવણી નિરીક્ષકોના કાયમી મુસાફરી ભથ્થાના દર (પીટીએ) આ વિભાગના તા.-૩૧/૧૨/૧૯૮૯ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ ત્યારબાદ વખતો વખત નાણાં વિભાગના ઠરાવથી નિયત દરમાં સુધારો થયેલ. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ને અનુલક્ષીને સુધારવામાં આવેલ દૈનિક ભથ્થાના દરોને અનુલક્ષીને નાણાં વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ-૪ અન્વયે જીલ્લા/તાલુકા પંચાયતના શિક્ષણ સમિતિના કેળવણી નિરીક્ષક (એડીઆઈ)ના કાયમી મુસાફરી ભથ્થાના દરોમાં સુધારણા કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે જીલ્લા/તાલુકા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકના કેળવણી નિરીક્ષક (એડીઆઈ)ને વંચાણમાં લીધેલ ક્રમાંક-(૧) (૨) અને (૫)થી નક્કી કરાયેલ શરતોને આધીન માસિક રૂ.૧૨૫૦/- નક્કી કરેલ હતુ. જેમાં સુધારો કરી તા.૦૧/૦૬/૨૦૧૫થી માસીક રૂ.૩૧૧૪/-(ત્રણ હજાર એકસો ચૌદ પુરા) કાયમી મુસાફરી ભથ્થુ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. જીલ્લા/તાલુકા પંચાયત શિક્ષણ સમિતિના કેળવણી નિરીક્ષકોના કાયમી મુસાફરી ભથ્થુ મંજુર કરવા અંગેની અન્ય શરતો અત્રેના તા.૧૬/૫/૨૦૦૧, તા.૧૮/૬/૨૦૦૧ તથા તા.૨૨/૧/૨૦૧૦ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે.

૩. આ સુધારેલ કાયમી મુસાફરી ભથ્થાના દરો નાણાં વિભાગના તા.૨૬/૦૯/૨૦૦૦ના પરિપત્ર મુજબ નાણાં વિભાગની ચકાસણીને આધીન રહેશે. આ હુકમમાં દર્શાવેલ રકમમાં નાણાં વિભાગ તરફથી સુધારા વધારા થાય તો તે મુજબના વધારાની ચુકવાયેલ રકમ પરત વસુલ લેવાપાત્ર રહેશે.

૪. આ હુકમો નાણાં વિભાગના તા.૨૬/૯/૨૦૦૦ના પરિપત્ર ક્રમાંક-મસભ-૧૪૨૦૦૦-૧૮૦૯-ચ અન્વયે વહીવટી વિભાગને એનાયત થયેલ સત્તાની રૂએ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અશોક પટેલ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (પ્રા. શિ. નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ ( પ્રા. શિ. નિયામકશ્રી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ

## પત્રક – ૩

## ભુકંપ બાદ હયાત રેંકર્ડની માહિતી
## શિક્ષણ શાખા, જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ

| ક્રમ | ટેબલનું નામ | દફ્તર ફાઈલ/રજીસ્ટર યાદીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મકમ - ૧ | ૮૩ |
| ૨ | મકમ - ૨ | ૩૭ |
| ૩ | મકમ - ૩ | ૩૪૬ |
| ૪ | મકમ - ૪ | ૩૪૬ |
| ૫ | મકમ - ૫ | ૨૫૫ |
| ૬ | હસબ - ૨ | ૯૯ |
| ૭ | જી.પી.એફ. – ૩ | ૨૭ |
| ૮ | જી.પી.એફ. - ૪ | ૭૦ |
| ૯ | આયોજન – ૧ | ૪૬ |
| ૧૦ | જનરલ | ૧ |
| ૧૧ | આયોજન – ૨ | ૪૫ |
| | કુલ | ૧૩૫૫ |

ઉપરોકત વિગતના દફતર યાદી ઉપર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની સહી છે.

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જિલ્લા પંચાયત, કચ્છ-ભુજની શિક્ષણ શાખામાં ઉપર મુજબના ક્રમ નં. ૧ થી ૧૧ ટેબલ હસ્તકના હયાત દફતરમાં ૧૩૫૫ ફાઈલો/રજીસ્ટરો હયાત છે. બાકીનું રેકર્ડ તા.૨૬/૧/૨૦૦૧ના રોજ આવેલ ભયાનક ભુકંપમાં અને વારંવારની હેરફેરના કારણે નાશ પામેલ છે.

| | | |
|---|---|---|
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | જિલ્લા વિકાસ અધિકારી | કલેક્ટર |
| કચ્છ-ભુજ | કચ્છ-ભુજ | કચ્છ–ભુજ |

<u>પત્રક – ૪</u>

વર્ષ-૧૯૯૬-૯૭ કચ્છ જિલ્લા પંચાયત, શિક્ષણ શાખા

પી.આર.સી. ફકરા નંબર. ૬.૧૩

<table>
<tr><th>ક્રમ</th><th>ઓડીટ વર્ષ</th><th>ઓડીટ પારાની ટૂંકી વિગત</th><th>ઓડીટ પારાની વિશેષ પૂર્તતાની વિગત</th></tr>
<tr><td>૧</td><td>૧૯૯૬-૯૭</td><td>ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નંબર. પીઆરઇ-૧૭-૧૧૭-૪૪૮-૪૯-ક, તા.૩૧/૧૨/૭૯ માં જણાવ્યા મુજબ કેળવણી નિરીક્ષકોએ વર્ષ દરમ્યાન કુલ ૨૧૦ દિવસ તેમ જ ૧૧૦ દિવસ રાત્રી રોકાણ કરવાનું ઠરાવેલ છે. શિક્ષણ સમિતિ જિલ્લા પંચાયત, ભુજ હસ્તકના કેળવણી નિરીક્ષકોએ કરેલ તેમની ડાયરીની વિગત જોતાં ઠરાવેલ મર્યાદા કરતાં ઓછા દિવસોનો પ્રવાસ તથા રાત્રી રોકાણ કરેલ માલુમ પડેલ. આ પરિણામે રૂા.૩૨,૭૭૯-૦૦ પૂરાની વસુલાત કરવાની થાય છે.</td><td>કેળવણી નિરીક્ષકોએ વર્ષ દરમિયાન નિયત થયેલ પ્રવાસ તથા રાત્રિ રોકાણ પૂર્ણ કરેલ ન હોવાથી ઓડીટે સૂચવેલ વસુલાત રૂા.૩૨,૭૭૯-૦૦ પૈકી નીચેની વિગતે વસુલાત કરવામાં આવેલ છે.
<table>
<tr><th>ક્રમ</th><th>કેળવણી નિરીક્ષકનું નામ</th><th>થયેલ વસુલાતની રકમ</th><th>ચલણ નંબર તથા વાઉચર નંબર તારીખ</th></tr>
<tr><td>૧</td><td>શ્રી જે. એમ. સથવારા</td><td>૮૧૮-૦૦</td><td>વા.નં.૨૦૮૬, તા.૨૪/૦૬/૯૬</td></tr>
<tr><td>૨</td><td>શ્રી એમ. એન મહેશ્વરી</td><td>૮૬૭-૦૦</td><td>વા.નં.૨૦૮૭,તા.૨૪/૦૬/૯૭</td></tr>
<tr><td>૩</td><td>શ્રીમતી સી. વી. ચૌધરી</td><td>૪૬૨-૦૦</td><td>વા.નં.૮૧૪૧, તા.૧૬/૧૦/૯૭</td></tr>
<tr><td>૪</td><td>શ્રી કે. એસ. હરીજન</td><td>૧૩૮૬-૦૦</td><td>પગાર માસ-૧૦,૧૧,૧૨-૧૯૯૭</td></tr>
<tr><td>૫</td><td>શ્રી પી. પી. રાવલ</td><td>૨૭૩-૦૦</td><td>વા.નં.૧૬૦, તા.૦૧/૦૪/૯૮</td></tr>
<tr><td>૬</td><td>શ્રી એ. વી. છાયા</td><td>૧૮૨-૦૦</td><td>વા.નં.૧૬૦, તા.૦૧/૦૪/૯૮</td></tr>
<tr><td>૭</td><td>શ્રી એ. એ. મુનસી</td><td>૧૩૬-૦૦</td><td>પગાર એપ્રિલ-૧૯૯૮</td></tr>
<tr><td>૮</td><td>શ્રી એ. વી. છાયા</td><td>૧૨૦૫-૦૦</td><td>ચલન તા.૨૯/૧૨/૨૦૦૫</td></tr>
<tr><td>૯</td><td>શ્રી એમ. જે. ફફલ</td><td>૪૦૦૦-૦૦</td><td>ચલન તા.૦૨/૦૧/૨૦૦૬</td></tr>
<tr><td>૧૦</td><td>શ્રી એમ. જે. ફફલ</td><td>૪૨૭૮-૦૦</td><td>ચલન તા.૦૨/૦૨/૨૦૦૬</td></tr>
<tr><td>૧૧</td><td>શ્રી પી. ટી. મહેશ્વરી</td><td>૩૨૩૦-૦૦</td><td>ચલન તા.૦૨/૦૨/૨૦૦૬</td></tr>
<tr><td>૧૨</td><td>શ્રી એસ. એલ. જોશી</td><td>૫૦૦-૦૦</td><td>ચલન તા.૦૩/૦૩/૨૦૦૭</td></tr>
<tr><td></td><td>કુલ</td><td>૧૭,૭૩૪-૦૦</td><td></td></tr>
</table></td></tr>
<tr><td></td><td></td><td></td><td>એમ કુલ રૂા.૧૭,૭૩૪-૦૦ની વસુલાત કરી લેવામાં આવેલ છે. જયારે બાકીની વસુલાત કરવા માટે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને અત્રેના પત્ર નં.જિશિસ-હસબ-૨-ઓ.વ.પીટી.એ. તા.૨૦/૧૧/૨૦૦૫થી તેમ જ અત્રેના પત્ર નં. જિપક શિ.સ./હસબ/ઓ.રી./૦૭-૦૮/૧૨૭૧-૮૧, તા.૨૧/૧૧/૦૭થી બાકી રહેતી નિવૃત્ત કેળવણી નિરીક્ષક ૮ ને નોટીસ આપવામાં આવેલ છે. જેમને ચલનથી તાત્કાલિક રકમ ભરપાઇ કરવા જણાવવામાં આવેલ છે. જયારે તે પૈકીના ૬ કેળવણી નિરીક્ષક અવસાન- નિવૃત્તિ પામેલાઓને છેલ્લા સરનામા ઉપલબ્ધ ન હોઇ તેમને નોટીસ આપી શકાયેલ નથી.</td></tr>
<tr><td>૨</td><td>૧૯૯૬-૯૭</td><td>સરકારશ્રીના નાણાં વિભાગના</td><td>બે કેળવણી નિરીક્ષકોને રજા દરમ્યાન ચુકવાયેલ પી.ટી.એ.</td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | | પરિપત્ર નંબર એમ.એસ.બી.-૧૩૭૨-૪૧૮૮-જે, તા. ૨૩/૦૫/૭૨ મુજબ કાયમી મુસાફરી ભથ્થુ રજાના દિવસો તથા રજાની આજુબાજુ જોડેલ દિવસો માટે મળવાપાત્ર નથી. આમ છતાં બે કેળવણી નિરીક્ષકોને રજા દરમિયાન પી.ટી.એ. ની ચુકવણી કરેલ હતી. જેથી કુલ રૂા. ૧૩૭૭૧-૦૦ પુરાની વસુલાત કરવાની રહે. | તથા અર્ધ પગારી રજાના કારણે દર્શાવેલ વસુલાત રૂા.૧૩૭૭૧-૦૦ પૈકી નીચે મુજબ વસુલાત થયેલ છે.<br>શ્રીમતી સી.વી.ચૌધરી રૂ.૧૯૨૦-૦૦ વા.નં.૯૪૮૪ તા.૧/૦૧/૯૭<br>રૂ.૩૨૪૭-૫૦ ચલન નં. તા.૧૩/૦૮/૯૬<br>કુલ રૂ.૫૧૬૭-૫૦<br><br>શ્રીમતી સી.વી.ચૌધરીએ તા. ૩૧/૦૩/૯૭ના સ્વૈચ્છિક નિવૃતિ લીધેલ હોઇ અને તેમનું હાલનું ચોકકસ સરનામું ઉપલબ્ધ ન હોઇ વસુલાત થઇ શકેલ નથી.<br>તેવી જ રીતે શ્રીમતી બી જે. કોઠારી તા. ૩૧/૦૩/૯૯ના સ્વૈચ્છિ નિવૃતિ લીધેલ હોઇ અને તેમનું હાલનું ચોકકસ સરનામું ઉપલબ્ધ હોઇ વસુલાત થઇ શકેલ નથી.<br>ઓડીટે સૂચવેલ વસુલાત પૈકી મોટા ભાગની વસુલાત થઇ ગયેલ છે અને આ રેકર્ડ ભૂકંપ પહેલાંનું હોતાં મેળવવું મુશ્કેલ હોઇ બાકી રહેતી વસુલાતની પ્રગતિ વસુલાત થયેથી ઓડીટને જાણ કરવામાં આવશે. જે વિદિત થઇ જવાબ ગ્રાહ્ય રાખવા વિનંતી છે. |

| | | |
|---|---|---|
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>કચ્છ-ભુજ | હિસાબી અધિકારી<br>શિક્ષણ સમિતિ, ભુજ | જિલ્લા વિકાસ અધિકારી<br>કચ્છ-ભુજ |

<u>લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૬.૧૮, અહેવાલ ભલામણ ક્રમાંક : ૫</u>

વિભાગના લેખિત જવાબ તથા મૌખિક જવાબ પરથી સમિતિને એમ લાગે છે કે, શિક્ષકોના પગાર તથા શિષ્યવૃતિની ઉચાપત કરનાર શ્રી પંડયા સામે માત્ર પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા સિવાય કોઇ ચોકસ કાર્યવાહી કરવામાં આવી નથી. શિષ્યવૃતિની રકમ તથા શિક્ષકોના પગાર ભથ્થાંની ચુકવણી ના થઇ હોય તો તેની જાણકારી તાત્કાલિક થઇ જ હોય, પરંતુ ગમે તે કારણસર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરફથી કાર્યવાહી પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યુ હોવાનું સમિતિને લાગે છે. ઓડિટે ધ્યાન દોર્યું તે પછી જ કાર્યવાહી કરવામાં આવી છે. પ્રસ્તુત કિસ્સામાં આરોપી લાપતા હોવાથી સમરી મંજુર થઇ છે. તેથી કેસ પેન્ડીંગ છે. ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા સમિતિ ભલામણ કરે છે.

<u>સરકારે લીધેલા પગલાં</u>

જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગરના તા.૨૯/૦૯/૨૦૧૭ના પત્રમાં જણાવ્યાનુસાર શિક્ષકોના પગાર નહી મળવા અંગે રજૂઆત મળ્યે પગલા લેવા પોલીસ ફરિયાદ કરેલ છે, પરંતુ પોલીસ સબ ઇન્સ્પેકટર, વરતેજ પોલીસ સ્ટેશનના તા.૨૫/03/૧૭ના પ્રમાણપત્રની વિગતે શ્રી પંડયા હજુ મળી આવેલ ન હોય ધરપકડ થયેલ નથી.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભાવનગરના પત્ર નં. ડીપી/શિ/એસ્ટા-3/વશી/૨૦૦૭, તા.૧/૫/૨૦૦૭થી શ્રી પંડયા લાપતા હોય તેમને તેમની ફરજમાંથી બરખાસ્ત કરવામાં આવેલ છે.

ભવિષ્યમાં આવા બનાવો ન બને તે અંગે દરેક પ્રકારના ચુકવણા બેન્ક મારફત કરવામાં આવે છે.

<u>છેવટની પરિસ્થિતિ</u>

શ્રી પંડ્યા હાલ પોલીસને મળી આવેલ નથી. જેથી શ્રી પંડ્યા મળ્યેથી પોલીસ કાર્યવાહી થઈ શકે તેમ છે.

## <u>પરિશિષ્ટ-૪</u>

## <u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ</u>

<u>લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૭.૨, અહેવાલ ભલામણ ક્રમાંક : ૬</u>

સમિતિ એમ માને છે કે, સરકાર દ્વારા દવાના રેટ કોન્ટ્રાકટ થવા છતાં આરોગ્ય સમિતિ દ્વારા જાણી બુઝીને ઉંચા ભાવે દવા ખરીદીને ગેરરીતી આચરવામાં આવી હતી. ઓડીટે લીધેલાં વાંધા મુજબ ઉંચા ભાવે દવાની ખરીદી કરી ગેરરીતી થયાનું સ્પષ્ટ થયુ હોવા છતાં, તેમજ સમિતિ દ્વારા ઉંડાણપૂર્વક તપાસ કરી બે – બે વખત બેઠક મુલતવી રાખવા છતાં વિભાગના પ્રતિનિધિ દ્વારા આ અંગેના જવાબદારો સામે પગલાં લેવાના બદલે તેઓને સતત છાવરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. તેની સમિતિએ ગંભીર નોંધ લીધી છે. સમિતિની ત્રીજી વખતની તપાસ દરમિયાન વિભાગના પ્રતિનિધિએ આ કિસ્સામાં ગેરરીતી થઇ હોવાનું સ્વીકાર કરી તપાસ શરૂ કરી હતી અને તપાસ અંગે વિજીલન્સ કમિશનરની પરવાનગી માંગી હોવાનું તેમજ આ તપાસ છ માસમાં પુરી કરી સમિતિને રીપોર્ટ કરવામાં આવશે તેમ જણાવ્યુ હતું. સમિતિની તપાસને છ વર્ષ જેટલો સમય થવા છતાં વિભાગ તરફથી આ સંબંધમાં કોઇ જાણકારી સમિતિને આપવામાં આવી નથી તેના પરથી લાગે છે કે, વિભાગ સમિતિની કાર્યવાહી પ્રત્યે પુરતી ગંભીરતા દાખવતું નથી તેમ સમિતિ સ્પષ્ટ પણે માને છે. આ માટે જે કોઇ જવાબદાર હોય તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા તથા ઓડીટ વાંધા અનુસાર દવાની ખરીદી માટેના જવાબદારો સામે થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સમિતિને એ જાણી વધુ આશ્ચર્ય થયુ કે ઓડીટે લીધેલ વાંધા પરથી સ્પષ્ટ જણાતું હતું કે દવાઓ જાણી બુઝીને ઉંચા ભાવે ખરીદી કરી ગેરરીતી આચરવામાં આવી હતી. આમ છતાં વિભાગ દ્વારા જવાબદારોને બચાવવાની પેરવી કરવામાં આવી હતી. આ અંગે સમિતિ સખત નારાજગી વ્યકત કરે છે અને ભવિષ્યમાં આ પ્રકારની કાર્યવાહીથી દુર રહેવા તાકીદ કરે છે.

<u>સરકારે લીધેલ પગલાં</u>

જિલ્લા પંચાયત, નડીયાદમાં સને ૧૯૯૬-૯૭ના પી.આર.સી. પારા ૭.૨, સને ૧૯૯૭-૯૮ના પી.આર.સી. પારા ૭.૧ અને ૧૨.૧ તથા સને ૧૯૯૮-૯૯ના વર્ષના પી.આર.સી. પારા ૭.૧૬માં જે ખરીદીમાં અનિયમિતા જણાયેલ હતી. તે માટે પંચાયતી રાજ સમિતિની તા.૧ અને ૨-૭-૨૦૦૮ના રોજની સને ૧૯૯૬-૯૭ની પંચાયતી રાજ સમિતિમાં થયેલ ચર્ચાનુંસાર સમગ્ર ખરીદી બાબતે તપાસ કરી સમિતિને વિગતો રજુ કરવાની હતી.

આ સમગ્ર બાબતની તપાસ માટે તપાસ અધિકારી તરીકે નિવૃત્ત નાયબ સચિવ શ્રી જે. જી. વ્હોરાની નિયુકિત કરવામાં આવેલ હતી.

તપાસ અધિકારીએ રજુ કરેલ તપાસ અહેવાલ સાથે સંમત થઇ આ તપાસ અહેવાલ સંદર્ભે જરૂરી કાર્યવાહી કરવા સારુ દરખાસ્ત આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને મોકલી આપવામાં આવેલ હતી.

જે અન્વયે ઉંચા ભાવે વિના ટેન્ડરે ખરીદી કરવાની ક્ષતિ બદલ ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન ન થાય તે અર્થે જે તે સમયના ખેડા જિલ્લાના માતૃ અને બાળ વિકાસ અધિકારી(વર્ગ-૧) ડૉ. બી. આર. સોલંકીને ચેતવણી આપતા હુકમો તા.૧૩/૪/૨૦૦૯થી કરવામાં આવ્યા હતા.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૩/૨/૨૦૧૦ના પત્ર અન્વયે જિલ્લા પંચાયત, ખેડા - નડીયાદના સને ૧૯૯૬-૯૭ના પી.આર.સી. પારા ૭.૨, સને ૧૯૯૭-૯૮ના પી.આર.સી.

પારા ૭.૧ અને ૧૨.૧ તથા સને ૧૯૯૮-૯૯ના વર્ષના પી.આર.સી. પારા ૭.૧૬ અન્વયે ઉંચા ભાવે ખરીદી થતાં અધિક ચુકવણા માટે જવાબદારી નકકી કરવા દરખાસ્ત કરવામાં આવેલ જે અન્વયે ડૉ. બી. આર. સોલંકીને ચેતવણી આપતા હુકમો કરવામાં આવેલ છે અને દવાઓની ખરીદી પ્રક્રિયામાં એક માત્ર જિલ્લા આરોગ્ય અધિકારી સિવાય તજજ્ઞ સમિતિના અન્ય કોઇ સભ્ય સંકળાયેલ હોવાનું જણાઇ આવતું ન હોઇ અને ઉંચા ભાવે દવા ખરીદવા સંબંધી તજજ્ઞ સમિતિના સભ્યો પૈકી કોઇ પણ સભ્યોની વ્યકિતગત જવાબદારી ઠેરતી ન હોઇ અન્ય કોઇ સામે કાર્યવાહી કરવાની રહેતી નથી તેમ જણાવેલ છે.

તત્કાલિન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. એલ. પટેલ, સામેની ખાતાકીય તપાસમાં રજૂઆત અધિકારી દ્વારા યોગ્ય રજૂઆત ન થતાં ડાં. આર. એલ. પટેલ સામેની ખાતાકીય તપાસમાં ડાં. પટેલને દોષ મુકત જાહેર કરવામાં આવેલ હતા અને નબળી રજૂઆત કરનાર રજૂઆત અધિકારી સામે સમિતિએ કાર્યવાહી કરવા ભલામણ કરેલ હતી.

રજૂઆત અધિકારી શ્રી કે. કે. પંચાલ (ડી. એન્ડ ઇ.), તત્કાલિન સંયુકત નિયામક, વર્ગ-૧ (અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો) સામે રજૂઆત અધિકારી તરીકેની ફરજો યોગ્ય રીતે નહીં બજાવવા તથા તપાસ અધિકારી સમક્ષ કેસની યોગ્ય રજૂઆત નહી કરવા બદલ સામાન્ય વહીવટ વિભાગે (તેમની તાબા હેઠળમી કચેરીના અધિકારી હોઈ) તા.૧/૬/૨૦૧૧ની યાદીથી આરોપનામું બજાવી તા.૨૧/૮/૨૦૧૩ના હુકમથી ઠપકાની શિક્ષા કરેલ છે. (જુઓ પત્રક – ૫)

પત્રક – ૫

શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા) કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.)ની કચેરી, ગાંધીનગર સામેની ખાતાકિય તપાસ.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
હુકમ ક્રમાંક: અઅક-૧૦૨૦૧૦-૩૯૨૧-સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧-૦૮-૨૦૧૩

વંચાણે લીધાં:-

૧. સામાન્ય વહીવટ વિભાગની તા.૧-૬-૨૦૧૧ની યાદી ક્રમાંક: અઅક-૧૦૨૦૧૦-૩૯૨૧-સ અન્વયે શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (આ.વિ.)ની કચેરી, ગાંધીનગરને આપવામાં આવેલ આરોપનામુ.
૨. શ્રી કે, કે, પંચાલ, અધિક નિયામક (આંકડા)એ તા.૨૦-૬-૨૦૧૧ના પત્રથી રજૂ કરેલ લેખિત બચાવનામું તેમજ તા.૨-૯-૨૦૧૧ના પત્રથી રજૂ કરેલ લેખિત રજૂઆત.

આ મુ ખ -

ડો. આર. એલ. પટેલ, તત્કાલિન મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, વર્ગ-૧, જીલ્લા પંચાયત, ખેડા, (હાલ નિવૃત્ત) સામે ખરીદીની અનિયમિતતા અંગેની ખાતાકિય તપાસના કેસમાં સને ૨૦૦૬ના સમયગાળામાં કાર્યવાહી શરુ કરવામાં આવેલ હતી. ગુજરાત આંકડાકીય સેવા સંવર્ગના વર્ગ-૧ના અધિકારી અને તત્કાલિન સંયુકત નિયામકશ્રી અને હાલ અધિક નિયામક (આંકડા) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (આ.વિ.)ની કચેરી, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા શ્રી કે. કે. પંચાલને આ કેસમાં રજૂઆત અધિકારી તરીકે નિયુકત કરવામાં આવેલ હતા. ખાતાકીય તપાસની કાર્યવાહીમાં શ્રી પંચાલે રજૂઆત અધિકારી તરીકે કેસની યોગ્ય રજૂઆત કરેલ ન હોવા બદલ અને સાક્ષીઓને રજૂ નહીં કર્યાની ક્ષતિઓ ધ્યાને લઇ તેઓની સામે નિયમ-૧૧ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. રજૂઆત અધિકારી તરીકે શ્રી પંચાલે દાખવેલ નિષ્કાળજી સબબ સામાન્ય વહીવટ વિભાગની તા.૧-૬-૨૦૧૧ની યાદી ક્રમાંક : અઅક-૧૦૨૦૧૧-૩૯૨૧-સથી આરોપનામું બજાવીને ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ના નિયમ-૩(૧) ના પેટા ખંડ (૨) ના ભંગ બદલ તેઓની સામે ખાતાકીય તપાસ શરુ કરવામાં આવેલ હતી.

૨. શ્રી કે. કે. પંચાલને બજાવવામાં આવેલ આરોપનામામાં નીચે મુજબનો આરોપ મુકવામાં આવેલ છે.

આરોપ -

૧. ડો. આર. એલ. પટેલ, તત્કાલિન મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, વર્ગ-૧ (હાલ નિવૃત્ત), ખેડા જીલ્લા પંચાયત, નડિયાદ સામેની ખાતાકિય તપાસમાં રજૂઆત અધિકારી તરીકે આરોપમાં દર્શાવેલ ઉપલબ્ધ ગ્રાન્ટ કરતાં વધુ રકમની ખરીદીના નાણાકિય ગેરરીતિ અંગે તેમજ પુરાવાપત્રકમાં રજૂ થયેલ પુરાવાની અસલ પ્રમાણિત નકલો/દસ્તાવેજો રંજૂ ન કરવા તથા સરકારી સાક્ષી ડો. ગજ્જરને હાજર નહીં રાખીને તેમજ સમયસર બ્રીફ રજૂ નહીં કરીને નિષ્ઠાના અભાવવાળી કાર્યવાહી કરીને શ્રી કે. કે, પંચાલ, સંયુકત નિયામકશ્રીએ રજૂઆત અધિકારી તરીકેની ફરજમાં નિષ્ઠાનો અભાવ દર્શાવી, ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ના નિયમ-૩ (૧)ના પેટા ખંડ (૨)ના ભંગ કરેલ, જે માટે તેઓને જવાબદાર ગણવામાં આવેલ.

૨. શ્રી કે. કે. પંચાલને વિભાગની તા.૧-૬-૨૦૧ની યાદીથી આરોપનામું બજાવવામાં આવેલ, શ્રી પંચાલ, અધિક નિયામકશ્રીને યાદી મળ્યાની તારીખથી ૧૫ દિવસમાં લેખિત બચાવનામું રજૂ કરવાની તક આપવામાં આવેલ હતી.

૩. શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા)એ તા.૨૦-૬-૨૦૧૧ના પત્રથી રજૂ કરેલ લેખિત બચાવનામામાં તેમની સામેના આરોપો બેબુનિયાદ અને પાયાવિહોણા હોવાનું જણાવી તેનો અસ્વિકાર કરી ખંડન કરતાં જણાવેલ કે, શિસ્ત અધિકારીએ રજૂઆત અધિકારીને આરોપનામામાં (એટલે કે પુરાવાપત્રકમાં) દર્શાવેલ દસ્તાવેજો અસલમાં અથવા તેની પ્રમાણિત નકલો મોકલવાની રહે છે, જે શિસ્ત અધિકારી દ્વારા તેઓને ઉપલબ્ધ કરાવાયેલ ન હતી તેમજ આરોપનામામાં દર્શાવેલ એકપણ આરોપ સ્વયંસ્પષ્ટ વિગતોવાળો નથી, આરોપોનું વિવરણ સ્પષ્ટ થતુ નથી, પુરાવાપત્રકમાં દર્શાવેલ પુરાવા પણ આરોપવાર દર્શાવેલ નથી. આમ, પુરાવાપત્રકની પ્રમાણિત નકલો શિસ્ત અધિકારી દ્વારા પૂરી પાડવામાં આવેલ ન હોવાનું શ્રી પંચાલે તેમના બચાવનામામાં જણાવેલ.

૪. શ્રી પંચાલે નિયત સમયમર્યાદામાં બ્રીફ રજૂ નહી કરીને નિષ્ઠાનો અભાવ દર્શાવી, ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ના નિયમ-૩ (૧)ના પેટા ખંડ (૨)નો ભંગ કરેલ છે. તે પ્રમાણેના આક્ષેપ સંદર્ભે શ્રી પંચાલે તેમના બચાવમાં જણાવ્યા મુજબ તેઓએ તા.૨૭-૧૧-૦૬ના રોજ બ્રીફ રજૂ કરેલ છે. બ્રીફ રજૂ કરવામાં વિલંબ અંગે સ્પષ્ટતાની કોઇ તક આપ્યા સિવાય એકતરફી દોષિત ઠેરવીને આક્ષેપિતની તરફેણમાં કરેલ નિર્ણય ગેરવ્યાજબી છે તેમ શ્રી પંચાલે જણાવેલ છે. આરોપનામાના વિવરણપત્રક સાથે રજૂ થયેલ પુરાવાના પત્રકમાં દર્શાવેલ અસલ કાગળોમાં સક્ષમ અધિકારીની પ્રમાણિત નકલ માંગેલ હતી જે મેળવવામાં વિલંબ થયેલ તેમ તેમણે તેમના બચાવાનામામાં જણાવેલ હતું.

૫. શ્રી પંચાલની રજૂઆત અધિકારી તરીકેની પ્રથમ નિમણૂંક થયેલ હોવાથી આ પ્રકારની કામગીરીનો અનુભવ ન હોવાના કારણે, તેઓએ સતત કમિશ્નરશ્રી, (આરોગ્ય) અધિક નિયામકશ્રી (પ.ક.) અને સંયુકત નિયામકશ્રી (MCH)નુ માર્ગદર્શન મેળવવાની આવશ્યકતા રહેતી હતી. સરકારશ્રી દ્વારા કુલ-૭ કેસમાં રજૂઆત અધિકારી તરીકે નિયુકત કરવામાં આવેલ હોવાનું શ્રી પંચાલે તેમના ખુલાસામાં જણાવી, તેઓએ નિષ્ઠાના અભાવવાળી કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનું તેમજ સોંપાયેલ ફરજમાં તેમણે તેમની ક્ષમતા

મુજબની કામગીરી કરેલ હોવાનું ખુલાસામાં જણાવી, તેમની ઉપર લગાડવામાં આવેલ આરોપનો અસ્વિકાર કરી તેઓએ ખંડન કરેલ છે.

૬. સરકારી સાક્ષી તરીકે ડો. જે. ડી. ગજ્જર અને શ્રી આઇ. એસ. નાયકને તા.૧૧-૮-૦૬ના કચેરીના પત્રથી હાજર રહેવા માટે જણાવવામાં આવેલ હતુ. શ્રી પંચાલે ટેલીફોનથી પણ સુનાવણી દરમ્યાન હાજર રહેવા જણાવેલ હોવાનું તેમના પત્રમાં દર્શાવેલ છે. જેથી સરકારી સાક્ષીને હાજર નહી રાખવાનો આરોપ બેબુનીયાદ અને પાયાવિહોણો હોવાનુ જણાવી તેનો શ્રી પંચાલ દ્વારા અસ્વિકાર કરવામાં આવેલ છે.

૭. શ્રી પંચાલની તા.૨૦-૬-૧૧ના ખુલાસાપત્રમાં કરવામાં આવેલ વિનંતી અનુસાર તેઓને તા.૨-૯-૨૦૧૧ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી (આ.)ની ચેમ્બરમાં રુબરુ સાંભળવાની તક આપવામાં આવેલ હતી. તત્સમયે શ્રી પંચાલ દ્વારા ખુલાસો રજૂ કરવામાં આવેલ છે.

૮. શ્રી પંચાલની રજૂઆત ધ્યાને લેતાં, તેમના ઉપર રજૂઆત અધિકારી તરીકેના કેસોના પ્રમાણને ધ્યાને લેતાં તથા તેઓ મૂળભૂત રીતે આંકડાકીય સેવા સંવર્ગના અધિકારી હોઇ, ઉપરાંત તેમણે સાક્ષીઓને હાજર રાખવાના કરેલા પ્રયાસોને ધ્યાને લેતાં તથા શિસ્ત અધિકારી પક્ષે આરોપનામું ઘડવામાં આરોપો નબળા ઘડાયેલ હોય તે ધ્યાને લેતાં તેમજ આરોપનામા સાથે પુરાવાઓની પ્રમાણિત નકલો મોકલાયેલ નથી તે બાબતને ધ્યાને લેતાં, શ્રી પંચાલનુ બચાવનામું ગ્રાહય રાખવાપાત્ર હોવાના વિભાગના મંતવ્યનો સ્વીકાર કરી, સચિવશ્રી (ક.ગ.), સા. વ. વિભાગના તપાસ એકમ દ્વારા શ્રી પંચાલ સામેની તા.૧-૬-૧૧ની યાદીથી શરૂ કરાયેલ નિયમ-૧૧ હેઠળની કાર્યવાહીમાં તેમને હળવી શિક્ષા કરવા માટેનો નિર્ણય લેવામાં આવેલ છે અને તે પ્રમાણે શ્રી પંચાલના પક્ષે થયેલ ઢીલ માટે નાની શિક્ષા તરીકે ઠપકાની શિક્ષા કરવા માટે નિર્ણય કરવામાં આવેલ છે.

<u>હુકમ -</u>

ડો. આર. એલ. પટેલ, તત્કાલિન મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, વર્ગ-૧ (હાલ નિવૃત્ત), ખેડા જીલ્લા પંચાયત, નડિયાદ સામેની ખાતાકીય તપાસમાં દર્શાવેલ ઉપલબ્ધ ગ્રાન્ટ કરતાં વધુ રકમની ખરીદીની નાણાકીય ગેરરીતિ અંગેની કાર્યવાહીમાં રજૂઆત અધિકારી તરીકે શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા) (તત્સમયે સંયુકત નિયામકશ્રી)એ રજૂઆત અધિકારી તરીકેની ફરજમાં નિષ્ઠાનો આભાવ દર્શાવી, ગુજરાત રાજય સેવા (વર્તણૂં ) નિયમો-૧૯૭૧ના નિયમ-૩(૧)ના પેટા ખંડ (૨)ના ભંગ કર્યાના આરોપ સબબ તેઓને જવાબદાર ગણવામાં આવેલ. તેમણે દાખવેલ નિષ્કાળજી સબબ સામાન્ય વહીવટ વિભાગની તા.૧-૬-૨૦૧૧ની યાદી ક્રમાંકઃ અઅક-૧૦૨૦૧૧-૩૯૨૧-સ થી આરોપનામું બજાવીને ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ના નિયમ-૩(૧)ના પેટા ખંડ(૨)ના ભંગ બદલ ખાતાકીય તપાસ શરુ કરવામાં આવેલ. ખાતાકીય તપાસને અંતે શ્રી કે. કે. પંચાલને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ના નિયમ-૬માં, નિર્દીષ્ટ નાની શિક્ષા "ઠપકો" આપવાનો હુકમ કરવામાં આવે છે. શ્રી પંચાલને કરવામાં આવેલ ઠપકાની શિક્ષાની નોંધ ખાનગી અહેવાલમાં તેમજ તેમની સેવાપોથીમાં કરવાની રહેશે.

ગુજરાતના રાજરાપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી. ટી. મંડોરા )
ઉપસચિવ (વહીવટ),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા),
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (આ.વિ.)ની કચેરી, ગાંધીનગર.
(નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા શાસ્ત્રની કચેરી, સેકટર-૧૮,ગાંધીનગર મારફત)

<u>નકલ સવિનય રવાનાઃ</u>-

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦, ગાંધીનગર. (પત્ર દવારા)
ખાતાકીય તપાસના ખાસ અધિકારીશ્રીની કચેરી, બ્લોક નં. ૨,૧ માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી(ત.સે./ત.શિ.) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (આ.વિ.)ની કચેરી, ગાંધીનગર.
જીલ્લા વિકાસ અધિકારીશ્રી, ખેડા જીલ્લા પંચાયત કચેરી, ( I.C.D.S. શાખા) નડીઆદ.
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર, જી. ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડંટ ફંડની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા શાસ્ત્રની કચેરી, સેકટર-૧૮, ગાંધીનગર તરફ.
શ્રી કે. કે. પંચાલની સેવાપોથીમાં નોંધ કરી તેની અત્રે જાણ કરવાની વિનંતી સહ.
સેકશન અધિકારીશ્રી (લ-ર શાખા), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા સીલેકટ ફાઇલ.
શ્રી કે. કે. પંચાલની ખા.અ.ની ફાઇલમાં રાખવા સારૂ, “સ” શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.

## પરિશિષ્ટ-૫

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૮.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૭

આ ફકરા સામેની માહિતી તથા તપાસ અહેવાલ સમિતિને મોકલી આપવા માટે વિભાગને અવાર-નવાર પત્રો પાઠવવામાં આવ્યા હોવાં છતાં, વિભાગ દ્વારા કોઇ માહિતી કે તપાસ અહેવાલ હજુ સુધી સમિતિને મોકલી આપવામાં આવ્યો નથી, જેની સમિતિ ગંભીર નોંધ લે છે. સમિતિને તપાસ અહેવાલ ન મોકલી બેદરકારી દાખવનાર અધિકારી સામે પગલા લેવા તેમજ વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યા મુજબ દોષિતો સામે કરવામાં આવેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલાં પગલાં

ઓડીટ અહેવાલના ફકરા ક્રમાંક: ૮.૧ સને ૧૯૯૩-૯૪ના વર્ષ દરમિયાન બંધ રહેલ છાત્રાલયને ફાળવેલ ગ્રાન્ટ અંગે કસૂરવાર સામે કાર્યવાહી કરવા અન્વયે સમિતિએ કરેલ ભલામણો પરત્વે ઉન્નતિ કુમાર છાત્રાલય, કોઠંબાના સંચાલક પાસેથી ઓડિટે સૂચવેલ તમામ રકમ રૂ.૯૫,૨૪૦/- વસુલ કરી રૂ.૧૦,૦૦૦/- તા.૧૬/૭/૨૦૦૨, રૂ.૩૮,૫૨૦/- તા.૬/૮/૨૦૦૪ અને રૂ.૪૬,૭૨૦/- તા.૧/૧૨/૨૦૦૪ના રોજ ચલણથી જમા કરાવેલ છે તથા પુરતી ચકાસણી વિના અનુદાન ફાળવવા બદલ, તત્કાલીન જવાબદાર સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત), જિલ્લા પંચાયત ગોધરા, શ્રીમતી ડી. ડી. રાઠોડને સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગની તા.૨૬/૬/૨૦૧૨ની યાદી ક્રમાંકઃ પવછ/૧૫૦૯/૬૫૦/ગ થી સુપરવાઇઝરી જવાબદારીના ભાગરૂપે આવી બાબતોનું પુનરાવર્તન ન થાય તે તાકીદ કરવામાં આવેલ છે. તથા કર્મચારી શ્રી એન. એસ. સોલંકી (સેવક)ને પાંચ ઇન્ક્રીમેન્ટ અટકાવવાની સજા કરવામાં આવી છે.

## પરિશિષ્ટ-૬

## આદિજાતિ વિકાસ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૯.૧૪, અહેવાલ ભલામણ ક્રમાંક : ૮

સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેલ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે યોજનાની શરતો અનુસાર અરજદારે માલ સામાન જાતે ખરીદવાનો હતો. વિભાગ દ્વારા આ અંગે કોઇ ખરીદી કરવાની ન હતી. વિભાગના પ્રતિનિધિએ આ કિસ્સામાં ગેરરીતિ થઇ હોવાનું સ્વીકાર્યું હતુ તેમજ આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીનું ધ્યાન દોરી જરૂરી તપાસ કરવામાં આવશે જેનો અહેવાલ સમિતિને મોકલી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. છતાં હજુ સુધી વિભાગ દ્વારા આ અંગેનો કોઇ અહેવાલ સમિતિને મોકલવામાં આવ્યો નથી. જેની સમિતિ ગંભીર નોંધ લે છે. સમિતિને તપાસ અહેવાલ મોકલવામાં બેદરકારી દાખવવા બદલ જે કોઇ જવાબદાર હોય તેની સામે પગલા લેવા તેમજ સદરહું યોજનામાં જે ગેરરીતિ થઇ હતી તેમાં જવાબદાર સામે લીધેલા પગલાંની જાણ સમિતિને કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના પહેલા અહેવાલના સને ૧૯૯૬-૯૭ના ફકરા નંબર ૨૪ (ભલામણ નંબર-૮)ની ભલામણ મુજબ વિભાગ દ્વારા તા.૨૭/૦૬/૨૦૧૯ના પરિપત્રની (જુઓ પત્રક-૬) તેમજ કમિશનરશ્રી (આ.વિ.) દ્વારા તા.૨૩/૦૫/૨૦૧૯ના પરિપત્રની સુચનાઓનું કડક રીતે પાલન કરવા તમામ જિલ્લા અમલીકરણ અધિકારીઓને જણાવેલ છે. (જુઓ પત્રક-૭) શ્રી એસ. જી. યાજ્ઞિક, તત્કાલિન તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંગરોળ, જિ.જુનાગઢનો ખુલાસો વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગરના ખાનગી પત્રથી ગ્રાહ્ય રાખેલ છે (જુઓ પત્રક-૮). તેમજ જવાબદાર તત્કાલિન અધિક મદદનીશ ઇજનેર, શ્રી જે. જી. સોલંકીને, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જુનાગઢના ખાનગી પત્રથી શિસ્ત વિરૂધ્ધના વર્તન માટે આવી બાબતનું પુનરાવર્તન થવા ન પામે તે માટે ઠપકો આપવામાં આવેલ છે. (જુઓ પત્રક-૯)

પત્રક-૬

જિલ્લા અને તાલુકા પંચાયતોના ઑડિટ અહેવાલ અંગે જવાબદાર અધિકારી/કર્મચારી સામે તાત્કાલિક પગલાં લેવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ક્રમાંક : ટીએપી/૨૦૧૬/૮૦૫/ખ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૭/૦૬/૨૦૧૯

પરિપત્ર:-

તેરમી ગુજરાત વિધાનસભા સચિવાલયની પંચાયતી રાજ સમિતિના પહેલો અહેવાલના સને ૧૯૯૬-૯૭ના ફકરા ક્રમાંક: ૯.૧૪ "માલધારી પુન:વસવાટ હેઠળની વસાહતોના છુટાછવાયા રહેણાંકના મકાનોની કક્ષા ઉંચી લાવવા બાબત" પરની બાબતે પંચાયતી રાજ સમિતિએ તપાસ અહેવાલ મોકલવામાં બેદરકારી દાખવવા બદલ જે કોઈ જવાબદાર હોય તેની સામે પગલાં લેવા તેમજ સદરહુ યોજનામાં જે ગેરરીતિ થઈ હતી તેમાં જવાબદારો સામે લીધેલ પગલાંની જાણ સમિતિને કરવા સૂચના આપેલ હતી. કમિશનરશ્રી (આ.વિ)ના જણાવ્યા અનુસાર તત્કાલિન તાલુકા વિકાસ અધિકારીશ્રીનો ખુલાસો ગ્રાહ્ય રાખેલ છે. તેમજ જવાબદાર તત્કાલિન અધિક મદદનીશ ઈજનેરશ્રીને શિસ્ત વિરુધ્ધના વર્તન માટે આવી બાબતનું પુનરાવર્તન થવા ન પામે તે માટે "ઠપકો" આપવામાં આવેલ છે.

પંચાયતી રાજ સમિતિએ આ બાબતને ઘણી જ ગંભીર ગણેલ છે. આવી બાબત ભવિષ્યમાં ન બને તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપવા જણાવેલ છે.

ઉપરોક્ત વિગત ધ્યાને લઈ નીચે જણાવેલ સૂચનાઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧) જિલ્લા/તાલુકા પંચાયતોના ઑડિટ અહેવાલમાં જવાબદાર અધિકારી/ કર્મચારી સામે પગલાં લેવા જણાવેલ હોય તેવા જવાબદાર કર્મચારી/અધિકારી સામે તાત્કાલિક કાર્યવાહી પૂર્ણ કરવી.

(૨) કોઈપણ સરકારી સંસ્થા તરફથી કોઈપણ જાતની ખરીદી સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાને અવગણીને, ઉલ્લંઘન કરીને કરવામાં આવશે તો આ અંગેની જવાબદારી સંબંધિત જે તે ઉપલા અધિકારીની રહેશે.

(૩) હાલમાં જે જિલ્લા/તાલુકા પંચાયતોના ઑડિટ પારા પડતર છે. તેમજ નવા ઊભા થનારામાં કયા અધિકારી/કર્મચારી જવાબદાર છે તે જે તે સમયે નક્કી કરી તેમની સામે ભવિષ્યમાં તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(જે.આર.ડોડીયા )

સંયુકત સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડાભવન, ગાંધીનગર

૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.

૩. સર્વે પ્રાયોજના અધિકારીશ્રી(આ.વિ)

૪. સર્વે મદદનીશ કમિશનરશ્રી(આ.વિ)

૫. સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રી

૬. સર્વે આશ્રમ શાળા અધિકારીશ્રી

૭. પસંદગી ફાઈલ.

પત્રક-૭

નં.આવિ/હસબ/પીઆરસી/૧૬૦૦/૨૦૧૯/૨૦૧૦થી ૨૦૬૦
કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી,
બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦ એ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા.૨૩/૦૫/૨૦૧૯

વિષય: - જિલ્લા અને તાલુકા પંચાયતોના ઓડીટ અહેવાલ અન્વયે જવાબદાર અધિકારીશ્રી/કર્મચારી સામે તાત્કાલિક પગલાં લેવા બાબત.

પરિપત્ર :-

આથી સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને વિનંતી સહ જણાવવામાં આવે છે કે, જીલ્લા અને તાલુકા પંચાયતોના ઓડીટ અહેવાલમાં ઉપસ્થિત થયેલ ઓડીટ ફકરા અન્વયે ઓડીટરે લીધેલ વાંધાની પુર્તતા આપની કચેરી તરફથી કરવામાં આવે છે. પરંતુ ઓડીટ ફકરામાં ઓડીટ દ્વારા અધિકારીશ્રી/કર્મચારીશ્રીની જવાબદારી બાબતે સૂચન કરેલ હોઇ તેવા કિસ્સામાં આપની કચેરી તરફથી કોઇ વિગતો મોકલવામાં આવતી નથી. જેના કારણે પી.આર.સી સમક્ષ માહિતીના અભાવે કાર્યવાહીની વિગતો રજૂ થઇ શકતી નથી.

સને. ૧૯૯૮-૯૯ના વર્ષની પંચાયતી રાજ સમિતિની તા.૨૨/૧૧/૨૦૧૧ના રોજ મળેલ બેઠકમાં યોજનાની અમલવારી કરવામાં નિષ્ક્રિયતા દાખવનાર અધિકારી સામે પગલાં લેવા સૂચવવામાં આવેલ છે.

તેમજ સને. ૧૯૮૪-૮૫ના પી.આર.સીના ઓડીટ અહેવાલ પર થયેલ ચર્ચા અને ભલામણો મુજબ સરકારશ્રી આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર નં.ટીએસપી/૧૨૯૦/૨૩૭૩/ખ તા.૦૧/૦૬/૨૦૦૭થી પરિપત્ર કરવામાં આવેલ છે.

સાથોસાથ સને ૨૦૦૨-૦૩ સુધી મળેલ પી.આર.સીની બેઠકમાં પણ જવાબદારો સામે પગલાં લેવા બાબતે અત્રેની કચેરી દવારા પરિપત્ર નં. આવિ/હસબ/પીઆરસી/૬૪૪૦ તા.૨૪/૧૦/૧૩થી આ બાબતની અમલવારી કરવા અંગે જણાવવામાં આવેલ છે.

આમ ઉપરોકત વિગતે પી.આર.સીની બેઠક વખતે જવાબદાર સામે પગલાં લેવા બાબતે સૂચના આપવામાં આવી છે. તેમ છતાં પરિપત્રની અમલવારી થતી ન હોવાથી પી.આર.સી. દવારા નારાજગી વ્યકત કરવામાં આવે છે. જેથી આ બાબતોનું પુર્નરાવર્તન ન થાય તે માટે નીચે મુજબની સૂચનાઓ આપવાનું આવશ્યક જણાય છે અને તે અનુસારની અમલવારી કરવાની કાર્યવાહી હાથ ધરવા વિનંતી.

૧) જિલ્લા/ તાલુકા પંચાયતોના ઓડીટ અહેવાલમાં જવાબદાર અધિકારીશ્રી/કર્મચારી સામે પગલાં લેવા જવાબદાર હોય તેવા જવાબદાર અધિકારીશ્રી/કર્મચારી સામે તાત્કાલિક પગલાં લેવા.

૨) હાલમાં જે જીલ્લા / તાલુકા પંચાયતોના ઓડીટ પેરા પડતર છે તેમજ નવા ઉભા થનારા ઓડીટ પારામાં કયા અધિકારીશ્રી/કર્મચારી જવાદાર છે ? તે બાબત નકકી કરી તેઓની સામે તાત્કાલિક પગલાં ભરવાના રહેશે.

૩) કોઇપણ જાતની ખરીદી સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાને અવગણીને ઉલ્લંઘન કરીને કરવામાં ન આવે તે બાબતની તકેદારી રાખવાની રહેશે.

૪) આ પરિપત્ર મળ્યાની પહોંચ પાઠવવા વિનંતી.

બિડાણ- ઉપર મુજબ

**કમિશનર**

**આદિજાતિ વિકાસ,**

**ગુ.રા., ગાંધીનગર**

પ્રતિ,

(૧) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત,.............જી..................

(૨) પ્રાયોજના વહીવટદારશ્રી, આદિજાતિ વિકાસ પ્રોજેક્ટની કચેરી,............જી..................

પત્રક-૮

ક્રમાંક :- ખતચ/મ.૨/જુનાગઢ/૪૬૬
વિકાસ કમિશનરની કચેરી,
ગુજરાત રાજય,
ડો. જીવરાજ મહેતા ભવન,
૧૬/૨, ગાંધીનગર.
તારીખ :૧૦/૧૦/૨૦૧૨

પ્રતિ,
શ્રી એસ. જી. યાજ્ઞિક
નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
કચ્છ-ભુજ.

વિષય :- ખુલાસો રજુ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપ અગાઉ જયારે તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંગરોળ, જિ. જુનાગઢ તરીકે ફરજ બજાવતાં હતાં તે સમયે સબબ અંગે માલધારી પુનઃ વસવાટ યોજના અંતર્ગત મોજે - ચોટીલીવીડી, તા. માંગરોળ મુકામે ૬૩ માલધારીઓના આવાસની કક્ષા ઉંચી લઇ જવા સંબંધે લાભાર્થીઓએ જાતે જ કામો કરાવવાનાં હોવા છતાં તેમની માંગણી અને સંમતિ મુજબ લાભાર્થીઓને રેતી તથા સિમેન્ટ અપાવવાના કામે આપે જે તે સમયે કરેલ કામગીરી અંગે આપના તા.૧૨/૧/૨૦૧૨ના પત્રથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જુનાગઢને કરવામાં આવેલ ખુલાસો ધ્યાને લેવામાં આવેલ છે.

સબબ અંગે માલધારીઓના આગેવાન શ્રી આલાભાઈ ભલાભાઈ ચાવડા ધ્વારા આપને જે તે સમયે કરેલ લેખિત રજુઆત ધ્યાને લઈ માલધારીઓને રેતી અને સિમેન્ટ વિક્રેતાઓ પાસેથી માલ-સામાન અપાવવા અંગે આપે જે તે સમયે માનવીય અભિગમ દાખવી કામગીરી કરાવી, સરકારશ્રીની યોજનાનો લાભ માલધારીઓને મળે તે માટેની કાર્યવાહી કરેલ હોઈ આપે રજુ કરેલ ખુલાસો ગ્રાહય રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે જેની નોંધ લેશો.

નોંધ પરના વિ.ક.શ્રીના
આદેશાનુસાર

વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર વતી

નકલ રવાના:-

૧ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત જુનાગઢ તરફ

૨/-આપના તા.૬/૧૦/૨૦૧૨ના પત્ર ક્રમાંક : જિપં/મકમ/૬/૧૦૯૯/૨૦૧૨ થી રજુ કરવામાં આવેલ વિગતો ધ્યાને લઇ સબબ અંગેનું પ્રકરણ શ્રી એસ. જી. યાજ્ઞિક, તત્કાલીન તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંગરોળ પુરતુ અંતિત કરવામાં આવેલ છે. જેની નોંધ આપના રેકર્ડ ઉપર રાખવા સારૂ.

પત્રક-૯

ખાનગી :-

નં.જિપં/બાંધ/ખતચ/૫૭/૨૦૧૬

જિલ્લા પંચાયત કાર્યાલય,
બાંધકામ શાખા,જૂનાગઢ,
તા. ૨૩/03/૧૭

પ્રસ્તાવના :-

જિલ્લા પંચાયત, જૂનાગઢ કાર્યક્ષેત્ર હેઠળનાં અધિક મદદનીશ ઈજનેર, શ્રી જે. જી. સોલંકી હાલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત મા. અને મ.પેટા વિભાગ-૨, જુનાગઢ ખાતે ફરજ બજાવે છે.

મજકુરશ્રીની તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા. પં. માંગરોળ ખાતેની ફરજ દરમ્યાન માંગરોળ તાલુકાના ચોટીલીવીડી માલધારી પુનઃ વસવાટના કામોની કક્ષા ઉચી લાવવા ચુકવેલ સહાયની અનિયમીતતા બાબતે તે અંગેનો પ્રાથમિક તપાસ અહેવાલ નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, વિકાસ શાખા, જી. પં., જુનાગઢનાં પત્ર ક્રમાંકઃ જીપં/વિકાસ/યુ-૧-૧/સપ આયોજન/૨૦૧૧-૧૨/૧૦૩/૧૦૬/૧૨ તા.૮/૨/૨૦૧૨ થી રજુ થયેલ છે.

પ્રાથમિક તપાસ અહેવાલની વિગતે માંગરોળ તાલુકાના ચોટીલીવીડી માલધારી પુનઃ વસવાટના કામોની કક્ષા ઉચી લાવવા ચુકવેલ સહાયની અનિયમિતતા બાબતે આક્ષેપો નીચે પ્રમાણે છે.

(૧) પ્રાયોજના અધિકારીશ્રી, આદીમ જુથ, તાલાળાનાં તા.૧૦/૧૧/૯૫ના આદેશ મુજબ માંગરોળ તાલુકાના ચોટીલીવીડી મુકામે માલધારી પુનઃ વસવાટ યોજના હેઠળ અગાઉના વર્ષમાં અપાયેલ આવાસોની કક્ષા ઉચી લાવવા માટે કુલ-૬૩ લાભાથીઓને આવરી લેવાયેલ હતા. જે યોજનાની શરતો મુજબ આવાસોના કામો તાલુકા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અરજદારોએ જાતે કરવાના હતા અને કરેલ ખર્ચની મર્યાદામાં વધુમાં વધુ રૂા.૪000/–ની સહાય ચુકવવાની તેમ ન કરવાને બદલે આ કામો તાલુકા પંચાયત માંગરોળ બાંધકામ શાખા મારફત અન્ય રીતે કરી તે અંગેના નાણા સંબંધિત વિક્રેતાઓને બારોબાર ચુકવી આપવા મોટી નાણાકીય અનિયમિતતા કરેલ છે. તે મુજબ આદેશની શરત નં. ૨નો ભંગ કરેલ છે.

(૨) સને ૧૯૯૫-૯૬ના વર્ષની યોજનાનો ખર્ચ તાલુકા પંચાયતએ સને ૧૯૯૬-૯૭માં કરેલ છે તેમજ યોજનાના અમલીકરણના વિલંબ અંગે પ્રયોજના અધિકારી, તાલાળાની સુધારેલ વહીવટી મંજુરી મેળવ્યા સિવાય આ ખર્ચ ૧૯૯૬-૯૭માં પાડેલ છે જે બાબતની જવાબદારી નકકી થાય છે.

(૩) સને ૧૯૯૬–૯૭ના વર્ષમાં ચુકવાયેલ સહાય અગાઉની માલધારી પુનઃ વસવાટની યોજના હેઠળ બનેલા મકાનોની કક્ષા ઉંચી લાવવા માટે જ આપવાની હતી તે અંગેના કોઈ આધારભુત રેકર્ડ તા. પં. એ નિભાવેલ'ન હતું. / તેમજ ઓડીટ સમક્ષ રજુ કરી ન હતું તે બદલ જવાબદારી નકકી કરવાની થાય છે.

(૪) આ કામ બાબતે સીમેન્ટ રેતીની ખરીદી પણ તાલુકા પંચાયતે સરકારી ધારાધોરણ પ્રમાણે કરી હોવાનું દફતર નિભાવેલ ન હતું / તથા આ રેકર્ડ જે તે સમયે ઓડીટ સમક્ષ રજુ કરેલ ન હતું.

(૫) દરેક કામ પુર્ણ થઈ ગયાનું કામ પુર્ણતા પ્રમાણપત્ર આપ્યા બાદ જ લાભાર્થીને સહાય ચુકવવાની હતી. આ કામે કામ પુર્ણતા પ્રમાણપત્રો /બાંધકામનું અસલ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરેલ ન હતું.

ઉપરની વિગતે માંગરોળ તાલુકાના ચોટીલીવીડી માલધારી પુનઃ વસવાટના કામોની કક્ષા ઉચી લાવવા ચુકવેલ સહાયની અનિયમિતતા વાળી માલુમ પડતા જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી થવા ભલામણ થઈ આવેલ છે.

માંગરોળ તાલુકાના ચોટીલીવીડી માલધારી પુનઃ વસવાટના કામે શ્રી જે. જી. સોલંકી અ. મ. ઈ. શ્રીએ આ કામની દેખરેખ તેમજ સુપરવિઝનની ફરજ પ્રત્યેની ગંભીર બેદરકારી દાખવતા શ્રી જિ.વિ.અધિ.સા.નાં પત્ર નં.જીપે/મકમ-૯/અમઈ/૧૧૯/૨૦૧૨, તા.૧૮/૦૪/૨૦૧૨થી આરોપનામું આપવામાં આવેલ છે. જે આરોપનામું તાલુકા વિકાસ અધિકારીશ્રી તા.પં. માંગરોળ મારફત મજકુરશ્રીને બજી જતા જે આરોપનામા અન્વયે મજકુરે તેમનું બચાવનામું તા.૦૨/૦૬/૨૦૧૨ના પત્રથી રજુ કરેલ છે. જે બચાવનામાની સમીક્ષા કરતા રજુ થયેલ ખુલાસો સંતોષકારક ન જણાતાં શ્રી જિ.વિ.અધિ.સા.ના કાર્યાલય આદેશ નં.જિપં/મકમ-૯/અમઈ/ તપસ/ ૩૪૮/૧૨ તા.૩૦/૦૬/૨૦૧૨ થી ખાતાકીય તપાસ અધિકારીશ્રી તરીકે નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચાયત શાખા, જિ.પં., જૂનાગઢની નિમણૂંક આપવામાં આવેલ છે. ખાતાકીય તપાસ અધિકારીશ્રી તરફથી આ કામે ધોરણસરની તપાસ હાથ ધરી આ કામનો તપાસ અહેવાલ તેમના તા.૩૧-૦૬-૨૦૧૬થી રજુ કરેલ છે. જે તપાસ અહેવાલના તારણની વિગતો નીચે મુજબ છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ. પં., જુનાગઢનાં તા.૩૦/૦૬/૧૨ના કા. આ. નં. જિપે/મકમ-૯/અ.મ.ઈ./તપાસ/૩૪૮/૧૨ થી શ્રી જે. જી. સોલંકી, અ. મ. ઈ., તા. પં., માંગરોળ સામે ધારાસરની ખાતાકીય તપાસ અન્વયે ખાતાકીય તપાસ કરવાના કામે નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચાયત શાખા, જિ. પં., જૂનાગઢની તપાસનીશ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવતા આ કામે તેઓશ્રીના તા. /૦૫/૧૬ના પત્ર નં. જિપં/પંચા/યુ.૪/૪-૧૬/૧૬થી તા.૧૩/૫/૧૬નાં રોજ સુનાવણીની તારીખ નકકી કરી તે અંગેની જાણ આક્ષેપિત શ્રી જે. જી. સોલંકી, અ. મ. ઈ. તથા રજુઆત અધિકારીશ્રી અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા. અને મ. પે.વિ., કેશોદ-૧ ને કરવામાં આવેલ તે અન્વયે આક્ષેપિત કર્મચારીશ્રી અને રજુઆત અધિકારીશ્રી બંને તા.૧૩/૦૫/૧૬નાં રોજ આ કામની સુનાવણીની તારીખે હાજર રહેલ છે. જે અન્વયે આ કામની સુનાવણી હાથ ધરવામાં આવેલ. તે અન્વયે આક્ષેપિત કર્મચારી શ્રી જે. જી. સોલંકીએ તેમની સામેના આરોપનામાનો જવાબ રજુ કરેલ છે.

ઉકત કેસ બાબતે ત્યારબાદ તા.૧૩/૦૫/૧૬ના રોજ સુનાવણી હાથ ધરવામાં આવેલ અને આક્ષેપિત કર્મચારીશ્રી તથા રજૂઆત અધિકારીશ્રી આનુસંગિક અસલ રેકર્ડ ફાઈલ સાથે રજૂ કરેલ છે. ત્યારબાદ આક્ષેપિત કર્મચારીશ્રી સામે મુકવામાં આવેલ ૧ થી ૫ આક્ષેપ મુકવામાં આવેલ તે અંગે આક્ષેપિત કર્મચારી શ્રી જે. જી. સોલંકીએ તા.૧૩/૦૫/૧૬નાં પત્રથી ખુલાસો રજુ કરેલ તે અન્વયે અત્રેની કચેરી ધ્વારા આક્ષેપિત સામે મુકવામાં આવેલ ૧ થી ૫ આક્ષેપ અન્વયે ઉકત તપાસ અંગે બ્રીફ નોટ માંગવામાં આવેલ તે અન્વયે રજુઆત અધિકારીશ્રી અને ના.કા.ઈ.શ્રી પંચાયત, મા.મ.પે.વિ.-૧ કેશોદ તરફથી તા.૨૦/૫/૧૬ના પત્ર નં. નાકાઈ/તપાસ/મહેકમ/૧૧૯/ ૧૬થી મુદ્દા નં.૧ થી ૫ નાં આક્ષેપ અન્વયે બ્રીફ નોટ અત્રે મોકલવામાં આવેલ છે. જે અન્વયે નીચે જણાવેલ વિગતે તપાસ અહેવાલ તૈયાર કરાવેલ છે. જે ધ્યાને લેવા વિનંતી.

<u>આક્ષેપ નં. ૧</u> :- પ્રાયોજના અધિકારી, આદીમજુથ, તાલાલાના તા.૧૦/૧૧/૯૫ના આદેશ મુજબ માંગરોળ તાલુકાના ચોટીલીવિડી મુકામે માલધારી પુનઃ વસવાટ યોજના હેઠળ અગાઉના વર્ષોમાં અપાયેલ આવાસોની કક્ષા ઉચી લાવવા માટે કુલ-૬૩ લાભાથીઓને આવરી લેવાયેલ હતા. જે યોજનાની શરતો મુજબ

આવાસોના કામો તાલુકા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ અરજદારોએ જાતે કરવાના હતા અને કરેલ ખર્ચની મર્યાદામાં વધુમાં વધુ રૂ.૪૦૦૦/- ની સહાય ચુકવવાની હતી. તેમ ન કરવાને બદલે આ કામો તાલુકા પંચાયત માંગરોળ બાંધકામ શાખા મારફત અન્ય રીતે કરી તે અંગેના નાણા સબંધિત વિક્રેતાઓને બારોબાર ચુકવી આપવા મોટી નાણાકીય અનિયમિતતા કરેલ છે. તે મુજબ આદેશની શરત નં. ૨ નો ભંગ કરેલ છે.

<u>આક્ષેપિત કર્મચારીની રજુઆત</u> :- મંજુર થયેલ યોજનાની મુળ શરતો મુજબ કામ અરજદારોએ જાતે જ કરેલ છે. પરંતુ જે તે સમયે અરજદારોની નબળી પરીસ્થિતિ અને રોકાણ ન કરી શકે તેવા આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે ૪૪ લાભાથીઓએ રેતીની ખરીદી કરેલ અને તેની બાકી રકમ કામ પુર્ણ થાય ત્યાં સુધી વિક્રેતા બાકી રાખે તેમ ન હોય જે તે વિક્રેતાને ચુકવી આપવા માટે અરજદારે મુખત્યારનામું આપતાં વિક્રેતાને તા.વિ.અધિ.શ્રીની રૂબરૂ સુચનાથી એકાઉન્ટ શાખા સાથે પરામર્શ કરી અરજદારના મુખત્યારનામાના આધારે ચુકવેલ છે. તેવી જ રીતે ૮ લાભાર્થીઓ સિમેન્ટ ખરીદ કરેલ અને વિક્રેતા બાકી રકમ કામ પુર્ણ થાય ત્યાં સુધી વિક્રેતા રકમ બાકી રાખે તેમ ન હોઈ શ્રી તાલુકા વિકાસ અધિકારીશ્રીની રૂબરૂ સુચના મુજબ એકાઉન્ટ શાખા સાથે પરામર્શ કરી તેની (અરજદારના મુખત્યારનામાની નકલ સામેલ છે.) તેમજ જિ.પં.વિકાસ શાખાની ફાઈલમાં પણ પાના નં.૧૮૫ થી ૨૭૧ તેમજ પાના નં.૨૭૭ થી ૨૯૧ ઉપર ઉપલબ્ધ છે. આમ અમોએ કોઈ નાણાકીય અનિયમિતતા કરેલ ન હોઈ અમોને દોષમુકત ગણવા વિનંતી છે.

<u>રજુઆત અધિકારીશ્રીની રજઆત</u> :– આક્ષેપ સામે રજુ થયેલ રજુઆત જોતા આક્ષેપિત કર્મચારીનો જવાબ જે તે સમયની પરિસ્થિતિ મુજબ અરજદારો એ કામગીરી તેમણે જાતે કરેલ અને કરેલ કામગીરી મુજબ નાણા ચુકવાયેલ છે. નિયમ નકકી થયા મુજબ નાણા ચુકવાયેલ છે. જેથી અરજદારનો જવાબ ગ્રાહય રાખવામાં હરકત સરખું નથી.

<u>તપાસનીશ અધિકારીશ્રીનું તારણ</u> :- આક્ષેપિત કર્મચારીશ્રી સામે મુકવામાં આવેલ આક્ષેપ નં:૧ ની વિગતે આક્ષેપિતનો જવાબ તથા રજુઆત અધિકારીશ્રીની રજુઆત ધ્યાને લેતાં આક્ષેપ નં.૧ અંશતઃ સાબિત માનવામાં આવે છે.

<u>આક્ષેપ નં. ૨</u> :- સને ૧૯૯૫-૯૬નાં વર્ષની યોજનાનો ખર્ચ તાલુકા પંચાયતે સને ૧૯૯૬-૯૭માં કરેલ છે તેમજ યોજનાના અમલીકરણના વિલંબ અંગે પ્રાયોજના અધિકારી, તાલાલાની સુધારેલ વહીવટી મંજુરી મેળવ્યા સિવાય આ ખર્ચ ૧૯૯૬-૯૭માં પાડેલ છે. જે બાબતની જવાબદારી નકકી થાય છે.

<u>આક્ષેપિતની રજુઆંત</u> :- પ્રાયોજના અધિકારીશ્રી, આદિમજુથ, તાલાલાના આદેશ મુજબ ચોટીલીવિડી મુકામે માલધારી પુનઃવસવાટ યોજના હેઠળ અગાઉના વષોમાં બનાવી અપાયેલ આવાસની કક્ષા ઉંચી લાવવા માટે સને ૧૯૯૫-૯૬ના વર્ષમાં આ યોજના અમલમાં મુકાયેલ જેનો ખર્ચ ૧૯૯૬-૯૭માં કરેલ છે. વિલંબ અંગે પ્રાયોજના અધિકારીશ્રીની તાલાલાની વહીવટી મંજૂરી પત્ર નં. અમદ/મકમ/મકાન/સુવમ/૭૫૨/૯૫-૯૬, તા.૧૦/૧૧/૯૫થી જે ૬૩ લાભાર્થીઓના કામો શરૂ કરવા માટે મંજુરી આપેલ તે પૈકીના ૨૬ (છવ્વીસ) લાભાથીઓના અવસાન થતાં મુળ યોજનાની શરત નં. ૬ અનુસાર જો મકાન માલિક ગુજરી ગયેલ હોય તો તેના સીધી લીટીના વારસદારની ખાત્રી કરી સંબંધિત તા.વિ.અધિ.શ્રી ધ્વારા પ્રમાણિત કર્યા બાદ જ જરૂરી સહાય ચુકવવી. ૨૬ (છવ્વીસ) લાભાથીઓના સીધી લીટીના વારસદારને સહાય ચુકવવાની ફેર મંજુરી પ્રાયોજના અધિકારીશ્રી આદિમજુથ તાલાલાના તા.૮/૭/૯૬ના હુકમ નં. અદમ/વશી/૮૬-૯૬થી મેળવવામાં

આવેલ છે. જેની નકલ સામેલ છે. તેમજ જિ.પં.વિકાસ શાખાની ફાઈલમાં પણ પાના નં. ૭૩ ઉપર ઉપલબ્ધ છે. અમોએ જરૂરી મંજુરી લીધેલ હોઈ અમોને દોષમુકત ગણવા વિનંતી છે.

<u>રજુઆત અધિકારીશ્રીની રજુઆત</u> :- આક્ષેપિતનો રજુ થયેલ જવાબ મુજબ વહીવટી મંજુરી વર્ષ ૯૬-૯૭માં મેળવેલ છે. વહીવટી મંજુરી મેળવવામાં છે. અરજદારોના કારણે મોડી થયેલ હોય તેમ જણાય છે. જેથી રજુ થયેલ જવાબ ગ્રાહય રાખવામાં હરકત સરખું નથી.

<u>તપાસનીશ અધિકારીશ્રીનું તારણ</u> :– આક્ષેપિત કર્મચારીશ્રી સામે મુકવામાં આવેલ આક્ષેપ નં. ૨ ની વિગતે આક્ષેપિતનો જવાબ રજુઆત અધિકારીશ્રીની રજુઆત તથા મંજુરી હુકમના આધારે ધ્યાને લેતા આક્ષેપ નં.ર ના સાબિત માનવામાં આવે છે.

<u>આક્ષેપ નં. ૩</u> :– સને ૧૯૯૬-૯૭નાં વર્ષમાં ચુકવાયેલ સહાય અગાઉની માલધારી પુનઃવસવાટની યોજના હેઠળ બનેલા મકાનોની કક્ષા ઉંચી લાવવા માટે જ આપવાની હતી. તે અંગેનો કોઈ આધારભુત રેકર્ડ તાલુકા પંચાયતે નિભાવેલ ન હતું / તેમજ ઓડિટ સમક્ષ રજુ કરેલ ન હતું. તે બદલ જવાબદારી નકકી કરવાની થાય છે.

<u>આક્ષેપિતની રજુઆત</u> :- ચુકવાયેલ સહાય અગાઉની માલધારી પુનઃ વસવાટની યોજના હેઠળના બનેલા મકાનોની કક્ષા ઉચી લાવવા માટે જ આપવામાં આવેલ છે. જે અંગે સને ૧૯૭૩-૭૪ના વર્ષમાં ગીર માલધારી પુનઃ વસવાટ યોજના હેઠળ ગીરના જુદા-જુદા નેશમાંથી આ વસાહતમાં પુનઃ વસવાટ જે ૯૧ કુટુંબોને જ આ યોજનાનો લાભ આપેલ છે. તેમજ આ અંગેનું સાધનિક રેકર્ડ અમારી જાણ મુજબ ઓડિટ શાખાને રજુ થઈ ગયેલ છે. તો અમારો ખુલાસો ગ્રાહય રાખવા વિનંતી છે.

<u>રજુઆત અધિકારીશ્રીની રજુઆત</u> :– આક્ષેપિતના જવાબ મુજબ જે સહાય ચુકવાયેલ છે તે પુનઃ વસવાટના માલધારીને જ ચુકવાયેલ છે. આ રેકર્ડ પાછળથી ઓડીટ સમક્ષ રજુ થયેલ છે. જેથી રજુ થયેલ જવાબ ગ્રાહય રાખવામાં હરકત સરખું નથી.

<u>તપાસનીશ અધિકારીશ્રીનું તારણ</u> :- આક્ષેપિત કર્મચારીશ્રી સામે મુકવામાં આવેલ આક્ષેપ નં. ૩ ની વિગતે આક્ષેપિતનો જવાબ તથા રજુઆત અધિકારીશ્રીની રજુઆત ધ્યાને લેતા આક્ષેપ નં. ૩ ના સાબિત માનવામાં આવે છે.

<u>આક્ષેપ નં. ૪</u> :- આ કામ બાબતે સિમેન્ટ રેતીની ખરીદી પણ તાલુકા પંચાયતે સરકારી ધારાધોરણ પ્રમાણે કરી હોવાનું દફતર નિભાવેલ ન હતું/તથા આ રેકર્ડ જે તે સમયે ઓડીટ સમક્ષ રજુ કરેલ ન હતું.

<u>આક્ષેપિતની રજૂઆત</u> :- લાભાર્થીઓના વપરાશ માટેની રેતી અને સિમેન્ટ તા.પં. તરફથી ખરીદ કરવામાં આવેલ નથી. આ સિમેન્ટ તથા રેતી જે તે લાભાર્થીઓએ બાકી બિલેથી જાતે ખરીદી અને જાતે અરજદારોએ તેમની જરૂરીયાત મુજબ કામ કરેલ છે અને તેઓના જણાવ્યા અનુસાર કામ પુર્ણ થાય ત્યાં સુધી વિક્રેતા વધુ સમય રકમ બાકી રાખી શકે તેમ ન હોઈ અરજદારોના મુખત્યારનામાના આધારે જે તે પાર્ટીને ચુકાદો કરેલ છે. જેથી સરકારે ધારા-ધોરણ મુજબ રેકર્ડ નિભાવવાનો પ્રશ્ન રહેતો નથી. તેમજ આ અંગેનું સાધનિક રેકર્ડ અમારી જાણ મુજબ ઓડીટ શાખાને રજુ થઈ ગયેલ છે. તો ખુલાસો ગ્રાહય રાખવા વિનંતી છે.

રજુઆત અધિકારીશ્રીની રજૂઆત :- આક્ષેપિતના જવાબ મુજબ સિમેન્ટની ખરીદી અરજદારોએ કરેલ છે અને નાણા પાર્ટીને ચુકવી આપેલ છે. ખરીદીનું રેકર્ડ પાછળથી ઓડીટમાં રજુ થયેલ છે. જે જોતાં જવાબ ગ્રાહય રાખવામાં હરકત સરખું નથી.

તપાસનીશ અધિકારીશ્રીનું તારણ :– આક્ષેપિત કર્મચારીશ્રી સામે મુકવામાં આવેલ આક્ષેપ નં. ૪ ની વિગતે આક્ષેપિતનો જવાબ તથા રજુઆત અધિકારીશ્રીની રજુઆત ધ્યાને લેતા આક્ષેપ નં. ૪ ના સાબિત માનવામાં આવે છે.

આક્ષેપ નં. ૫ :- દરેક કામ પુર્ણ થઈ ગયાનું કામ પુર્ણતા પ્રમાણપત્ર આપ્યા બાદ જ લાભાર્થીને સહાય ચુકવવાની હતી આ કામે કામ પુર્ણતા પ્રમાણપત્રો / બાંધકામનું અસલ રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરેલ ન હતું.

આક્ષેપિતની રજુઆત :- દરેક લાભાર્થી વાઈઝ પ્રમાણપત્ર અમારા ધ્વારા અપાયેલ છે. આ પ્રમાણપત્રની નકલ સામેલ છે. તેમજ જી.પં.ની વિકાસ શાખાની ફાઈલમાં પણ પાના નં. ૩૧૩થી ૪૨૩ ઉપર ઉપલબ્ધ છે. તેમજ આ કામના ઓડીટ સમયે અમો અન્ય સ્થળે ફરજ બજાવતાં હોઈ તાલુકા પંચાયત, માંગરોળમાં ફરજ ઉપર ન હોઈ ઓડીટ સમક્ષ રેકર્ડ રજુ કરવા બાબતે અમો અજાણ છે. તેમજ આ અંગેનું સાધનિક રેકર્ડ અમારી જાણ મુજબ ઓડીટ શાખાને રજુ થઈ ગયેલ છે. તો અમારો ખુલાસો ગ્રાહય રાખવા વિનંતી છે.

રજુઆત અધિકારીશ્રીની રજુઆત :- આક્ષેપિતનાં જવાબ મુજબ સી.સી. દરેક કામના અપાઈ ગયેલ છે. આ કામનું તમામ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ થઈ ગયેલ છે.જેથી પ્રશ્ન રહેતો ન હોય જવાબ ગ્રાહય રાખવામાં હરકત સરખું નથી.

તપાસનીશ અધિકારીશ્રીનું તારણ :- આક્ષેપિત કર્મચારીશ્રી સામે મુકવામાં આવેલ આક્ષેપ નં. ૫ ની વિગતે આક્ષેપિતનો - જવાબ તથા રજુઆત અધિકારીશ્રીની રજુઆત ધ્યાને લેતા આક્ષેપ નં. ૫ ના સાબિત માનવામાં આવે છે.

ઉપરની વિગતો ધ્યાને લેતા અધિક મદદનીશ ઈજનેર, શ્રી જે. જી. સોલંકી સામેના આક્ષેપો પૈકી આક્ષેપ નં. ૧ અંશતઃ સાબિત રહે છે. જયારે આક્ષેપ નં. ૨ થી ૫ ના સાબિત રહેતા હોય વળી આક્ષેપ નં. ૧ બહુ ગંભીર જણાતો ન હોય ગુજરાત પંચાયત સેવા શિસ્ત અને અપીલનાં નિયમો - ૧૯૯૭નાં નિયમ – ૬ (૨-ક) હેઠળ શિક્ષા કરવા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ :-

જિલ્લા પંચાયત, જૂનાગઢ કાર્યક્ષેત્ર હેઠળની નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત મા. અને મ. પેટા વિભાગ-૨, જુનાગઢ ખાતેનાં અધિક મદદનીશ ઈજનેર, શ્રી જે. જી. સોલંકીને ઉપરની વિગતેની તાંત્રિક કર્મચારી તરીકે ફરજ પ્રત્યે બેદરકારી સબબ શિસ્ત વિરૂધ્ધનાં વર્તન માટે આવી બાબતનું પુનરાવર્તન થવા ન પામે તે માટે "ઠપકો" આપવાનો આથી આદેશ કરવામાં આવે છે.

આ અંગેની નોંધ મજકુરશ્રીની સેવાપોથીએ અચુક કરવી.

પ્રમાણિત

| | |
|---|---|
| **કાર્યપાલક ઈજનેર** | **અજય પ્રકાશ** |
| **પંચાયત મા. અને મ. વિભાગ** | **જિલ્લા વિકાસ અધિકારી** |
| **જુનાગઢ** | **જૂનાગઢ** |

**નકલ રવાના :-**

**૧: નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા. અને મ. પેટા વિભાગ-૨ જુનાગઢ (૩ નકલમાં) એક નકલ શ્રી જે. જી. સોલંકી, અ.મ.ઈ.ને બજાવી તારીખ સમેત સહી મેળવી સહીવાળી નકલ અત્રેને પરત કરવા સારૂ**
**૨: આ કચેરીની મહેકમ શાખા તરફ.**

**નકલ સવિનય સાથે રવાના :-**

**૧: નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેકમ-વિકાસ શાખા, જી. પં., જુનાગઢ.**
**૨: અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત મા. અને મ. વર્તુળ-૨, રાજકોટ**

## પરિશિષ્ટ-૭

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧૧.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૯

સમિતિ એમ માને છે કે, નિયમ વિરૂધ્ધની લાંબા સમયથી ખરીદી થતી હોવા છતાં વિભાગ જવાબદારો સામે પગલાં લેવામાં બેદરકાર રહયું હતુ. પહેલી વખત ખરીદી કરવામાં ભૂલ થઈ પણ તે ધ્યાન ઉપર આવ્યા પછી પણ સતત ખરીદી ચાલુ રાખવામાં આવી તે સમિતિ ગંભીર બાબતે ગણે છે. આ ઉપરાંત જવાબદાર અધિકારી/કર્મચારી સામે કાર્યવાહી શરૂ કરવામાં પણ ખુબ વિલંબ થયો હોવાથી જવાબદારો સામે પગલા લેવાય તે પહેલાં તેઓ નિવૃત થઈ ગયા હતા તે પણ ગંભીર બાબત છે.

સમિતિને એમ લાગે છે કે, આ કિસ્સામાં જે અધિકારીઓ જવાબદાર જણાયા હતાં તેમની વિરુધ્ધ કાર્યવાહી કરવામાં ખુબ જ ઢીલ કરવામાં આવી હતી. જેના કારણે આ અધિકારીઓ સામે કાર્યવાહી શરૂ થાય તે પહેલાં તેઓ નિવૃત્ત થઇ ગયા હતાં. આમા ખાતાની ગંભીર બેદરકારી જણાઇ આવે છે. સમિતિ આવી બેદરકારી બદલ સખત નારાજગી વ્યકત કરે છે અને આવા કસૂરવાર અધિકારી/કર્મચારીઓ સામે પગલાં લેવામાં ઢીલ કરનાર અધિકારી સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવી જોઇએ જેથી ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન થતું અટકાવી શકાય. આથી પ્રસ્તુત કિસ્સામાં જે કોઇ જવાબદાર હોય તેમની સામે જરૂરી કાર્યવાહી કરવા તેમજ ખરીદી માટે જે જવાબદાર હોય તેની સામે વિજિલન્સ કમિશનની ભલામણ સહિત જે પગલાં લેવાયા હોય તે સમિતિના ધ્યાને મુકવા અને ખેડા જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી સામે કરેલ કાર્યવાહીની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

સમિતિની ભલામણ મુજબ વિભાગ દ્વારા સબંધિત વિભાગ (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ (૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને તા.૦૬/૦૩/૨૦૧૭ના પત્ર ક્રમાંક : પીઆરસી/૧૦૨૦૧૭/૩૮૧/બ-૧થી જરૂરી કાર્યવાહી કરવા પત્રથી જાણ કરવામાં આવેલ છે. (જુઓ પત્રક-૧૦)

પત્રક-૧૦

ક્રમાંક:પીઆરસી/૧૦૨૦૧૭/૩૮૧/બ-૧
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/03/૨૦૧૭

પ્રતિ
નાયબ સચિવશ્રી, (જાહેર આરોગ્ય)
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

નાયબ સચિવશ્રી,
પંચાયત ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય - સને ૧૯૯૬-૯૭ના ઓડિટ અહેવાલનો ફકરા ક્રમાંક: ૧૧.૧ જિલ્લા પંચાયત જિલ્લા પંચાયત ખેડા (નડિયાદ), આંગણવાડી કેન્દ્રો માટે વાસણો, શૈક્ષણિક સાધનોની તેમજ ફોર્મ્સ અને રજિસ્ટારોની ખરીદીમાં થયેલ અનિયમિતતા લાગતા બાબત

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે આ સાથે ગુજરાત વિધાનસભા સચિવાલયનો તા.૧૫/૦૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક:સ.૭/૭(૪૭)૪૧૩૨ તેના બિડાણ સહિત મોકલી આપતાં જણાવવાનું કે, સને ૧૯૯૬-૯૭માં આંગણવાડી કેન્દ્રો માટે જિલ્લા પંચાયત દ્વારા વાસણો, શૈક્ષણિક સાધનો અને ફોર્મ્સ, રજીસ્ટર વગેરેની નિયમ વિરુધ્ધની ખરીદીમાં જવાબદાર એવા (૧) શ્રી બી. આર. સોલંકી, ઇન્ચા. પ્રોગ્રામ ઓફિસર (એપેડેમીક મેડીકલ ઓફિસર), મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (૨) શ્રી આઇ. એસ. નાયક જિલ્લા પ્રોગ્રામ અધિકારી (૩) ડો. આર. એલ. પટેલ, નિયામકશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, (૪) શ્રી ડી. એ. સોલંકી, વહીવટી અધિકારી અને (૫) હિતેન્દ્ર સુખડીયા, જુની. કલાર્ક સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવ્યા છે. જવાબદારો સામે તા.૨૬/૯/૨૦૦૫થી ખાતાકીય તપાસની કાર્યવાહી શરુ કરવામાં આવી હતી. પરંતું તપાસ ની કાર્યવાહી મોડી કરવાથી શ્રી ડો. આર. એસ. પટેલ અને શ્રી ડી. એ. સોલંકી સામે પગલાં લેવાય તે પહેલા તેઓ નિવૃત્ત થઇ ગયા હોઇ તેઓની સામે કાર્યવાહી થઇ શકેલ નથી. જયારે શ્રી બી. આર. સોલંકી હાલમાં અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે ફરજો બજાવતાં હોઇ તેઓની સામે આરોગ્ય કમિશ્નરશ્રી દ્વારા તેમજ શ્રી હિતેન્દ્ર. સુખડીયા જુન.કલાર્ક સામે જિલ્લા પંચાયત, ખેડા દ્વારા શિક્ષાત્મક પગલાં લેવાની કાર્યવાહી કરી હોવાનું જણાવ્યુ હતું. જે અંગેની થયેલ કાર્યવાહીની વિગતો આપની કક્ષાએથી ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલી આપવા વિનંતી છે. સમિતિને એમ લાગે છે કે, આ કિસ્સામાં જે અધિકારીઓ જવાબદાર જણાયા હતાં તેમની વિરુધ્ધ કાર્યવાહી કરવામાં ખુબ જ ઢીલ કરવામાં આવી હતી. જેના કારણે આ અધિકારીઓ સામે કાર્યવાહી શરુ થાય તે પહેલાં તેઓ નિવૃત્ત થઇ ગયા હતાં. આમા ખાતાની ગંભીર બેદરકારી જણાઇ આવે છે. સમિતિ આવી બેદરકારી બદલ સખત નારાજગી વ્યકત કરે છે અને આવા કસૂરવાર અધિકારી/કર્મચારીઓ સામે પગલાં લેવામાં ઢીલ કરનાર અધિકારી સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી

કરવી જોઇએ જેથી ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન થતું અટકાવી શકાય. આથી પ્રસ્તુત કિસ્સામાં જે કોઇ જવાબદાર હોય તેમની સામે જરૂરી કાર્યવાહી કરવા તેમજ ખરીદી માટે જે જવાબદાર હોય તેની સામે વિજિલન્સ કમિશનની ભલામણ સહિત જે પગલાં લેવાયા હોય તે સમિતિના ધ્યાને મુકવા અને ખેડા જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી સામે કાર્યવાહીની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

ઉપરોકત અધિકારીઓ/કર્મચારી આપના વિભાગના હોઇ તે અંગેની સઘળી કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહે છે.

આપનો વિશ્વાસુ,

(ડી. એસ. પરમાર)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના –
નિયામકશ્રી (આઇસીડીએસ) કમિશ્નરશ્રી
મહિલા અને બાળ વિકાસની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

ઉકત પત્રના બિડાણની નકલ સહિત આપને મોકલી આપવામાં આવે છે. જે અન્વયે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની થતી હોઇ તાત્કાલિક કરવા અને તે અંગેની વિગતો અત્રે મોકલી આપવા વિનંતી છે.

અહેવાલ સભાગૃહમાં રજૂ થયા

તા.૧૩/૦૨/૨૦૨૪

सत्यमेव जयते

# પંચાયતી રાજ સમિતિ

# બીજો અહેવાલ

## પંદરમી ગુજરાત વિધાનસભા

(તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં ઉપરનો અહેવાલ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન,
સેકટર-૧૦,

ગાંધીનગર-૩૮૨૦૧૦.

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૩-૨૦૨૪)

### પ્રમુખશ્રી

શ્રી પંકજભાઇ દેસાઇ

### સભ્યશ્રીઓ

શ્રી પ્રધુમનસિંહ જાડેજા

ગેનીબેન ઠાકોર

શ્રી કરશનભાઇ સોલંકી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી દેવાભાઇ માલમ

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી ગુલાબસિંહ ચૌહાણ

શ્રીમતી નિમિષાબેન સુથાર

શ્રી ફતેસિંહ ચૌહાણ

શ્રી અક્ષયકુમાર પટેલ

ડાઁ. દર્શના દેશમુખ(વસાવા)

શ્રી ઇશ્વરભાઇ પરમાર

શ્રી મોહનભાઇ ઢોડિયા

શ્રી ભરતભાઇ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ

શ્રી મેરામણ કરંગિયા, નાયબ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર એસ. પ્રજાપતિ, શાખા અધિકારી

શ્રી નિસર્ગ મોડિયા, શાખા અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૨-૨૦૨૩)

**પ્રમુખશ્રી**

શ્રી મહેશકુમાર રાવલ

**સભ્યશ્રીઓ**

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૦૨૨)

(તા.૧૧-૧૦-૨૦૨૧ થી)

### પ્રમુખશ્રી

શ્રી મહેશકુમાર રાવલ

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૦૨૨)

(તા.૧૦/૧૦/૨૦૨૧ સુધી)

### પ્રમુખશ્રી

શ્રી કિરીટસિંહ રાણા

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી ઋષિકેશ પટેલ

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૦-૨૦૨૧)

**પ્રમુખશ્રી**

શ્રી ગોવિંદભાઈ પટેલ

**સભ્યશ્રીઓ**

ગેનીબેન ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી ઋત્વિકભાઈ મકવાણા

શ્રી લલિતભાઈ કગથરા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી કેસરીસિંહ સોલંકી

શ્રી રમેશભાઈ કટારા

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા

શ્રી અરૂણસિંહ રણા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી આનંદભાઈ ચૌધરી

શ્રીમતી ઝંખનાબેન પટેલ

શ્રી ભરતભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૧૯-૨૦૨૦)

### પ્રમુખશ્રી

શ્રી રમણભાઈ પટેલ

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી સુરેશભાઈ પટેલ

શ્રી બાબુભાઈ પટેલ

શ્રી મહમદજાવીદ પીરઝાદા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી હર્ષદકુમાર રીબડીયા

શ્રી દેવાભાઈ માલમ

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી જેઠાભાઈ આહિર (ભરવાડ)

શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ

શ્રી સુખરામભાઈ રાઠવા

શ્રી મોહનભાઈ ઢોડિયા

શ્રી પુનાભાઈ ગામીત

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી હર્ષિલ પટેલ, ઉપસચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૧૪-૨૦૧૫)

**પ્રમુખશ્રી**

શ્રી ચીમનભાઇ શાપરીઆ

**સભ્યશ્રીઓ**

ડૉ. નીમાબેન આચાર્ય

શ્રી કેશાજી ચૌહાણ

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી અશ્વિન કોટવાલ

શ્રી શંભુજી ઠાકોર

શ્રી કાંતિભાઇ અમૃતિયા

* શ્રી જેઠાભાઇ સોલંકી

શ્રી કેશુભાઇ નાકરાણી

શ્રી રાજેંદ્રસિંહ પરમાર

શ્રી નટવરસિંહ ઠાકોર

શ્રી માનસિંહ ચૌહાણ

પ્રો. હિરાભાઇ હ. પટેલ

શ્રી અજયકુમાર ચોક્સી

શ્રી રમણલાલ પાટકર

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એસ. એમ. મેમણ, નાયબ સચિવ

શ્રી હિમાંશુ જાની, સેક્શન અધિકારી

શ્રી ડી. આર. પરમાર, સેક્શન અધિકારી

* તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજ સંસદીય સચિવ તરીકે નિમણૂક થતાં ગુજરાત વિધાનસભાના નિયમ-૧૯૭(૨)ના પરંતુક અન્વયે સમિતિના સભ્ય ગણાતાં બંધ થયા.

<u>અનુક્રમણિકા</u>


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧૧ થી ૧૨ |
| ૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૩ થી ૨૭ |
| ૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૮ થી ૩૩ |
| ૪ | શિક્ષણ વિભાગ | ૩૪ થી ૩૫ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૬ થી ૪૫ |
| ૬ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૬ |
| ૭ | આદિજાતિ વિકાસ વિભાગ | ૪૭ થી ૫૧ |
| ૮ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૨ થી ૫૩ |

## અહેવાલ

પ્રાસ્તાવિક

હું, પંચાયતી રાજ સમિતિનો પ્રમુખ, તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં પરનો બીજો અહેવાલ રજુ કરું છું.

૨. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ જિલ્લા અને તાલુકા પંચાયતોના સન ૧૯૯૭-૯૮નો ઓડિટ અહેવાલ તપાસીને તેના ઉપરનો સમિતિનો બીજો અહેવાલ તા.૩૦-૦૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજુ કર્યો હતો. તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર વિભાગો દ્વારા મોકલવામાં આવેલ પગલાંના પત્રકોની (જુઓ પરિશિષ્ટ - ૧ થી ૭) સમિતિએ નીચે કોષ્ટકમાં દર્શાવેલ તારીખના રોજ સંબંધિત વિભાગની તપાસ હાથ ધરી હતી.

| ક્રમ | વિભાગનું નામ | સમિતિએ તપાસ કર્યા તારીખ | પરિશિષ્ટ નંબર |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગ | તા.૧૫-૧૦-૨૦૧૯ | પરિશિષ્ટ-૩ |
| ૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | તા.૧૫-૧૦-૨૦૧૯ | પરિશિષ્ટ-૫ |
| ૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | તા.૦૫-૧૧-૨૦૧૯ | પરિશિષ્ટ-૭ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | તા.૧૭-૧૨-૨૦૧૯ | પરિશિષ્ટ-૪ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | તા.૩૧-૧૨-૨૦૧૯<br>તા.૦૨-૦૧-૨૦૨૪ | પરિશિષ્ટ-૨ |
| ૬ | આદિજાતિ વિકાસ વિભાગ | તા.૨૧-૦૧-૨૦૨૦ | પરિશિષ્ટ-૬ |
| ૭ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | તા.૧૬-૧૧-૨૦૨૧ | પરિશિષ્ટ-૧ |

૩. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં પત્રકો પરનો અહેવાલ સમિતિએ તેની તા.૦૮-૦૨-૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં મંજૂર કર્યો હતો.

૪. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ તેના બીજા અહેવાલમાં કુલ-૭ વિભાગોને અલગ-અલગ ભલામણો કરી હતી. સમિતિની ભલામણો ઉપર સરકારના સંબધિત

વિભાગોએ લીધેલા પગલાંથી સમિતિને મહદઅંશે સંતોષ થયો છે. તેથી ઉક્ત અહેવાલની ભલામણો સંબધમાં વિભાગે આપેલ ખુલાસાઓ/પગલાંઓ પર સમિતિએ કોઈ ટીકા કરવાની રહેતી નથી. પરંતુ સમિતિએ પગલાંના પત્રકોની તપાસ વખતે ભલામણો ઉપર વિભાગને જો કોઇ કાર્યવાહી કરવા અથવા તે સંબંધમાં વધું પગલાં ભરવા જણાવેલ હોય અથવા વધારાની માહિતી માંગેલ હોય તો તે સંબંધમાં સંબંધિત વિભાગેએ જે તે ભલામણો ઉપર જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૫. સમિતિએ તા.૩૦/૦૩/૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ કરેલ તેના બીજા અહેવાલમાં પાણી પૂરવઠા પ્રભાગને જવાબદાર એજન્સીઓ પાસેથી તાત્કાલિક નાણા વસુલ કરવા, જવાબદારો સામે શિક્ષાત્મક પગલા લેવા તેમજ આ સંબંધમાં કરેલ કાર્યવાહીની માહિતી તાત્કાલીક સમિતિને મોકલી આપવા ભલામણ કરી હતી. પરંતુ વિભાગ દ્વારા હજી સુધી કરેલ ભલામણ સંબંધમાં કોઈ કાર્યવાહી કરેલ નથી જેને સમિતિએ ખૂબ જ ગંભીર ગણેલ છે. ઉકત ભલામણ અંગે જરૂરી કાર્યવાહી સત્વરે પૂર્ણ કરી, કરેલ કાર્યવાહીની જાણ સમિતિને કરવા સમિતિ વિભાગને જણાવે છે.

૬. ૧૩મી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલમાં સમિતિએ પાણી પુરવઠા પ્રભાગને કરેલ ભલામણ સંબંધમાં સરકારે લીધેલ પગલાંનું સાહિત્ય સમિતિને મોકલવામાં વિભાગે ખૂબ જ ઢીલ કરી હોવાથી સમિતિ આ અંગે સખત નારાજગી વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં સમિતિને નિયત સમય મર્યાદામાં સાહિત્ય મળી જાય તે માટે કાળજી રાખવા પાણી પુરવઠા પ્રભાગને જણાવે છે.

૭. નાણા વિભાગના અધિકારીઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ, સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષક અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ કિંમતી સહાય માટે સમિતિ તેમનો આભાર માને છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર,
તા.૧૩-૦૨-૨૦૨૪

પંકજભાઈ દેસાઇ
પ્રમુખ,
પંચાયતી રાજ સમિતિ

## પરિશિષ્ટ-૧

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

### લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૨.૪, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧

### તાલુકા પંચાયત જાંબુઘોડા અને હાલોલ, જિ.ગોધરા,

મસવાડ, તાલુકા હાલોલના તલાટી શ્રી આર.બી.દરજી પાસેથી રૂ.૭૪,૫૧૮-૨૫ની રકમ વસુલ કરવા માટે સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવે જો આ રકમની વસુલાત થઈ શકે તેમ ન હોય તો સરકારશ્રીના પરામર્શમાં રહીને આ રકમ માંડવાળ કરતાં હુકમો કરી, આ અંગેની જાણ સમિતિને કરવા ભલામણ કરવામાં આવે છે.

સરકારે લીધેલ પગલાં

જાંબુઘોડા તાલુકાના કરા ગામના ત.ક.મંત્રીશ્રી એમ. એન. સંગાડાએ જવાહર રોજગાર યોજનામાંથી રૂ.૧૪,૬૦૦/-ની ઉચાપત કરેલ હતી. જે રકમ તા.૨૫/૧૧/૨૦૦૫ના રોજ TDO PLA જાંબુઘોડામાં ચલણથી જમા કરાવેલ છે. તેમજ શ્રી સંગાડા સામે ઉપસચિવશ્રી, પં.ગ્રા.ગૃ.નિ અને ગ્રા.વિ.વિ. ગાંધીનગરના હુકમ ક્રમાંક: પસન/૨૦૦૬૧૮૨૮/ન, તા.૨૭/૦૬/૨૦૦૭ અન્વયે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસૂલ) જિ. પં. દાહોદ દ્વારા મળવાપાત્ર પેન્શનમાંથી રૂ.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા)નો પેન્શનકાપ એક વર્ષ માટે કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

શ્રી આર. બી. દરજી બરતરફ ત.ક.મંત્રી દ્વારા વર્ષ ૧૯૯૫-૯૬માં જવાહર યોજના અંતર્ગતે રોડના નાણા રૂ.૭૪,૫૧૮-૨૫ની ઉચાપત કરેલ. આથી, શ્રી દરજીને ખાતાકીય તપાસને અંતે અત્રેના તા.૧૭/૦૬/૨૦૦૪ના હુકમ નં. જિ.પં./મકમ/ચ/વશી/૦૫/ખા.ત./૮૯૨-૯૫થી ભવિષ્યની નોકરી માટે ગેરલાયક ન થાય તે રીતે દુર કરવા શિક્ષા કરવામાં આવેલ છે તથા શ્રી દરજી બરતરફ ત.ક.મંત્રીના જી.પી.એફ. ખાતા નંબર REV/૭૭૪માં જમા રકમમાંથી ઉચાપતની રકમ રૂ.૭૪,૫૧૯/- વસુલ કરી તા.૨૦/૦૭/૧૯ના રોજ DDO PLA પંચમહાલ-ગોધરામાં ચલણથી જમા કરાવેલ છે. જેથી સદર પારા બંધ થવા વિનંતી. (જુઓ પત્રક-૧)

### લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૨.૪, અહેવાલ ભલામણ ક્રમાંક : ૨

### તાલુકા પંચાયત માણાવદર, જિ.જુનાગઢ

આથી સમિતિ દ્વારા શરતી ડ્રોપ કરવામાં આવેલ પેરાની વિગતો સમયમર્યાદામાં સમિતિ સમક્ષ રજૂ કરવાની કાળજી રાખવા અને આ કિસ્સામાં શ્રી બાબરફાડ પાસેથી વસુલ લેવાની રૂ.૬૨,૦૦૦/-ની રકમની વસુલાત ક્યારે પુરી કરવામાં આવી અને જો તેમ ન થયું હોય તો તેના કારણોનો વિગતવાર અહેવાલ તાત્કાલિક સમિતિ સમક્ષ રજૂ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

મજકુરશ્રી બાવરફાડ, ત.ક.મ. પાસેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, કેશોદ મારફતે નવેમ્બર-૨૦૦૮થી સપ્ટેમ્બર- ૨૦૧૨ સુધીના પગારમાંથી કપાત કરી રૂ.૧,૮૧,૦૫૯/-ની વસુલાત કરી લેવામાં આવેલ છે. જે રકમ સરકારશ્રીમાં ચલણથી જમા કરાવ્યા અંગેની પરિશિષ્ટની નકલ આ સહ સામેલ છે. જેથી કોઇ વસુલાત બાકી રહેતી નથી. તેમજ હવે પછી આવા કિસ્સાઓ ન બનવા પામે તેની ખાસ કાળજી લેવામાં આવે છે. (જુઓ પત્રક-૨)

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૨.૪, અહેવાલ ભલામણ ક્રમાંક : 3

જિલ્લા પંચાયત વલસાડ

બેઠક સમયે વિભાગના અગ્રસચિવશ્રી દ્વારા માંગ્યા મુજબ એક માસની મુદત આપી હોવા છતાં અહેવાલ ગૃહમાં રજૂ કરવામાં આવ્યો ત્યાં સુધી આ કેસની કોઈ માહિતી/વિગતો સમિતિને મોકલવામાં આવી નથી. જેની સમિતિ ગંભીર નોંધ લે છે.

સમગ્ર વિગતો વિભાગના અગ્રસચિવશ્રી કક્ષાએથી અંગત રસ લઈને કેસની તમામ વિગતો અને F.I.R. ની નકલ મેળવી સમિતિને મોકલી આપવા તેમજ કેસ અંગે બેદરકારી દાખવનાર ખેતીવાડી અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરી, તે અંગેનો અહેવાલ સમિતિને મોકલી આપવા ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

તેરમી ગુજરાત વિધાનસભામાં પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલની ભલામણ સને ૧૯૯૭-૯૮ના ફકરા ક્રમાંક : ૨.૪ની વિશેષ પૂર્તતા કરતા જણાવવાનું કે, શ્રી કિશોરસિંહ બળવંતસિંહ પટેલ, ગ્રામ સેવક, ટુકવાડા, તા.ધરમપુરને છેતરપિંડીના ગુન્હા અન્વયે પાણીગેટ, વડોદરા, પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજીસ્ટર નં.૩૧૬/૯૬ ઇપીકો કલમ-૩૯૯, તા.૨૫/૦૧/૧૯૯૬થી ગુન્હો નોંધાયેલ હતો. જે કોર્ટ કેસ નં-૨૪૨૯/૯૭થી નોંધાયેલ હતો. જે અન્વયે શ્રી પટેલ સામે ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) ૧૯૬૪ના નિયમોની જોગવાઇ અનુસાર તા.૨૧/૦૪/૯૭ના રોજથી સસ્પેન્ડ (ફરજ મોકુફી) હેઠળ ઉતારવામાં આવેલ હતા તથા ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હતી. સદર કોર્ટ કેસનો આખરી ચુકાદો આવેલ ન હોય શ્રી કે. બી. પટેલ, ગ્રામસેવક તા.૨૨/૦૬/૨૦૧૩ના રોજ અવસાન પામેલ જેના કારણે આ કેસ તા.૧૮/૦૩/૨૦૧૪થી એબેટ કરવામાં આવેલ જેના આધાર સામેલ છે. (જુઓ પત્રક-3) આ અંગે સમિતિ દ્વારા F.I.R. ની નકલ રજુ કરવા જણાવેલ છે. સદર કેસ સબંધ જે તે સમયના અત્રેના જિલ્લામાં ખેતીવાડી અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા જણાવેલ છે. જે તે સમયે અત્રેની કચેરી હેઠળ ખેતીવાડી અધિકારી તરીકે શ્રી શંકરભાઈ એમ. પટેલ ફરજ બજાવતા હતા. તેઓશ્રી દ્વારા ઉપર મુજબની કાર્યવાહી હાથ

ધરવામાં આવેલ હતી. ખેતીવાડી અધિકારીશ્રી શંકરભાઈ એમ પટેલનું તા.૨૨/03/૨૦૧૩ના રોજ અવસાન થયેલ હોઈ આગળની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ ન હોઈ આ સાથે જરૂરી આધારોમાં F.I.R.ની નકલ, ફરજ મોકૂફીના આધારની નકલ, અવસાનનો દાખલો વગેરે પૂર્તતા ધ્યાને લઈ જવાબ ગ્રાહ્ય રાખવા વિનંતી છે.

<u>લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૨.૧૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૪</u>

<u>જિલ્લા પંચાયત, ભુજ</u>

ભૂકંપને કારણે ભૂજ જિલ્લા પંચાયતનું સંપૂર્ણ રેકર્ડ નાશ પામવાને કારણે રૂ.૧,૮૪,૯૪,૬૮૫/-ની પેશગીની રકમમાંથી કેટલી રકમની વસુલાત થઈ અને કેટલી રકમની વસુલાત બાકી છે તે સ્પષ્ટ થઈ શકતું ન હોવાથી વિભાગના અગ્રસચિવશ્રી દ્વારા સમિતિને જણાવ્યા મુજબ બાકી પેશગીની રકમ નાણાં વિભાગના પરામર્શમાં રહીને વેવ કરવાની કાર્યવાહી કરવા અને તેની જાણ સમિતિને કરવા ભલામણ કરે છે.

<u>સરકારે લીધેલ પગલાં</u>

જિલ્લા પંચાયત, કચ્છ-ભુજનું પેશગી અંગેનું જે તે સમયે નમુના નં.-૪૪માં રજીસ્ટર નિભાવવામાં આવેલ હતું. તેમા પેશગીની આવક અને જાવકની તમામ નોંધો પૂર્ણ કરવામાં આવેલ હતી. બાકી પેશગીની વસુલાત કરવા અત્રેથી જે તે શાખા અધ્યક્ષને યાદી આપવાની કાર્યવાહી ચાલુમાં હતી તે દરમિયાન વર્ષ ૨૦૦૧માં ભુકંપ આવેલ અને તેમા હિસાબી શાખાનું રેકર્ડ નાશ પામેલ. આ રેકર્ડ નાશ પામવા અંગે કલેકટરશ્રી, કચ્છનું તા.૦૨/૦૮/૨૦૦૪થી પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ પેશગીઓ પૈકી મોટા ભાગની સરભર થઇ ગયેલ છે. પરંતુ રજીસ્ટર જુનુ રેકર્ડ ઉપલબ્ધ ન થવાના કારણે પૂર્ણ કરી શકાતુ ન હોઇ આ પેશગીની રકમ રૂ.૧,૮૪,૯૪,૬૮૫/-ની માંડવાળ કરવા બાબતે નાણાં વિભાગની મંજુરી મેળવવા દરખાસ્ત કરેલ છે. <u>(જુઓ પત્રક-૪, ૫, ૬, ૭, અને ૮)</u>

પત્રક-૧

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,
હુકમ ક્રમાંક : પશન-૨૦૦૬-૧૮૨૮-ન, સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૭/૦૬/૨૦૦૭

વંચાણે લીધા :-

૧. સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદનો તા.૮-૩-૦૬નો પત્ર ક્રમાંક: ડીએ-૩૪-૨૦૦૫-૨૦૦૬-૮૯૩

૨. વિકાસ કમિશ્નરશ્રીનો તા.૧૫-૬-૦૬નો પત્ર નં. વિક-મકમ-જન-૪-વશી-૬૯૩-૦૬

૩. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, દાહોદનો તા.૬-૫-૦૬નો પત્ર નં: જીપં-મકમ-વશી-૧૩૮૪-૮૫.

આમુખ:-

જિલ્લા પંચાયત દાહોદના નિવૃત્ત ત.ક.મ., શ્રી એમ. એન. સંગાડા જયારે ત.ક.મ. તરીકે કરા, તા.જાંબુઘોડા, જી. પંચમહાલ ખાતે ફરજ બજાવતા હતા ત્યારે જવાહર રોજગાર યોજનાના કામે રૂા.૧૪,૬૦૦/- પોસ્ટમાંથી ઉપાડી જમા લીધા બાદ તે જ દિવસે જવાહર રોજગાર યોજનાના કામે ઉધારેલ પરંતુ તે અંગે કોઇ વાઉચર રજુ નહી કરતા પંચાયતના નાણાંની ઉચાપતના આક્ષેપ સબબ નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસુલ), જીલ્લા પંચાયત દાહોદે શ્રી સંગાડાને તા.૮-૩-૦૪ની યાદીથી આરોપનામું આપેલ. આરોપનામાનો જવાબ શ્રી સંગાડાએ તા.૧૩-૪-૦૪ના પત્રથી રજુ કરેલ પરંતુ તે ગ્રાહય ન રાખી નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી દાહોદે તા.૫-૫-૦૪ના હુકમથી શ્રી સંગાડા સામે ખાતાકીય તપાસ શરૂ કરવા હુકમ કરેલ અને ખાતાકીય તપાસ અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારી, લીમખેડાની નિમણુક કરેલ હતી.

ખાતાકીય તપાસ અધિકારીએ તા.૪-૬-૦૫ના પત્રથી તપાસ અહેવાલ રજુ કરેલ છે અને ખાતાકીય તપાસમાં શ્રી સંગાડા સામેનો આક્ષેપ અંશતઃ સાબિત માનેલ છે.

શ્રી સંગાડા તા.૩૧-૧૦-૦૫ના રોજ વય નિવૃત્ત થયેલ હોઇ, તેમને પેન્શન કાપની શિક્ષા કરવા જીલ્લા વિકાસ અધિકારીશ્રી દાહોદે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદને દરખાસ્ત કરતાં બોર્ડે આમુખ-૧ થી દર્શાવેલ તા.૮-૩-૦૬ના પત્રથી શ્રી સંગાડાને પેન્શનકાપની શિક્ષા કરવા સલાહ આપેલ છે. જેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી દાહોદે આમુખ-૩ થી દર્શાવેલ તા.૬-૫-૦૬ના પત્રથી શ્રી સંગાડાને પેન્શનકાપની શિક્ષા કરવા વિકાસ કમિશ્નરશ્રીને દરખાસ્ત કરેલ. જે દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રીએ આમુખ-૨ થી દર્શાવેલ તા.૧૫-૬-૦૬ના પત્રથી આ વિભાગને

મોકલેલ છે જે સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

જીલ્લા પંચાયત, દાહોદના નિવૃત્ત ત.ક.મંત્રી, શ્રી એમ. એન. સંગાડાને મળવાપાત્ર પેન્શનમાંથી રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નો પેન્શનકાપ એક વર્ષ માટે કરવા આથી હુકમ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. એ. ગામેતી)
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

પ્રતિ
શ્રી એમ. એન. સંગાડા
નિવૃત્ત ત.ક.મ.
જિલ્લા પંચાયત, દાહોદ..................... જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દાહોદ મારફતે.

<u>નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે રવાના</u>:-

૧. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

૨. સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, એલ.ડી.એન્જીયરીંગ કોલેજ કંપાઉન્ડ નવરંગપુરા, અમદાવાદ.

૩. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, દાહોદ.

૪. સિલેકટ ફાઇલ.

પત્રક-૨

## જિલ્લા પંચાયત સેવા સદન -પંચાયત શાખા

નવી કલેક્ટર કચેરીની બાજુમાં, સરદાર બાગ પાછળ, શશીકુંજ રોડ, જુનાગઢ
ફોન નંબર:02852632383
E-mail:- dyddo-pan-jun@gujarat.gov.in

---

નં.જિપં/પંચા/યુ-૧/પી.આર.સી.૨:૨૬/૧૪/ ૧૯ તારીખ :-૧૪/૦૫/૨૦૧૯

પ્રતિ
શ્રી મુખ્ય હિસાબી અધિકારી સાહેબ
વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજય
બ્લોક નંબર ૧૬/૨, ગાંધીનગર

વિષયઃ- ૨૦૦૯-૧૦ પી.આર.સી/૨:૨૬ બાબત.
સંદર્ભઃ- આપશ્રીના પત્ર નંબર/વિક/પી.આર.સી/૨:૨૬/યુ-૪/૨૦૧૯/૧૦૨, તા.૨/૨/૧૯

સવિનય સાથે જણાવવાનુ કે, ઉકત પેરાની વિગતો નીચે મુજબ છે.

(૧) શ્રી એમ. જે. બાવરફાડ, તલાટી કમ મંત્રી વેળવા ગૃપમાં ફરજ બજાવતા હતા તા.૧૦/૧૦/૮૮થી તા.૨૬/૧૦/૯૭ સમય દરમિયાન મજકુરે રૂ.૧,૭૭,૦૬૬-૬૫ની ઉચાપત કરેલ હતી જે ઉચાપતની રકમ સામે રૂ.૧,૮૦,૨૨૯/- વસુલાત તેમના પગારેથી કરવામાં આવેલ છે જેમનુ પત્રક સામેલ છે તેમજ મજકુર હાલ નિવૃત છે અને મજકુર સામે માણાવદર પોલીસ સ્ટેશનમાં ગુ.રજી.નંબર ૨૫/૯૮, તા.૧૪/૫/૯૮થી નોંધાયેલ ફરીયાદનો આખરી નિર્ણય આવેલ ન હોય તેથી મજકુરને સજા કરવાનો નિર્ણય કરવામાં આવેલ નથી.

(૨) આ સમયના સુપરવાઈઝર જે ફરજ બજાવતા હતા તે પૈકી (૧) શ્રી આર. એમ. દવે, વિસ્તરણ અધિકારીને અત્રેની કચેરીના હુકમ નંબર- મકમ/૬/૫/૨૧૧, તા.૧૮/૧૧/૯૯થી ફરજની બેદરકારી બદલ તાકીદ આપવામાં આવેલ છે (૨) શ્રી એ. એ. મલેક સીની. કલાર્કને અત્રેની કચેરીના હુકમ નંબર- મકમ/૬/૫/૨૧૧, તા.૧૫/૧૧/૯૯થી ફરજની બેદરકારી બદલ તાકીદ આપવામાં આવેલ છે (3) શ્રી એન. આર. સીંધલ, વિસ્તરણ અધિકારી પંચાયતને અત્રેની કચેરીના હુકમ નંબર મકમ/૬/૫/૨૧૧, તા.૧૮/૧૧/૯૯થી ફરજની બેદરકારી બદલ ભવિષ્યની અસર વગર એક વાર્ષિક ઈજાફો રોકવામાં આવેલ છે. (૪) શ્રી ડી. એન. ઠાકર, સર્કલ ઈન્સપેકટરને અત્રેની કચેરીના હુકમ નંબર- મકમ/૬/૫/૨૧૧ તા.૧૫/૧૧/૯૯થી ફરજની બેદરકારી બદલ તાકીદ આપવામાં આવેલ છે (૫) શ્રી ડી. વી. લુવા, ગ્રામસેવક (સી.ડી.પી)ને જીલ્લા ખેતીવાડી અધિકારી, જુનાગઢના હુકમ

નંબર- જીપં/ખેતી/એસ્ટા/૧/ડી.પી.એલ/૪૫૨/૫૩/03, તા.૨૭/૫/03થી ફરજની બેદરકારી બદલ તાકીદ આપવામાં આવેલ છે (૬) શ્રી ડી. ડી. વિજુડા, સ.ઈ.ને તાલુકા વિકાસ અધિકારી વિસાવદરના હુકમ નંબર- તાપં/વિસા/મકમ/વશી/૧૨૩૩, તા.૨૮/3/0૮થી ફરજની બેદરકારી બદલ ભવિષ્યની અસર વગર એક વાર્ષિક ઈજાફો રોકવામાં આવેલ છે. (૭) શ્રી એન. આર. જોષી સર્કલ ઈન્સપેકટરને તાલુકા વિકાસ અધિકારી, માણાવદરના પત્ર નંબર- તાપં/મકમ/૧૩૨૩/૯૮ તા.૩૧/૧૨/૯૮ને તેમની ફરજ દરમિયાન થયેલ ઉચાપત રૂ.૧૧૫૬/- પી.એલ.એ.ટી.ડી.ઓમાં ભરવાની સજા કરવામાં આવેલ છે. આમ જવાબદાર તમામ કર્મચારી સામે પગલા લેવામાં આવેલ છે જે વિદિત થાય.

જિલ્લા વિકાસ અધિકારી

જુનાગઢ

<u>નકલ સવિનય રવાના :-</u>

હિસાબી અધિકારી સાહેબ, હિસાબી શાખા, જિ. પં. જુનાગઢ

<u>પત્રક-3</u>

નં. જીપ/ખતવ/મકમ/વશી/૮૯૬-૯૮/૨૦૧૪

જિલ્લા પંચાયત, ખેતીવાડી શાખા, વલસાડ.

તા.૨૮/૦૩/૨૦૧૪

વાંચનમાં લીધુ :

૧) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત વલસાડ હુકમ નં. જી.પ./ખતવ/મકમ/વશી-૪૩૨-૪૩૪/૧૨, તા.૩૦-૦૫-૨૦૧૨

૨) શ્રી કિશોરસિંહ બળવંતસિંહ પટેલનો મરણનો દાખલો, તા.૨૫-૬-૨૦૧૩

૩) પાણીગેટ પોલિસ સ્ટેશન, વડોદરા શહેર, વડોદરાનો તા.૧૮-૨-૨૦૧૪નો હુકમ

હુકમ :

આમુખ-૧માં જણાવેલ હુકમથી શ્રી કિશોરસિંહ બળવંતસિંહ પટેલ. ગ્રામસેવક ટુકવાડા તાલીમ અને મુલાકાત યોજના પેટા વિભાગ ધરમપુરની ફરજ દરમ્યાન ૧ લાખ લૂંટ ચલાવવાના કાવતરામાં સંડોવાયેલા હોવાથી પાણીગેટ (વડોદરા) પોલિસ સ્ટેશનમાં આઇ.ગુ.ર.નં.૩૯૬/૯૬ તા.૨૫-૧૨-૯૬થી ઇ.પી.કો કલમ-૩૯૯ મુજબનો ગુન્હો નોંધાયેલ હોવાથી ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૩-૨૪ હેઠળ તેઓની નિવૃતી બાદ ખાતાકીય તપાસ ચાલુ રાખી તા.૩૧-૫-૨૦૧૨ના રોજ કચેરી સમય બાદથી સરકારી નોકરીમાંથી વયનિવૃત કરવામાં આવેલ હતાં

આમુખ-૨ માં જણાવેલ પ્રમાણપત્ર મુજબ કિશોરસિંહ બળવંતસિંહ પટેલનું તા.૨૨-૬-૨૦૧૩ના રોજ મરણ થયેલ છે (મરણના પ્રમાણાપત્રની નકલ સામેલ છે.)

આમુખ-૩માં જણાવેલ પોલિસ સ્ટેશન, વડોદરા શહેર, વડોદરાના તા.૧૮-૨-૨૦૧૪ના હુકમથી આરોપી નંબર-૧૩નો મરણનો દાખલો ધ્યાને લઇ જે મુજબ આરોપી નંબર-૧૩ કિશોરસિંહ બળવંતસિંહ પટેલ મૈયત થયેલ હોઇ તેઓ સામેનો આ કેશ એબેટ કરી સાક્ષી આરોપીઓ પુરતો કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગત ધ્યાને લેતા શ્રી કિશોરસિંહ બળવંતસિંહ પટેલ નિવૃત ગ્રામસેવક કરંજવેરી, તા. ધરમપુર સામેનું પ્રકરણ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ અંગેની નોંધ શ્રી કિશોરસિંહ બળવંતસિંહ પટેલની સેવાપોથીમાં કરવાની રહેશે.

જિલ્લા ખેતીવાડી અધિકારી,
જિલ્લા પંચાયત વલસાડ

પ્રતિ

શ્રીમતી ચંપાબેન કિશોરસિંહ પટેલ
તે સ્વ. કિશોરસિંહ બળવંતસિંહ પટેલના વિધવા

**<u>નકલ રવાના:</u>**

**મદદનીશ ખેતી નિયામકશ્રી**

**તાલીમ અને મુલાકાત યોજના, પે.વિ. ધરમપુર તરફ જાણ તથા અમલ સારૂ**

**<u>પત્રક-૪</u>**

**જિલ્લા પંચાયત, કચ્છ - ભુજ**

૧૩મી વિધાનસભાના પંચાયતી રાજ સમિતિના અહેવાલની ભલામણો અન્વયે
કાર્યવાહી થવા અંગે.

.........................................................................................................................

વર્ષ ૧૯૯૭-૯૮ના પી.આર.સી. પારા નં.૨.૧૧

દરખાસ્ત રજુ કરનાર : જિલ્લા વિકાસ અધિકારી, કચ્છ-ભુજ

વિષય :- વર્ષ ૧૯૯૭-૯૮ના પી.આર.સી. પારા નં. ૨.૧૧ મુજબ જિ.પં. કચ્છ-ભુજની સરભર ન થયેલી પેશગીની રકમ રૂા.૧,૮૪,૯૪,૬૮૫/– માંડવાળ કરવા અંગે.

દરખાસ્ત :-

વર્ષ ૧૯૯૭–૯૮ના પી.આર.સી. પારા નાં.૨.૧૧માં જિ.પં. કચ્છ-ભુજની પેશગીની રૂા.૧,૮૪,૯૪,૬૮૫/–ની રકમ સરભર ન થવા અંગે ઓડીટ પારા ઉપસ્થિત થયેલ છે.

જિલ્લા પંચાયત, કચ્છ-ભુજનું પેશગી અંગેનું જે તે સમયે નમુના નં.૪૪માં રજિસ્ટર નિભાવવામાં આવેલ હતું. તેમાં પેશગીની આવક અને જાવકની તમામ નોંધો પુર્ણ કરવામા આવેલ હતી. બાકી પેશગીની વસુલાત કરવા અત્રેથી જે તે શાખા અધ્યક્ષને યાદી આપવાની કાર્યવાહી ચાલુમાં હતી. તે દરમિયાન વર્ષ:૨૦૦૧માં ભુકંપ આવેલ અને તેમાં હિસાબી શાખાનું રેકર્ડ નાશ પામેલ. આ રેકર્ડ નાશ પામવા અંગે કલેકટરશ્રી કચ્છનું તા.૦૨/૦૮/૨૦૦૪ વાળા પ્રમાણપત્રની નકલ સામેલ છે. આ પેશગી ઓ પૈકી મોટા ભાગની સરભર થઈ ગયેલ છે. પરંતુ રજિસ્ટર જુનુ રેકર્ડ ઉપલબ્ધ ન થવાના કારણે પુર્ણ કરી શકાતું ન હોઈ, આ પેશગીની રૂા.૧,૮૪,૯૪,૬૮૫/–ની રકમ માંડવાળ કરવા દરખાસ્ત સાદર રજુ છે.

| | | |
|---|---|---|
| સહી/- | સહી/- | સહી/- |
| હિસાબી અધિકારી | વિકાસ કમિશનર | જિલ્લા વિકાસ અધિકારી |
| જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ | ગાંધીનગર | કચ્છ-ભુજ |

પત્રક-૫

નાં.જિપંક/હસબ/પી.આર.સી./૯૭-૯૮/૨.૧૧/૨૦૧૭/૩૨૧૦

જિલ્લા પંચાયત કચેરી,
હિસાબી શાખા, ભુજ –કચ્છ.
તા.૧૭-૦૭-૨૦૧૭

પ્રતિ,
વિકાસ કમિશનરશ્રી,
વિકાસ કમિશનરશ્રીની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૬, બીજા માળે,
ગુજરાત રાજય, ગાંધીનગર.

વિષય :- ૧૩મી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલની ભલામણો અન્વયે પગલા બાબત.

સંદર્ભ :- આપના પત્ર નાં.વિક/પીઆરસી/ભલામણો/યુ.૪/૨૦૧૭ તા.૨૮/૦૬/૨૦૧૭.

જય ભારત સાથ ઉપરોકત વિષયે, સંદર્ભવાળા પત્રના અનુસંધાને જણાવવાનું કે, વર્ષ ૧૯૯૭–૯૮ના પી.આર.સી. પારા નાં.૨.૧૧ માં રૂા.૧,૮૪,૯૪,૬૮૫/–ની પેશગીની રકમ સરભર ન થવા બાબતે પારો ઉપસ્થિત થયેલ આ પેશગીની સરભર કરવાની કાર્યવાહી દરમ્યાન તા.૨૬/૦૧/૨૦૦૧ના ભુકંપ થી જિલ્લા પંચાયત કરછ–ભુજનું મકાન અંશત ધરાશાહી થઈ જતાં હિસાબી રેકર્ડ નાશ પામેલ આ રેકર્ડ નાશ પામવા અંગેનું કલેકટરશ્રી કચ્છ–ભુજના પ્રમાણપત્ર તા.૨/૮/૨૦૦૪ વાળાની નકલ સાદર રજુ છે. જેના કારણે આ પેશગીની રકમ સરભર કરવાની કાર્યવાહી થઈ શકેલ નથી. આમ આ પેશગી ની સરભર કરવાની રકમ રૂા.૧,૮૪,૯૪,૬૮૫/- અંકે રૂપિયા એક કરોડ ચોર્યાસી લાખ ચોરાણુ હજાર છસો પંચયાસી પુરા માંડવાળ કરવા ભલામણ સહ દરખાસ્ત સામેલ પત્ર થી સાદર રજુ છે. જે યોગ્ય જણાયે નાણાં વિભાગની મંજુરી મળવા અંગે આગળની કાર્યવાહી થવા વિનંતી.

જિલ્લા વિકાસ અધિકારી
કચ્છ- ભુજ

<u>બિડાણ</u> :-
કલેકટરશ્રી કરછ-ભુજનું રેકર્ડ નાશ અંગેનું પ્રમાણપત્ર તા.૦૨/૦૮/૨૦૦૪ વાળાની નકલ.

- બીજા અહેવાલના ફકરા ક્રમાંક: ૨.૧૧ની ભલામણ ફાઈલ ક્રમાંક:પીઆરસી/૧૦૨૦૧૬/૩૭૭૩૩૬થી, નાણા વિભાગની મંજુરી મેળવવા દરખાસ્ત કરેલ છે.

-: પ્રમાણપત્ર :-

પત્રક-૬

# -: પ્રમાણપત્ર :-

ગુજરાત સરકાર ના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: અટક/૩૦૮૨/૨૬૫(૮૭)/ક તા.૬/૧૦/૧૯૮૭થી મળેલ સત્તાની રૂએ કચ્છ જીલ્લા પંચાયત ભુજ કચ્છનું મકાન તા.૨૬/૧/૨૦૦૧ના ભયંકર ભૂકંપમાં અશંત ધરાશાયી થઈ જતાં કચ્છ જીલ્લા પંચાયત ભુજનું હિસાબી રેકર્ડ ૧૯૬૩થી ભુકંપની તા.૨૬/૧/૦૧ સુધીનું સંપુર્ણ રેકર્ડ નુકશાન ગ્રસ્ત તેમજ નાશ પામેલ હોઈ ઓડીટને ચકાસણી કરાવી શકાય તેમ ન હોઈ તા.૧/૪/૯૮થી ૨૬/૦૧/૦૧ સુધીના સમુયના ઓડીટ માંથી જિલ્લા પંચાયતને આથી મુકિત આપવામાં આવે છે. જેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તા.૦૨/૦૮/૨૦૦૪

ભુજ

કલેક્ટર-કચ્છ

ભુજ

**પત્રક-૭**

ના.રેકર્ડ/ઓડીટ દફતર/મુકતી પ્રમાણપત્ર/૨૦૦૪

કલેકટર કચેરી,

રેકર્ડ શાખા, ભુજ તા.૨/૮/૦૪

પ્રતિ

જિલ્લા વિકાસ અધિકારીશ્રી,

કચ્છ જિલ્લા પંચાયત,

કચ્છ-ભુજ

વિષયઃ- તા.૨૬/૧/૨૦૦૧ના રોજ ભુકંપમાં નાશ પામેલ દફતર અંગે ઓકીટ મુક્તિનું પ્રમાણપત્ર આપવા બાબત

સંદર્ભઃ- આપના પત્ર ક્રમાંકઃ-જીપંક/હશબ/આં.ઓ./ઓડીટ મુકતી પ્રમાણપત્ર/૨૦૦૪ તા.૨૮/૦૬/૨૦૦૪

જયભારત સહ ઉપરોકત વિષયે સંદર્ભવાળા પત્ર અન્વયે જણાવવાનું કે, તા.૨૬/૧/૦૧ના આવેલ ભુકંપમાં તા.૧/૪/૯૮થી ૨૬/૧/૦૧ સુધીના સમયના ઓડીટમાંથી રેકર્ડ નાશ પામતા ઓડીટ મુકતી પ્રમાણપત્ર આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે. જે જાણ થવા વિનંતી.

સામેલઃ- ઉકત પ્રમાણપત્ર

સહી/-

કલેકટર કચ્છ વતી

<u>પત્રક-૮</u>

વિક/ઓડીટ/યુ-૪/૧૩મી વિધાનસભા પીઆરસી અહેવાલ/જિ.પં.કચ્છ/૧૧-૨૦૧૯/૧

વિકાસ કમિશ્નરની કચેરી,

બ્લોક નં. ૧૬/૨,

डॉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર
તા.૦૭/૧૧/૨૦૧૯

પ્રતિ,

નાયબ સચિવશ્રી

બ્લોક નં.૮/૩,

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

નવા સચિવાલય સંકુલ, ગાંધીનગર.

વિષય :- ૧૩મી ગુજરાત વિધાનસભાના પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલની ભલામણો અન્વયે પગલા બાબત

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જિલ્લા પંચાયત કચેરી, કચ્છ-ભુજના તા.૧૭/૦૭/૨૦૧૭ના પત્રક્રમાંક:જિપંક/હસબ/પીઆરસી/૯૭-૯૮/૨.૧૧/૨૦૧૭/૩૨૧૦થી વર્ષ ૧૯૯૭-૯૮ના જિ.પં/તા.પં.ના ઓડિટ અહેવાલના પારા નં.૨.૧૧માં રૂ.૧,૮૪,૯૪,૬૮૫/-ની પેશગીની રકમ સરભર ન થવા બાબતે પારો ઉપસ્થિત થયેલ.આ પેશગીની સરભર કરવાની કાર્યવાહી દરમિયાન તા.૨૬/૦૧/૨૦૦૧ના ભુકંપથી જિલ્લા પંચાયત કચ્છ-ભુજનું મકાન અંશત ધરાશયી થઈ જતા હિસાબી રેકર્ડ નાશ પામવા અંગેનું કલેકટરશ્રી કચ્છ-ભુજના પ્રમાણપત્ર તા.૦૨/૦૮/૨૦૦૪ વાળાની નકલ સાદર રજુ છે જેના કારણે આ પેશગીની રકમ સરભર કરવાની કાર્યવાહી થઈ શકેલ નથી.

આમ, આ પેશગીની સરભર કરવાની રકમ રૂ.૧,૮૪,૯૪,૬૮૫/- અંકે રૂપિયા એક કરોડ ચોર્યાસી લાખ ચોરાણું હજાર છસો પંચયાસી પુરા માંડવાળ કરવાની ભલામણ સહ અત્રે દરખાસ્ત કરેલ છે જે બાબતે નાણા વિભાગની મંજુરી મેળવવા અંગે આગળની કાર્યવાહી થવા વિનંતી છે.

નોંધ પર માન. વિકાસ કમિશનરશ્રીની મળેલ મંજુરીને આધિન

મુખ્ય હિસાબી અધિકારી
વિકાસ કમિશનરની કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર

## પરિશિષ્ટ-૨

## નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (જળસંપતિ પ્રભાગ)

**લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૩.૬, અહેવાલ ભલામણ ક્રમાંક : ૫**

૪થી ઓગસ્ટ પછી કોર્ટના જે નિર્ણયો આવે તે મુજબ વિભાગ જરૂરી વસુલાતની કાર્યવાહી કરી સમિતિને જાણ કરવાની શરતે પેરા ડ્રોપ કરવામાં આવેલ હતો.

સમિતિની ઉકત ભલામણ હોવા છતાં અહેવાલ ગૃહમાં રજૂ કરવામાં આવ્યો ત્યાં સુધી વિભાગ દ્વારા આ અંગેની કોઈ માહિતી સમિતિને મોકલી આપી નથી. જે ઘણી ગંભીર બાબત છે. આ સંબંધમાં જે કોઈ જવાબદાર હોય તેની સામે પગલાં લેવા અને વસુલાતના કેસમાં તા.૦૪/૦૮/૨૦૧૦ની મુદત બાદ કોર્ટના જે નિર્ણય આવ્યાં હોય, તેની તેમજ કેટલી વસુલાત કરવામાં આવી અને કેટલી બાકી છે. તેના કારણો સહીતનો અહેવાલ સમિતિને મોકલી આપવા સમિતિ ભલામણ કરે છે.

<u>સરકારે લીધેલ પગલાં</u>

અહેવાલમાં દર્શાવેલા કુલ ૧૯ કામો પૈકી ૧૪ કામો પુર્ણ થઇ ગયેલ છે, જે પૈકી ઓડીટે સુચવ્યા મુજબની રૂ.૨,૨૪,૦૧૨.૫૫ પૈકી ૧૪ કામોમાંથી રૂ.૧,૧૪,૯૭૪.00 વસુલાત કરી લેવામાં આવેલ હતી. બાકી રહેતા ૫ કામો રૂ.૧,૦૯,૦૩૮.00 ની વસુલાત કરવા માટે કા.ઇ.શ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, સુરેન્દ્રનગરની કચેરી દ્વારા નામદાર કોર્ટમાં દાવાઓ દાખલ કરેલા હતા. જેની વિગત નીચે મુજબ છે.

(૧) પ્રાણગઢ આવ ગટરનું કામ, તા.વઢવાણ

એજન્સી: શ્રી શક્તિવિજય ખાણીયા મ.સ.મં.લી. મુ.દુધરેજ

સદરહુ કામમાં રે.દિવાની અપીલ નં.૧૫/૨૦૦૭ થી રૂ.૩૯,૦૩૯/-કામની બાકી કિંમત ઉપરની વસુલાત માટે દાવો દાખલ કરેલ, જેનો કેસ ચાલી જતા નીચલી કોર્ટના જજમેન્ટ વ્યાજબી ઠેરવી પંચાયતનો દાવો મુદત બહારનો હોઇ અપીલ રદ કરવામાં આવેલ. જેની સામે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સી.એ.નં.૩૦/૨૦૧૨ થી અપીલ દાખલ કરવામાં આવેલ હતી. નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.૨૧/૦૬/૨૦૧૨ થી ઓરલ ઓર્ડરથી અપીલ રદ કરેલ, પરંતુ વસુલાત કરવા પાત્ર રકમની વસુલાત કરવામાં આવેલ છે.

(૨) મહિંદડ અનુશ્રવણ તળાવનું કામ, તા.ચોટીલા

એજન્સીઃ શ્રી ઝાલાવાડ મ.સ.મં.લી.

નામદાર સુરેન્દ્રનગરની કોર્ટના સ્પે.દીવાની કેસ નં.૮૩/૨૦03થી દાવો દાખલ કરેલ હતો, જે મુદત બહારનો હોઇ નામદાર કોર્ટના તા.૧૬/૦૮/૨૦૦૭થી દાવો રદ કરેલ છે. પરંતુ વસુલાત રેવન્યુ રાહે કરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

(3) જામવાળી તળાવ, તા.ચોટીલા.

એજન્સીઃ પરમેશ્વર કન્સ્ટ્રકશન મુ.વાંકાનેર

નામદાર સુરેન્દ્રનગરની કોર્ટના સ્પે. દીવાની કેસ નં.૮૧/૨૦03થી દાવો દાખલ કરેલ હતો જેનો ચુકાદો જિલ્લા પંચાયતની તરફેણમાં આવતા એજન્સી પાસેથી વસુલાત માટે તલાટી કમ મંત્રી લુણસર તથા મામલતદારશ્રી વાંકાનેરને જાણ કરવામાં આવેલ હતી. વસુલાત રેવન્યુ રાહે કરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

(૪) પાટડી આવ તળાવનું કામ, તા.પાટડી

એજન્સી સી.પી.પટેલ, મુ.બામણવા.

મહેરબાન પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ, સુરેન્દ્રનગરની કોર્ટમાં મુળ સ્પે. દીવાની દાવા નં.૯૯/૨૦૦૩ રે. દીવાની દાવા નં.૩૮૫/૨૦૦૭થી દાવો દાખલ કરેલ હતો. જે મુદત બહારનો હોઇ નામદાર પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ, સુરેન્દ્રનગરના તા.૧૪/૦૩/૨૦૧૨ના હુકમથી દાવો રદ કરેલ છે. બાકી રકમની વસુલાત થઇ ગયેલ છે.

વધુમાં પંચાયત સિંચાઇ વિભાગ, સુરેન્દ્રનગર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગરને આ વિભાગના તા.૩/૯/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ પીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૪-(૩)-આઇ, બાકી રહેતી વસુલાત કરવા અત્રેથી સૂચના આપવામાં આવેલ છે. (જુઓ પત્રક-૯)

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૩.૧૩, અહેવાલ ભલામણ ક્રમાંક : ૬

માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર મુજબ આવા કામમાં ટેન્ડર બહાર પાડતી વખતે ૭૫% જમીન હાથમાં હોય ત્યારે ટેન્ડર બહાર પાડવા જોઈએ તેમ આ કિસ્સામાં થયું નથી. જયારે વિભાગ કક્ષાએથી જે તે જિલ્લાને ગ્રાન્ટ મોકલવામાં આવે ત્યારે તે ગ્રાન્ટ સમયસર વપરાય અને કામ સમયસર શરૂ થાય અને સમયસર પૂર્ણ થાય તેનું મોનીટરીંગ કરવાની જવાબદારી વિભાગની છે. આથી વિભાગ દ્વારા જે તે જિલ્લાની ગ્રાન્ટને મંજૂરી આપે તે પછી વિભાગ કક્ષાએ એનું સતત મોનીટરીંગ થવું જોઈએ. તેમજ જે તે જિલ્લાના/કાર્યપાલક ઈજનેરશ્રીને કોઈ કામોમાં અનિયમિતતા જણાય ત્યારે તુરત જે તે સંબંધમાં સરકારશ્રીનું ધ્યાન દોરવું જોઈએ. આથી તે મુજબની કાર્યપધ્ધતિ અમલમાં મૂકવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

પંચાયત સિંચાઇ વિભાગ, વડોદરા, હાલ છોટાઉદેપુર હસ્તકના સાત સિંચાઇ તળાવોના હેડ વર્ક્સના કામો પૂર્ણ થઇ ગયેલ હતા જ્યારે જે તે સમયે નહેરોના કામો પુર્ણ થયેલ ન હતા તે પૈકી હાલ

(૧) ભાભોર સિંચાઇ યોજના નહેરો સાથે ૧૦/૮૫માં પૂર્ણ થઇ ગયેલ છે.

(૨) નાલેજ સિંચાઇ યોજના હેડ વર્ક્સનું કામ ૧૯૮૦માં પૂર્ણ થયેલ છે. અને નહેરોના કામ શરૂ કરતી વખતે ૬૦% જેટલી જમીન ઉપલબ્ધ હતી અને હાલ ૧૦૦% જમીન ઉપલબ્ધ છે અને નહેરોના કામો જે તે સમયે થઇ ગયેલ છે.

(૩) જામલી સિંચાઇ હેડ વર્ક્સનું કામ ૧૯૭૯માં પૂર્ણ થયેલ અને નહેરોના કામ શરૂ કરતી વખતે ૭૩% જમીન ઉપલબ્ધ હતી બાકીની જમીન તબક્કાવાર મેળવેલ અને જંગલની જમીનનો કબજો ૨૦૦૩માં મળેલ જેની નહેરની કામગીરી હજી બાકી છે.

(૪) અમલવાંટ સિંચાઇ યોજના હેડ વર્ક્સનું કામ ૧૯૮૦માં પૂર્ણ થયેલ અને નહેરોના કામ શરૂ કરતી વખતે ૪૫% જમીન ઉપલબ્ધ હતી બાકીની જમીન તબક્કાવાર મેળવી નહેરો પૂર્ણ કરવામાં આવેલ.

(૫) ઝેર સિંચાઇ યોજના હેડ વર્ક્સનું કામ ૧૯૭૯માં પૂર્ણ થયેલ અને નહેરનું કામ શરૂ કરતી વખતે ૨૫% જેટલી જમીન ઉપલબ્ધ હતી અને બાકીની જમીન તબક્કાવાર મેળવી નહેરોના કામો પૂર્ણ કરેલ હતા.

(૬) જોગપુરા સિંચાઇ યોજના હેડ વર્ક્સનું કામ ૧૯૮૦માં પૂર્ણ થયેલ અને નહેરના કામો શરૂ કરતી વખતે ૨૫% જેટલી જમીન ઉપલબ્ધ હતી અને બાકીની જમીન તબક્કાવાર મેળવી નહેરોના કામ પૂર્ણ કરેલ હતા.

(૭) ધનીયાવાલા સિંચાઇ યોજના ૧૯૭૯માં પૂર્ણ થયેલ અને નહેરોના કામો શરૂ કરતી વખતે ૯૫% જમીન ઉપલબ્ધ હતી અને બાકીની જમીન મેળવી નહેરોના કામ પુર્ણ કરેલ છે.

હાલમાં છોટાઉદેપુર જિલ્લામાં નાની સિંચાઇ યોજના હાથ ધરવામાં આવેલ નથી. આમ છતાં નાની સિંચાઇ યોજના હાથ ધરતી વખતે યોજનાની ૭૫% જમીન થયા બાદ જ ટેંડર બહાર પાડવામાં આવશે અને વિભાગ કક્ષાએથી ગ્રાન્ટ મોકલવામાં આવે ત્યારે તે સમયસર વપરાય અને કામ સમયસર શરૂ થાય અને પૂર્ણ થાય તેનું મોનીટરીંગ કરવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે, ઉપરોક્ત કુલ-૭ નાની સિંચાઈ યોજનાઓ માટે હાલમાં કોઈ જમીન સંપાદન કરવાની રહેતી નથી.

## પાણી પુરવઠા પ્રભાગ

### ભલામણનો સારાંશ

આ કિસ્સાના જવાબદારોની સામેના કોર્ટ કેસમાં વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી અને કોર્ટનો શું ચુકાદો આવ્યો તેમજ વસુલ કરવાની થતી કુલ રકમ રૂ.૧,૧૫,૯૫૨-૦૦ અને આશાપુરા ટ્રાન્સપોર્ટ, ભાવનગરને ચુકવેલ રૂ.૯,૩૦,૩૯૦-૬૫ની વસુલાત કરવા શું શું કાર્યવાહી કરવામાં આવી અને કેટલી રકમ વસુલ કરી તે અંગેની વિગતો અહેવાલ ગૃહમાં રજૂ થયો ત્યાં સુધી સમિતિને મોકલવામાં આવી નથી જેની સમિતિ ગંભીર નોંધ લે છે. તેમજ આના માટે જે કોઈ જવાબદાર હોય તેની સામે શિક્ષાત્મક પગલાં લેવા અને આ માહિતી તાત્કાલિક મોકલી આપવા સમિતિ ભલામણ કરે છે.

### સરકારે લીધેલા પગલાં

મુદ્દા નં. ૧ના પેરામાં જણાવેલ અનિયમિતતા માટે જે-તે વખતનાં તાલુકા વિકાસ અધિકારીશ્રી જે. ડી. બારોટ (હાલ નિવૃત) તેમજ અ.મ.ઇ.શ્રી એસ. ટી. મોઢા અને સીની. એકા.

કલાર્ક(કેશ) શ્રી એચ. એસ. ગોહિલ (હાલ નિવૃત) તથા આશાપુરા ટ્રાંસપોર્ટ ભાવનગરનાં પ્રોપરાઇટ શ્રી જગતસિંહ જાડેજા ઉપર પાલિતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૦/૯૯ આઇ.પી.સી. કલમ-૪૦૮/૪૬૭ અને ૪૬૮ મુજબનો ફરીયાદ દાખલ કરેલ હતી. જેના અનુસંધાને નામદાર એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, પાલિતાણાનાં તા.૧૬/૦૩/૨૦૨૩ના હુકમ અન્વયે છોડી દેવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દા નં. ૨ અને ૩ના જવાબમાં જણાવવાનું કે, આ બાબતે તપાસ તજવીજના અંતે શ્રી એચ. એસ. ગોહિલ તત્કાલીન સિનિયર એકા. કલાર્કને તથા શ્રી એસ. ટી. મોઢા તત્કાલીન અ.મ.ઇ. તેમજ તત્કાલીન તાલુકા વિકાસ અધિકારીશ્રી જે. ડી. બારોટ હાલ નિવૃત સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી હતી. જે પરત્વે શ્રી એચ. એસ. ગોહિલને બે વાર્ષિક ઇજાફા ભવિષ્યની અસરની સાથે અટકાવેલ છે. તેમજ શ્રી એસ. ટી. મોઢાને ફરજિયાત નિવૃત કરવામાં આવેલ છે અને તાલુકા વિકાસ અધિકારીશ્રી જે. ડી. બારોટને મળવાપાત્ર પેન્શનમાથી માસિક રૂ.૫૦/-નો કાપ ત્રણ વર્ષ માટે મુકવામાં આવેલ છે.

મુદ્દા નં. ૪ના જવાબમાં જણાવવાનું કે, આ બાબતે પોલીસ ફરીયાદ કરવામાં આવતા નામદાર એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, પાલિતાણાના તા.૧૬/૦૩/૨૦૨૩ના હુકમ અન્વયે છોડી દેવાનો હુકમ કરવામાં આવે છે.

## પત્રક-૯

**પી.આર.સી. બાબત**

ક્રમાંક : પીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૪-(૩)-આઇ

ગુજરાત સરકાર
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ,
બ્લોક નં.૯/૩, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
તા.૩/૦૯/૨૦૧૯

પ્રતિ
કાર્યપાલક ઇજનેરશ્રી,
પંચાયત સિંચાઇ વિભાગ સુરેન્દ્રનગર,
જિલ્લા પંચાયત સુરેન્દ્રનગર,
સુરેન્દ્રનગર

વિષયઃ- તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલની ભલામણો પર સરકારે લીધેલા પગલાના પત્રકો મોકલવા બાબત.
પી.આર.સી. ફકરા નં.૩.૬, વર્ષ.૧૯૯૭-૯૮

સંદર્ભઃ- (૧) આપના તા.૯/૦૮/૨૦૧૯ના પત્ર નં.સિંચાઇ/કા.શા./પી.આર.સી./૧૯૯૭-૯૮/૩.૬/પુર્તતા/વશી/૦૮/૨૦૧૯/૧૪૯૭૦
(૨) આપના તા.૨૦/૮/૨૦૧૯ના પી.એ. ટુ સી.ઈ.(પી) ને કરેલ ઇ-મેઇલ

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલની ભલામણો પર સરકારે લીધેલા પગલાના પત્રકો બાબતે આપના સંદર્ભ-(૨) ઇ-મેઇલથી મોકલેલ જવાબમાં જણાવ્યાનુસાર (૧) પ્રાણગઢ આવ ગટરનું કામ, તા.વઢવાણ એજન્સીઃ શ્રી શક્તિવિજય ખાણીયા મ.સ.મં.લી., મુ.દુધરેજ જેનો કેસ ચાલી પંચાયતનો દાવો મુદત બહારનો હોઇ અપીલ રદ કરવામાં આવેલ છે. (૨) મહિંદડ અનુશ્રવણ તળાવનું કામ, તા.ચોટીલા, એજન્સીઃ શ્રી ઝાલાવાડ મ.સ.મં.લી., નામદાર સુરેન્દ્રનગરની કોર્ટે મુદત બહારનો હોઇ દાવો રદ કરેલ છે. (૩) જામવાળી તળાવ, તા.ચોટીલા, એજન્સીઃ પરમેશ્વર કન્સ્ટ્રકશન, મુ.વાંકાનેર, નામદાર સુરેન્દ્રનગરની કોર્ટનો ચુકાદો જિલ્લા પંચાયતની તરફેણમાં આવતા એજન્સી પાસેથી વસુલાત માટે તલાટી કમ મંત્રી લુણસર તથા મામલતદારશ્રી, વાંકાનેરને જાણ કરવામાં આવેલ હતી, પરંતુ વસુલાત થયેલ નથી. વસુલાત કાર્યવાહી ચાલુ છે. વસુલાતની કાર્યવાહી પુર્ણ કરી જાણ કરવામાં આવશે. (૪) પાટડી આવ તળાવનું કામ તા.પાટડી એજન્સીઃ સી.પી.પટેલ, મુ.બામણવા, મહેરબાન પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ, સુરેન્દ્રનગરની કોર્ટે મુદત બહારનો હોઇ તા.૧૪/૦૩/૨૦૧૨ના હુકમથી દાવો રદ કરેલ છે.

ઉકત ચારેય કેસો પૈકી જામવાળી તળાવ, તા.ચોટીલા, એજન્સીઃ પરમેશ્વર કન્સ્ટ્રકશન, મુ. વાંકાનેર, નામદાર સુરેન્દ્રનગરની કોર્ટનો ચુકાદો જિલ્લા પંચાયતની તરફેણમાં આવેલ હોઇ રેવન્યુ

રાહે વસુલાતની કાર્યવાહી ઝડપી બનાવી વસુલાત પુર્ણ કરી પી.આર.સી. સમિતિને તેમજ અત્રે જાણ કરવા વિનંતી છે.

(ડી. પી. બારોટ)
ઉપસચિવ (પંચાયત)
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ

<u>નકલ જરૂરી કાર્યવાહી સારૂ રવાનાઃ-</u>

> જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર

## પરિશિષ્ટ-૩

## શિક્ષણ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૬.૬, અહેવાલ ભલામણ ક્રમાંક : ૯

ભવિષ્યમાં આવો કોઇપણ પ્રકારનો ફોજદારી ગુન્હો બને ત્યારે તુરત જ પોલીસ ફરિયાદ નોંધાવી અને જે તે તાબાના અધિકારીએ તેમની ઉપરની કચેરીને તાત્કાલિક જાણ કરવાની ભલામણ કરવામાં આવે છે.

સરકારે લીધેલા પગલાં

૨૧ ટી.વી. સેટસની ચોરીથી થયેલ નુકશાન બાબતે જિલ્લા પંચાયત, રાજકોટ, તાલુકા પંચાયત કલોલ, જિ.ગાંધીનગર અને તાલુકા પંચાયત લીલીયા, જિ. અમરેલીના કિસ્સામાં તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલમાં કરવામાં આવેલ ઉપરોકત ભલામણના સંદર્ભમાં પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરી દ્વારા જયારે ભવિષ્યમાં આ પ્રકારના કિસ્સા બને ત્યારે તુરત જ પોલીસ કેસ નોંધાવી તેની જાણ ઉપરી અધિકારીને કરવા માટેનો પરિપત્ર તેમના પત્ર ક્રમાંક: પ્રા.શિ.નિ./પી.આર.સી/ચ.૨/૨૦૧૭/૫૫૬-૮૯, તા.૧૯/૦૬/૨૦૧૭થી કરી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને જાણ કરવામાં આવેલ છે. તેમ જ આ બાબતે સંબંધિત તમામ તાલુકા વિકાસ અધિકારીઓને અને તેમના નિયંત્રણ હેઠળ આવેલ તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સૂચના આપવા પણ જણાવવામાં આવેલ છે. (જુઓ પત્રક-૧૦)

પત્રક-૧૦

ક્રમાંકઃપ્રા.શિ.નિ./પીઆર.સી/ચ.૨/૨૦૧૭/૫૫૭-૮૯

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા.૧૯/૦૬/૨૦૧૭.

<u>પ રિ પ ત્રઃ-</u>

આથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને જણાવવામાં આવે છે કે અનુભવે જણાયેલ છે કે રાજયમાં આવેલ કોઇ પણ પ્રાથમિક શાળા/કચેરી માં જયારે ટી.વી.સેટ જેવા શૈક્ષણિક સાધનોની ચોરીના બનાવો બને છે, ત્યારે જે તે શાળા/કચેરીના જવાબદાર કર્મચારી તે પ્રત્યે નિષ્કાળજી સેવે છે અને તાત્કાલિક કરવાની કાર્યવાહી જેવી કે પોલીસ ફરિયાદ નોંધાવવી, ઉપરી અધિકારીશ્રીને તેની જાણ કરવી અને જે તે જવાબદારો સામે પગલાં લેવા જેવી કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના કારણે આવી બાબતો નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ અને ભંડોળની કચેરીઓના ઓડીટમાં ધ્યાનમાં આવતા તેઓ તરફથી કરવામાં આવતા સ્થાનિક ઓડીટમાં આવા પ્રકારના વાંધાઓ ઉપસ્થિત કરવામાં આવે છે.

સને ૧૯૯૭-૯૮ના વર્ષમાં અલગ અલગ જિલ્લાઓમાં ટી.વી. સેટની ચોરીઓના બનાવો થવા પામેલ હતા. જેના ઓડીટ અહેવાલ અંતર્ગત તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલમાં આવા ગુના બને ત્યારે તુરજ પોલીસ ફરિયાદ નોંધાવવા અને જે તે તાબાના અધિકારીએ તેમની ઉપરની કચેરીને તાત્કાલિક જાણ કરવાની રહેશે તેવી ભલામણ કરેલ છે તદનુસાર ભવિષ્યમાં આવી સ્થિતિના નિવારણ સારૂ સમિતિની ભલામણોનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

આ અંગેની જરૂરી સુચનાઓ આપના તાબાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને અચૂક પણે અપાય તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

(ડૉ. એમ. આઇ. જોષી)
નિયામક, પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તમામ.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂઃ –</u>

- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ,(વ.૧), સચિવાલય, ગાંધીનગર

<u>પરિશિષ્ટ-૪</u>

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૭.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૦

સમિતિએ સમયમર્યાદા શું નકકી કરવામાં આવી હતી, તપાસ કયારથી ચાલુ થઇ તેમજ કોણ કોણ અધિકારીઓ રજૂઆત અધિકારી તરીકે અને તપાસ અધિકારી તરીકે હતા. તેમજ રજૂઆત અધિકારીએ બરાબર રજૂઆત નથી કરી તે કયારે ધ્યાનમાં આવ્યુ અને તેના માટે રજૂઆત અધિકારી સામે કયારે તપાસ કરવામાં આવી તેની સઘળી વિગતો માંગતા વિભાગના અગ્ર સચિવશ્રીએ ૭-૮ દિવસમાં આ વિગતો પુરી પાડશે તેમ જણાવેલ હતું.

સમિતિની બેઠકમાં માંગવામાં આવેલ તમામ માહિતી તાત્કાલિક મોકલી આપવા અને જવાબદારો સામે પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

જિલ્લા પંચાયત, નડીયાદમાં સને ૧૯૯૬-૯૭ના પી.આર.સી. પારા ૭.૨, સને ૧૯૯૭-૯૮ના પી.આર.સી. પારા ૭.૧ અને ૧૨.૧ તથા સને ૧૯૯૮-૯૯ના વર્ષના પી.આર.સી. પારા ૭.૧૬માં જે ખરીદીમાં અનિયમિતા જણાયેલ હતી તે માટે પંચાયતી રાજ સમિતિની તા. ૧ અને ૨-૭-૨૦૦૮ના રોજની સને ૧૯૯૬-૯૭થી પંચાયતી રાજ સમિતિમાં થયેલ ચર્ચા અનુસાર સમગ્ર ખરીદી બાબતે તપાસ કરી સમિતિને વિગતો રજુ કરવાની હતી.

આ સમગ્ર બાબતની તપાસ માટે તપાસ અધિકારી તરીકે નિવૃત્ત નાયબ સચિવ, શ્રી જે. જી. વ્હોરાની નિયુકિત કરવામાં આવેલ હતી.

તપાસ અધિકારીએ રજુ કરેલ તપાસ અહેવાલ સાથે સંમત થઇ આ તપાસ અહેવાલ સંદર્ભે જરૂરી કાર્યવાહી કરવા સારુ દરખાસ્ત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને મોકલી આપવામાં આવેલ હતી.

જે અન્વયે ઉંચા ભાવે વિના ટેન્ડરે ખરીદી કરવાની ક્ષતિ બદલ ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન ન થાય તે અર્થે જે તે સમયના ખેડા જિલ્લાના માતૃ અને બાળ વિકાસ અધિકારી (વર્ગ-૧) ડાઁ. બી. આર. સોલંકીને ચેતવણી આપતા હુકમો તા.૧૩/૪/૨૦૦૯થી કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક-૧૧)

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર ના તા.૩/૨/૨૦૧૦ના પત્ર અન્વયે જિલ્લા પંચાયત, ખેડા - નડીયાદના સને ૧૯૯૬-૯૭ના પી.આર.સી. પારા ૭.૨ સને ૧૯૯૭-૯૮ના પી.આર.સી. પારા ૭.૧ અને ૧૨.૧ તથા સને ૧૯૯૮-૯૯ના વર્ષના પી.આર.સી. પારા ૭.૧૬ અન્વયે ઉંચા ભાવે ખરીદી થતાં અધિક ચુકવણા માટે જવાબદારી નકકી કરવા દરખાસ્ત કરવામાં આવેલ જે અન્વયે ડૉ. બી. આર. સોલંકીને ચેતવણી આપતા હુકમો કરવામાં આવેલ છે. અને દવાઓની ખરીદી પ્રક્રિયામાં એક માત્ર જિલ્લા આરોગ્ય અધિકારી સિવાય તજજ્ઞ સમિતિના

અન્ય કોઇ સભ્ય સંકળાયેલ હોવાનું જણાઇ આવતું ન હોઇ અને ઉંચા ભાવે દવા ખરીદવા સંબધિ તજજ્ઞ સમિતિના સભ્યો પૈકી કોઇ પણ સભ્યોની વ્યકિતગત જવાબદારી ઠેરતી ન હોઇ અન્ય કોઇ સામે કાર્યવાહી કરવાની રહેતી નથી તેમ જણાવેલ છે. (જુઓ પત્રક-૧૨)

તત્કાલિન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. એલ. પટેલ, સામેની ખાતાકીય તપાસમાં રજૂઆત અધિકારી દ્વારા યોગ્ય રજૂઆત ન થતાં ડૉ. આર. એલ. પટેલ સામેની ખાતાકીય તપાસમાં ડૉ. પટેલને દોષ મુકત જાહેર કરવામાં આવેલ હતા અને નબળી રજૂઆત કરનાર રજૂઆત અધિકારી સામે સમિતિએ કાર્યવાહી કરવા ભલામણ કરેલ હતી.

રજૂઆત અધિકારી શ્રી કે. કે. પંચાલ (ડી.એન્ડ ઇ), તત્કાલિન સંયુકત નિયામક, વર્ગ-૧, (અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો) સામે રજૂઆત અધિકારી તરીકેની ફરજો યોગ્ય રીતે નહી બજાવવા તથા તપાસ અધિકારી સમક્ષ કેસની યોગ્ય રજૂઆત નહી કરવા બદલ સામાન્ય વહીવટ વિભાગે (તેમના તાબા હેઠળની કચેરીના અધિકારી હોઇ) તા.૧/૬/૨૦૧૧ની યાદીથી આરોપનામુ બજાવી તા.૨૧/૮/૨૦૧૩ના હુકમથી ઠપકાની શિક્ષા કરેલ છે. (જુઓ પત્રક-૧૩ અને ૧૪)

ખાનગી

ક્રમાંક-ખતપ/૧૦૨૦૦૯/૨૩૦૯.૨
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/03/૨૦૦૯

વંચાણે લીધા:- કમિશ્નરશ્રી આરોગ્યનાં પત્ર ક્રમાંક: એસ-૧/ખેડા-નડિયાદ/પીઆરસી પાર/૯૬/૯૯/૦૮, તા.૧૯/૦૭/૨૦૦૮.

યાદી:-

ડૉ. બી. આર. સોલંકી, હાલ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરેન્દ્રનગર જયારે આર.સી.એચ.ઓ, વર્ગ-૧ ખેડા ખાતે ફરજ બજાવતાં હતાં ત્યારે ઓડીટ પારા વર્ષ ૯૬-૯૭ પેરા નં.૧૧.૧ અને ૭.૨, વર્ષ ૯૭-૯૮ના પેરા નં. ૭.૧, ૧૨.૧, વર્ષ ૯૮-૯૯ના પેરા નં. ૭.૧૬ અન્વયે ઉંચા ભાવે ખરીદીના કારણે અધિક ચુકવણું થવા બાબતે જવાબદારી નકકી કરવા અંગે સબંધિત ખરીદી, વિના ટેન્ડરે કરવાની ક્ષતિ આપના તરફથી જે થયેલ હતી તે માટે આપને ચેતવણી આપતાં ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન ન થાય તેનું ધ્યાન રાખવા આથી જણાવવામાં આવે છે.

(જે. એલ. વાળા)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ

ડૉ. બી. આર. સોલંકી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી,
મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી, સુરેન્દ્રનગર.

નકલ સવિનય રવાના

કમિશ્નર, આરોગ્ય સેવાઓ (આરોગ્ય વિભાગ)
૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

આપના ઉપરોકત પત્રના અનુસંધાને જાણ સારૂ વધુમાં ઉપરોકત વિગતે પ્રસ્તુત પ્રકરણનો નિકાલ ગણવામાં આવે છે.

સીલેકટ ફાઈલ.

પત્રક-૧૨

ખાનગી  સમય મર્યાદા

ક્રમાંક:ખતપ/૧૦૨૦૦૯/૨૩૦/લ-૨
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
બ્લોક નં.૭/૮ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૩/૦૨/૨૦૧૦

પ્રતિ
અધિક નિયામકશ્રી, (આરોગ્ય )
બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય : જીલ્લા પંચાયત, ખેડા(નડિયાદ)ના વર્ષ ૧૯૯૬-૯૭ના પારા-૭(૨), વર્ષ ૧૯૯૭-૯૮ના પારા ૭(૧), ૧૨(૧) અને વર્ષ ૧૯૯૮–૯૯ના પારા ૭(૧૬) ઉંચા ભાવો દવારા ખરીદી થતાં અધિક ચૂકવણા અંગે જવાબદારી નકકી થવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તા.૨/૨/૨૦૧૦ના પત્ર ક્રમાંક: એસ૧/પ્રા.ત/પી.આર.સી. પારા/જીપંખેડા/૯૮/ફ/૧૦ના અનુસંધાને જણાવવાનું કે, જીલ્લા પંચાયત, ખેડા (નડિયાદ)ના વર્ષ ૧૯૯૬-૯૭ના પારા-૭(૨), વર્ષ ૧૯૯૭-૯૮ના પારા ૭(૧),૧૨(૧) અને વર્ષ ૧૯૯૮-૯૯ના પારા ૭(૧૬) ઉંચા ભાવો દ્વારા ખરીદી થતાં અધિક ચૂકવણા અંગે જવાબદારી નકકી થવા બાબતમાં આપના તા.૨૪/૯/૦૮ના પત્ર ક્રમાંક :એસ૧/પ્રા.ત/પી.આર.સી.પારા/જીપંખેડા/૯૮/ફ/૧૦ અન્વયે તકેદારી આયોગનો પરામર્શ કરવામાં આવેલ. જેમાં આ વહીવટી બાબત હોઈ તકેદારી આયોગે કોઈ ભલામણ કરેલ નથી અને પ્રકરણ પરત કરેલ છે.

જે મુજબ તથા પ્રાથમિક તપાસ અહેવાલ મુજબ દવાઓની ખરીદીની પ્રક્રિયામાં એક માત્ર મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સિવાય "તજજ્ઞ સમિતિ"ના અન્ય કોઈ સભ્ય સંકળાયેલ હોવાનું જણાઈ આવતું નથી અને તેથી "ઉંચા ભાવે" દવા ખરીદવા સબંધિ તજજ્ઞ સમિતિના સભ્યો પૈકી કોઈ પણ સભ્યોની વ્યકિતગત જવાબદારી ઠરતી નથી તેમ જણાવેલ છે. તત્કાલિન મુ.જી.આ.અધિ.શ્રી આર. એલ. પટેલ સામે ખાતાકિય તપાસ ચાલુ છે. શ્રી બી. આર. સોલંકી તત્કાલિન આર.સી.એચ. ઓફિસરને તા.૧૩/૪/૦૯ના પત્રથી ચેતવણી આપવામાં આવેલ છે.

આમ, ઉપરોક્ત વિગતે હવે અન્ય કોઈ સામે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. જે વિદિત થાય.

બિડાણ:- ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(મહેશ સોની)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

<u>પત્રક-૧૩</u>

શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી રોવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.)ની કચેરી, ગાંધીનગર સામેની ખાતાકિય તપાસ.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
હુકમ ક્રમાંક: અઅક-૧૦૨૦૧૦-૩૯૨૧-સ
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૧-૦૮-૨૦૧૩

<u>વંચાણે લીધાઃ-</u>

૧) સામાન્ય વહીવટ વિભાગની તા.૧-૬-૨૦૧૧ની યાદી ક્રમાંક: અઅક-૧૦૨૦૧૦-૩૯૨૧-સ અન્વયે શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (આ.વિ.)ની કચેરી, ગાંધીનગરને આપવામાં આવેલ આરોપનામુ.

૨) શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા) એ તા.૨૦-૬-૨૦૧૧ના પત્રથી રજૂ કરેલ લેખિત બચાવનામું તેમજ તા.૨-૯-૨૦૧૧ના પત્રથી રજૂ કરેલ લેખિત રજૂઆત.

<u>આમુખ :-</u>

ડો. આર. એલ. પટેલ, તત્કાલિન મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, વર્ગ-૧, જીલ્લા પંચાયત, ખેડા, (હાલ નિવૃત્ત) સામે ખરીદીની અનિયમિતતા અંગેની ખાતાકિય તપાસના કેસમાં સને ૨૦૦૬ના સમયગાળામાં કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી. ગુજરાત આંકડાકીય સેવા સંવર્ગના વર્ગ-૧ના અધિકારી અને તત્કાલિન સંયુકત નિયામકશ્રી અને હાલ અધિક નિયામક (આંકડા) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (આ.વિ.)ની કચેરી, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા શ્રી કે. કે. પંચાલને આ કેસમાં રજૂઆત અધિકારી તરીકે નિયુકત કરવામાં આવેલ હતા. ખાતાકીય તપાસની કાર્યવાહીમાં શ્રી પંચાલે રજૂઆત અધિકારી તરીકે કેસની યોગ્ય રજૂઆત કરેલ ન હોવા બદલ અને સાક્ષીઓને રજૂ નહીં કર્યાની ક્ષતિઓ ધ્યાને લઇ, તેઓની સામે નિયમ-૧૧ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. રજૂઆત અધિકારી તરીકે શ્રી પંચાલે દાખવેલ નિષ્કાળજી સબબ સામાન્ય વહીવટ વિભાગની તા.૧-૬-૨૦૧૧ની યાદી ક્રમાંકઃ અઅક-૧૦૨૦૧૧-૩૯૨૧-સ થી આરોપનામું બજાવીને ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ના નિયમ-૩(૧)ના પેટા ખંડ (૨)ના ભંગ બદલ તેઓની સામે ખાતાકીય તપાસ શરુ કરવામાં આવેલ હતી.

૨.	શ્રી કે. કે. પંચાલને બજાવવામાં આવેલ આરોપનામામાં નીચે મુજબનો આરોપ મુકવામાં આવેલ છે.

આરોપ:-

૧.	ડો. આર. એલ. પટેલ, તત્કાલિન મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, વર્ગ-૧ (હાલ નિવૃત્ત) ખેડા જીલ્લા પંચાયત, નડિયાદ સામેની ખાતાકિય તપાસમાં રજૂઆત અધિકારી તરીકે આરોપમાં દર્શાવેલ ઉપલબ્ધ ગ્રાન્ટ કરતાં વધુ રકમની ખરીદીની નાણાકિય ગેરરીતિ અંગે તેમજ પુરાવા પત્રકમાં રજૂ થયેલ પુરાવાની અસલ પ્રમાણિત નકલો/દસ્તાવેજો રજૂ ન કરવા તથા સરકારી સાક્ષી ડો. ગજ્જરને હાજર નહીં રાખીને તેમજ સમયસર બ્રીફ રજૂ નહીં કરીને નિષ્ઠાના અભાવવાળી કાર્યવાહી કરીને શ્રી કે. કે. પંચાલ, સંયુકત નિયામકશ્રીએ રજૂઆત અધિકારી તરીકેની ફરજમાં નિષ્ઠાનો અભાવ દર્શાવી, ગુજરાત રાજય સેવા (વર્તણૂંક ) નિયમો-૧૯૭૧ના નિયમ-૩ (૧)ના પેટા ખંડ (૨)ના ભંગ કરેલ, જે માટે તેઓને જવાબદાર ગણવામાં આવેલ.

૨.	શ્રી કે. કે. પંચાલને વિભાગની તા.૧-૬-૨૦૧૧ની યાદીથી આરોપનામું બજાવવામાં આવેલ, શ્રી પંચાલ, અધિક નિયામકશ્રીને યાદી મળ્યાની તારીખથી ૧૫ દિવસમાં લેખિત બચાવનામું રજૂ કરવાની તક આપવામાં આવેલ હતી.

૩.	શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા)એ તા.૨૦-૬-૨૦૧૧ના પત્રથી રજૂ કરેલ લેખિત બચાવનામામાં તેમની સામેના આરોપો બેબુનિયાદ અને પાયાવિહોણા હોવાનું જણાવી તેનો અસ્વીકાર કરી ખંડન કરતાં જણાવેલ કે, શિસ્ત અધિકારીએ રજૂઆત અધિકારીને આરોપનામામાં (એટલે કે પુરાવાપત્રકમાં) દર્શાવેલ દસ્તાવેજો અસલમાં અથવા તેની પ્રમાણિત નકલો મોકલવાની રહે છે, જે શિસ્ત અધિકારી દ્વારા તેઓને ઉપલબ્ધ કરાવાયેલ ન હતી તેમજ આરોપનામામાં દર્શાવેલ એકપણ આરોપ સ્વયંસ્પષ્ટ વિગતોવાળો નથી, આરોપોનું વિવરણ સ્પષ્ટ થતુ નથી, પુરાવાપત્રકમાં દર્શાવેલ પુરાવા પણ આરોપવાર દર્શાવેલ નથી. આમ, પુરાવાપત્રકની પ્રમાણિત નકલો શિસ્ત અધિકારી દ્વારા પૂરી પાડવામાં આવેલ ન હોવાનું શ્રી પંચાલે તેમના બચાવનામામાં જણાવેલ.

૪.	શ્રી પંચાલે નિયત સમયમર્યાદામાં બ્રીફ રજૂ નહી કરીને નિષ્ઠાનો અભાવ દર્શાવી, ગુજરાત રાજ્ય સેવા ( વર્તણૂંક ) નિયમો-૧૯૭૧ના નિયમ-૩ (૧)ના પેટા ખંડ (૨)નો ભંગ કરેલ છે. તે પ્રમાણેના આક્ષેપ સંદર્ભે શ્રી પંચાલે તેમના બચાવમાં જણાવ્યા મુજબ તેઓએ તા.૨૭-૧૧-૦૬ના રોજ બ્રીફ રજૂ કરેલ છે. બ્રીફ રજૂ કરવામાં વિલંબ અંગે સ્પષ્ટતાની કોઇ તક આપ્યા સિવાય એકતરફી દોષિત ઠેરવીને આક્ષેપિતની તરફેણમાં કરેલ નિર્ણય ગેરવ્યાજબી છે તેમ શ્રી પંચાલે જણાવેલ છે. આરોપનામાના વિવરણપત્રક સાથે રજૂ થયેલ પુરાવાના પત્રકમાં દર્શાવેલ અસલ

કાગળોમાં સક્ષમ અધિકારીની પ્રમાણિત નકલ માંગેલ હતી જે મેળવવામાં વિલંબ થયેલ તેમ તેમણે તેમના બચાંવાનામામાં જણાવેલ હતું.

૫. શ્રી પંચાલની રજૂઆત અધિકારી તરીકેની પ્રથમ નિમણૂંક થયેલ હોવાથી આ પ્રકારની કામગીરીનો અનુભવ ન હોવાના કારણે, તેઓએ સતત કમિશ્નરશ્રી, (આરોગ્ય) અધિક નિયામકશ્રી (પ.ક.) અને સંયુકત નિયામકશ્રી (MCH)નું માર્ગદર્શન મેળવવાની આવશ્યકતા રહેતી હતી. સરકારશ્રી દ્વારા કુલ-૭ કેસમાં રજૂઆત અધિકારી તરીકે નિયુકત કરવામાં આવેલ હોવાનું શ્રી પંચાલે તેમના ખુલાસામાં જણાવી, તેઓએ નિષ્ઠાના અભાવવાળી કોઇ કાર્યવાહી કરેલ ન હોવાનું તેમજ સોંપાયેલ ફરજમાં તેમણે તેમની ક્ષમતા મુજબની કામગીરી કરેલ હોવાનું ખુલાસામાં જણાવી, તેમની ઉપર લગાડવામાં આવેલ આરોપનો અસ્વિકાર કરી તેઓએ ખંડન કરેલ છે.

૬. સરકારી સાક્ષી તરીકે ડો. જે. ડી. ગજ્જર અને શ્રી આઇ. એસ. નાયકને તા.૧૧-૮-૦૬ના કચેરીના પત્રથી હાજર રહેવા માટે જણાવવામાં આવેલ હતુ. શ્રી પંચાલે ટેલીફોનથી પણ સુનાવણી દરમિયાન હાજર રહેવા જણાવેલ હોવાનું તેમના પત્રમાં દર્શાવેલ છે. જેથી સરકારી સાક્ષીને હાજર નહી રાખવાનો આરોપ બેબુનિયાદ અને પાયાવિહોણો હોવાનુ જણાવી તેનો શ્રી પંચાલ દ્વારા અસ્વીકાર કરવામાં આવેલ છે.

૭. શ્રી પંચાલની તા.૨૦-૬-૧૧ના ખુલાસાપત્રમાં કરવામાં આવેલ વિનંતી અનુસાર તેઓને તા.૨-૯-૨૦૧૧ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી(આ.)ની ચેમ્બરમાં રુબરુ સાંભળવાની તક આપવામાં આવેલ હતી. તત્સમયે શ્રી પંચાલ દ્વારા ખુલાસો રજૂ કરવામાં આવેલ છે.

૮. શ્રી પંચાલની રજૂઆત ધ્યાને લેતાં, તેમના ઉપર રજૂઆત અધિકારી તરીકેના કેસોના પ્રમાણને ધ્યાને લેતાં તથા તેઓ મૂળભૂત રીતે આંકડાકીય સેવા સંવર્ગના અધિકારી હોઇ, ઉપરાંત તેમણે સાક્ષીઓને હાજર રાખવાના કરેલા પ્રયાસોને ધ્યાને લેતાં તથા શિસ્ત અધિકારી પક્ષે આરોપનામું ઘડવામાં આરોપો નબળા ઘડાયેલ હોય તે ધ્યાને લેતાં તેમજ આરોપનામા સાથે પુરાવાઓની પ્રમાણિત નકલો મોકલાયેલ નથી તે બાબતને ધ્યાને લેતાં, શ્રી પંચાલનુ બચાવનામું ગ્રાહય રાખવાપાત્ર હોવાના વિભાગના મંતવ્યનો સ્વીકાર કરી, સચિવશ્રી (ક.ગ.), સા.વ.વિભાગના તપાસ એકમ દ્વારા શ્રી પંચાલ સામેની તા.૧-૬-૧૧ની યાદીથી શરૂ કરાયેલ નિયમ-૧૧ હેઠળની કાર્યવાહીમાં તેમને હળવી શિક્ષા કરવા માટેનો નિર્ણય લેવામાં આવેલ છે અને તે પ્રમાણે શ્રી પંચાલના પક્ષે થયેલ ઢીલ માટે નાની શિક્ષા તરીકે ઠપકાની શિક્ષા કરવા માટે નિર્ણય કરવામાં આવેલ છે.

<u>હુકમ:</u> -

ડો. આર. એલ. પટેલ, તત્કાલિન મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, વર્ગ-૧(હાલ નિવૃત્ત) ખેડા જીલ્લા પંચાયત, નડિયાદ સામેની ખાતાકિય તપાસમાં દર્શાવેલ ઉપલબ્ધ ગ્રાન્ટ કરતાં વધુ રકમની ખરીદીની નાણાકિય ગેરરીતિ અંગેની કાર્યવાહીમાં રજૂઆત અધિકારી તરીકે શ્રી કે. કે. પંચાલ, અધિક નિયામક (આંકડા) (તત્સમયે સંયુકત નિયામકશ્રી) એ રજૂઆત અધિકારી તરીકેની

ફરજમાં નિષ્ઠાનો અભાવ દર્શાવી, ગુજરાત રાજય સેવા (વર્તણૂંક ) નિયમો-૧૯૭૧ના નિયમ-૩ (૧)ના પેટા ખંડ (૨)ના ભંગ કર્યાના આરોપ સબબ તેઓને જવાબદાર ગણવામાં આવેલ. તેમણે દાખવેલ નિષ્કાળજી સબબ સામાન્ય વહીવટ વિભાગની તા.૧-૬-૨૦૧૧ની યાદી ક્રમાંક: અઅક-૧૦૨૦૧૧-૩૯૨૧-સ થી આરોપનામું બજાવીને ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ના નિયમ-૩(૧)ના પેટા ખંડ(૨)ના ભંગ બદલ ખાતાકીય તપાસ શરુ કરવામાં આવેલ. ખાતાકીય તપાસને અંતે શ્રી કે. કે. પંચાલને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ ) નિયમો-૧૯૭૧ના નિયમ-૬માં નિર્દિષ્ટ નાની શિક્ષા “ઠપકો” આપવાનો હુકમ કરવામાં આવે છે. શ્રી પંચાલને કરવામાં આવેલ ઠપકાની શિક્ષાની નોંધ ખાનગી અહેવાલમાં તેમજ તેમની સેવાપોથીમાં કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી. ટી. મંડોરા )
ઉપસચિવ (વહીવટ),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ
શ્રી કે. કે. પંચાલ
અધિક નિયામક (આંકડા),
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (આ.વિ.) ની કચેરી, ગાંધીનગર.
(નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને પાંકડા શાસ્ત્રની કચેરી, સેકટર-૧૮,ગાંધીનગર મારફત)

નકલ સવિનય રવાનાઃ-
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦, ગાંધીનગર. (પત્ર દવારા)
ખાતાકિય તપાસના ખાસ અધિકારીશ્રીની કચેરી, બ્લોક નં.૨/૧ માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
અગ્ર સચિવશ્રી(ત.સે./ત.શિ.) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (આ.વિ.) ની કચેરી, ગાંધીનગર.
જીલ્લા વિકાસ અધિકારીશ્રી, ખેડા જીલ્લા પંચાયત કચેરી, (I.C.D.S. શાખા) નડીઆદ.
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર, જી. ગાંધીનગર,
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડંટ ફંડની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા શાસ્ત્રની કચેરી, સેકટર-૧૮, ગાંધીનગર તરફ.
શ્રી કે. કે. પંચાલની સેવાપોથીમાં નોંધ કરી તેની અત્રે જાણ કરવાની વિનંતી સહ.
સેક્શન અધિકારીશ્રી (લ-૨ શાખા), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખા સીલેકટ ફાઇલ.
શ્રી કે. કે. પંચાલની ખા.અ.ની ફાઇલમાં રાખવા સારૂ. સ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.

પત્રક-૧૪

ડૉ. આર. એલ. પટેલ તત્કાલીન જિલ્લા આરોગ્ય અધિકારી (હાલમાં નિવૃત્ત નાયબ નિયામક) જિલ્લા પંચાયત ખેડા સામેની ખાતાકીય તપાસ આખરી હુકમો કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
હુકમ ક્રમાંક: ખતપ-૧૦૦૧/૧૨૮૫/લ-૨
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮/૦૭/૨૦૧૫

વંચાણે લીધા:-

૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદી ક્રમાંક: ખતપ/૧૦૦૧/ ૧૨૮૫/લ-૨થી આપેલ આરોપનામું, તા.૩૧/૦૮/૨૦૦૧

૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો હુકમ ક્રમાંક:-ખતપ-૧૦૦૧-૧૨૮૫-લ.૨, તા.૧૫૮૪/૨૦૦૬

૩. ખાતાકીય તપાસના ખાસ અધિકારીશ્રીના તા.૨૧/૧૨/૨૦૦૬ નો તપાસ અહેવાલ

પ્રસ્તાવના:-

ડૉ. આર. એલ. પટેલ તત્કાલીન જિલ્લા આરોગ્ય અધિકારી (હાલમાં નિવૃત્ત નાયબ નિયામક) જિલ્લા પંચાયત ખેડા ખાતે તા.૦૧/૧૦/૧૯૯૬થી ૨૮/૦૪/૧૯૯૮ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી વર્ગ-૧ તરીકે ફરજ બજાવતા હતા. તે સમયગાળા દરમિયાન તેઓ દ્વારા કરવામાં આવેલ ખરીદી સબબ આરોપનામું બજાવી તેઓ વિરુધ્ધ ગુજરાત રાજય સેવા (શિ. અને અ.) ૧૯૭૧ના નિયમ ૯-૧૦ હેઠળની ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવેલ હતી.

આરોપો:-

ડૉ. આર. એલ. પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ખેડા જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, આઇસીડીએસ, મેલેરીયા પ્રોગ્રામોમાં ખરીદી કરતી વખતે નીચે મુજબની ક્ષતિઓ થવા પામી છે.

(૧) સરકાર માન્ય પધ્ધતિ અપનાવ્યા વગર ખરીદી કરી છે.

(૨) સ્પર્ધાત્મા લાવો મંગાવ્યા વિના ખરીદી કરેલ છે.

(૩) ઘણાં ભાવોથી મનસ્વી રીતે સીધે સીધી ખરીદી કરી છે.

(૪) જે તે હેતુ માટે ઉપલબ્ધ ગ્રાન્ટ કરતાં વધુ રકમની ખરીદી કરીને સરકારે નકકી કરેલા ધારાધોરણ અને નિયમોનું ઉલ્લંઘન કરીને ગંભીર પ્રકારની નાણાકીય ગેરરીતિ આચરી છે.

આમ કરીને ડો. આર. એલ. પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે તેમની ફરજો બજાવવામાં ગંભીર પ્રકારની નાણાકીય ગેરરીતિ આચરીને, નિષ્ઠાના અભાવવાળી તેમજ પ્રમાણિકતાના

અભાવવાળી કાર્યવાહી કરીને ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ના નિયમ ૩(૧)ના પેટા નિયમ (૨)નો ભંગ કરેલ છે. જે માટે તેઓ જવાબદાર છે.

આમુખ (૧)માં દર્શાવેલ તા૩૧/૮/૨૦૦૧ની યાદીથી ડો. આર. એલ. પટેલને આપવામાં આવેલ આરોપનામા અંગેની ખાતાકીય તપાસ આમુખ (૨) દર્શાવેલ તા.૧૫/૪/૨૦૦૬ના હુકમ થી સુપરત કરવામાં આવેલ. જે અંગેનો અહેવાલ આમુખ(૩)માં દર્શાવેલ તા.૨૧/૧૨/૨૦૦૬થી સરકાર ને રજુ કરેલ છે. તપાસ અહેવાલના તારણો અનુસાર ડો. પટેલ સામે આ વિભાગની તા.૩૧/૮/૨૦૦૧ની યાદીથી મુકવામાં આવેલ આરોપ નં. ૧ થી ૪ના સાબિત રહેલ છે. કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકારે તપાસ અધિકારીશ્રીના તપાસ અહેવાલનો સ્વીકાર કરવા નિર્ણય લીધેલ છે તથા ડો. આર. એલ. પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (હાલમાં નિવૃત્ત નાયબ નિયામક) વર્ગ-૧ સામેની ખાતાકીય તપાસ પરત્વે સરકારશ્રીએ તેઓને "દોષ મુકત" જાહેર કરવાનો નિર્ણય કરેલ છે.

હુકમ:-

ડો. આર. એલ. પટેલ, માજી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ખેડા (હાલમાં નિવૃત્ત નાયબ નિયામક) વર્ગ-૧ સામે આમુખ-૧માં દર્શાવેલ તા.૩૧/૦૮/૨૦૦૧ની યાદીથી મુકવામાં આવેલ આરોપ નં.૧ થી ૪ના સાબિત રહેતા તેઓને આથી દોષ મુકત જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એલ.જી.મહીડા)
ઉપસચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ
ડૉ. આર. એલ. પટેલ,
A-2, રત્નમણી સોસાયટી.
સર્વોદયનગર વિભાગ-૩ સામે
ઘાટલોડીયા- અમદાવાદ-૩૮૦૦૬૧

નકલ રવાના:-

(૧) કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.) બ્લોક નં. ૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) સેકશન અધિકારીશ્રી, ત- શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) ખાતાકીય તપાસના ખાસ અધિકારીશ્રી, બ્લોક નં. ૩, પ્રથમ માળ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને તેઓના તા.૨૧/૧૨/૨૦૦૬ પત્ર ક્રમાંક: તપસ/૧૦૨૦૦૬/૧૬૯/ખા.ત.ખા.અ.

(૪) નાયબ સેકશન અધિકાર

(૫) પસંદગી ફાઇલ

## પરિશિષ્ટ-૫

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૮.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૮

આથી જે તે સમયે આ બાબતમાં નિષ્ક્રિયતા દાખવનાર અધિકારી સામે કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. ઉપરાંત મહેસૂલી રાહે વસુલાતના કિસ્સાઓમાં નિયમોનુસારની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા જરૂરી સૂચના આપવા પણ સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

ડૉ. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય રાજપીપળામાં જુન-૧૯૯૭માં દાખલ થયેલ ૨૪ વિદ્યાર્થીઓ પૈકી ૧૬ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં ન રહેતા હોવા છતાં કુમાર છાત્રાલયના હાજરીપત્રકમાં નામ બતાવી જુન-૧૯૯૬થી માર્ચ-૧૯૯૮ સુધી રૂ.૧૩૫૦/- પ્રમાણે ૧૦ માસના રૂ.૫૬,૦૦૦/- નિભાવ અનુદાન અનિયમિત ચુકવાયેલ છે અને સંસ્થા દ્વારા ખોટી હકીકત રજૂ કરી ગ્રાંટ મેળવેલ છે જેથી જવાબદાર અધિકારીની જવાબદારી નક્કી કરવા ઓડીટે વાંધો લીધેલ છે.

આ બાબતે ડૉ. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય, રાજપીપળાની તા.૧૮/૧૧/૧૯૯૮ના રોજ માન્યતા રદ કરવામાં આવેલ હતી અને સંસ્થાને તા.૧૯/૦૫/૨૦૦૩થી તા.૦૮/૦૭/૨૦૦૮ના સમયગાળામાં ૦૬ નોટીસો આપવામાં આવેલ હતી તેમ છતાં રકમ જમા કરાવેલ ન હોઇ જેથી કલેક્ટરશ્રી રાજપીપળાને રેવન્યુ રાહે વસુલાત કરી રેવન્યુ રીકવરી સર્ટીફિકેટ રજૂ કરવા અત્રેથી તા.૨૬/૦૯/૨૦૦૮થી તા.૧૦/૦૪/૨૦૧૯ના સમયગાળામાં ૧૩ પત્રો પાઠવેલ છે. છેલ્લે તા.૧૦/૦૪/૨૦૧૯ના રોજ પત્રથી તાત્કાલિક રેવન્યુ રાહે રીકવરી કરવા વિનંતી કરેલ છે. તેમજ આ કામગીરી કરતા કર્મચારી શ્રી એન.ટી.રાણા સીનીયર ક્લાર્ક તા.૧૫/૦૯/૨૦૦૫ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધેલ છે. જેથી તેમની સામે કોઇ પગલા લેવામાં આવેલ નથી. વિશેષમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા જે તે સમયનાં સમાજ કલ્યાણ અધિકારી, શ્રી એસ. એ. ચૌધરી રાજપીપળા સામે પગલા ભરવા આદિજાતિ વિકાસ વિભાગને તેમજ શિક્ષક શ્રી આર. આર. પટેલ કેવડીયા કોલોનીની સ્કુલમાં હતા તેમની સામે પગલા લેવા કમિશનરશ્રી મધ્યાહન ભોજન ગાંધીનગરને જણાવેલ છે.

## પરિશિષ્ટ-૬

## આદિજાતિ વિકાસ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૮.૬, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૧

આથી ભવિષ્યમાં આવી જે કોઇ યોજના હોય તેના લાભાર્થીઓને સમયસર રકમ મળી રહે તેની કાળજી લેવામાં આવે. તથા જ્યારે સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવાનું થાય ત્યારે સભ્યશ્રીઓ જે કોઇ પ્રશ્નો પુછે તેનો સંતોષકારક જવાબ આપવામાં આવે અને જે જવાબ આપવામાં આવે તે પછી જે જે પગલાં લેવાનાં હોય એ સમયસર લેવામાં આવે તેવી ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

પંચાયતી રાજ સમિતિની ભલામણ મુજબ આવી જે કોઇ યોજના હોય તેના લાભાર્થીઓને સમયસર રકમ મળી રહે તેની કાળજી લેવામાં આવી રહેલ છે. તેમજ સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવાના કિસ્સામાં સભ્યશ્રીઓ દ્વારા જે કોઇ પ્રશ્ન પૂછવામાં આવે છે તેનો સંતોષકારક જવાબ આપવામાં આવે છે. જવાબ સંદર્ભે જે જે પગલા લેવાના રહેતા હોય તે માટે સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીએપી/૧૨૯૦/૨૩૭૩/ખ, તા.૦૧/૦૬/૨૦૦૭થી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે, તદઉપરાંત કમિશનશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના પરિપત્ર નંબર: આવિ/હસબ/પીઆરસી/૬૪૪૦-૬૬, તા.૨૪/૧૦/૨૦૧૩થી જિલ્લા કચેરીઓને આપવામાં આવેલ હતી. (જુઓ પત્રક-૧૫ અને ૧૬)

પત્રક-૧૫

જિલ્લા અને તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલ અન્વયે જવાબદાર અધિકારી/કર્મચારી સામે તાત્કાલિક પગલાં લેવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : ટીએપી-૧૨૯૦-૨૩૭૩-ખ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૬/૨૦૦૭

પરિપત્ર :-

નવમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના પહેલા અહેવાલની ભલામણ ઉપર આ વિભાગે લીધેલ પગલા અંગેની પંચાયતી રાજ સમિતિની બેઠકમાં ચર્ચા દરમ્યાન ધ્યાન ઉપર આવેલ છે કે, પંચાયતી રાજ સમિતિ તરફથી સંબંધિત કર્મચારી/અધિકારી તરફથી ભલામણ કરવામાં આવે છે. પરંતુ આ વિભાગ તરફથી વર્ષો સુધી જવાબદાર કર્મચારી/અધિકારી તરફથી કોઇ પગલા લેવામાં આવતા નથી. જિલ્લા/તાલુકા પંચાયતોના વર્ષ ૧૯૮૪-૮૫ના ઓડિટ અહેવાલ જિલ્લા પંચાયત ભરૂચ વ્યંધિકરણ ઓપરેશન કરાવેલ લાભાર્થીઓને ધાબળા આપવાની યોજના હેઠળ કરાયેલ ધાબળાની ખરીદીમાં એક જ સહકારી સંસ્થાના ભાવ પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, ભરૂચ તરફથી મેળવી ખરીદી કરાયેલ છે. ઉકત ધાબળાની ખરીદીમાં અન્ય સહકારી સંસ્થાઓના સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા સિવાય જે ખરીદી કરવામાં આવી છે તે અંગે નિયમ પ્રમાણે માર્ગદર્શન ન આપનાર જવાબદાર કર્મચારી/અધિકારી સામે નિયનુસાર પગલા લેવાની સૂચના આપેલ હતી. આથી આ વિભાગ તરફથી જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને જણાવવામાં આવતાં, તે વિભાગ તરફથી જણાવવામાં આવેલ છે કે આ અંગેના જવાબદાર બે (૨) કર્મચારી/અધિકારી ૧૯૯૨ના વર્ષમાં તેમજ એક અધિકારી ૧૯૯૪માં વય નિવૃત્ત થયેલ છે. આથી તેઓ સામે નિયમોનુસાર કોઈ પગલાં લઈ શકાય તેમ નથી.

પંચાયતી રાજ સમિતિએ આ બાબતને ઘણી જ ગંભીર ગણેલ છે. આવી બાબત ભવિષ્યમાં ન બને તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપવા જણાવેલ છે.

ઉપરોકત વિગત ધ્યાને લઈ નીચે મુજબની સૂચનાઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧) જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડીટ અહેવાલમાં જવાબદાર અધિકારી/કર્મચારી સામે પગલાં લેવા જણાવેલ હોઈ તેવા જવાબદાર કર્મચારી/અધિકારી સામે તાત્કાલિક પગલા લેવા.

(૨) કોઈપણ સહકારી સંસ્થા તરફથી કોઈપણ જાતની ખરીદી સરકારશ્રીની પ્રવર્તમાન સુચનાને અવગણીને, ઉલ્લંઘન કરીને કરવામાં આવશે તો આ અંગેની જવાબદારી સંબંધિત જે તે ઉપલા અધિકારીની રહેશે.

(૩) હાલમાં જે જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડીટ પારા પડતર છે તેમજ નવા ઉભા થનારામાં કયા અધિકારી/કર્મચારી જવાબદાર છે તે નકકી કરી તેમની સામે તાત્કાલિક પગલાં ભરવાના રહેશે.

ઉપરોકત સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રી (આ.વિ.)
- સર્વે નાયબ પ્રાયોજના અધિકારીશ્રી (આ.વિ.)
- સર્વે તકેદારી અધિકારીશ્રી (આ.વિ.)
- સર્વે આશ્રમશાળા અધિકારીશ્રી (આ.વિ.)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (આ.વિ.)
- સિલેકટ ફાઇલ.

<u>પત્રક-૧૬</u>

આર. સી. મીના,
આઈ.એ.એસ.

પત્ર ક્રમાંક: આવિ/હસબ/પીઆરસી/૬૪૪૦-૬
કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી
ગુજરાત સરકાર, બિરસા મુંડા ભવન,
સેકટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦
તા.૨૪/૧૦/૨૦૧૩

પરિપત્ર:-

આથી સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને વિનંતી સહ જણાવવામાં આવે છે કે, જીલ્લા અને તાલુકા પંચાયતોના ઓડીટ અહેવાલમાં ઉપસ્થિત થયેલ ઓડીટ ફકરા અન્વયે ઓડીટએ લીધેલ વાંધા અન્વયેની પૂર્તતા આપની કચેરી તરફથી કરવામાં આવે છે. પરંતુ ઓડીટ ફકરામાં ઓડીટએ અધિકારી/કર્મચારીની જવાબદારી બાબતે સૂચન કરેલ હોય તેવા ઘણા કિસ્સામાં આપની કચેરી તરફથી અધિકારી/કર્મચારી સામે જવાબદારીની કોઈ વિગતો મોકલવામાં આવતી નથી અને તેના કારણે જ્યારે પંચાયતી રાજ સમિતિની બેઠક મળે તે દરમ્યાન સમિતિ ધ્વારા જવાબદારી નકકી કરવા બાબતે થયેલ કાર્યવાહીની વિગતો રજૂ કરવા જણાવતાં આવી માહિતોના અભાવે સમિતિ સમક્ષ રજૂ થઈ શકતી નથી. પંચાયતી રાજ સમિતિની બેઠકમાં ચર્ચા દરમ્યાન ધ્યાન પર આવેલ. છે કે, પંચાયતી રાજ સમિતિ તરફથી સબંધિત અધિકારી/કર્મચારી સામે કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવે છે. પરંતુ વર્ષો સુધી જવાબદાર અધિકારી/કર્મચારી સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી અને આ અંગેના જવાબદાર અધિકારી/કર્મચારી નિવૃત્ત થઇ જવાના કારણે તેઓની સામે નિયમોનુસાર કોઇ પગલાં લઈ શકાતા નથી. જેની પંચાયતી રાજ સમિતિએ નારાજગી વ્યકત કરેલ છે અને આ બાબતને ઘણી જ ગંભીર ગણેલ છે અને આવી બાબત ભવિષ્યમાં ન બને તેની કાળજી રાખવા પણ જણાવેલ છે. સદર બાબતે સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક: ટીએપી/૧૨૯૦/૨૩૭૩/ખ, તા.૧/૬/૨૦૦૭થી જરૂરી સૂચનાઓ આપી ચુસ્તપણે અમલ કરવા જણાવેલ છે. તેમ છતાં આવી કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. તેથી આદિજાતિ વિકાસ વિભાગને લગત ઓડીટ ફકરાઓની વર્ષ ૨૦૦૨-૦૩ સુધી મળેલ પંચાયતી રાજ સમિતિની બેઠકમાં જે ઓડીટ ફકરાઓમાં અધિકારી/કર્મચારી સામે જવાબદારી નકકી કરી પગલાં લઇ તેની જાણ પંચાયતી રાજ સમિતિને કરવાની શરતે ડ્રોપ કરવામાં આવેલ છે. તેવા ઓડીટ ફકરા અન્વયે સમિતિની ભલામણ મુજબ જવાબદાર અધિકારી/કર્મચારી સામે તાત્કાલિક પગલાં લઇ આધાર પુરાવા સાથેની વિગતો મોડામાં મોડી દિન-૧૦માં અત્રે રૂબરૂ કર્મચારી મારફત મોકલી આપવા વિનંતી છે.

વર્ષ ૨૦૦૩-૦૪, વર્ષ ૨૦૦૪-૦૫ તથા વર્ષ ૨૦૦૫-૦૬ની પંચાયતી રાજ સમિતિની બેઠક આગામી નજીકના સમયમાં ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે મળનાર છે તેથી આ ત્રણ

વર્ષના ઓડીટ ફકરાઓમાં ઓડીટએ અધિકારી/કર્મચારીની જવાબદારી નક્કી કરવા સૂચન કરેલ હોય તો તેની આપની કક્ષાએથી યોગ્ય ચકાસણી કરાવી જવાબદાર અધિકારી/કર્મચારી સામે શિક્ષાત્મક પગલાં લેવાની કાર્યવાહી તાત્કાલિક કરવા તથા તેની જાણ આધાર પુરાવા સાથે અત્રે કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે. તેમજ હાલમાં જે જીલ્લા/તાલુકા પંચાયતોના ઓડીટ ફકરાના જવાબ મોકલવાના બાકી છે. તેમજ નવા ઉભા થનારા ઓડીટ ફકરાઓમાં અધિકારી/કર્મચારીની જવાબદારી નકકી કરવાની થાય તો તેમની સામે તાત્કાલિક પગલાં ભરવાની કાર્યવાહી કરવા પણ વિનંતી કરવામાં આવે છે.

સ્થળપ્રત પર માન. કમિશ્નરશ્રીની સહી છે.

કમિશનર
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર વતી

પ્રતિ

(૧) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી, તમામ

(૨) પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેકટની કચેરી, તમામ

નકલ રવાના:-

(૧) નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ ખ-શાખા, સચિવાલય. ગાંધીનગર તરફ જાણ સારૂ.

## પરિશિષ્ટ-૭

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧૧.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૨

સમિતિ એમ માને છે કે, આ સમગ્ર પ્રકરણમાં જવાબદારો સામે જે સમયસર કાર્યવાહી થવી જોઇએ તે થયેલ નથી. આથી કસુરવાર કર્મચારી/અધિકારીઓ સામે પગલાં લેવાય તે પહેલાં તેઓ નિવૃત્ત થઇ ગયા અથવા અન્ય ખાતામાં તેઓની બદલી થઇ ગઇ. સમિતિ આ અંગે નારાજગી વ્યકત કરે છે તેમજ આ કિસ્સામાં ઉચ્ચ કક્ષાના જિલ્લા વિકાસ અધિકારી સહિતના જે કોઇ અધિકારી/કર્મચારી જવાબદાર હોય તેની સામે પગલાં લેવા તેમજ આ અંગે સંપૂર્ણ અહેવાલ સમિતિને મોકલી આપવા ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

સને ૧૯૯૭-૯૮ના પંચાયતી રાજ સમિતિના ફકરા ક્રમાંક: ૧૧.૧ અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને કરવાની થતી હતી. જેની વિગતોએ તેઓએ તા.૨૬/૨/૧૫ના રોજ મહિલા અને બાળ વિકાસ વિભાગને મોકલી આપેલ હતી. જે ગુજરાત વિધાનસભા સચિવાલય, પંચાયતી રાજ સમિતિને તા.૧૨/3/૧૫ના રોજ મોકલી આપેલ છે. (જુઓ પત્રક-૧૭)

પત્રક-૧૭

ક્રમાંકઃ પીઆરસી-૧૦૧૫-૮૮-લ-ર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૬/૦૨/૨૦૧૫

પ્રતિ
નાયબ સચિવશ્રી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ પંચાયતી રાજ સમિતિના વર્ષ ૧૯૯૭-૯૮ના ફકરા ક્રમાંક: ૧૧.૧ અને ૧૨.૧

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના આપના તા.૧૯/૧/૨૦૦૫ના પત્ર અન્વયે જણાવવાનું કે, ડૉ. આર. એલ. પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, વર્ગ-૧, ખેડા જિલ્લા પંચાયત નડિયાદ ધ્વારા કરવામાં આવેલ ખરીદીમાં થયેલ ક્ષતિ માટે તેઓને તા.૩૧/૮/૨૦૦૧થી આરોપનામું આપવામાં આવેલ અને જે અંગેની ખાતાકીય તપાસમાં તેઓ સામે મૂકવામાં આવેલ ચારેય આરોપો નાસાબિત રહેતા વિભાગે ગુજરાત તકેદારી આયોગનો પરામર્શ કરતાં તથા તપાસ અહેવાલમાં આપેલા તારણોને ધ્યાને લઇને રજૂઆત અધિકારીશ્રી ધ્વારા યોગ્ય રીતે રજુઆત નહિ કરવાના કારણે ડૉ. આર. એલ. પટેલ સામેના આરોપો ના સાબિત થતા હોઇ રજૂઆત અધિકારી સામે કાર્યવાહી હાથ ધરવાની થતી હોઇ સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ના નિયમ-૧૧ હેઠળની કાર્યવાહી હાથ ધરી તેઓને "ઠપકો"ની શિક્ષા કરેલ છે. તદ્દપરાંત આયોગ ધ્વારા પૃચ્છા કરવામાં આવેલ કે, પ્રસ્તુત પ્રકરણમાં ડો. આર. એલ. પટેલ, સિવાય અન્ય કોઇ અધિકારી/કર્મચારીની જવાબદારી થાય છે કે કેમ ? જે અંગે કમિશ્નરશ્રી આરોગ્ય પાસેથી વિગતો મંગાવતા જાણવા મળેલ છે કે પ્રસ્તુત પ્રકરણમાં નોંધ જિલ્લા પંચાયત ખેડાના તત્કાલિન સીનીયર કલાર્ક વાય. ટી. રાઠોડ ધ્વારા રજૂ કરવામાં આવેલ જેને જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી આર. એલ. પટેલ અને તત્કાલિન જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ મંજુરી આપેલ છે. શ્રી વાય. ટી. રાઠોડનું તા.૨૭-૧૨-૨૦૦૯ના રોજ અવસાન થયેલ હોઇ તેઓ સામે કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી અને જિલ્લા વિકાસ અધિકારીની જવાબદારી થાય છે કે કેમ ? તે અંગે મૂળ રેકોર્ડ જિલ્લા પંચાયત કચેરી ખેડા પાસેથી મેળવીને નકકી, કરવાનું રહે છે. આ અંગે વિભાગે તા.૧૯-૨-૨૦૧૫ના રોજ ગુજરાત તકેદારી આયોગનો પરામર્શ કરેલ છે અને તકેદારી આયોગ તરફથી મળનાર સૂચનો અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે જે વિદિત થાય.

આપનો વિશ્વાસુ,

( એલ. જી. મહીડા)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

અહેવાલ સભાગૃહમાં રજૂ થયા

તા.૧૩/૦૨/૨૦૨૪

સત્યમેવ જયતે

# પંચાયતી રાજ સમિતિ

## ત્રીજો અહેવાલ

## પંદરમી ગુજરાત વિધાનસભા

(તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ત્રીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં ઉપરનો અહેવાલ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન,
સેકટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૩-૨૦૨૪)

**પ્રમુખશ્રી**

શ્રી પંકજભાઇ દેસાઇ

**સભ્યશ્રીઓ**

શ્રી પ્રધુમનસિંહ જાડેજા

ગેનીબેન ઠાકોર

શ્રી કરશનભાઇ સોલંકી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી દેવાભાઇ માલમ

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી ગુલાબસિંહ ચૌહાણ

શ્રીમતી નિમિષાબેન સુથાર

શ્રી ફતેસિંહ ચૌહાણ

શ્રી અક્ષયકુમાર પટેલ

ડાઁ. દર્શના દેશમુખ(વસાવા)

શ્રી ઇશ્વરભાઇ પરમાર

શ્રી મોહનભાઇ ઢોડિયા

શ્રી ભરતભાઇ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ

શ્રી મેરામણ કરંગિયા, નાયબ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર એસ. પ્રજાપતિ, શાખા અધિકારી

શ્રી નિસર્ગ મોડિયા, શાખા અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૨-૨૦૨૩)

### પ્રમુખશ્રી

શ્રી મહેશકુમાર રાવલ

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૦૨૨)

(તા.૧૧-૧૦-૨૦૨૧ થી)

**પ્રમુખશ્રી**

શ્રી મહેશકુમાર રાવલ

**સભ્યશ્રીઓ**

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૦૨૨)

(તા.૧૦/૧૦/૨૦૨૧ સુધી)

### પ્રમુખશ્રી

શ્રી કિરીટસિંહ રાણા

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી ઋષિકેશ પટેલ

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૦-૨૦૨૧)

**પ્રમુખશ્રી**

શ્રી ગોવિંદભાઈ પટેલ

**સભ્યશ્રીઓ**

ગેનીબેન ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી ઋત્વિકભાઈ મકવાણા

શ્રી લલિતભાઈ કગથરા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી કેસરીસિંહ સોલંકી

શ્રી રમેશભાઈ કટારા

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા

શ્રી અરૂણસિંહ રણા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી આનંદભાઈ ચૌધરી

શ્રીમતી ઝંખનાબેન પટેલ

શ્રી ભરતભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

# પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૧૯-૨૦૨૦)

**પ્રમુખશ્રી**

શ્રી રમણભાઈ પટેલ

**સભ્યશ્રીઓ**

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી સુરેશભાઈ પટેલ

શ્રી બાબુભાઈ પટેલ

શ્રી મહમદજાવીદ પીરઝાદા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી હર્ષદકુમાર રીબડીયા

શ્રી દેવાભાઈ માલમ

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી જેઠાભાઈ આહિર (ભરવાડ)

શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ

શ્રી સુખરામભાઈ રાઠવા

શ્રી મોહનભાઈ ઢોડિયા

શ્રી પુનાભાઈ ગામીત

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી હર્ષિલ પટેલ, ઉપસચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૧૪-૨૦૧૫)

**પ્રમુખશ્રી**

શ્રી ચીમનભાઇ શાપરીઆ

**સભ્યશ્રીઓ**

ડૉ. નીમાબેન આચાર્ય

શ્રી કેશાજી ચૌહાણ

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી અશ્વિન કોટવાલ

શ્રી શંભુજી ઠાકોર

શ્રી કાંતિભાઇ અમૃતિયા

* શ્રી જેઠાભાઇ સોલંકી

શ્રી કેશુભાઇ નાકરાણી

શ્રી રાજેંદ્રસિંહ પરમાર

શ્રી નટવરસિંહ ઠાકોર

શ્રી માનસિંહ ચૌહાણ

પ્રો. હિરાભાઇ હ. પટેલ

શ્રી અજયકુમાર ચોક્સી

શ્રી રમણલાલ પાટકર

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એસ. એમ. મેમણ, નાયબ સચિવ

શ્રી હિમાંશુ જાની, સેક્શન અધિકારી

શ્રી ડી. આર. પરમાર, સેક્શન અધિકારી

* તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજ સંસદીય સચિવ તરીકે નિમણૂક થતાં ગુજરાત વિધાનસભાના નિયમ-૧૯૭(૨)ના પરંતુક અન્વયે સમિતિના સભ્ય ગણાતાં બંધ થયા.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧૦ થી ૧૧ |
| ૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૨ થી ૨૦ |
| ૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૧ થી ૨૭ |
| ૪ | માર્ગ અને મકાન વિભાગ | ૨૮ થી ૨૯ |
| ૫ | કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ | ૩૦ |
| ૬ | શિક્ષણ વિભાગ | ૩૧ થી ૩૪ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૫ થી ૩૯ |
| ૮ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૦ થી ૪૩ |
| ૯ | આદિજાતિ વિકાસ વિભાગ | ૪૪ થી ૪૬ |
| ૧૦ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૪૭ |

# <u>અહેવાલ</u>

પ્રાસ્તાવિક

હું, પંચાયતી રાજ સમિતિનો પ્રમુખ, તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલા પગલાં ઉપર સમિતિનો પંદરમી ગુજરાત વિધાનસભાનો ત્રીજો અહેવાલ રજુ કરુ છું.

૨. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ જિલ્લા અને તાલુકા પંચાયતોના સન ૧૯૯૮-૯૯ના વર્ષનો ઓડિટ અહેવાલ તપાસીને તેના ઉપરનો સમિતિનો ત્રીજો અહેવાલ તા.૩૦-૦૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજુ કર્યો હતો. તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ત્રીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર વિભાગો દ્વારા મોકલવામાં આવેલ પગલાંના પત્રકોની (જુઓ પરિશિષ્ટ-૧થી ૯) સમિતિએ નીચે કોષ્ટકમાં દર્શાવેલ તારીખના રોજ સંબંધિત વિભાગની તપાસ કરી હતી.

| ક્રમ | વિભાગનું નામ | સમિતિએ તપાસ કર્યા તારીખ | પરિશિષ્ટ નંબર |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગ | તા.૧૫-૧૦-૨૦૧૯ | પરિશિષ્ટ-૫ |
| ૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | તા.૧૫-૧૦-૨૦૧૯ | પરિશિષ્ટ-૭ |
| ૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | તા.૦૫-૧૧-૨૦૧૯ | પરિશિષ્ટ-૯ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | તા.૧૭-૧૨-૨૦૧૯ | પરિશિષ્ટ-૬ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | તા.૩૧-૧૨-૨૦૧૯<br>તા.૦૨-૦૧-૨૦૨૪ | પરિશિષ્ટ-૨ |
| ૬ | આદિજાતિ વિકાસ વિભાગ | તા.૨૧-૦૧-૨૦૨૦ | પરિશિષ્ટ-૮ |
| ૭ | માર્ગ અને મકાન વિભાગ | તા.૨૯-૦૬-૨૦૨૧ | પરિશિષ્ટ-૪ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | તા.૧૬-૧૧-૨૦૨૧ | પરિશિષ્ટ-૧ |
| ૯ | કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ | તા.૨૯-૧૧-૨૦૨૧ | પરિશિષ્ટ-૩ |

૩. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં પરનો અહેવાલ સમિતિએ તેની તા.૦૮-૦૨-૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં ચર્ચા કરીને મંજૂર કર્યો હતો.

૪. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ તેના ત્રીજા અહેવાલમાં કુલ-૯ વિભાગોને અલગ-અલગ ભલામણો કરી હતી. સમિતિની ભલામણો ઉપર સરકારના સંબધિત વિભાગોએ લીધેલા પગલાંથી સમિતિને મહદઅંશે સંતોષ થયો છે. તેથી ઉક્ત અહેવાલની ભલામણો સંબધમાં વિભાગોએ આપેલ

ખુલાસાઓ/પગલાંઓ પર સમિતિએ કોઈ ટીકા કરવાની રહેતી નથી. પરંતું સમિતિએ પગલાંના પત્રકોની તપાસ વખતે ભલામણો ઉપર વિભાગને જો કોઇ કાર્યવાહી કરવા અથવા તે સંબંધમાં વધું પગલાં ભરવા જણાવેલ હોય અથવા વધારાની માહિતી માંગેલ હોય તો તે સંબંધમાં સંબંધિત વિભાગોએ જે તે ભલામણો ઉપર જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૫. સમિતિએ તા.૩૦/૦૩/૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ કરેલ તેના ત્રીજા અહેવાલમાં પાણી પૂરવઠા પ્રભાગને જવાબદાર એજન્સીઓ પાસેથી તાત્કાલિક નાણા વસુલ કરવા, જવાબદારો સામે શિક્ષાત્મક પગલા લેવા તેમજ આ સંબંધમાં કરેલ કાર્યવાહીની માહિતી તાત્કાલિક સમિતિને મોકલી આપવા ભલામણ કરી હતી. પરંતુ વિભાગ દ્વારા હજી સુધી કરેલ ભલામણ સંબંધમાં કોઈ કાર્યવાહી કરેલ નથી જેને સમિતિએ ખૂબ જ ગંભીર ગણેલ છે. ઉકત ભલામણ અંગે જરૂરી કાર્યવાહી સત્વરે પૂર્ણ કરી, કરેલ કાર્યવાહીની જાણ સમિતિને કરવા સમિતિ વિભાગને જણાવે છે.

૬. ૧૩મી ગુજરાત વિધાનસભાના ત્રીજા અહેવાલમાં સમિતિએ પાણી પૂરવઠા પ્રભાગને કરેલ ભલામણ સંબંધમાં સરકારે લીધેલ પગલાંનું સાહિત્ય સમિતિને મોકલવામાં વિભાગે ખૂબ જ ઢીલ કરી હોવાથી સમિતિ આ અંગે સખત નારાજગી વ્યક્ત કરે છે ભવિષ્યમાં સમિતિને નિયત સમય મર્યાદામાં સાહિત્ય મળી જાય તે માટે કાળજી રાખવા સમિતિ પાણી પુરવઠા પ્રભાગને જણાવે છે.

૭. નાણા વિભાગના અધિકારીઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ, સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષક અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ કિંમતી સહાય માટે સમિતિ તેમનો આભાર માને છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર,
તા.૧૩-૦૨-૨૦૨૪

પંકજભાઈ દેસાઇ
પ્રમુખ,
પંચાયતી રાજ સમિતિ

## પરિશિષ્ટ-૧

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧.૬, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧

આથી સમિતિએ પગારમાંથી સીધી વસૂલાત કરી શકાય તો જેમ બને તેમ સત્વરે એની વસૂલાત કરીને સમિતિને એની માહિતી મોકલી આપવાની શરતે ફકરો ડ્રોપ કર્યો હતો. છતાં અહેવાલ ગૃહમાં રજૂ થાય ત્યાં સુધી આ માહિતી સમિતિને મોકલવામાં આવી નથી આથી, ઓડિટે જણાવ્યાં મુજબ કેટલી વસુલાત કરવામાં આવી અને કેટલી વસુલાત હજુ બાકી રહેલી છે તેનો વિગતવાર અહેવાલ સમિતિને મોકલી આપવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

જિલ્લા પંચાયતો પાસેથી મળેલ માહિતી મુજબ ઓડિટ તરફથી સૂચિત વસૂલાત, થયેલ વસૂલાત અને બાકી રહેલ વસૂલાતની રકમ નીચે મુજબ છે.

જિલ્લા પંચાયતો પાસેથી મળેલ માહિતી મુજબ કુલ વસૂલાતની રકમ રૂ.૫૧,૩૪૮-૬૪ છે જેની સામે કરેલ વસૂલાત રૂ.૨૨,૨૫૧-૧૯ છે જ્યારે બાકી રહેલ વસૂલાત રૂ.૨૯,૨૪૨-૪૦ છે. (રકમ રૂપિયા લાખમાં છે)

જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા આ બાબતને સમીક્ષા બેઠકમા લઇને ઝુંબેશ રૂપે કાર્યવાહી કરવા સૂચના આપવામા આવેલ છે તથા વખતોવખત માન. અગ્રસચિવશ્રી તથા વિકાસ કમિશનરશ્રી દ્વારા વિડિયો કોન્ફરન્સ તથા સમીક્ષા બેઠકના આ બાબતને ટોચ અગ્રતા આપવા આદેશ આપવામા આવેલ છે. તથા ઓડિટ તરફથી સૂચિત વસૂલાત બાબતે જો કર્મચારી જવાબદાર હોય તો કર્મચારીના પગારમાંથી પણ વસુલાત કરવા સુચના આપેલ છે. (જુઓ પત્રક-૧)

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧.૬, અહેવાલ ભલામણ ક્રમાંક : ૨

૨. સમિતિ સમક્ષ તા.૨૬/૭/૨૦૧૧ના રોજ વિભાગના અગ્રસચિવશ્રીએ એક મહિનામાં પગલાં લઈને જાણ કરવા જણાવ્યું હતું પરંતુ હજુ સુધી વિભાગ તરફથી સમિતિને કોઈ જાણ કરવામાં આવેલ નથી. આ રીતે વિભાગ કક્ષાએ નિષ્કાળજી અને બેદરકારી દાખવવામાં આવી છે અને સમિતિને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

૩. આથી, આ અંગે શિક્ષાત્મક કાર્યવાહી કરવા તથા જે તે સમયે જવાબદાર કર્મચારીઓ સામે નિયમોનુસાર શિક્ષાત્મક પગલાં લેવામાં નિષ્કાળજી દાખવી હોય તે અધિકારી/કર્મચારીની જવાબદારી નકકી કરી તેમની સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવા અને તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

તાલુકા પંચાયત સાણંદનું સરદાર આવાસ દફતરનું વર્ષ ૧૯૯૮-૯૯નું ઓડીટ પાર્ટી દ્વારા તા.૦૭/૦૬/૨૦૦૧થી તા.૩૦/૦૬/૨૦૦૧ તથા તા.૨૭/૦૮/૨૦૦૧થી તા.૦૬/૧૦/૨૦૦૧ દરમિયાન ઓડીટ હાથ ધરવામાં આવેલ, નિયત સમયે ઓડીટ પાર્ટી સમક્ષ રેકર્ડ રજુ કરેલ ન હોઈ આ પ્રકરણે પી.આર.સી. પેરા બનવા પામેલ છે. આ બાબતના રેકર્ડનું ઓડીટ ઓડીટ પાર્ટી પાસે તા.૦૭/૦૬/૨૦૦૧થી તા.૩૦/૦૬/૨૦૦૧ તથા તા.૨૭/૮/૨૦૦૧થી તા.૦૬/૧૦/૨૦૦૧ દરમિયાન કરાવેલ હતું. જેનો રિપોર્ટ તા.૦૧/૧૦/૨૦૧૧ના પત્રથી મળેલ હતો. જેમાં તેઓએ સ્પષ્ટ જણાવેલ હતું કે, રજુ ન થયેલ રેકર્ડ રજુ થયેલ છે અને તેની ચકારાણી કરતા બરાબર માલુમ પડેલ છે. જેથી કોઈ વાંધા ઉપસ્થિત થયેલ નથી. જેથી આ પ્રકરણે કોઈ નાણાકીય ગેરરીતી કે સરકારશ્રીને કોઈ આર્થિક નાણાકીય નુકશાન થયેલ નથી ફક્ત જે તે સમયે ઓડીટ સમક્ષ રેકર્ડ રજુ નહિ કરવા બાબતની વહીવટી ક્ષતિ થયેલ છે. વહીવટી ક્ષતિ માટે જવાબદાર કર્મચારી પૈકી,

(૧) શ્રીમતિ મીનાબેન પટેલને જે તે વખતે કારણદર્શક નોટીસ આપેલ, જેનો ખુલાસો ગ્રાહ્ય ન રાખી તેમની વિરુધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી-ગાંધીનગરને પત્ર લખી જાણ કરેલ હતી. નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિ.પં ગાંધીનગરના પત્ર જા.નં.જિ.પં./ગાંધી/મકમ-૨/વશી/૧૨૦૫/૧૭, તા.૧૬/૦૯/૨૦૧૭ના મળેલ પ્રત્યુતર મુજબ સદર કર્મચારીએ નાણાકીય ગેરરીતી આચરેલ ન હોવાથી દોષિત જણાતા નથી તેમ જણાવેલ છે. (૨) શ્રી જે. જે. પટેલએ માત્ર ચાર્જ સંભાળેલ હતો તેઓ હાલ હયાત ન હોઇ તેઓ પર કોઈ કાર્યવાહી થઇ શકે નહીં. (૩) શ્રી ત્રિવેદી વર્ષ ૨૦૦૪માં નિવૃત થયેલ છે. જેથી હાલમાં તેઓ સામે પણ નિયમોનુસાર કાર્યવાહી થઇ શકે નહી.

આમ, ઉકત વિગતે સમગ્ર ફકરા/પેરાની વિગતો જોતા જે તે સમયે આ ટેબલ ચાર્જમાં હોવાથી નિયત સમયે ઓડીટને રેકર્ડ બતાવી શકાયેલ નથી. જેની તાલુકા કક્ષાએ નોંધ લીધેલ છે. અને ભવિષ્યમાં આ અંગે પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખેલ છે. વધુમાં આ ફકરા/પેરામાં કોઇ નાણાકીય ઉચાપત થયેલ નથી તેમજ ઉક્ત ત્રણેય કર્મચારીશ્રીઓનો ફરજ પરનો સમયગાળો જોતા આ અંગે ખૂબ જ સમય પસાર થઇ ગયેલ હોવાથી તેમ જ વહીવટી દ્રષ્ટિએ પણ હવે કાર્યવાહી કરવી યોગ્ય જણાતી ન હોવાથી આ પુર્તતા સ્વીકારી પી.આર.સી. ફકરો બંધ કરવા નમ્ર વિનંતી છે.

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૨.૧૦, અહેવાલ ભલામણ ક્રમાંક : ૫

આથી ટેન્ડરની શરત મુજબ ૧૦ ટકા પ્રમાણે વિલંબ વળતર વસૂલાત કરવા તેમજ આ અંગે જે કોઈ અધિકારી/કર્મચારી જવાબદાર હોય તેમની જવાબદારી નકકી કરી તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

તાલુકા પંચાયત લીંબડી, જિ.સુરેન્દ્રનગર

સને:૧૯૯૮-૧૯૯૯ના જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલની ચર્ચા અન્વયે પંચાયત રાજ સમિતિ તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા અહેવાલમાં અત્રેના જિલ્લાના લીંબડી તાલુકાના પી.આર.સી. ફકરા નં.૨.૧૦ અન્વયે ટેન્ડરની શરત મુજબ ૧૦ (દસ) % પ્રમાણે વિલંબ વળતર વસુલાત કરવા તેમજ આ અંગે જે કોઇ અધિકારી/કર્મચારી જવાબદાર હોય તેમની જવાબદારી નક્કી કરી તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. આમ, સમિતિએ કરેલ ભલામણ અન્વયે પુર્તતામાં જણાવવાનું કે,

ગુજરાત સરકારશ્રીનાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં પરિપત્ર ક્રમાંક : પરસ/૧૦૮૯/૧૦૪/૯૦/જ, તા.૨૩/3/૧૯૯૧ તથા ક્રમાંક : પરસ/૧૦૮૯/૧૦૪(૯૦)/જ, તા.૨૩/3/૧૯૯૨ના પરિપત્રોમાં જણાવ્યા અનુસાર રૂ.૨,00,000/- (બે લાખ) સુધીનાં વિકાસનાં કામો વગર ટેન્ડરે ગ્રામ પંચાયત કરી શકે તેમ ઠરાવેલ છે. એટલે કે કુલ ૩૭ કામો પૈકી ૨૧ કામો ગ્રામ પંચાયત કચેરી દ્વારા કરેલ છે. બાકીનાં ૧૬ કામો એજન્સી કે સહકારી મંડળી દ્વારા કરવામાં આવેલ છે. જેથી તેઓશ્રી પાસેથી વસુલાત કરવાની કાર્યવાહી ચાલુમાં છે જે પુર્ણ કરી લેવામાં આવશે. જેથી ગ્રામ પંચાયતના કિસ્સામાં ટેન્ડરની શરતો લાગુ કરી શકાય નહીં અને તાલુકા પંચાયતની કારોબારી સમિતિએ કરેલ ઠરાવ અનુસાર વિલંબ વળતરની વસુલાત કરવામાં આવેલ છે. જેથી વસુલાત કરેલ છે. જ્યારે સહકારી મંડળી/એજન્સી દ્વારા કરવામાં આવેલ કામો અંગેની ટેન્ડરની જોગવાઇ મુજબની વસુલાત કરી ખાત્રી કરાવવામાં આવશે તથા જ્યારે જવાબદારી નક્કી કરવાની જે ભલામણ કરેલ છે. તે બાબતે જણાવવાનું કે, જે તે સમયે સદર બાબતે તાલુકા પંચાયતની કારોબારી સમિતિએ કરેલ ઉક્ત ઠરાવ સમયે જે તે સમયેના તાલુકા વિકાસ અધિકારીશ્રીએ પંચાયતોએ કરવાના થતા દંડ અંગે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ તરફ કારોબારી સમિતિનું ધ્યાન દોરવામાં આવેલ હતું તેમ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ તેઓના જવાબમાં જણાવેલ છે. તેમ છતાં કારોબારી સમિતિએ ઉપર મુજબ દંડ વળતર લેવાનું ઠરાવેલ છે. જે મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દંડ વળતર વસુલાત કરવામાં આવેલ છે. તેથી આ બાબતે વર્ષ ૧૯૯૭-૧૯૯૮ અને જે તે સમયનાં ઔધકારીશ્રી/કર્મચારીશ્રી નિવૃત થઇ ગયેલ હોય તેમની સામે જવાબદારી નક્કી કરવાનું કે, શિક્ષાત્મક કાર્યવાહી કરવાનુ યોગ્ય જણાતું નથી. તેવુ અમારૂ મંતવ્ય છે. કારોબારી સમિતિએ કરેલ ઠરાવ અનુસાર દંડ વળતર પણ વસુલ કરેલ છે. જેથી જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

વધુમાં જણાવવાનું કે, તાલુકા પંચાયત દ્વારા આ કામો ટેન્ડર બહાર પાડી કરવામાં આવેલ નથી. પરંતુ ગ્રામ પંચાયત દ્વારા વિકાસનાં કામો કરેલ છે. જેથી સરકારશ્રીનાં કોઇપણ ટેન્ડરના

નિયમો વિરૂધ્ધ કારોબારી સમિતિએ કાર્યવાહી કરેલ નથી. જે ઠરાવ કારોબારી સમિતિએ કરેલ છે. તે મુજબની વસુલાત કરવામાં આવેલ છે.

તાલુકા પંચાયત હળવદ, જિ.મોરબી

ગુજરાત સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક : પરસ/૧૦૮૮/૧૦૪/૯૦/જ, તા.૨૩/0૩/૧૯૯૧ તથા ક્રમાંક : પરચ/૧૦૮૯/૧૦૪/(૧૦)જ, તા.૨૩/૧૦/૧૯૯૨ના પરિપત્રોમા જણાવ્યા અનુસાર રૂ.૨,00,000/- (બે લાખ) સુધીના વિકાસના કામો વગર ટેન્ડરે ગ્રામ પંચાયત કચેરી દ્વારા કામો કરેલ છે. બાકીના ૩ કામો એજન્સી કે સહકારી મંડળી દ્વારા કરવામા આવેલ છે. જેમા અલગ અલગ કારણો જેવા કે ચોમાસાની સિજન, લાઇન મોડી લેવા તેમજ સ્થળ પસંદગી વગેરે કારણોસર કામો મોડા પુર્ણ થયેલ હતા જેથી તાલુકા પંચાયત હળવદની તા.૨૮/૧૨/૧૯૯૮ની કારોબારી સમિતિની બેઠકમા ઠરાવ ન. ૫/૪ થી મુદત વધારો આપવાનુ સર્વાનુમતે ઠરાવેલ હતુ. જે કામવાર વિગતવાર ઉલ્લેખ નીચે મુજબ કરેલ છે.

તેમજ સામેલ પરિશિષ્ટ મુજબ બાકી રહેતા કામો પૈકી નં. ૮, ૯ અને ૧૦ના કામોની એજન્સી મજુર સહકારી મંડળીઓ હોઇ, જે તે કામો સામે એડહોક પેનલ્ટી વસુલ કરવાનું ઠરાવેલ હતુ જે મુજબ તાલુકા પંચાયત મારફત નીચેની વિગતે કામવાર પેનલ્ટીની રકમ રૂ.૩૨૫૩/- વસુલ કરી સરકારશ્રીના ૦૫૧૫ - અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ, સદરે જમા કરાવેલ છે. ઉપરાંત રસરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૦/૫૭૫/જ, તા.૨૬/૦૭/૨૦૧૦ની ઓડિટ અહેવાલની વિશેષ નોંધ અન્વયે જણાવવાનુ કે, શ્રી હળવદ સહકારી મંડળી લી., હળવદ પાસેથી રૂ.૫૬૬/- વસુલાત કરી ચલણથી તા.૦૨/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના ૦૫૧૫ - અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ, સદરે જમા કરાવેલ છે.

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૨.૧૩, અહેવાલ ભલામણ ક્રમાંક : ૬

જિલ્લા પંચાયત, જુનાગઢ

આથી, સમિતિને એવુ લાગે છે કે, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ કે અન્ય સમિતિઓએ સભ્યોના વ્યકિતગત પ્રવાસને બદલે સમિતિએ એકસાથે પ્રવાસ કરવો અને જયારે પણ જિલ્લાના પ્રવાસે જવાનું થાય ત્યારે પ્રથમ તેનો પ્રવાસ કાર્યક્રમ તૈયાર કરી જિલ્લા પંચાયતની જે તે સમિતિની મંજૂરી મેળવવી અને ત્યારબાદ જિલ્લા બહારનો પ્રવાસ કરવાનું ધોરણ રાખવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલા પગલાં

જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી કે સદસ્યશ્રીઓ જિલ્લામાં કે જિલ્લા બહાર વ્યક્તિગત પ્રવાસના કોઇ કાર્યક્રમ રજુ કરતા નથી.

આમ છતાં આ સંજોગોમાં જિલ્લામાં કે જિલ્લા બહાર પ્રવાસ માટે પૂર્વ મંજુરી મેળવવા અંગે આપશ્રીના પત્રની વિગતો ધ્યાને લઇ માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના તા.૧૭/૧૦/૨૦૧૯ના પત્ર નં. જિ.પં./શિક્ષણ/તેરમી વિ.સ.ભલામણ/૨.૧૩/૨૦૧૯થી દરેક સમિતિના અધ્યક્ષશ્રી/ સભ્યશ્રીઓને પ્રવાસ કરતા પહેલા પૂર્વ મંજુરી મેળવવા તેમજ વ્યક્તિગત પ્રવાસને બદલે સમિતિએ એકસાથે પ્રવાસ કરવાનું ધોરણ રાખવા બાબતે સુચના આપવામાં આવેલ છે. (જુઓ પત્રક-૨)

પ્રસ્તુત બાબતે હાલમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી કે સદસ્યશ્રી દ્વારા જિલ્લા બહારના કોઇ પ્રવાસ કરવામાં આવતા નથી કે આવા કોઇ પ્રવાસનું બિલ કચેરીમાં રજુ કરવામાં આવતુ નથી.

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૬.૨૯, અહેવાલ ભલામણ ક્રમાંક : ૭ અને ૮

૭. સમિતિને લાગે છે કે, સમિતિના સભ્યશ્રીએ જે હકીકત જણાવી છે તે જોતાં શ્રી ઠાકોરભાઈએ કયા કારણોસર કેસ પાછો ખેંચ્યો તે બાબતની તપાસ કરી, જે ખરેખર જવારદાર છે. તેમની જવાબદારી નકકી કરી તેમની ઉપર શિક્ષાત્મક પગલાં ભરવા સમિતિ ભલામણ કરે છે.

૮. આ કિસ્સામાં શ્રી ઠાકોરભાઈના પુરોગામી અધિકારીને ખોટી રીતે દંડવામાં આવ્યા છે કે કેમ તેની તપાસ કરી ખરેખર જે જવાબદારો હોય તેની સામે પગલાં લેવા અને સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

આ બાબતે જે તે સમયના તાલુકા વિકાસ અધિકારીશ્રી, મલેકભાઇનો ખુલાસો પૂછવામાં આવેલ હતો જેમનો ખુલાસો જોતા તેમની જવાબદારી નક્કી થતી ન હતી હાલમાં તેઓનું અવસાન થેયલ છે. કોર્ટમાંથી દાવો પાછો ખેંચવાની કામગીરી તાલુકા વિકાસ અધિકારીશ્રી ગણદેવી, શ્રી ઠાકોરભાઇ એન. પટેલે કરેલ હતી. ટેકનીકલ કારણસર કેસ પાછો ખેંચવામાં આવેલ હતો. તાલુકા વિકાસ અધિકારી, ગણદેવીના તા.૧૪/૦૨/૨૦૧૨ના પત્ર અન્વયે ટેકનીકલ કારણનો રેકોર્ડ કચેરીમાં ઉપલબ્ધ નથી અને આ પત્ર અન્વયે તત્કાલિન તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઠાકોરભાઇની જવાબદારી નક્કી કરવાની થાય. હાલના તબક્કે શ્રી ઠાકોરભાઇ પ્રવર્તમાન જોગવાઇઓ ગુજરાત મુલ્કી સેવા પેન્શન નિયમો-૨૦૦૨ના નિયમ-૨૪ અન્વયે અનિયમિતતાની ઘટના નિવૃત્તિના ચાર વર્ષ પહેલાની હોવાથી હાલના તબક્કે તેમની સામે શિસ્ત વિષયક કાર્યવાહી થઇ શકે એમ નથી. આમ જવાબદાર અધિકારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની રહેતી નથી.

પત્રક-૧

તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલની ભલામણો અને ૧૯૯૮-૯૯ ના વર્ષના જિ.પં./તા.પં.ના ઓડીટ અહેવાલના ફકરા ક્રમાંક નં. ૧.૬ ના વિગતવાર ખુલાસા મોકલવા બાબત.

ફકરા ક્રમાંક ૧.૬

ભૂમિહીન ખેત મજુરો, ગ્રામ્ય કારીગરો તથા આર્થિક રીતે નબળા લોકોના ઘરોની કક્ષા ઉંચી લાવવા વિસ્તરણની યોજના બાબત. તાલુકા પંચાયત, સાણંદ, જિ.અમદાવાદ.

ઓડીટના જણાવ્યા અનુસાર ગ્રામ્ય વિસ્તારના જમીન વિહોણા ખેત મજુરો, ગ્રામ્ય કારીગરોને ૧૦૦ ચો.વાર.ના ફાળવેલ પ્લોટ ઉપર બંધાયેલ મકાનોની કક્ષા ઉંચી લાવવા તેમજ ગ્રામીણ ઘરોના વિસ્તરણ માટે સહાય આ વિભાગની યોજના અંતર્ગત પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના તા.૨૧/૦૬/૧૯૯૭ અને તા.૨૧/૦૫/૧૯૯૮ના ઠરાવથી નિયમોની મર્યાદામાં સહાય ચુકવવાનું નિયત કરવામાં આવેલ છે.

તાલુકા પંચાયત, સાણંદ, જિ.અમદાવાદમાં કુલ લાભાર્થીઓ ૧૩૪ હતા અને તેઓને રૂ.૩,૬૧,૦૦૦/-ની સહાય ચૂકવેલ છે. ઉક્ત સહાય ચૂકવ્યાના આધારમાં લાભાર્થીની અરજી, સાધનિક રેકર્ડ વારંવાર લેખિતમાં જણાવવા છતાં ઓડીટમાં રજુ કરેલ નથી. આથી ઓડીટ સમક્ષ રેકર્ડ રજુ ન કરવા બદલ કસૂરદાર સામે શિક્ષાત્મક પગલા લેવા માટે ઓડીટે જણાવ્યું હતું.

સમિતિને મોકલવામાં આવેલા લેખિત ખુલાસામાં વિભાગે જણાવ્યું હતું કે, તાલુકા પંચાયત, સાણંદના અન્વેષણ અહેવાલના ફકરા સંબંધિત તમામ રેકર્ડ તાલુકા પંચાયતની કચેરીમાં રાખવામાં આવે છે. કસુરવાર કર્મચારીને ઓડીટ વખતે રેકર્ડ રજુ નહિ કરવા સબબ નોટીસ આપીને ખુલાસો મેળવી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ હતી.

દફતર શોધીને ઓડીટ સમક્ષ રજુ કરવા માટે તા.૧૧/૦૩/૨૦૧૦ના પત્રથી જણાવેલ છે, તેમજ ઓડીટ થયેથી વાંધાની પૂર્તતા કરવા તેમજ ઓડીટ રજુ નહિ કરનાર કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરીને અહેવાલ રજુ કરવા જણાવવામાં આવેલ છે.

સમિતિ સમક્ષ ઉપસ્થિત થયેલા વિભાગના પ્રતિનિધિઓએ સમિતિને જણાવ્યુ હતુ કે, રેકર્ડ રજુ નહિ કરવા બાબતે જે તે સમયે (1) શ્રીમતિ મીનાબેન પટેલ, (2) શ્રી જે. જે. પટેલ અને (3) શ્રી કનુભાઈ ત્રિવેદી હતા. શ્રીમતિ મીનાબેન પટેલની ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બદલી થઇ છે અને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી શરુ કરવામાં આવી છે. શ્રી જે. જે. પટેલનું અવસાન થવાથી તેમજ શ્રી ત્રિવેદી પેન્શન પર ઉતરી જવાથી તેઓની સામે કાર્યવાહી થઇ શકે તેમ નથી. આ અંગે સમિતિએ અવલોકન કરતા જણાવ્યું કે, સને ૨૦૦૧માં ઓડીટ થયું, અને સને ૨૦૦૪માં શ્રી ત્રિવેદી પેન્શન પર ગયા. સને ૨૦૦૮માં શ્રીમતિ મીનાબેનની ગાંધીનગરમાં બદલી થઇ ગઈ અને આ બાબતે સને ૨૦૧૧માં ઉક્ત ફકરાંની તપાસ હાથ ધરી ત્યાં સુધી વિભાગ દ્વારા કોઈ કર્મચારી સામે પગલા લેવામાં આવ્યા નથી અને હવે સમિતિ સમક્ષ ઉપસ્થિત થઇ વિવિધ શિક્ષાત્મક પગલા લેવાનું જણાવે છે તે બાબત બિલકુલ ઉચિત નથી, શ્રી ત્રિવેદી સન ૨૦૦૪માં

નિવૃત થયાને ચાર વર્ષ થયા ત્યાં સુધી તેમની સામે કોઈ પગલા લીધા નથી, તેમજ શ્રીમતિ મીનાબેનની બદલી સન ૨૦૦૮માં ગાંધીનગર જિલ્લા પંચાયતમાં થઇ ત્યાં સુધી તેમની સામે પણ કોઈ પગલા લીધા નથી. આથી આ બાબતે સમિતિ ગંભીર નોંધ લે છે.સમિતિ સમક્ષ તા.૨૭/૦૭/૨૦૧૧ના રોજ વિભાગના અગ્રસચિવે એક મહિનામાં પગલા લઈને જાણ કરવા જણાવ્યું હતું પરંતુ હજુ સુધી વિભાગ તરફથી સમિતિને કોઈ જાણ કરવામાં આવી નથી. આ રીતે વિભાગ કક્ષાએ નિષ્કાળજી અને બેદરકારી દાખવવામાં આવી છે અને સમિતિને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સને ૧૯૮૮ના ઠરાવમાં સ્પષ્ટ જોગવાઈ છે કે, જે અધિકારી/કર્મચારી ઓડીટ સમયે દફતર/રેકર્ડ રજુ ન કરે તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવી, તેમ છતાં વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આથી આ અંગે શિક્ષાત્મક કાર્યવાહી કરવા તથા જે તે સમયે જવાબદાર કર્મચારીઓ સામે નિયમ અનુસાર શિક્ષાત્મક પગલા લેવામાં નિષ્કાળજી દાખવી હોય તે અધિકારી/કર્મચારીની જવાબદારી નક્કી કરી તેમની સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવા અને તેની સમિતિ ને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સને ૧૯૮૮ના પરિપત્રમાં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર ઓડીટ સમયે રેકર્ડ રજુ નહિ કરવા બાબતે અધિકારી/કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની થાય છે પરંતુ ઘણા વિભાગ દ્વારા આ પરિપત્ર મુજબ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આથી સને ૧૯૮૮ના પરિપત્રનો ચુસ્તપણે અમલ થાય તે માટે વિભાગ દ્વારા જરૂરી સુચનાઓ પ્રસિદ્ધ કરવા સમિતિ ભલામણ કરે છે. વધુમાં સમિતિને લાગે છે કે, એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં કર્મચારીની બદલી થાય તેનાથી તેમનો ગુનો ઓછો થતો નથી, આવી બાબત હોય તો વિભાગના સચિવશ્રી તેમજ વિકાસ કમિશનરશ્રીના ધ્યાન ઉપર મૂકી જે જે કસુરવાર હોય એમની સામે જરૂરી પગલા લેવા સમિતિ ભલામણ કરે છે.

<u>વિગતવાર ખુલાસો</u>

(૧) તાલુકા પંચાયત, સાણંદનું સરદાર આવાસ દફતરનું વર્ષ ૧૯૯૮-૯૯નું ઓડીટ પાર્ટી દ્વારા તા.૦૭/૦૬/૨૦૦૧થી તા.૩૦/૦૬/૨૦૦૧ તથા તા.૨૭/૦૮/૨૦૦૧થી તા.૦૬/૧૦/૨૦૦૧ દરમિયાન ઓડીટ હાથ ધરવામાં આવેલ. નિયત સમયે ઓડીટ પાર્ટી સમક્ષ -રેકર્ડ રજુ કરેલ ન હોઈ આ પ્રકરણે પી.આર.સી.પેરા બનવા પામેલ છે. આ બાબતના રેકર્ડનું ઓડીટ, ઓડીટ પાર્ટી પાસે તા.૦૭/૦૬/૨૦૦૧થી તા.૩૦/૦૬/૨૦૦૧ તથા તા.૨૭/૦૮/૨૦૦૧થી તા.૦૬/૧૦/૨૦૦૧ દરમિયાન કરાવેલ હતું. જેનો રિપોર્ટ તા.૦૧/૧૦/૨૦૧૧ના પત્રથી મળેલ હતો. જેમાં તેઓએ સ્પષ્ટ જણાવેલ હતું કે, રજુ ન થયેલ રેકર્ડ રજુ થયેલ છે અને તેની ચકાસણી કરતા બરાબર માલુમ પડેલ છે. જેથી કોઈ વાંધા ઉપસ્થિત થયેલ નથી. જે ઓડીટ રિપોર્ટની નકલ આ સાથે સામેલ છે. જેથી આ પ્રકરણે કોઈ નાણાકીય ગેરરીતિ કે સરકારશ્રીને કોઈ આર્થિક નાણાકીય નુકશાન થયેલ નથી. ફક્ત

જે તે સમયે ઓડીટ સમક્ષ રેકર્ડ રજુ નહિ કરવા બાબતની વહીવટી ક્ષતિ થયેલ છે. વહીવટી ક્ષતિ માટે જવાબદાર કર્મચારી પૈકી,

(1) શ્રીમતિ મીનાબેન પટેલને જે તે વખતે કારણ દર્શક નોટીસ આપેલ જેનો ખુલાસો ગ્રાહ્ય ન રાખી તેમની વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરને પત્ર લખી જાણ કરેલ હતી. નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ. પં. ગાંધીનગરના પત્ર જા નં. જિ.પં./ગાંધી/મકમ-૨/વશી/૧૨૦૫/૧૭, તા.૧૬/૦૯/૨૦૧૭ના મળેલ પ્રત્યુતર મુજબ સદર કર્મચારીએ નાણાકીય ગેરરીતિ આચરેલ ન હોવાથી દોષિત જણાતા નથી. તેમ જણાવેલ છે. (2) શ્રી જે. જે. પટેલ એ માત્ર ચાર્જ સંભાળેલ હતો. તેઓ હાલ હયાત ન હોઈ તેઓ પર કોઈ કાર્યવાહી થઇ શકે નહી. (3) શ્રી ત્રિવેદી, વર્ષ ૨૦૦૪માં નિવૃત થયેલ છે. જેથી હાલમાં તેઓ સામે પણ નિયમોનુસાર કાર્યવાહી થઇ શકે નહી.

આમ, ઉકત વિગતે સમગ્ર ફકરા/પેરાની વિગતો જોતા જે તે સમયે આ ટેબલ ચાર્જમાં હોવાથી નિયત સમયે ઓડીટને રેકર્ડ બતાવી શકાયેલ નથી. જેની તાલુકા કક્ષાએ નોંધ લીધેલ છે અને ભવિષ્યમાં આ અંગે પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખેલ છે. વધુમાં આ ફકરા/પેરામાં કોઇ નાણાકીય ઉચાપત થયેલ નથી. તેમ જ ઉકત ત્રણેય કર્મચારીશ્રીઓનો ફરજ પરનો સમયગાળો જોતા આ અંગે ખૂબ જ સમય પસાર થઇ ગયેલ હોવાથી તેમ જ વહીવટી દ્રષ્ટિએ પણ હવે કાર્યવાહી કરવી યોગ્ય જણાતી ન હોવાથી આ પુર્તતા સ્વીકારી પી.આર.સી. ફકરો બંધ કરવા નમ્ર વિનંતી છે.

જિલ્લા વિકાસ અધિકારી
અમદાવાદ

બિડાણ:-

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરનો તા.૧૬/૦૯/૨૦૧૭નો જવાબ.

વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પત્રક-૨

નં. જિ.પં. શિક્ષણ/તેરમી વિ.સ. ભલામણ/૨.૧૩/૨૦૧૯

જિલ્લા પંચાયત કાર્યાલય,
જિલ્લા પંચાયત, જુનાગઢ
તા.૧૭/૧૦/૨૦૧૯

પ્રતિ
સભ્ય સચિવશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ,
જિ. પંચાયત, જુનાગઢ

વિષય: તેરમી વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલની ભલામણો અમલ અર્થે ધ્યાને લેવા બાબત

સંદર્ભ : મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરીના પત્ર નં. વિક/ઓડીટ/ પી.આર.સી/યુ-૪/૨૦૧૯, તા.૦૪/૧૦/૨૦૧૯

જયભારત સાથે ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી/સદસ્યશ્રીના પ્રવાસ ભથ્થા ખર્ચ બાબતેના પંચાયતી રાજ સમિતિના ઓડીટ પેરા નંબર-૧૩ (વર્ષઃ૧૯૯૮-૯૯) બાબતે તેરમી વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલથી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ કે અન્ય સમિતિઓએ સભ્યોના વ્યકિતગત પ્રવાસને બદલે સમિતિએ એકસાથે પ્રવાસ કરવો અને જયારે પણ જિલ્લાના પ્રવાસે જવાનું થાય ત્યારે પ્રથમ તેનો પ્રવાસ કાર્યક્રમ તૈયાર કરી જિલ્લા પંચાયતની જે તે સિમતિની મંજૂરી મેળવવી અને ત્યારબાદ સમિતિએ એકસાથે જિલ્લા બહારનો પ્રવાસ કરવાનું ધોરણ રાખવા સમિતિએ ભલામણ કરેલ છે.

આમ, દરેક સમિતિના ચેરમેનશ્રી/સદસ્યશ્રીઓએ જિલ્લામાં કે જિલ્લા બહાર પ્રવાસ કરવાના સંજોગામાં પ્રવાસ કાર્યક્રમ તૈયાર કરી પૂર્વ મંજૂરી મેળવવા તેમજ એકીસાથે પ્રવાસ કરવાનું ધોરણ રાખવા આથી સૂચના આપવામાં આવે છે.

જિલ્લા વિકાસ અધિકારી
જૂનાગઢ

<u>નકલ જાણ તથા અમલ અર્થે રવાના:</u>
સભ્ય સચિવશ્રી અને શાખા અધિકારીશ્રી
.......................શાખા, જિલ્લા પંચાયત, જૂનાગઢ

<u>પરિશિષ્ટ-૨</u>

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (જળ સંપત્તિ પ્રભાગ)

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧.૩.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૯

આથી સમિતિની ભલામણ છે કે, સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીએ સમિતિની બેઠકમાં અચૂક હાજર રહેવું સંજોગોવશાત જિલ્લા વિકાસ અધિકારીશ્રી હાજર રહી શકે તેમ ન હોય તો પંચાયત વિભાગના સચિવશ્રી તેમજ સમિતિના માન.પ્રમુખશ્રીની પૂર્વ મંજૂરી મેળવી લેવી અને તેમની જગ્યાએ કોણ હાજર રહેશે તેની સમિતિ સહિત સંબંધિતોને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

સંબંધિત ઇજારદારશ્રી જી. ટી. ધામેજા, રહે. મોડાસા, જિ.સાબરકાંઠા પાસેથી કેટેગરી 'સી' ટાઇપના રેસીડેન્સીયર બિલ્ડીંગના બાંધકામ માટે બાકી નીકળતી ઓડીટ વસુલાત રૂ.૩૦,૮૩૫/- અંકે રૂપિયા ત્રીસ હજાર આઠસો પાત્રીસ પુરા તાત્કાલિક જમા કરવા કાર્યપાલક ઇજનેર, ડાંગ પંચાયત સિંચાઇ વિભાગ, આહવા દ્વારા રજી.પો.એ.ડી.થી નોટીસ નં. જપડ/સિંચાઇ/ટીસી/વશી/૩૭૯/૦૯, તા.૨૪/૧૧/૨૦૦૯થી જાણ કરેલ હતી. જે અંગેની ટપાલ સંબંધિત ઇજારદારશ્રીને ન મળવાને કારણે સદરહું ટપાલ "અમદાવાદ ચાલ્યા ગયા" ના પોસ્ટ માસ્તરની રીમાર્કસ સાથે વિભાગીય કચેરીને પરત મળેલ છે. જેથી ઇજારદારશ્રી સાથે કોઇ સંપર્ક થયેલ નથી.

સદર ઇજારદાર પાસેથી સબબ બાકી વસુલાત રૂ.૩૦,૮૩૫/- રેવન્યુ રાહે વસુલાત કરવા માટે માન. કલેકટરશ્રી, સાબરકાંઠાને કાર્યપાલક ઇજનેર, ડાંગ પંચાયત સિંચાઇ વિભાગ, આહવા દ્વારા પત્ર નં. જપડ/સિંચાઇ/ટીસી/વશી/૪૨૩/૦૯, તા.૨૯/૧૨/૨૦૦૯ તથા પત્ર નં. જપડ/સિંચાઇ/ટીસી/વશી/૨૫૨/૧૦, તા.૧૮/૧/૨૦૧૦ અન્વયે પત્રવ્યવહાર ચાલે છે. જે અંગે અંતિમ નિર્ણય થઇ આવ્યેથી જાણ કરવામાં આવશે.

સમિતિની ભલામણ અન્વયે કોઇપણ પ્રકારનું કામ ઇજારદારને આપતા પહેલા ઇજારદારના રહેઠાણ અંગેના ખરાઇના દસ્તાવેજો, બેંક એકાઉન્ટ નંબર, સેલ્સટેક્ષ નંબર (જી.એસ.ટી.), પાન નંબર મેળવી લેવાની સૂચનાઓ આ વિભાગના તા.૨૯/૮/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંકઃપીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.-૪-(૩)-આઇ થી પરિપત્રિત કરેલ છે.

સમિતિની ભલામણ મુજબ સમિતિની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ હાજરી આપવા જણાવેલ છે. સંજોગોવસાત જિલ્લા વિકાસ અધિકારીશ્રી હાજર રહી શકે તેમ ન હોય તો પંચાયત વિભાગના સચિવશ્રીની તથા સમિતિના માન.પ્રમુખશ્રીની પૂર્વ મંજુરી મેળવી લેવી અને કોણ હાજર રહેશે તેની સમિતિને જાણ કરવા અંગેની સૂચના આ વિભાગના પત્ર ક્રમાંક:પીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.-૪-(૩)-આઇ, તા.૩/૯/૨૦૧૯થી પરિપત્રિત કરેલ છે. (જુઓ પત્રક-3)

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૩.૨, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૦

સરકાર પાસેથી કોઈ મંજૂરી પણ લેવામાં આવી નથી. તેથી વિભાગ સમગ્ર કિસ્સાની પુનઃતપાસ કરીને જે અધિકારી જવાબદાર હોય તેમનો ખુલાસો મેળવીને તેમની સામે શિક્ષાત્મક પગલાં લઈ સમિતિને જાણ કરવા સમિતિ આથી ભલામણ કરે છે.

<u>સરકારે લીધેલ પગલાં</u>

સમિતિની ભલામણ મુજબ સરકારશ્રી પાસેથી મંજુરી મેળવ્યા સિવાય ખાતાકીય કામ કરાવવા બદલ જે તે સમયના કાર્યપાલક ઇજનેરશ્રી સામે પગલા લેવા અંગેની દરખાસ્ત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલીના પત્ર નં. ઈરી/સ્ટોર/પી.આર.સી./૯૮-૯૯/૩૧/૧૧, તા.૧૧/૦૨/૨૦૧૧થી ખાસ સચિવશ્રી (જ.સં.), નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરને સદરહું પેરા અન્વયે જે તે સમયે ફરજ બજાવતા કાર્યપાલક ઇજનેર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા દરખાસ્ત કરેલ છે <u>(જુઓ પત્રક-૪)</u> અને આ પત્રની નકલ કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, અમરેલીના પત્ર નં. ઇરી/સ્ટોર/પી.આ.સી./૯૮-૯૯/૪૫/૪૬/૧૧, તા.૨૮/૦૨/૧૧થી ઉપસચિવશ્રી (પંચાયત), નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરને વિદિત થવા સારૂ મોકલાવેલ છે તથા ઉકત બન્ને પત્રોની નકલ માન. મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરને પત્ર નં. ઇરી/સ્ટોર/પી.આર.સી./૧૯૯૮-૯૯/૩.૨/વશી/૭/૧૫, તા.૦૭/૦૧/૨૦૧૫થી જાણ અર્થે સાદર છે પરંતુ આ પત્રો તપાસ કરતા વિભાગ તથા ઉપસચિવ (તપાસ) ના કાર્યાલયમાં મળેલ ન હતા.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અભિપ્રાય મુજબ આ કેસ સાથે સંકળાયેલ કુલ-૪ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ હાલ નિવૃત્ત છે અને તેમનો નિવૃત્તિનો સમયગાળો ૪-વર્ષથી વધુ થયેલ હોય શિક્ષાત્મક કાર્યવાહી થઇ શકે તેમ જણાતું નથી.

<u>લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૩.૧૪, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૧</u>

જો માર્ગ અને મકાન વિભાગના તા.૨૮/૫/૧૯૮૧ના પરિપત્ર મુજબ તેમજ ટેન્ડરની શરતો મુજબ ૧૦ ટકા પ્રમાણે વળતરની વસુલાત કરવી જોઈતી હતી ભવિષ્યમાં આવા કિસ્સાઓમાં વિલંબ વળતરની વસુલાત ૧૦ ટકા મુજબ કરવા તેમજ સરકારના ઠરાવ અને માર્ગદર્શક સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવા તથા આ અહેવાલના ફકરા ૨.૧૦માં કરવામાં આવેલ ભલામણ મુજબ કાર્યવાહી કરવા આથી સમિતિ ભલામણ કરે છે.

<u>સરકારે લીધેલ પગલાં</u>

અહેવાલમાં દર્શાવ્યા મુજબ કુલ ૧૫ એજન્સીઓનાં રૂા.૪,૯૩,૪૨૯/- ઓછા વસુલ લેવામાં આવેલ હતા. જે પૈકી ત્રણ એજન્સીઓનાં કુલ રૂા.૧,૪૮,૩૬૪/- વસુલ કરી લેવામાં આવેલ છે. અહેવાલમાં સૂચવ્યા મુજબ હવે પછી કામમાં વિલંબ થાય ત્યારે સરકારશ્રીના નિયમોનુસાર ૧૦% કપાત કરવામાં આવે છે. બાકી વસુલાત માટે રેવન્યુ રાહે વસુલાત કરવા માટે કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા તા.૬/૯/૨૦૧૯ના રોજ લગત મામલતદારશ્રીઓને પત્ર દ્વારા કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

<u>પાણી પુરવઠા પ્રભાગ</u>

<u>લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૩.૧૯, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૨</u>

ગઢડા તાલુકાની રૂા.૬૭,૪૩૧/- કોન્ટ્રાકટરોની વસુલાત બાકી છે. તેમજ જય માતાજી રોડવેઝ પાસેથી ઓછા ફેરાની રકમ રૂા.૧૨૪૦/- વસુલાત કરવાની બાકી છે તે રકમ સત્વરે વસુલાત કરવા સમિતિ ભલામણ કરે છે.

<u>સરકારે લીધેલ પગલાં</u>

ઓડીટ અછત દરમ્યાન કુવા સોર્સના વધુ અંતર દર્શાવી વધુ ચૂકવણાની ગંભીર અનિયમિતતા કરેલ છે જે અંગે ઓડીટ દ્વારા નીચે મુજબના વાંધા લેવામાં આવ્યા હતા.

(૧) ગઢડા તાલુકાના ૧૪ ગામો અને બોટાદ તાલુકાના ૧૨ ગામોમાં કુવા પાણી પ્રાપ્તિ સ્થાન નક્કી કરી, કલેકટરશ્રીએ ભાવનગર દ્વારા કુવા અને ગામ વચ્ચેના અંતર અને દર નક્કી કરેલ હતાં. પરંતુ ગઢડા તાલુકાનુ વધુ અંતર દર્શાવી રૂા.૧,૯૦,૩૪૯/- અને બોટાદ તાલુકાના ૧૨ ગામોમાં રૂા.૪,૫૩,૪૮૦/- નું વધુ ચૂકવણું થયેલ છે. આ બાબતે વહીવટી તપાસ કરી, વસુલાતની કાર્યવાહી કરવી.

(૨) જાહેર બાંધકામ વિભાગના તા.૧૫/૫/૯૦ના ઠરાવ મુજબ ટેંકરથી પૂરા પાડેલ પાણીના ગઢડાના રૂ.૧૩,૨૨,૯૪૩/- ની ૧૦% રકમ રૂ.૧,૩૨,૨૯૪/- અને બોટાદ તાલુકાના રૂ.૯,૭૩,૭૨૫/- ની ૧૦% પ્રમાણે રૂા.૯૭,૩૭૩/- સંબંધિત ગ્રામ પંચાયત પાસેથી વસુલ કરવાની થાય છે.

(3) બોટાદ તાલુકાના તુરખા, નાગલપર, તાજપર, કારીયાણી ગામોમાં ૭૦ ફેરા ઓછા કરેલાનું ધ્યાને આવતાં રૂા.૧૦,૮૭૦/- મુરલીધર રોડવેઝ પાસેથી અને જય માતાજી રોડવેઝ પાસેથી ૨૦ ઓછા ફેરાના રૂ.૧૨૪૦/- વસુલ કરવાના થાય છે.

(૪) જય માતાજી રોડવેઝ પાસેથી આવક વેરાની રૂા.૨૧૩૨૮/- ની વસુલાત કરવી.

(૫) તાલુકા પંચાયત બોટાદે કુવા માલિકને રૂા.૧,૭૪,૮૨૫/- ચૂકવવાની રકમ, ઈજારાદાર મુરલીધર રોડવેઝને ચૂકવી અનિયમિત ચૂકવણા સંબંધે જવાબદારી નક્કી કરવી.

ઉક્ત પેરાની વિગતે ગઢડા તાલુકાના ૧૪ ગામોમાં કુવાના સોર્સનું વધુ અંતર દર્શાવી વધુ થયેલ ચૂકવણી રૂા.૧,૯૦,૩૪૯/-માંથી રૂા.૧,૨૧,૯૧૮/-ની તા.૫/૧૨/૨૦૦૫ના રોજ વસુલાત કરી સરકારમાં ચલણથી જમા કરાવેલ છે. બોટાદ તાલુકાના ૧૨ ગામોમાં કુવાના સોર્સનું વધુ અંતર દર્શાવી અધિક ચૂકવણું રૂા.૪,૫૩,૪૮૦/-, તા.૨૫/૮/૯૯ના રોજ વસુલ કરી સરકારમાં ચલણથી જમા કરાવેલ છે. કુલ રકમ રૂા.૬,૪૩,૮૨૯/- પૈકી રૂા.૫,૭૫,૩૯૮/- વસુલ કરી લેવામાં આવેલ છે. અને બાકી રહેતી રૂા.૬૮,૪૩૧/-ની વસુલાત કરવા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ જવાબદાર કોન્ટ્રાકટરને તા.૦૬/૦૮/૨૦૦૪, તા.૦૮/૦૯/૨૦૦૪, તા.૨૯/૦૪/૨૦૦૫ તથા તા.૨૬/૧૨/૨૦૦૫થી રિમાઈન્ડર નોટીસો આપેલ છે તથા તા. પં. કચેરી, ગઢડાના પત્ર નં. ટીપી/બાંધ/વશી/૧૬૫/૨૦૨૦, તા.૨૮/૦૧/૨૦૨૦થી તાકીદ કરી રકમ જમા કરાવવા જણાવવા છતાં પાર્ટી દ્વારા આજદીન સુધી આ રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી.

અછતની પરિસ્થિતિમાં ગ્રામ પંચાયતોની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી હોવાથી રકમ વસુલ કરવામાં આવેલ ન હતી.

ઓછા ફેરાની વસુલાત મુરલીધર રોડવેઝ પાસેથી રૂા.૧૦,૮૭૦/- વસુલ કરી, તા.૨૦/૭/૨૦૧૦ના રોજ સરકારશ્રીમાં જમા કરાવેલ છે. જય માતાજી રોડવેઝ પાસેથી ઓછા ફેરાની રકમ રૂા.૧૨૪૦/- થી વસુલાત કરવાની બાકી રહે છે તે સત્વરે વસુલ કરી લેવામાં આવશે.

જય માતાજી રોડવેઝ પાસેથી આવકવેરાની રકમ રૂા.૨૧૩૨૮/- વસુલાત કરી, તા.૭/૧૨/૯૯ના રોજ સરકારશ્રીમા જમા કરાવવામાં આવેલ છે.

અનિયમિત ચૂકવણા બાબતે કુકડીયા, અધિક મદદનીશ ઇજનેરને જવાબદાર ઠેરવીને ફરજિયાત નિવૃત કરી દીધેલ છે.

આમ ગઢડા તાલુકાની રૂા.૬૮,૪૩૧/- ઈજારાદાર પાસેથી વસુલાત કરવાની બાકી રહે છે, જે અંગે હાલ એજન્સીને સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, ટુંક સમયમાં એજન્સીનો સંપર્ક કરી આખરી નોટીસ આપી જરૂરી વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે છતા પણ જો ઈજારદાર ઉપરોક્ત વસુલાત ભરપાઈ નહી કરે તો જમીન મહેસુલ કાયદાની જોગવાઈ અનુસાર જમીન મહેસુલની બાકી તરીકેનું પ્રમાણપત્ર મેળવી વસુલાત કરવામાં આવશે. જેથી આ જવાબ ગ્રાહ્ય રાખવા વિનંતી.

<u>પત્રક-૩</u>

પંચાયતી રાજ સમિતિની બેઠકમાં જિલ્લા
વિકાસ અધિકારીશ્રીએ હાજરી આપવા બાબત

ગુજરાત સરકાર

નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ

પરિપત્ર ક્રમાંકઃપીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૪-(૩)-આઇ

૯/૩, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર

તા.૩/૦૯/૨૦૧૯

પરિપત્રઃ-

ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિની બેઠકમાં તપાસ દરમ્યાન સમિતિના ધ્યાને આવેલ છે કે, બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ હાજર રહેતા નથી તેમજ હાજર નહી રહેવા બાબતે પંચાયત વિભાગના સચિવશ્રી કે સમિતિના માન. પ્રમુખશ્રીની મંજુરી પણ મેળવતા નથી. આથી, સમિતિની ભલામણ છે કે, સંબંધિત જિલ્લા વિકાસ અધિકારશ્રીએ સમિતિની બેઠકમાં અચૂક હાજર રહેવુ. સંજોગો વસાત જિલ્લા વિકાસ અધિકારીશ્રી હાજર રહી શકે તેમ ન હોય તો પંચાયત વિભાગના સચિવશ્રી તેમજ સમિતિના માન. પ્રમુખશ્રીની પૂર્વ મંજુરી મેળવી લેવી અને તેમની જગ્યાએ સમિતિની બેઠકમાં કોણ હાજર રહેશે તેની સમિતિ સહિત સંબંધિતોને જાણ કરવાની રહેશે.

પંચાયતી રાજ સમિતિની ઉક્ત સૂચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. પી. બારોટ)
ઉપસચિવ (પંચાયત)
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ

જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે જિલ્લા પંચાયત

અધિક્ષક ઇજનેરશ્રીઓ,

> ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર,

> વડોદરા પંચાયત સિંચાઇ વર્તુળ, વડોદરા

> રાજકોટ પંચાયત સિંચાઇ વર્તુળ, રાજકોટ

> કચ્છ સિંચાઇ વર્તુળ, ભુજ (કચ્છ)

<u>નકલ સમાન કાર્યવાહી અર્થે રવાનાઃ-</u>

સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, પંચાયત સિંચાઇ વિભાગ, સબંધિત જિલ્લા પંચાયત

<u>પત્રક-૪</u>

નં. ઈરી/સ્ટોર/પી.આર.સી./૯૮-૯૯/૩૧/૧૧

જિલ્લા પંચાયત કચેરી
સિંચાઇ શાખા, અમરેલી
તા.૧૧/૦૨/૨૦૧૧

પ્રતિ
શ્રી એ. એસ. ભારતી
ખાસ સચિવશ્રી (જ.સં.),
નર્મદા, જળ સંપતિ, અને પાણી પુરવઠા વિભાગ,
નવા સચિવાલ, ગાંધીનગર

વિષય :- મંજુરી મેળવ્યા સિવાય ખાતાકીય રીતે કામ કરવા બદલ પગલાં લેવા બાબત

જયભારત સાથે ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, પંચાયત સિંચાઇ વિભાગ અમરેલીને લગત વર્ષ ૧૯૯૮-૯૯નાં પી.આર.સી. ફકરા ક્રમાંક ૩.૨ કે જે મંજુરી મેળવ્યાં સિવાય ખાતાકીય રીતે કામ કરવા અંગેનો હતો. આ ફકરાની તા.૦૧/૦૨/૧૧નાં રોજ પંચાયતી રાજ સમિતિની મળેલ બેઠકમાં ચર્ચા થયેલ હતી. જે ચર્ચા અંતે ફકરામાં સમાવિષ્ટ કામો કે જે સરકારશ્રીની મંજુરી મેળવ્યાં સિવાય ખાતાકીય રીતે કરવામાં આવેલ હતા તે કામો કરવા બદલ જવાબદાર સામે પગલાં લેવા પંચાયતી રાજ સમિતિએ સુચન કરેલ છે.

રૂ.૫૦,૦૦૦/-થી ઉપરની અંદાજીત કિંમતના કામ ખાતાકીય રીતે કરવા માટે સરકારશ્રીની મંજુરી મેળવવાની જોગવાઇ થયેલ છે તેમ છતાં આ કિસ્સામાં ફકરામાં સમાવિષ્ટ થયેલ ૧૭ કામો પૈકી ૧૬ કામો ખાતાકીય રીતે હાથ ધરવા માટે સરકારશ્રીની મંજુરી મેળવેલ હોય તેમ જણાતું નથી તે બદલ જવાબદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી થવી જરૂરી છે.

ઉક્ત ૧૬ કામો થયાનાં સમયગાળામાં નીચે જણાવેલ કાર્યપાલક ઇજનેરશ્રી પ્રાથમિક દ્રષ્ટિએ જવાબદાર જણાયેલ છે

| ક્રમ | કાર્યપાલક ઇજનેરશ્રીનું નામ | ફરજ પરનો સમય ગાળો | હાલ ક્યાં છે |
|---|---|---|---|
| ૧ | શ્રી બી. બી. લહેરી | તા.૨૬/૧૧/૯૬થી<br>તા.૦૯/03/૯૮ | નિવૃત તા.૩૧/૦૫/૧૯૯૮ |
| ૨ | શ્રી બી. આર. સુહાગીયા (ઇન ચાર્જ) | તા.૧૦/03/૯૮થી<br>તા.૧૪/૦૭/૯૮ | નિવૃત તા.૩૧/૧૨/૨૦૦૯ |
| ૩ | શ્રી બી. ડી. ઠક્કર (ઇન ચાર્જ) | તા.૧૫/૦૭/૯૮થી<br>તા.૧૪/03/૯૯ | નિવૃત તા.૩૧/૦૭/૨૦૦૨ |
| ૪ | શ્રી આર. એમ. સોલંકી | તા૧૫/03/૯૯થી<br>તા.૦૫/03/૦૧ | નિવૃત તા.30/૦૬/૨૦૦૫ |

ઉપરોક્ત વિગતે જે તે સમયે ફરજ બજાવતાં કાર્યપાલક ઇજનેરશ્રી સામે આપની કક્ષાએથી શિક્ષાત્મક કાર્યવાહી થવાં વિનંતી છે. આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં મંજુરી સિવાય કરવામાં આવેલ ૧૬ કામો તથા જે તે વખતનાં કાર્યપાલક ઇજનેરશ્રીની વિગત દર્શાવવામાં આવેલ છે જે વિદિત થવા વિનંતી છે.

જિલ્લા વિકાસ અધિકારી
અમરેલી

નકલ જયભારત સાથે રવાના:-

(૧) મુખ્ય ઇજનેરશ્રી (પંચાયત) અને સંયુક્ત સચિવશ્રી ન.જ.સ. અને પા.પુ. વિભાગ, નવા સચિવાલય, બ્લોક નં. ૯, ગાંધીનગર તરફ જાણ સારૂ.

## પરિશિષ્ટ-૩

## માર્ગ અને મકાન વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૪.૧૨, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૩

સમિતિની તપાસ વખતે વિભાગના સચિવશ્રીએ લોકલ ફંડના એકઝામિનર તેમજ વિભાગના મુખ્ય ઈજનેર બન્ને સાથે બેસીને ઓડિટનું શું કહેવું છે અને વિભાગની શું સ્પષ્ટતા છે તે અંગે પરામર્શ કરીને સુધારા સાથે સરકયુલર પ્રસિધ્ધ કરવાનું જણાવ્યું હતું. આથી આ બાબતે જરૂરી કાર્યવાહી કરી, સુધારેલો સરકયુલર બહાર પાડી સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

સમિતિનાં અહેવાલની ભલામણ અન્વયે જરૂરી પરિપત્ર તા.૧૮/૫/૨૦૨૦ના રોજ કરી ક્ષેત્રિય અધિકારીશ્રીઓને જણાવવામાં આવેલ છે.

(૨) ટેન્ડરમાં સ્ટાર રેટ દર્શાવવા અને ડામરનાં ભાવ તફાવતનાં ચુકવવાની પધ્ધતિ બાબત

સમિતિની તપાસ વખતે વિભાગના સચિવશ્રીએ લોકલ ફંડના એકઝામિનર તેમજ વિભાગના મુખ્ય ઇજનેર સાથે બેસીને ઓડિટનું શું કહેવું છે અને વિભાગની શું સ્પષ્ટતા છે તે અંગે પરામર્શ કરીને સુધારા સાથે સરકયુલર પ્રસિધ્ધ કરવા જણાવ્યું હતું આ બાબતે જરૂરી કાર્યવાહી કરી, સુધારેલો સરકયુલર બહાર પાડી સમિતિને જાણ કરવા પંચાયતી રાજ સમિતિએ ભલામણ કરેલ હતી.

પરિપત્રઃ

માર્ગ અને મકાન વિભાગના પરિપત્રોની ઉપરોક્ત બાબતે આપેલ સુચનાઓ અન્વયે કરવાની થતી કાર્યવાહી અંગે નીચે મુજબની સુચનાઓ આથી પ્રસારિત કરવામાં આવે છે.

(૧) ચોમાસામાં મજૂરોની અછત રહેતી હોઇ કામોની સમયમર્યાદામાં વધારો કરવા બાબત.

સામાન્યતઃ મકાનોનું બાંધકામ ચોમાસા દરમિયાન ચાલુ રહેતું હોય છે. રસ્તાને પહોળો કરવાનાં કામો પણ ચોમાસામાં ચાલતા હોય છે. પૂલના કામોમાં ચોમાસા પહેલાં કામ સલામત તબક્કે લાવવાનું હોય છે. ડામરકામ કરવાનું હોય તેવા રસ્તાના કામો માટે તેમજ અન્ય કામો માટે વિભાગના સત્તા સોંપણીના ઠરાવ ક્રમાંક : બીડીડબલ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧)/સ, તા.૧૨-૭-૨૦૧૧ પ્રમાણે સક્ષમ કક્ષાએ કામની વિગતો ધ્યાને લઈ સમય મર્યાદા મંજુર કરવાની સત્તા આપવામાં આવેલ છે. તે અનુસાર ચોમાસા દરમિયાન મજુરો ઉપલબ્ધ ન હોય તો જે તે કામ માટે ગુણદોષના આધારે સક્ષમ કક્ષાએ અધિકારીશ્રીઓએ નિર્ણય કરવાનો રહે છે.

(૨) ટેન્ડરમાં સ્ટાર રેટ દર્શાવવા અને ડામરનાં ભાવ તફાવતનાં નાણાં ચુકવવાની પધ્ધતિ બાબત

માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ.આર. માં તમામ મટીરીયલના ભાવો પ્રવર્તમાન ટેક્ષ સાથેના ભાવો લેવામાં આવે છે. અંદાજ બનાવતી વખતે ડામરનાં રીફાઇનરીનાં પ્રવર્તમાન ટેક્ષ સાથેના જ ભાવો અંદાજમાં લેવામાં આવે છે. સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રોમાં પણ સ્ટાર રેટ માટે ડી.ટી.પી. મંજૂર કર્યાના માસના પ્રવર્તમાન ટેક્ષ સાથેના ડામર, સ્ટીલ તથા સિમેન્ટના ભાવોને જે તે માલસામાનના સ્ટાર રેટ તરીકે લેવા બાબતે સૂચના આપેલ હતી. ડામરનાં ભાવોમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય બજારમાં થતા ફેરફારને કારણે ભાવમાં વધારો/ઘટાડો થતો હોય છે. જો આ ભાવમાં ફેરફાર થવાને કારણે ઇજારદાર ટેન્ડર ભરતી વખતે આ માલસામાનના પ્રવર્તમાન ભાવોમાં સંભવિત વધારાને ગણતરીમાં લઇ ટેન્ડરમાં ઊંચા ભાવ ન ભરે અને આ માલસામાનનાં ભાવોમાં બજાર ભાવમાં થતાં ફેરફાર સામે સંરક્ષણ મળે તે હેતુથી ટેન્ડરમાં ડામરનો ભાવ તફાવત ચુકવવાની જોગવાઇ રાખવામાં આવે છે. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ડી.ટી.પી.માં માલસામાનના ભાવ પ્રવર્તમાન ટેક્ષ સાથેના જ લેવાના રહેશે. તેમજ ડામરકામ માટે ભાવ તફાવતને ગણતરી માટે જે તે વખતે એસ્સાર જેવી ખાનગી કંપનીનાં ટેક્ષ સાથેનાં ઇજારદારનાં ખરીદ ભાવ કે આયાતી ડામરનાં કિસ્સામાં ભારતીય બંદર ઉપરથી ટેક્ષભાવનાં ખરીદ ભાવ અથવા તે સમયનો ભારત સરકારનાં જાહેસ સાહસ I.O.C., H.P. વગેરેનો ટેક્ષ સાથેનો ભાવ એ પૈકી જેનો ભાવ સૌથી ઓછો હોય તેની સાથે એક્સ. રીફાઇનરીનો ભાવ પૈકી જે ભાવ સૌથી ઓછો હોય તેની સાથે સ્ટાર રેટનો ભાવ ગણીને તફાવત ચુકવવાનો/વસુલવાનો રહેશે.

(એ. એન. મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.),
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, (રાજય/પંચાયત/રા.ધો./પા.યો./શહેર મા.મ. સહિત)

<u>નકલ રવાના</u>:

- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, (રાજય/પંચાયત/રા.ધો./પા.યો. સહિત)
- વિભાગના દરેક તાંત્રિક અધિકારીઓ.
- વિભાગની દરેક તાંત્રિક શાખાઓ.
- નાણા શાખા, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ ૨૦૨૦
- ના.સે.અ.શ્રી સીલેકટ ફાઇલ ૨૦૨૦
- ગુજરાત કોન્ટ્રાકટર્સ એશોસીએશન,અમદાવાદ

## પરિશિષ્ટ-૪

## કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ (પશુપાલન પ્રભાગ)

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧.૨.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૪

આથી સમિતિની ભલામણ છે કે, જયારે પંચાયતી રાજ સમિતિ સમક્ષ સાહિત્ય મોકલવાનું થાય ત્યારે તે સાહિત્ય વિભાગના ઉચ્ચ કક્ષાના અધિકારી પાસે ચકાસણી કરાવીને મોકલવાનું ધોરણ રાખવું અને તે અંગેની જાણ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સર્વે વિભાગોને કરવામાં આવે.

સરકારે લીધેલ પગલાં

સમિતિની ભલામણ મુજબ પંચાયતી રાજ સમિતિ સમક્ષ સાહિત્ય મોકલવાનું થાય ત્યારે તે સાહિત્યની પુરતી ચકાસણી કરીને વિભાગના ઉચ્ચ કક્ષાના અધિકારીશ્રી પાસે ચકાસણી તેમજ મંજૂરીથી જ મોકલવામાં આવે છે. જે બાબત સમિતિના ધ્યાને મૂકીએ.

## પરિશિષ્ટ-૫

## શિક્ષણ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૬.૫, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૫

આથી સમિતિ ભલામણ કરે છે કે, અન્ય કેસમાં વડોદરા જિલ્લામાં રાજય સરકારની તરફેણમાં આવેલા ચુકાદાને આધારે જિલ્લા પંચાયત, ગાંધીનગર, તાલુકા પંચાયત, પાદરા, જિ. વડોદરા, તાલુકા પંચાયત, કામરેજ, જિ. સુરત, તાલુકા પંચાયત, સાવરકુંડલા, જિ. અમરેલી, તાલુકા પંચાયત, વેરાવળ, જુનાગઢ, કેશોદ, વંથલી, જિ. જુનાગઢ અને તાલુકા પંચાયત, પોરબંદર, જિ. પોરબંદરના કેસોને ગૃપ મેટર તરીકે લઇ એડવોકેટ જનરલ સાથે પરામર્શ કરીને તાત્કાલિક બધા જ કેસનો નિકાલ કરી વસુલાત પુર્ણ કરવામાં આવે.

ઉપરોકત જિલ્લા/તાલુકા પંચાયતોમાં એચ.આર.એ. અને સી.એલ.એ. ની શહેરી વિસ્તાર મુજબ ચુકવણી માન્ય કરતાં પહેલાં જરૂરી એવા ગામમાં મકાન ઉપલબ્ધ ન હોવાનો સરપંચનો દાખલો, શહેરી વિસ્તારમાં રહેતા હોવાનો રહેઠાણનો પુરાવો અને ચુકવણી માટે સક્ષમ અધિકારીની મંજુરી ન લઇને ચુકવણી કરનાર જવાબદારો સામે પગલાં લેવા.

સરકારે લીધેલ પગલાં

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, ગાંધીનગરના જણાવ્યાનુસાર સને ૧૯૯૨-૯૩થી ૧૯૯૫-૯૬ના વર્ષ દરમિયાન વસુલાતની રકમ રૂા.૧૨,૩૬,૪૯૧/- પૈકી રૂા.૯,૩૮,૪૬૧/- ની વસુલાત કરવામાં આવેલ છે. જયારે રૂા.૨,૯૮,૦૩૦/-ની વસુલાત કોર્ટ મેટર બનવાના કારણે પેન્ડીંગ છે. જે માટેની કાર્યવાહી ચાલુ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, પોરબંદરના જણાવ્યા અનુસાર તાલુકા પંચાયત હેઠળ આવેલી અને પોરબંદર નગરપાલિકાની હદની આઠ કિ.મી.ની ત્રિજ્યામાં આવેલ પ્રાથમિક શાળાઓના શિક્ષકોને વર્ગીકૃત શહેરના ધોરણે મકાનભાડું ચુકવ્યા અંગે ઓડીટે વાંધો લેતા ચુકવેલ ઘરભાડાની વસુલાત કરવા સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા વસુલાતની કાર્યવાહી શરૂ કરી ઘરભાડાની ચુકવણી બંધ કરવામાં આવેલ હતી. જેની સામે સંબંધિત શિક્ષકો દ્વારા પોરબંદરના નામ. એડીશનલ સિવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મું.નં.૮૬/૧૯૯૫થી દાવો દાખલ કરેલ હતો. આ દાવાનો આખરી ચુકાદો તા.૧૫/૧૦/૦૫ના રોજ આવી ગયેલ છે. આ ચુકાદામાં નામદાર અદાલતે શિક્ષકોને અગાઉ ચુકવવામાં આવેલ ઘરભાડાની વસુલાત સામે તેમજ ઘરભાડાની ચુકવણી બંધ કરવા સામે કાયમી મનાઇ હુકમ આપેલ છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પોરબંદર દ્વારા આ ચુકાદા સામે જિલ્લા અદાલતમાં અપીલ કરવામાં આવેલ છે. આમ નામદાર અદાલતના ચુકાદાને કારણે વસુલાત થઇ શકેલ નથી.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતના જણાવ્યાનુસાર કામરેજ તાલુકામાં સ્થાનિક વળતર ભથ્થુ નિયમ વિરૂધ્ધ ચુકવાયેલ હતું. તે પૈકી ઓડીટે સુચવેલ વસુલાતની રકમ રૂ.૪,૭૬,૫૭૩/- અને તાલુકા પંચાયતે કરેલ વસુલાત રૂા.૪,૬૮,૧૦૮/- સરકારશ્રીમાં જમા કરાવવામાં આવેલ છે. જેના ચલણની નકલો ફાઇલે રાખવામાં આવેલ છે. બાકી રહેતી વસુલાત રૂા.૮૪૬૮/- અંગે જણાવવાનું કે, બે શિક્ષકો તા.૧/૯/૧૯૯૫ના રોજ નિવૃત્ત થયેલ છે. જેની વસુલાત કરવામાં આવેલ નથી.

અમરેલી, જુનાગઢ અને રાજકોટ જિલ્લાના કિસ્સામાં કોર્ટ મેટરો બનેલ હોઇ કોઇ વસુલાત કરવામાં આવેલ નથી.

અમદાવાદ, સુરત, ગાંધીનગર, અમરેલી, જુનાગઢ રાજકોટ અને પોરબંદરમાં ઉપરોકત એચ.આર.એ./સી.એલ.એ. ની વસુલાત બાબતે કોર્ટ મેટરો થયેલ હોઇ તેમજ ઘણા કેસોમાં નામ. અદાલતે મનાઇ હુકમો આપેલ હોઇ વસુલાત કરવામાં આવેલ નથી. વધુમાં જણાવવાનું કે નામ. વડી અદાલતમાં થયેલ અલગ અલગ કોર્ટમેટરો પરત્વે નામ વડી અદાલતે એસ.સી.એ. નંબર ૪૨૭૨/૨૦૧૬ તથા અન્ય પીટીશનોનો નામ. વડી અદાલતે તેમના તા.૦૫/૦૭/૨૦૧૬ના ચુકાદાથી પીટીશનરોની માગણી અન્વયે સરકારી અધિકારીઓની સમિતિની રચના કરી છ માસમાં યોગ્યતે નિર્ણય લેવાનો હુકમ કરેલ છે. નામ.વડી અદાલતના હુકમ અનુસાર સરકારશ્રીના નાણા વિભાગના તા.૩૦/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક/વલભ/૧૦૨૦૧૬/ઓ/૮૬/ચ થી સમિતિનું ગઠન કરવામાં આવેલ છે. નાણા વિભાગ ખાતે સદરહું કાર્યવાહી ચાલુ છે. ઉપરોકત ઠરાવથી નિમાયેલ સમિતિ દ્વારા જે ભલામણો કરવામાં આવે અને સરકારશ્રી દ્વારા જે નિર્ણય લેવામાં આવે તદ્અનુસાર વસુલાત અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. (જુઓ પત્રક-૫)

નામ. વડી અદાલતના નિર્દેશાનુસાર સરકારશ્રીના નાણા વિભાગના તા.૩૦/૦૭/૨૦૧૬ના ઠરાવથી નિમાયેલ સમિતિ દ્વારા જે ભલામણો કરવામાં આવે અને તે સંબધે સરકારશ્રી દ્વારા જે નિર્ણય કરવામાં આવે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વિશેષમાં જણાવવાનું કે, આજ હેતુ માટેની બારમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના પહેલા અહેવાલની ભલામણ ક્રમાંક-પર થી ૫૬ બાબતે પંચાયતી રાજ સમિતિમાં રજૂ કરવામાં આવેલ સરકારે લીધેલ પગલાનાં પત્રકો ઉપરની તા.૩૦/૦૫/૨૦૧૭ના રોજ મળેલ પંચાયતી રાજ સમિતિની બેઠકમાં નાણા વિભાગના અધિકારીશ્રીની હાજરીમાં ચર્ચા કરવામાં આવેલ અને ચર્ચાને અંતે પંચાયતી રાજ સમિતિએ આ ફકરાને “ડ્રોપ” કરેલ છે.

પત્રક-૫

વસ્તી ગણતરી-૨૦૧૧ના આધારે સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થાની ચૂકવણી કરવા અંગેની વિચારણા અર્થે નામ. હાઇકોર્ટના તા.૫/૭/૨૦૧૬ના ચુકાદા અનુસંધાને સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-ઓ-૮૬-ચ

સચિવાલય, ગાંધીનગર,

તા.૩૦/૦૭/૨૦૧૬

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો તા.૧૬/૫/૨૦૦૮નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા.૨૭/૨/૨૦૦૯નો ઠરાવ ક્ર. પીજીઆર-૧૦૦૯-૭-પે સેલ (મ)

(૩) ભારત સરકારનું તા.૨૧/૭/૨૦૧૫નું ઓફીસ મેમોરેન્ડમ નં. ૨/૫/૨૦૧૪-ઇ(બી)

(૪) નામ. હાઇકોર્ટનો તા.૫/૭/૨૦૧૬નો ચુકાદો.

પ્રાસ્તાવિક:-

રાજ્ય સરકારના કર્મચારીઓને સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થાની ચૂકવણી કરવા હાલમાં ઉપર વંચાણમાં લીધેલ નાણા વિભાગના તા.૧૬/૫/૨૦૦૮ના ઠરાવથી વસ્તી ગણતરી-૨૦૦૧ના આધારે પુન: વર્ગીકરણ કરવામાં આવેલ શહેરો/નગરો ધ્યાનમાં લેવામાં આવે છે તથા તા.૨૭/૨/૨૦૦૯ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ દર મુજબ સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થુ ચૂકવવામાં આવે છે. ભારત સરકારના તા.૨૧/૭/૨૦૧૫ના ઓફીસ મેમોરેન્ડમથી વર્ષ-૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ઘરભાડા ભથ્થાની ચૂકવણી માટે શહેરોનું પુન: વર્ગીકરણ કરવામાં આવેલ છે.

તાજેતરમાં શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ/શિક્ષકો તથા અમુક કચેરીઓના કર્મચારીઓ દ્વારા, વસ્તી ગણતરી-૨૦૧૧ની વિગતોને ધ્યાને રાખી તેઓનો સમાવેશ નવા શહેરી જૂથોમાં થઇ ગયેલ હોવાથી, તેઓને લાગુ પડતા દરો મુજબ સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થુ ચૂકવવા સંબંધમાં નામ. હાઇકોર્ટ ખાતે ઘણી મોટી સંખ્યામાં પીટીશનો દાખલ કરવામાં આવેલ હતી. તેમાં નામ. હાઇકોર્ટ દ્વારા અલગ અલગ હુકમો કરીને વચગાળાના આદેશોથી તેઓને વસ્તી ગણતરી-૨૦૧૧ની વિગતો મુજબ સુધારેલા શહેરી જુથો મુજબના દરે સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થાની ચૂકવણી કરવા માટે શરતી વચગાળાના હુકમો કરવામાં આવેલ છે. નામ. હાઇકોર્ટે

એસ.સી.એ. નં. ૪૨૭૨/૨૦૧૬ તથા અન્ય પીટીશનોના સંદર્ભમાં તા.૫/૭/૨૦૧૬ના ચુકાદાથી પીટીશનરોની માંગણી અન્વયે સરકારી અધિકારીઓની સમિતિની રચના કરી છ માસમાં યોગ્ય તે નિર્ણય લેવા જણાવવામાં આવેલ છે. આ અંગે વિચારણા કરી નીચે દર્શાવ્યા મુજબ સમિતિની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

// ઠરાવ //

નામ. હાઇકોર્ટના તા.૫/૭/૨૦૧૬ના ચુકાદાથી કરવામાં આવેલ નિર્દેશને ધ્યાને રાખી રાજ્ય સરકારના કર્મચારીઓને મળવાપાત્ર સ્થાનિક વળતર ભથ્થુ/ઘરભાડા ભથ્થુની ચુકવણી કરવા બાબતે યોગ્ય તે નિર્ણય લેવા માટે નીચે જણાવેલ સભ્યોની એક સમિતિ રચવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) મુખ્ય સચિવશ્રી-અધ્યક્ષ

(૨) અધિક મુખ્ય સચિવશ્રી/નાણા વિભાગ

(૩) અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.)/સામાન્ય વહીવટ વિભાગ

(૪) અગ્ર સચિવશ્રી/ શિક્ષણ વિભાગ

(૫) ડૉ. પંકજ જાની, વાઇસ ચાન્સેલરશ્રી/બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય.

આ સમિતિને જરૂરી વિગતો/માહિતી પુરી પાડવા સભ્ય સચિવ તરીકે સચિવશ્રી (આ.બા.) કે તેમના પ્રતિનિધિ કામગીરી બજાવશે.

નામ. હાઇકોર્ટના ચુકાદાથી જણાવેલ પીટીશનરોના પ્રતિનિધીઓ સમિતિ સમક્ષ લેખિત સ્વરૂપમાં કે રૂબરૂ ઉપસ્થિત રહી રજુઆત કરી શકશે.

નામ. હાઇકોર્ટ દ્વારા આપેલ આદેશ મુજબ પીટીશનરોના પ્રતિનિધીઓને સાંભળી, સમિતિએ તેઓનો નિર્ણય છ માસમાં રાજ્ય સરકારને સુપરત કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના</u>:-

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

## પરિશિષ્ટ-૬

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૭.૨, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૬

આ બાબતે જે તે અધિકારીની જવાબદારી નકકી કરી પગલાં લેવા સમિતિની લાગણી છે. તેમજ નાયબ કાર્યપાલક ઇજનેરે પ્રમાણપત્ર આપ્યા બાદ આરોગ્ય ખાતાના અધિકારીઓ કબજો સંભાળવા ગયા અને અપુરતી સગવડતાના લીધે કબજો સંભાળ્યો ન હતો. તો આ અંગે આરોગ્ય વિભાગના અધિકારીઓએ પોતાના ઉપરી અધિકારીઓને જાણ કરી હતી કે કેમ ? તથા આ બાબતે માર્ગ મકાન વિભાગના અધિકારીઓની સામે શું પગલાં લેવામાં આવ્યા તેની જાણ સમિતિને કરવા સમિતિની ભલામણ છે.

વધુમાં આ પેરામાં ૧૯૯૪-૯૫માં મકાનો બનાવ્યા અને ઓડીટે ૧૯૯૮-૯૯માં વાંધો જણાવ્યો અને ૨૦૦૮ સુધી વિભાગ દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં ન આવી તેમજ સમિતિની તપાસમાં આવે ત્યાં સુધી વિભાગ દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. આથી સમિતિની લાગણી છે કે ભવિષ્યમાં આવા કિસ્સામાં કાળજી લેવામાં આવે અને જવાબદારો સામે ત્વરીત પગલાં ભરવામાં આવે તેવી ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા તબીબી અધિકારી અને અન્ય કર્મચારીઓને ફરજના સ્થળે રહેવાની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી બાલાસિનોર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઓલપાડ ખાતે સ્ટાફ કવાર્ટર બનાવવામાં આવેલ હતા, આ સ્ટાફ ક્વાર્ટરના બાંધકામ નબળા તેમજ પુરેપુરી સુવિધા ન હોવાના લીધે તેનો કબજો લેવાયેલ ન હતો. આ માટે નીચે મુજબના અધિકારી/કર્મચારીઓની જવાબદારી નકકી કરવામાં આવેલ હતી.

એ) શ્રી જે. એન. શાહ, તત્કાલિન કાર્યપાલક ઇજનેર હતા, જેઓનું અવસાન થયેલ છે.

બી) શ્રી કે. કે. સૈયદ, માજી રોડ કારકુન સન ૨૦૦૨માં વય નિવૃત્ત થઇ ગયેલ છે.

સી) શ્રી સી. યુ. પટેલ, તત્કાલિન નાયબ કાર્યપાલક ઇજનેર, હાલ કાર્યપાલક કવોલીટી કંટ્રોલ વિભાગ, ગાંધીનગર

ડી) શ્રી આર. એ. સોલંકી, તત્કાલિન અ.મ.ઇ. હાલ નાયબ કાર્યપાલક ઇજનેર, ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ, ગાંધીનગર

આમ, ઉપરોકત વિગતે શ્રી જે. એન. શાહનું અવસાન થયેલ હોઇ તથા શ્રી કે. કે. સૈયદ, વય નિવૃત થઇ ગયેલ હોઇ તેઓની સામે કાર્યવાહી કરવાની રહેતી નથી. અને શ્રી સી. યુ. પટેલ તથા શ્રી આર. એ. સોલંકી, માર્ગ અને મકાન વિભાગના કર્મચારીઓ હોઇ તેઓની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા અધિક્ષક ઇજનેરશ્રી, પંચાયત, માર્ગ અને મકાન વર્તુળ, અમદાવાદને જિલ્લા

વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, નડીયાદના તા.૩/૧૧/૨૦૧૧ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. (જુઓ પત્રક-૬)

માર્ગ અને મકાન વિભાગનાં તા.૧૮/૦૧/૨૦૨૦નાં પત્ર ક્રમાંક: ખતપ/૧૧/૨૦૧૯/PRC/ક૧ થી જણાવ્યા મુજબ પ્રા. આ. કેન્દ્ર, ઓલપાડ, તા.બાલાસિનોર, જિ.ખેડા ખાતે બનાવેલ સ્ટાફ ક્વાર્ટરના નબળા બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ હસ્તકનાં જવાબદાર અધિકારી શ્રી યુ. એન. પટેલ (નિવૃત્ત નાયબ કાર્યપાલક ઇજનેર) અને શ્રી આર. એ. સોલંકી (તત્કાલિન અ.મ.ઇ. અને નિવૃત્ત નાયબ કાર્યપાલક ઇજનેર)નો સેવા રેકર્ડ ધ્યાને લેતાં, શ્રી યુ. એન. પટેલ તા.૩૦/૦૯/૨૦૧૪ અને શ્રી આર. એ. સોલંકી તા.૩૧/૧૦/૨૦૧૩ના રોજ વય નિવૃત્ત થયેલ છે. તેમજ સ્ટાફ ક્વાર્ટરનું બાંધકામ વર્ષ ૧૯૯૪-૯૫માં પૂર્ણ થયેલ છે. આથી ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ ૨૪ (૨) (ખ) મુજબ શિસ્ત વિષયક કાર્યવાહી શક્ય બને તેમ નથી.

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૭.૭, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૭ અને ૧૮

કર્મચારીઓને રેગ્યુલર કર્મચારી માફક પગાર ધોરણ કયા કારણોસર આપવામાં આવ્યુ તેની સ્પષ્ટતા કરવા તેમજ જે અધિકારી/કર્મચારી દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોય તેની સામે શિક્ષાત્મક પગલાં લેવા સમિતિ ભલામણ કરે છે.

આરોગ્ય વિભાગ દ્વારા પંચાયત વિભાગ સાથે પરામર્શ કરીને કોર્ટ મેટરનો જલદી નિકાલ થાય તેવા પ્રયત્ન કરવા જણાવવામાં આવે અને સમિતિની લાગણી છે કે ઉકત કિસ્સામાં કોઇ વચગાળાનો હુકમ કે કોર્ટનો સ્ટે હતો. તેની નકલ સમિતિને આપવામાં આવે તથા જ્યારથી આ ભરતી કરવામાં આવી ત્યારથી માંડીને આજ સુધીની જે કાંઇ કાર્યવાહી કરવામાં આવી હોય અને તેમાં આરોગ્ય ખાતાના અધિકારી/કર્મચારી જવાબદાર હોય તો આરોગ્ય કમિશનરશ્રી આ કિસ્સાની સંપૂર્ણ તપાસ કરીને સંબંધિત અધિકારી/કર્મચારી સામે નિયમોનુસાર કાર્યવાહી કરી સમગ્ર અહેવાલની જાણ સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

જિલ્લા પંચાયત, જુનાગઢ દ્વારા જે તે વખતે સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરના તાલીમ કોર્ષ કરેલ હોય અને તેમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ટેકનીકલ લાયકાત ધરાવતા હોવાથી તેઓને પંચાયત સેવા પસંદગી સમિતિ, જિલ્લા પંચાયત, જુનાગઢની પરીક્ષા પાસ કરવાની શરતે મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે તા.૧૭/૨/૧૯૮૯થી તા.૨૭/૧૨/૧૯૯૧ના સમય સુધીમાં કુલ-૪૩ ઉમેદવારોને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો તરીકે નિમણુંક આપવામાં આવેલ હતી.

મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો તરીકે નિમણુંક આપવામાં આવેલ ઉમેદવારો નિમણુંકની તારીખે આ ઉમેદવારો સરકારશ્રીએ નકકી કરેલ વયમર્યાદામાં આવતા હતા.

કુલ–૪૩ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો પૈકી-૨૨ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોની નિમણુંક તા.૨/૫/૧૯૯૧ પહેલાં થયેલ હોઇ તેઓને પંચાયત વિભાગના તા.૨/૫/૧૯૯૧ના ઠરાવથી બહાલી આપવામાં આવેલ છે.

બાકી રહેતા ૨૩ થી ૪૩ કુલ-૨૧ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો પૈકી ક્રમ-૪૩ ના ઉમેદવાર શ્રી આર. જી. રામની નિમણુંક તારીખ તા.૧૧/૪/૧૯૯૦થી થયેલ હતી જે તા.૨/૫/૧૯૯૧ના ઠરાવ પહેલાં છે અને તેઓનું અવસાન થયેલ છે. બાકી રહેતા કુલ-૨૦ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોની ભરતી બાદ તા.૨૫/૭/૧૯૯૬ના રોજ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિની બેઠક હતી અને આ બેઠકમાં કુલ–૫ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો હાજર રહેલ હતા. પરંતુ તેઓને વય મર્યાદાના કારણોસર અનઉત્તીર્ણ જાહેર કરવામાં આવેલ હતા. આ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો નિમણુંક સમયે જે તે વખતે સરકારશ્રીએ નકકી કરેલ વય મર્યાદાની અંદર હતા. તેઓએ નિમણુંક હુકમની શરત પરિપૂર્ણ કરવા માટે પંચાયત સેવા પસંદગી સમિતિ, જિલ્લા પંચાયત, જુનાગઢની પરીક્ષા પાસ કરવાની રહેતી હતી તેમ છતાં તેઓ પૈકી આ સમિતિ સમક્ષ હાજર રહેલ ૫ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોને વય મર્યાદાના કારણોસર અનઉત્તીર્ણ જાહેર કરવામાં આવેલ હતા.

ક્રમ ૨૩ થી ૪૨ સુધીના કુલ–૨૦ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો ને તા.૨૭/૧૨/૧૯૯૧ના રોજ ડૉ. એ. પી. કસ્વેકર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તરીકે ફરજો બજાવતા હતા તેઓ દ્વારા આ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોને નિમણુંક આપવામાં આવેલ હતી. તેઓ વય નિવૃત્ત થઇ ગયેલ છે. અને આ સમય દરમિયાન હેડ કલાર્ક તરીકે શ્રી પી. એમ. ત્રિવેદી ફરજ બજાવતા હતા જેઓ તા.૩૧/3/૨003ના રોજ વય નિવૃત્ત થયેલ છે અને સીનીયર કલાર્ક તરીકે શ્રી આર. વી. સોલંકી ફરજ બજાવતા હતા જેઓ તા.૩૧/૭/૨૦૦૮ના રોજ વય નિવૃત્ત થયેલ છે, જેથી તેઓ સામે પગલાં લઇ શકાયેલ નથી. મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોની નિમણૂક નિયમિત કરવા પંચાયત વિભાગને તા.૩/૭/૧૯૯૭થી દરખાસ્ત કરવામાં આવેલ હતી અને ત્યારબાદ તા.૨૪/૯/૧૯૯૭, તા.૧૧/૧૨/૨000, તા.૨૫/૯/૨૦૦૧, તા.૫/૬/૨૦૦૬, તા.૨૦/૬/૨૦૦૭, તા.૧૩/૧૧/૨૦૦૯, તા.૧૦/૪/૨૦૧૫, તા.૧૮/૯/૨૦૧૫ અને છેલ્લે તા.૧૮/૧૨/૨૦૧૫થી જરૂરી પૂર્તતા અંગે પત્ર વ્યવહાર થયેલ છે. પરંતુ આ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોની નિમણુંકો નિયમિત થયેલ નથી.

આ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોની નિમણુંકો નિયમિત ન થતાં જિલ્લા પંચાયત, જુનાગઢ હેઠળના કુલ-૨૯ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૬૨૮૯/૨૦૧૧ દાખલ કરેલ તેમાંથી ત્રણ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોએ કેસ પરત ખેચેલ હતા અને છેલ્લે ૨૬ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો પ્રતિવાદી તરીકે રહેલ હતા. આ કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા વાદીઓની નિમણુંક તારીખથી નોકરી નિયમિત કરી ૩ (ત્રણ) માસમાં તેમને મળવાપાત્ર લાભો આપવા તા.૧૦/૮/૨૦૧૬ના ઓર્ડરથી ઓરલ જજમેન્ટ આપેલ છે.

પત્રક-૬

ક્રમાંક/એબી/બાલાસિનોર/વશી-૫૬૦થી ૫૬૨
કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી
મા અને મ પંચાયત વિભાગ
ખેડા જીલ્લા પંચાયત, નડીઆદ
તા.૦૩/૧૧/૨૦૧૧

પ્રતિ
અધિક્ષક ઇજનેરશ્રી,
પંચાયત મા. અને મ. વર્તુળ અમદાવાદ,
મુ.અમદાવાદ

વિષય:- સને-૧૯૯૮-૧૯૯૯ના પી.આર.સી પારા નં.૭.૨
સ્ટાફ કવાર્ટસના નબળા બાંધકામ બાબત ઓથવાડ, તા.બાલાસિનોર

સંદર્ભ:- ૧. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:એબી/બાલાસિનોર/વશી-૧૧૪/૧૮, તા.૨૧/૦૨/૦૮
તથા અત્રેની કચેરીના પત્ર ક્રમાંક/એબી/બાલાસિનોર/વશી-૧૧૯/૨૪,તા.૨૧/૦૨/૦૮
૨. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:એબી/બાલાસિનોર/વશી-૫૮૯/૯૧, તા.૦૬/૦૯/૨૦૧૦
૩. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:એબી/બાલાસિનોર/વશી-૫૫૬, તા.૨૪/૧૦/૨૦૧૧

ઉપરોકત આમુખ-૧માં દર્શાવ્યા મુજબ ઓથવાડ તાલુકા બાલાસિનોર ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સ્ટાફ કવાટર્સ (મેડીકલ ઓફીસર, ફાર્માસીસ્ટ અને નર્સ) ના નબળા બાંધકામ અંગે સબંધિત અધિકારી કર્મચારીશ્રીઓને કારણદર્શક નોટીસ પાઠવેલ છે અને તેનો ખુલાસો દિન-૧૦માં આપવા માટે જણાવેલ તેમ છતાં નિયત સમયમાં નહિ મળતા સંદર્ભ-૨ માં દર્શાવેલ પત્રથી ખુલાસો મોકલી આપવા અંતિમ સ્મૃતિપત્ર પાઠવેલ છે. જેમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે જો તમારો ખુલાસો નહિ આપો તો એક તરફી કાર્યવાહી કરવાની ફરજ પડશે. જે મુજબ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની થાય છે.

સદર પી.આર.સી પારા ૭.૨ બાબતે આયોગ તરફથી અવાર નવાર સ્મૃતિપત્રો પાઠવવામાં આવેલ છે. જેના પ્રત્યુત્તરમાં સંદર્ભ-૩ માં દર્શાવ્યા મુજબ સબંધિત સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની પ્રક્રીયા ચાલુ છે તેવુ જણાવેલ છે. જે મુજબ શિક્ષાત્મક કાર્યવાહી અંગે આપશ્રીને દરખાસ્ત કરવાની થાય છે.

જે પૈકી શ્રી જે. એન. શાહ, તત્કાલીન કાર્યપાલક ઇજનેરશ્રીનુ અવસાન થયેલ હોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ શ્રી યુ. એ. પટેલ., તત્કાલીન ના.કા.ઇ., બાલાસિનોર હાલ

કાર્યપાલક ઇજનેર ક્વોલિટી કન્ટ્રોલ વિભાગ સચિવાલય ગાંધીનગર તથા શ્રી આર. એ. સોલંકી, તત્કાલીન અ.મ.ઈ., હાલ ના.કા.ઇ. ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ ગાંધીનગર કચેરીમાં કાર્યરત હોય તેઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી સામેલ રાખેલ રેકર્ડને આધારે કરવા આથી ભલામણ કરવામાં આવે છે.

બિડાણઃ- સાધનિક રેકર્ડ પાન નં.૧ થી

જીલ્લા વિકાસ અધિકારી
ખેડા જીલ્લા પંચાયત, નડીઆદ

નકલ જયભારત સહ રવાનાઃ-

૧. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી,આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત નડીઆદ

૨. વર્ષ-૧૯૯૮-૯૯ પી.આર.સી પારા ૭.૨ પરત્વે સબંધિત કર્મચારી શ્રી કે. કે. સૈયદ તત્કાલીન રોડ કારકુન વર્ષ-૨૦૦૬માં વયનિવૃત થયેલ છે જેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયોનુસાર તેઓ વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી જે અંગે જણ સારૂ.

નકલ રવાનાઃ-

ઇસી-૧ મહેકમ દફતર તરફ જાણ સારૂ.

## પરિશિષ્ટ-૭

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧.૨.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૧૯

સમિતિમાં ચર્ચા થયા અનુસાર બચતની રકમ સરકારમાં જમા કરાવવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને જણાવવામાં આવે તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તો સમિતિના પ્રમુખશ્રીની પરવાનગી માંગવામાં આવે તેમજ તેમના વતી અન્ય અધિકારીને હાજર રાખવા માંગતા હોય તો સમિતિની અગાઉથી પરવાનગી મેળવવામાં આવે. આ અંગેની સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

તેરમી વિધાનસભાના પંચાયતી રાજ સમિતિના ત્રીજા અહેવાલના ફકરા ક્રમાંક ૧.૨.૧ સરકારી ગ્રાન્ટમાંથી સને ૧૯૯૮-૯૯માં થયેલ ખર્ચ અને બચત. જિલ્લા પંચાયત, જુનાગઢ.

ઓડીટ અહેવાલમાં જણાવ્યા મુજબ જુનાગઢ જિલ્લા પંચાયતની બચત રૂા.૮,૧૩,૪૧૦/- બતાવી છે. જિલ્લા પંચાયતમાં બચત રકમ સરકારમાં જમા કરાવવાની હોય છે પરંતુ જિલ્લા પંચાયત, જુનાગઢએ બચત જમા કરાવેલ નથી. આ અંગે જિલ્લા પંચાયત જુનાગઢમાં તા.૨૦/૦૨/૨૦૦૭ના રોજ લાગેલ આગ અકસ્માતમાં સમાજ કલ્યાણ શાખા તથા હિસાબી શાખા બંનેનું તા.૨૦/૦૨/૨૦૦૭ સુધીનું રેકર્ડ નાશ પામેલ છે, તેવુ કલેક્ટરશ્રી જુનાગઢ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી જુનાગઢનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવેલુ હતુ પરંતુ આ અંગે સમિતિએ બીજા બધા પાસે રેકર્ડ હોવાથી ખરાઈ કરીને બચત રકમ જમા કરવા જણાવેલ છે. જે અંગે સ્પષ્ટતા કરતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી જુનાગઢ જણાવે છે કે, હિસાબી શાખાના રેકર્ડ પરથી જ ખરાઈ તથા મેળવણુ કરીને બચત રકમ જમા કરાવવાની કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ હિસાબી શાખા પાસે તા.૨૦/૦૨/૨૦૦૭ સુધીનું રેકર્ડ આગમાં નાશ પામેલ છે. ઉક્ત બાબતે સદરહું રકમ રૂા.૮,૧૩,૪૧૦/- આગામી જિલ્લા પંચાયત, જુનાગઢની સામાન્ય સભાની મંજૂરી મેળવીને સ્વભંડોળમાંથી સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે.

વધુમાં, સમિતિની બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી હાજર રહી શકે તેમ ના હોય તો સમિતિના પ્રમુખશ્રી ની પરવાનગી માંગવામાં આવે તેમજ તેમના વતી અન્ય અધિકારી ને હાજર રાખવા માંગતા હોય તો સમિતિની અગાઉથી પરવાનગી મેળવવામાં આવે. આ અંગે સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને અત્રેથી તા.૦૫/૦૬/૨૦૧૭ના પરીપત્રથી જાણ કરવામાં આવેલ છે.

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧.૨.૩, અહેવાલ ભલામણ ક્રમાંક : ૨૦

આ કિસ્સામાં યોગ્ય રીતે રીવ્યુ થયો હોય તેમ જણાતુ નથી. અતિખર્ચ કરી દેવામાં આવે છે અને દસ દસ વર્ષ સુધી રેગ્યુલરાઇઝ થાય નહી તે ગંભીર બાબત છે. યોગ્ય કારણસર અતિખર્ચ કરવામાં આવેલ હોય તો તેને રેગ્યુલરાઇઝ કરવો જોઇએ. પરંતુ બિનજરૂરી જો અતિખર્ચ કરવામાં આવ્યો હોય તો તે અંગે સબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવી જોઇએ. સમિતિ ભલામણ કરે છે કે ગ્રાન્ટની મર્યાદા બહાર ખર્ચ કરવામાં ન આવે તે માટે તંત્ર દ્વારા કોઇ વ્યવસ્થા ગોઠવવામાં આવે જેથી ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય.

<u>સરકારે લીધેલ પગલાં</u>

ઓડીટના જણાવ્યા અનુસાર સને ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીના ગાળા દરમિયાન સમાજ કલ્યાણ ખાતાને લગતો કુલ રૂા.૨,૯૪,૮૮,૭૦૭/-નો વધારાનો ખર્ચ સરકારી ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ હતો. જેમાં સુરેન્દ્રનગર, અમરેલી, કચ્છ-ભૂજ, જામનગર, વડોદરા, ભરૂચ અને મહેસાણા જિલ્લાની જિલ્લા પંચાયતની સમાજ કલ્યાણ શાખા સબંધિત રૂા.૨,૯૪,૮૮,૭૦૭/- અતિ ખર્ચ થયેલ છે. જે બાબતે સંબંધિત જિલ્લા પંચાયત તરફથી મળેલ ખુલાસા નીચે મુજબ છે.

(૧) <u>જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર તરફથી મળેલ ખુલાસા મુજબ</u>,

જિલ્લા પંચાયત સુરેન્દ્રનગરની સમાજ કલ્યાણ શાખાની વર્ષ ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીમાં થયેલ અતિખર્ચ રૂા.૩૯,૬૦,૯૭૫/- છે. જે અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્પષ્ટતા કરતા જણાવે છે કે, જિલ્લા પંચાયતના સ્વભંડોળની નાણાંકીય સ્થિતિ સારી ન હોવાથી આ રકમ સરભર થઈ શકે તેમ નથી તેમજ ભુકંપના કારણે રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ, કચેરીએ ક્યારે અને કયા હેડે કેટલો અતિખર્ચ થયેલ છે તે જાણવું ખુબ જ મુશ્કેલ છે તથા આ સમયગાળા દરમિયાનના તમામ અધિકારીશ્રીઓ હાલ નિવૃત્ત થયેલ હોઇ તેમની જવાબદારી નક્કી થઈ શકે તેમ ન હોઇ હવે પછી અતિખર્ચ ન થાય તેની તકેદારી રાખવામાં આવશે અને જરૂરીયાત જણાશે તો પુર્વમંજૂરી લઈને ખર્ચ કરવામાં આવશે.

(૨) <u>જિલ્લા પંચાયત, અમરેલી તરફથી મળેલ ખુલાસા મુજબ</u>,

જિલ્લા પંચાયત અમરેલીની સમાજ કલ્યાણ શાખાની વર્ષ ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીમાં થયેલ અતિખર્ચ રૂા.૬,૦૭,૨૩૫/- છે. જે અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્પષ્ટતા કરતા જણાવે છે કે જિલ્લા પંચાયતના સ્વભંડોળની નાણાંકીય સ્થિતિ સારી ન હોવાથી આ રકમ સરભર થઈ શકે તેમ નથી તેમજ શાખાનું મકાન છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન ચાર થી પાંચ જગ્યાએ સ્થળાંતર કરેલ હોઈ, કયા હેડે કેટલો અતિખર્ચ થયેલ છે તે રેકર્ડ ન મળવાને કારણે મુશ્કેલ છે તથા આ સમયગાળા દરમિયાનના તમામ અધિકારીશ્રીઓ હાલ નિવૃત્ત થયેલ હોઇ તેમની જવાબદારી નક્કી થઈ શકે તેમ ન હોઇ હવે પછી અતિખર્ચ ન થાય તેની તકેદારી રાખવામાં આવશે. આ વર્ષ બાદ જિલ્લા પંચાયત અમરેલીનો કોઇ અતિખર્ચ થવા પામેલ નથી અને જરૂર જણાયે પુર્વ મંજુરી લઈને જ ખર્ચ કરવામાં આવશે તેમ જણાવેલ છે.

(૩) <u>જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ તરફથી મળેલ ખુલાસા મુજબ</u>,

જિલ્લા પંચાયત, કચ્છ-ભુજની સમાજ કલ્યાણ શાખાની વર્ષ ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીમાં થયેલ અતિખર્ચ રૂા.૨૮,૪૧,૪૪૩/- છે. જે અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્પષ્ટતા કરતા જણાવે છે કે, જિલ્લા પંચાયતના સ્વભંડોળની નાણાંકીય સ્થિતિ સારી ન હોવાથી આ રકમ સરભર થઈ શકે તેમ નથી. તેમજ સને ૨૦૦૧માં આવેલ ભુકંપને કારણે રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ, ક્યારે અને કયા હેડે કેટલો અતિખર્ચ થયેલ છે તે જાણવું મુશ્કેલ છે તથા આ સમયગાળા દરમિયાનના તમામ અધિકારીશ્રીઓ હાલ નિવૃત્ત થયેલ હોઇ તેમની જવાબદારી નક્કી થઈ શકે તેમ ન હોઇ હવે પછી અતિખર્ચ ન થાય તેની તકેદારી રાખવામાં આવશે અને જરૂર જણાયે પુર્વ મંજુરી લઈને જ ખર્ચ કરવામાં આવશે તેમ જણાવેલ છે.

(૪) <u>જિલ્લા પંચાયત, જામનગર તરફથી મળેલ ખુલાસા મુજબ</u>,

જિલ્લા પંચાયત, જામનગરની સમાજ કલ્યાણ શાખાની વર્ષ ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીમાં થયેલ અતિખર્ચ રૂા.૭૦૦૦/- છે. જે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જામનગરના આદેશ નં.સક/પ/વર્ક/૪૨૮/૨૦૧૧, તા.૧૦/૦૨/૨૦૧૧થી સ્વભંડોળ સદરેથી ઉધારી રૂા.૭૦૦૦/-, તા.૧૯/૦૨/૨૦૧૧ના રોજ સરભર કરવામાં આવેલ છે. જેના આદેશો તથા ચલણની નકલ જિલ્લા પંચાયત ખાતે રેકર્ડ પર રાખેલ છે.

(૫) <u>જિલ્લા પંચાયત, વડોદરા તરફથી મળેલ ખુલાસા મુજબ</u>,

જિલ્લા પંચાયત, વડોદરાની સમાજ કલ્યાણ શાખાની વર્ષ ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીમાં થયેલ અતિખર્ચ રૂા.૯૦,૫૫,૫૬૭/- છે. જે અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્પષ્ટતા કરતા જણાવે છે કે, જિલ્લા પંચાયતના સ્વભંડોળની નાણાંકીય સ્થિતિ સારી ન હોવાથી આ રકમ સરભર થઈ શકે તેમ નથી. તેમજ જિલ્લા પંચાયતનું બિલ્ડીંગ પણ બદલાયેલ હોવાથી જુનુ રેકર્ડ પણ આઢળ થતુ નથી. તેથી કચેરીએ ક્યારે અને કયા હેડે કેટલો અતિખર્ચ થયેલ છે તે જાણવું ખુબ જ મુશ્કેલ છે તથા આ સમયગાળા દરમિયાનના તમામ અધિકારીશ્રીઓ હાલ નિવૃત્ત થયેલ હોઇ તેમની જવાબદારી નક્કી થઈ શકે તેમ નથી. તેથી હવે પછી અતિખર્ચ ન થાય તેની તકેદારી રાખવામાં આવશે અને જરૂરીયાત જણાશે તો પુર્વ મંજૂરી લઈને જ ખર્ચ કરવામાં આવશે.

(૬) <u>જિલ્લા પંચાયત ભરૂચ તરફથી મળેલ ખુલાસા મુજબ</u>,

જિલ્લા પંચાયત, ભરૂચની સમાજ કલ્યાણ શાખાની વર્ષ ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીમાં થયેલ અતિખર્ચ રૂા.૪,૮૬,૫૫૬/- છે. જે અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્પષ્ટતા કરતા જણાવે છે કે ભરૂચ જિલ્લા પંચાયતની સમાજ કલ્યાણ શાખાનું વર્ષ ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીમાં થયેલ અતિખર્ચ રૂા.૪,૮૬,૫૫૬/- છે, જે જિલ્લા પંચાયતના સ્વભંડોળની નાણાંકીય સ્થિતિ સારી ન હોવાથી આ રકમ સરભર થઈ શકે તેમ નથી. તેમજ ઉપરોક્ત રેકર્ડ ૨૫ થી ૫૦ વર્ષ જુનુ હોઈ, આ રેકર્ડ ઉપલબ્ધ ન હોઇ કચેરીએ ક્યારે અને કયા હેડે કેટલો અતિખર્ચ થયેલ છે તે જાણવું ખુબ જ મુશ્કેલ છે તથા આ સમયગાળા દરમિયાનના તમામ અધિકારીશ્રીઓ હાલ નિવૃત્ત થયેલ હોઇ

તેમની જવાબદારી નક્કી થઈ શકે તેમ નથી. તેથી હવે પછી અતિખર્ચ ન થાય તેની તકેદારી રાખવામાં આવશે અને જરૂરીયાત જણાશે તો પુર્વ મંજૂરી લઈને જ ખર્ચ કરવામાં આવશે.

(૭) <u>જિલ્લા પંચાયત મહેસાણા તરફથી મળેલ ખુલાસા મુજબ</u>,

જિલ્લા પંચાયત મહેસાણાની સમાજ કલ્યાણ શાખાની વર્ષ ૧૯૬૮-૬૯થી ૧૯૯૮-૯૯ સુધીમાં થયેલ અતિખર્ચ રૂા.૧,૨૫,૨૯,૯૩૧/- છે. જે અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્પષ્ટતા કરતા જણાવે છે કે, ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ તથા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત ન રહે તે હેતુથી અતિખર્ચ થયેલ હોઇ, આવા અતિખર્ચની રકમનો ખર્ચ જિલ્લા પંચાયત સ્વભંડોળમાં પડી શકે નહીં. ઉપરાંત સ્વભંડોળની આવક સીમિત હોઇ સદર અતિ ખર્ચની રકમનો ખર્ચ જિલ્લા પંચાયત સ્વભંડોળમાં પાડવામાં આવે તો જિલ્લા પંચાયતની નાણાંકીય સ્થિતિને અસર પડવા સંભવ હોઇ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૧ના પત્રથી સુચવ્યા મુજબની રકમની ગ્રાંટ મળવા અંગેની દરખાસ્ત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલી આપવા કારોબારી સમિતિએ ઠરાવેલ છે.

## <u>પરિશિષ્ટ-૮</u>

## આદિજાતિ વિકાસ વિભાગ

**લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૮.૧, અહેવાલ ભલામણ ક્રમાંક : ૨૧**

નાયબ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ દ્વારા જણાવવામાં આવ્યું હોવા છતાં બેવડી ચૂકવણી કરવામાં આવેલ છે. આ માટે જવાબદાર શ્રી પી. કે. ગોહિલ, તત્કાલિન સમાજ કલ્યાણ અધિકારી અને શ્રી એમ. એસ. પટેલ, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧ની સામે આટલો લાંબો સમય પસાર થયો હોવા છતાં કોઇ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી ન હોવાથી સમિતિને આશ્ચર્ય થયું હતું અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં લાપરવાહી દાખવવામાં આવી હોવાનું સમિતિ માને છે. આથી આ કિસ્સામાં જવાબદાર અધિકારીઓ સામે અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવા તેમજ સંસ્થા પાસેથી વસુલાત કરવાની થતી રકમ વસુલાત કરવા અને તે અંગેની જાણ સમિતિને કરવા સમિતિ ભલામણ કરે છે.

**સરકારે લીધેલ પગલાં**

પંચાયતી રાજ સમિતિના અહેવાલમાં ઉલ્લેખિત સર્વ અધિકારી શ્રી પી. કે. ગોહિલ તથા શ્રી એમ. એસ. પટેલને ‘ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તેમ તાકીદ કરી, અનુક્રમે નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ તથા સંયુક્ત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પ્રકરણ બંધ કરેલ છે. બેવડી ચૂકવાયેલ રૂા.૪,૫૦,૦૬૨/-ની રકમ પૈકી રૂા.૪,૧૭,૦૦૦/-ની વસૂલાત ફેબ્રુઆરી-૨૦૧૯ સુધીમાં તથા બાકીની રકમ રૂા.૩૩,૦૬૨/-ની વસૂલાત તા.૦૭/૦૮/૨૦૧૯ના રોજ કરવામાં આવેલ છે. આમ, પૂરેપૂરી રકમની વસૂલાત કરવામાં આવેલ છે. (પત્રક-૭ અને ૮)

**પત્રક-૭**

ખાનગી (રજી. એડી)

નં. અજાક/મકમ/૩/તપસ/૯૦૧૩-૧૫/૨૦૦૯/ક
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા.૦૬/૧૦/૨૦૦૯

યાદી:-

આથી, શ્રી પી. કે. ગોહિલ, હાઉસ માસ્ટર સરકારી કુમાર છાત્રાલય, ભાવનગર જ્યારે તા.૧૮/૬/૯૬થી તા.૨૫/૫/૯૭ સુધી સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત, જુનાગઢ તરીકે ફરજો બજાવતા હતા ત્યારે આદિવાસી કુમાર છાત્રાલય,તાલાલાને ચુકવાયેલ મકાન બાંધકામ અંગેની વ્યાજ સહિતની રકમ રૂા.૨,૨૧,૭૦૩/-ની વસુલાત કરવામાં શિથિલતા દાખવવા સબબ આ કચેરીની તા.૧/૭/૦૪ની યાદી નં. અજાક/પરસ/૩/૨૦૦૪-૦૫/જ/૩૬૧૫-૧૭ અંગે તા.૪/૮/૦૪ના પત્રથી કરેલ ખુલાસા અન્વયે આદિજાતિ વિકાસ ખાતા તરફથી તા.૨૭/૫/૦૯ના પત્ર નં. આવિ/મકમ/૩/ફા.નં.૯૫૩/૨૦૦૯/૪૮૭૯થી જવાબદાર હોવાનો અભિપ્રાય આપેલ છે.

સંસ્થા પાસેથી રૂા.૨,૨૧,૭૦૩/- વસુલાત કરવાની થતી હતી. જેની વસુલાત કરવામાં આવેલ હોવાથી ઓડિટ પેરા મુજબની રકમ સંસ્થા પાસેથી વ્યાજ સહિત વસુલાત થઈ ગયેલ હોઇ, શ્રી પી. કે. ગોહિલ, હાલ હાઉસ માસ્ટર, સરકારી કુમાર છાત્રાલય, ભાવનગરને ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા તાકીદ આપવામાં આવે છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ
શ્રી પી. કે. ગોહિલ, હાઉસ માસ્ટર,
સરકારી કુમાર છાત્રાલય, ભાવનગર જિ. ભાવનગર.

નકલ રવાના-

(૧) હિસાબી અધિકારીશ્રી, જ-શાખા, વડી કચેરી, ગાંધીનગર

નકલ સવિનય રવાના – (જાણ અર્થે)

(૧) ઉપ સચિવશ્રી, સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, જ-શાખા, સચિવાલય, ગાંધીનગર.

પત્રક-૮

ખાનગી        આર.પી.એડી.

ક્રમાંક : તપસ-૧૩૦૯-ખા.૧૩૬-જ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૧૧/૨૦૦૯

યાદીઃ-

આથી, શ્રી એમ. એસ. પટેલ, હાલ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, પાટણ જયારે તા.૨૯/૫/૯૭થી તા.૨૭/૫/૯૯ સુધી તત્કાલિન સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત જુનાગઢ તરીકે ફરજો બજાવતા હતા ત્યારે આદિવાસી કુમાર છાત્રાલય તલાલાને ચુકવાયેલ મકાન બાંધકામ અંગેની રકમ વ્યાજ સહીતની રકમ રૂા.૨,૨૧,૭૦૩/-ની વસુલાત કરવામાં શિથિલતા દાખવવા સબબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની તા.૧-૭-૦૪ની યાદી ક્રમાંકઃ-અજાક/પરસ/૩/૨૦૦૪-૦૫/જ/૩૬૧૨-૧૪થી ખુલાસા માંગવામાં આવેલ જે અંગે તેઓએ તા.૯/૮/૦૪ના પત્રથી કરેલ ખુલાસા અન્વયે આદિજાતિ વિકાસ ખાતા તરફથી તા.૨૭/૫/૦૯ના પત્ર નં.આવિ/મકમ/૩/ફા.નં.૯૫૩/૨૦૦૯/૪૮૭૯થી જવાબદાર હોવાનો અભિપ્રાય આપેલ છે.

સંસ્થા પાસેથી રકમ રૂા.૨,૨૧,૭૦૩/- વસુલાત કરવાની થતી હતી જેની વસુલાત કરવામાં આવેલ હોવાથી ઓડિટ પેરા મુજબની રકમ સંસ્થા પાસેથી વ્યાજ સહિત વસુલાત થઇ ગયેલ હોઇ શ્રી એમ. એસ. પટેલ, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, પાટણને ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા “તાકીદ” કરવામાં આવે છે.

(શામજીભાઈ પટેલ)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
શ્રી એમ. એસ. પટેલ
જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, પાટણ.

નકલ રવાનાઃ-

નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સીલેકટ ફાઇલ

પરિશિષ્ટ-૯

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

### લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૧૧.૪ અને ૧૧.૬, અહેવાલ ભલામણ ક્રમાંક : ૨૨

સમિતિ એમ માને છે કે, ઓડિટ દ્વારા કરવામાં આવેલ વાંધાઓ બાબતે વિભાગ કે જિલ્લા પંચાયત દ્વારા સબંધિત અધિકારી/કર્મચારી નિવૃત્ત થઇ જાય કે અવસાન થઇ જાય ત્યાં સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. સંબંધિત અધિકારી/કર્મચારી નિવૃત્ત થઇ ગયા હોય કે અવસાન થયું હોય તો જણાવવામાં આવે કે, આટલાં વર્ષ નિવૃત્તિને થયા કે અવસાનને થયા છે. એટલે કોઇ શિક્ષાત્મક કાર્યવાહી કરી શકાય તેમ નથી. આ અંગે સમિતિ નારાજગી વ્યક્ત કરે છે અને ઓડિટના વાંધા આવ્યા બાદ તુરત જ શિક્ષાત્મક કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. જિલ્લા પંચાયત રાજકોટ દ્વારા શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે કરવામાં આવેલ દરખાસ્ત વિભાગમાં કે કમિશનરશ્રી આરોગ્યમાં મળતી નથી તે બાબતે ખૂબ ગંભીર છે. આ અંગેની તપાસ કરવામાં આવે તેમજ આ સંબંધમાં તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવા અને સમિતિને તેની જાણ કરવા ભલામણ કરવામાં આવે છે.

જિલ્લા પંચાયત, રાજકોટમાં જે તે સમયે ફરજ બજાવતાં અધિકારી/કર્મચારી હતાં અને તેઓની સામે કોઇ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ નથી તે બાબત યોગ્ય નથી આથી જે તે સમયના જવાબદાર જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે સબંધિત અધિકારીઓ/કર્મચારીઓની જવાબદારી નકકી કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

### સરકારે લીધેલ પગલાં

સમિતિની બેઠક વખતે થયેલ ચર્ચા મુજબ વિભાગના અધિકારીઓએ જવાબ આપેલ હતો કે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/03/૨૦૦3ના પત્રથી જે-તે અધિકારીને અંશત: જવાબદાર ગણવામાં આવેલ છે અને તે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અહેવાલ સભાગૃહમાં રજૂ થયા

તા.૧૩/૦૨/૨૦૨૪

# પંચાયતી રાજ સમિતિ

## ચોથો અહેવાલ

## પંદરમી ગુજરાત વિધાનસભા

(તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ચોથા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં ઉપરનો અહેવાલ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન,
સેકટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૩-૨૦૨૪)

### પ્રમુખશ્રી

શ્રી પંકજભાઇ દેસાઇ

### સભ્યશ્રીઓ

શ્રી પ્રધુમનસિંહ જાડેજા

ગેનીબેન ઠાકોર

શ્રી કરશનભાઇ સોલંકી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી દેવાભાઇ માલમ

શ્રી ભીખાભાઇ બારૈયા

શ્રી ગુલાબસિંહ ચૌહાણ

શ્રીમતી નિમિષાબેન સુથાર

શ્રી ફતેસિંહ ચૌહાણ

શ્રી અક્ષયકુમાર પટેલ

ડાૅ. દર્શના દેશમુખ(વસાવા)

શ્રી ઇશ્વરભાઇ પરમાર

શ્રી મોહનભાઇ ઢોડિયા

શ્રી ભરતભાઇ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ. પટેલ, સચિવ

ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ

શ્રી મેરામણ કરંગિયા, નાયબ સચિવ

શ્રીમતી નેહા કે. સુથાર, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર એસ. પ્રજાપતિ, શાખા અધિકારી

શ્રી નિસર્ગ મોડિયા, શાખા અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૨-૨૦૨૩)

**પ્રમુખશ્રી**

શ્રી મહેશકુમાર રાવલ

**સભ્યશ્રીઓ**

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી.એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૦૨૨)

(તા.૧૧-૧૦-૨૦૨૧ થી)

### પ્રમુખશ્રી

શ્રી મહેશકુમાર રાવલ

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી વાસણભાઈ આહિર

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી ઈશ્વરસિંહ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ. પટેલ, સચિવ

શ્રી એમ. એચ. કરંગીયા, નાયબ સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૦૨૨)

(તા.૧૦/૧૦/૨૦૨૧ સુધી)

### પ્રમુખશ્રી

શ્રી કિરીટસિંહ રાણા

### સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી મહેશકુમાર પટેલ

શ્રી ઋષિકેશ પટેલ

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી કાંતિભાઈ સોઢાપરમાર

શ્રી જિગ્નેશકુમાર સેવક

શ્રી અભેસિંહ તડવી

શ્રીમતી સીમાબેન મોહિલે

શ્રી પ્રેમસિંહભાઈ વસાવા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી વિજયભાઈ પટેલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૨૦-૨૦૨૧)

**પ્રમુખશ્રી**

શ્રી ગોવિંદભાઈ પટેલ

**સભ્યશ્રીઓ**

ગેનીબેન ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી ઋત્વિકભાઈ મકવાણા

શ્રી લલિતભાઈ કગથરા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી કેસરીસિંહ સોલંકી

શ્રી રમેશભાઈ કટારા

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા

શ્રી અરૂણસિંહ રણા

શ્રી મુકેશભાઈ પટેલ

શ્રી આનંદભાઈ ચૌધરી

શ્રીમતી ઝંખનાબેન પટેલ

શ્રી ભરતભાઈ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૧૯-૨૦૨૦)

**પ્રમુખશ્રી**

શ્રી રમણભાઈ પટેલ

**સભ્યશ્રીઓ**

શ્રી કાન્તીભાઈ ખરાડી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર

શ્રી સુરેશભાઈ પટેલ

શ્રી બાબુભાઈ પટેલ

શ્રી મહમદજાવીદ પીરઝાદા

શ્રી ભીખાભાઈ જોષી

શ્રી હર્ષદકુમાર રીબડીયા

શ્રી દેવાભાઈ માલમ

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી જેઠાભાઈ આહિર (ભરવાડ)

શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ

શ્રી સુખરામભાઈ રાઠવા

શ્રી મોહનભાઈ ઢોડિયા

શ્રી પુનાભાઈ ગામીત

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મુકેશ મહેતા, નાયબ સચિવ

શ્રી હર્ષિલ પટેલ, ઉપસચિવ

શ્રી નિસર્ગ મોડિયા, સેક્શન અધિકારી

## પંચાયતી રાજ સમિતિ

(સન ૨૦૧૪-૨૦૧૫)

**પ્રમુખશ્રી**

શ્રી ચીમનભાઇ શાપરીઆ

**સભ્યશ્રીઓ**

ડૉ. નીમાબેન આચાર્ય

શ્રી કેશાજી ચૌહાણ

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી અશ્વિન કોટવાલ

શ્રી શંભુજી ઠાકોર

શ્રી કાંતિભાઇ અમૃતિયા

* શ્રી જેઠાભાઇ સોલંકી

શ્રી કેશુભાઇ નાકરાણી

શ્રી રાજેંદ્રસિંહ પરમાર

શ્રી નટવરસિંહ ઠાકોર

શ્રી માનસિંહ ચૌહાણ

પ્રો. હિરાભાઇ હ. પટેલ

શ્રી અજયકુમાર ચોક્સી

શ્રી રમણલાલ પાટકર

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી એસ. એમ. મેમણ, નાયબ સચિવ

શ્રી હિમાંશુ જાની, સેક્શન અધિકારી

શ્રી ડી. આર. પરમાર, સેક્શન અધિકારી

* તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજ સંસદીય સચિવ તરીકે નિમણૂક થતાં ગુજરાત વિધાનસભાના નિયમ-૧૯૭(૨)ના પરંતુક અન્વયે સમિતિના સભ્ય ગણાતાં બંધ થયા.

# <u>અનુક્રમણિકા</u>


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧૦ થી ૧૧ |
| ૨ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૨ થી ૩૯ |
| ૩ | કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ | |
| ૪ | શિક્ષણ વિભાગ | |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | |
| ૬ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | |
| ૭ | આદિજાતિ વિકાસ વિભાગ | |
| ૮ | મહેસૂલ વિભાગ | |
| ૯ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૦ થી ૪૪ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૪૫ થી ૫૦ |
| ૧૨ | શિક્ષણ વિભાગ | ૫૧ થી ૫૪ |

# અહેવાલ

પ્રાસ્તાવિક

હું, પંચાયતી રાજ સમિતિનો પ્રમુખ, તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલા પગલાં ઉપર સમિતિનો પંદરમી ગુજરાત વિધાનસભાનો ચોથો અહેવાલ રજુ કરુ છું.

૨. તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ જિલ્લા અને તાલુકા પંચાયતોના સન ૧૯૯૯-૨000થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના ઓડિટ અહેવાલો તપાસીને તેના ઉપરનો સમિતિનો ચોથો અહેવાલ તા.૧૬-૦૩-૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજુ કર્યો હતો. તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ચોથા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર વિભાગો દ્વારા મોકલવામાં આવેલ પગલાંના પત્રકોની (જુઓ પરિશિષ્ટ-૧ થી ૧૦) સમિતિએ નીચે કોષ્ટકમાં દર્શાવેલ તારીખના રોજ સંબંધિત વિભાગની તપાસ કરી હતી.

| ક્રમ | વિભાગનું નામ | સમિતિએ તપાસ કર્યા તારીખ | પરિશિષ્ટ નંબર |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગ | તા.૧૫-૧૦-૨૦૧૯ | પરિશિષ્ટ-૧ અને ૪ |
| ૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | તા.૧૫-૧૦-૨૦૧૯ | પરિશિષ્ટ-૧ |
| ૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | તા.૦૫-૧૧-૨૦૧૯ | પરિશિષ્ટ-૧ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | તા.૧૭-૧૨-૨૦૧૯ | પરિશિષ્ટ-૧ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | તા.૩૧-૧૨-૨૦૧૯ | પરિશિષ્ટ-૧ |
| ૬ | આદિજાતિ વિકાસ વિભાગ | તા.૨૧-૦૧-૨૦૨૦ | પરિશિષ્ટ-૧ |
| ૭ | માર્ગ અને મકાન વિભાગ | તા.૨૯-૦૬-૨૦૨૧ | પરિશિષ્ટ-૩ |
| ૮ | મહેસૂલ વિભાગ | તા.૨૦-૦૭-૨૦૨૧ | પરિશિષ્ટ-૧ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | તા.૧૬-૧૧-૨૦૨૧ | પરિશિષ્ટ-૨ |
| ૧૦ | કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ | તા.૨૯-૧૧-૨૦૨૧ | પરિશિષ્ટ-૧ |

૩.	તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે લીધેલા પગલાં પરનો અહેવાલ સમિતિએ તેની તા.૦૮-૦૨-૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં ચર્ચા કરીને મંજૂર કર્યો હતો.

૪.	તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ તેના ચોથા અહેવાલમાં કુલ-૧૦ વિભાગોને અલગ-અલગ ભલામણો કરી હતી. સમિતિની ભલામણો ઉપર સરકારના સંબધિત વિભાગોએ લીધેલા પગલાંથી સમિતિને મહદઅંશે સંતોષ થયો છે. તેથી ઉક્ત અહેવાલની ભલામણો સંબધમાં વિભાગોએ આપેલ ખુલાસાઓ/પગલાંઓ પર સમિતિએ કોઈ ટીકા કરવાની રહેતી નથી. પરંતું સમિતિએ પગલાંના પત્રકોની તપાસ વખતે ભલામણો ઉપર વિભાગને જો કોઇ કાર્યવાહી કરવા અથવા તે સંબંધમાં વધું પગલાં ભરવા જણાવેલ હોય અથવા વધારાની માહિતી માંગેલ હોય તો તે સંબંધમાં સંબંધિત વિભાગોએ જરૂરી  કાર્યવાહી કરવાની રહેશે.

૫.	સમિતિને તપાસ માટેનું સાહિત્ય મોકલવામાં વિભાગોએ ખૂબ જ ઢીલ કરી હોવાથી સમિતિ આ અંગે સખત નારાજગી વ્યક્ત કરે છે. અને ભવિષ્યમાં સમિતિને નિયત સમય-મર્યાદામાં સાહિત્ય મળી જાય તે માટેની કાળજી રાખવા સમિતિ તમામ વિભાગોને જણાવે છે.

૬.	નાણા વિભાગના અધિકારીઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ, સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષક અને ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ કિંમતી સહાય માટે સમિતિ તેમનો આભાર માને છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,<br>ગાંધીનગર,<br>તા.૧૩-૦૨-૨૦૨૪

પંકજભાઈ દેસાઇ<br>પ્રમુખ,<br>પંચાયતી રાજ સમિતિ

## પરિશિષ્ટ-૧

### ભલામણ ક્રમાંક-૧

### અગાઉ થયેલ અતિ ખર્ચ

સમિતિને લાગે છે કે, ફકત પરિપત્ર કરી દેવો પૂરતું નથી પરિપત્રનો બરાબર અમલ થાય છે કે કેમ? તેની તકેદારી રાખવા માટે કોઈ ચોકકસ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. આથી આ બાબતમાં નિશ્ચિત સમયાંતરે મોનિટરીંગ કરવાની વ્યવસ્થા કરી અતિ ખર્ચમાં વધારો ન થાય તે સુનિશ્ચિત કરવા તથા હવે પછી જો અતિ ખર્ચ થાય તો તેના માટે સંબંધિત અધિકારીની જવાબદારી ઠરાવવા સમિતિ ભલામણ કરે છે. આ બાબતમાં તાત્કાલિક જરૂરી હુકમો કરી સમિતિને તેની જાણ કરવા સમિતિ ભલામણ કરે છે. તદ્ઉપરાંત ઉપર દર્શાવ્યા મુજબ પાછલા વર્ષનો જે અતિ ખર્ચનો ઓડિટ અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તે પણ વહેલી તકે સરભર કરી દેવા સમિતિ આથી ભલામણ કરે છે.

### બાકી ઓડીટ વસૂલાત

હવે પછી વસુલાત સબંધમાં ઓડિટ દ્વારા ધ્યાન દોરવામાં આવે કે તરત જ વસૂલાત અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવે અને આ માટે ચોક્કસ સમયમર્યાદા ઠરાવવા અને તે સમયમર્યાદામાં આવી વસુલાત ન થાય તો તેના માટે સબંધિત અધિકારીઓની જવાબદારી નિશ્ચિત કરવા સમિતિ ભલમણ કરેલ છે. વધુમાં અગાઉના વર્ષોની આવી વસુલાત બાકી રહેવા પામેલ છે તે માટે એક વસૂલાત ઝુંબેશ હાથ ધરી તે વસૂલાત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા અને આવી વસૂલાત પૈકી જે કોઇ વસુલાત થઇ શકે તેમ ન હોય તો તેવા કિસ્સામાં સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષક સાથે પરામર્શ કરીને તે રકમ માંડવાળ કરવાની કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

સમિતિને લાગે છે કે ઓડિટ દ્વારા દરેક વર્ષે પોતાના અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવે છે કે, જે તે વર્ષના ઓડિટ અહેવાલમાં આવી વસૂલાતને પાત્ર રકમ પૈકી કેટલી રકમ વસુલ કરવામાં આવી અને કેટલી રકમ જે તે વર્ષ પેટે બાકી રહેવા પામેલ છે તેની કોઇ વિગતો નિભાવવામાં આવતી નથી. સમિતિને લાગે છે કે આ પરિસ્થિતિ બરાબર નથી. જે તે વર્ષના અંતે રાજ્યની બધી જ પંચાયતોની મળીને આવી કેટલી રકમ વસુલ કરવામાં આવી તથા કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે તેની અદ્યતન માહિતી રાખવી આજના ટેકનોલોજીના યુગમાં અશક્ય નથી. આથી વિકાસ કમિશનર કચેરીમાં ચીફ એકાઉન્ટ અફિસર કક્ષાએ આ બાબતનું મોનીટરીંગ રાખવા સમિતિ ભલામણ કરે છે.

બાકી ઓડીટ ફકરાઓના નિકાલ

એ સુવિદિત છે કે, વહીવટી તંત્ર વિધાનસભાની મંજૂરી વિના કોઇ ખર્ચ કરી શકતું નથી અને વિધાનસભાએ મંજૂર કરેલ નાણા તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ખર્ચાય છે કે કેમ ? તેની દેખરેખ રાખવાની મહત્વની જવાબદારી વિધાનસભાગૃહે બજાવવાની હોય છે. આ જવાબદારી નિભાવવા માટે જુદી જુદી સમિતિઓની વિધાનસભા દ્વારા રચના કરવામાં આવતી હોય છે એટલે સમિતિઓની કામગીરી કે તેની ભલામણો વિધાનસભાની કામગીરીનો જ એક ભાગ છે. આગળ જણાવ્યું તેમ સાતમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ તેના ત્રીજા અહેવાલમાં જે ભલામણ કરેલી છે તેની વહીવટી તંત્ર દ્વારા ઘોર ઉપેક્ષા કરવામાં આવી રહી છે તે બાબત અતિ ગંભીર છે. સમિતની ભલામણને ૩૦ વર્ષ જેટલો સમય થવા છતાં પરિસ્થિતિમાં સુધારો ન થાય તેને હળવાશથી લઇ શકાય નહિ તેમ સમિતિનું સ્પષ્ટ માનવું છે. આનાથી તો સમિતિને સભાગૃહનું અવમાન થતું હોય તેમ જણાય છે. સમિતિ વિભાગના પ્રતિનિધિને જરૂરી પગલાં લઇ સમિતિને તેની જાણ કરવા સૂચના આપે અને વિભાગના પ્રતિનિધિ પણ સમિતિને તેમ કરવાની ખાતરી આપે છતાં બે વર્ષ સુધી કોઇ માહિતી આપવામાં ન આવે તે હકીકત દર્શાવે છે કે વહીવટી તંત્ર સમિતિઓની અને આડકતરી રીતે વિધાનસભાગૃહની ભલામણો/સૂચનો પ્રત્યે દુર્લક્ષ જ સેવે છે. સમિતિ આ બાબતમાં સખત નારાજગી વ્યકત કરે છે. હવે આ બાબતમાં વધુ વિલંબ ન કરતા બાકી ઓડિટ ફકરાઓના નિકાલ કરવાની કામગીરી એક ઝુંબેશ તરીકે હાથ ધરી સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષકશ્રીના પરામર્શમાં રહી ઝડપથી પુરી કરવા અને જે તે વર્ષના ઓડિટ ફકરાઓનો નિકાલ પણ નિશ્ચિત સમયમર્યાદામાં કરવા અને તેની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

તા.૨૮/૧૦/૨૦૧૪ના રોજ સમિતિ સમક્ષ ઉપસ્થિત થઇને વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે આવનારા દિવસોમાં સ્પેશ્યલ ઝુંબેશ શરૂ કરીને બાકી ફકરાઓનો ઝડપથી નિકાલ થાય તેવું આયોજન કરીને સમિતિ સમક્ષ મૂકીશું. આથી આ બાબતમાં શી કાર્યવાહી કરવામાં આવી તેની પણ સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

## સરકારે લીધેલાં પગલાં

### (૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (જળ સંપત્તિ પ્રભાગ)

પંચાયતી રાજ સમિતિની ભલામણ મુજબ દરેક પંચાયતે સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોય છે. આવો અતિ ખર્ચ પંચાયતે પોતાના સ્વભંડોળમાંથી મેળવવો જોઇએ અને ત્યાર પછીના વર્ષમાં સરકારની મંજુરી મેળવીને સરકાર તરફથી ઉપલબ્ધ થતી ગ્રાન્ટ સામે સરભર કરવો જોઇએ. આ અતિ ખર્ચ સંબંધે કેટલી સરકારની મંજુરી મળેલ છે તેમજ કેટલી રકમ સ્વભંડોળમાંથી મેળવીને સરકારને રિફંડ કરવાની બાકી છે તેના અલગ હિસાબો નિભાવવા તથા દર છ માસિક ધોરણે થયેલ અતિ ખર્ચની વિગતો સંબંધિત પંચાયત સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓએ માહિતીનું પત્રક સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને મોકલી આપવાની સૂચનાઓ આ વિભાગના પરિપત્ર ક્રમાંકઃપીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૧૪-(૨૦)-આઇ, તા.૧૨/૦૯/૨૦૧૯થી તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, તમામ પંચાયત સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજેરશ્રીઓને પરિપત્રિત કરી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવેલ છે. (જુઓ પત્રક-૧)

પંચાયતી રાજ સમિતિની ભલામણ મુજબ દરેક પંચાયતે જે તે વર્ષના ઓડિટ દરમ્યાન ધ્યાને આવતી અતિ ચુકવણી, ઉચાપત, નિયમ વિરૂધ્ધની ચુકવણી વગેરેની રકમ વસૂલ કરવા અંગેની કાર્યવાહી ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી, તે સમય મર્યાદામાં આવી વસુલાત થાય તે માટે ઝુંબેશ હાથ ધરી સમય મર્યાદામાં પૂર્ણ કરી તેની વિગતો ચોક્કસ રજીસ્ટરમાં નોંધી અદ્યતન રેકર્ડ નિભાવવા તથા બાકી વસૂલાત પૈકી જે કોઇ વસુલાત થઇ શકે તેમ ન હોય તો તેવા કિસ્સામાં સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષક સાથે પરામર્શ કરીને તે રકમ માંડવાળ કરવાની કાર્યવાહી કરવા સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર ક્રમાંકઃપીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૧૪-(૨૦)-આઇ, તા.૧૨/૦૯/૨૦૧૯થી તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, તમામ પંચાયત સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજેરશ્રીઓને પરિપત્રિત કરી સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરવા જણાવેલ છે. (જુઓ પત્રક-૨)

તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલ પર પંચાયતી રાજ સમિતિની ભલામણ મુજબ ઓડિટ ફકરાઓનો સમય મર્યાદામાં નિકાલ કરવાની કાર્યવાહીમાં પંચાયતો દ્વારા ઉદાસીનતા દાખવવા બાબતે બાકી અડિટ ફકરાઓના નિકાલ કરવાની કામગીરી એક ઝુંબેશ તરીકે હાથ ધરી સ્થાનિક ભંડોળ હિસાબ, નિરીક્ષકશ્રીના પરામર્શમાં રહી ઝુંબેશ પુરી કરવા અને જે વર્ષના ઓડિટ ફકરાઓનો નિકાલ પણ નિશ્ચિત સમય મર્યાદામાં કરી અને તેની

સમિતિને જાણ કરવા અને અગાઉના વર્ષોના બાકી ઓડિટ ફકરાઓ માટે પંચાયત સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓએ માહિતીનું પત્રક દર ત્રિમાસિક ધોરણે સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને મોકલી આપવા સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર ક્રમાંકઃપીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૧૪-(૨૦)-આઇ, તા.૧૨/૦૯/૨૦૧૯થી તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, તમામ પંચાયત સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજેરશ્રીઓને પરિપત્રિત કરી સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરવા જણાવેલ છે. (જુઓ પત્રક-3)

પત્રક-૧

પંચાયતોએ સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંક: પીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૧૪-(૨૦)-આઇ
૯/૩, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૯/૨૦૧૯

પરિપત્ર:-

૧૩મી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલ પર પંચાયતી રાજ સમિતિની ભલામણ મુજબ દરેક પંચાયતે સરકાર તરફથી મળેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોય છે, અને અતિ ખર્ચ પંચાયતે પોતાના સ્વભંડોળમાંથી મેળવવો જોઇએ અને ત્યાર પછીના વર્ષમાં સરકારની મંજુરી મેળવીને સરકાર તરફથી ઉપલબ્ધ થતી ગ્રાન્ટ સામે સરભર કરવો જોઇએ. આ અતિ ખર્ચ સંબંધે સરકારની મંજુરી મેળવી પંચાયતના સ્વભંડોળમાંથી સરકારને રિફંડ કરવાની બાકી છે તેના અલગ હિસાબો નિભાવવા તથા દર છ માસિક ધોરણે થયેલ અતિ ખર્ચની વિગતો સંબંધિત પંચાયત સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓએ માહિતીનું પત્રક સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે. ભવિષ્યમાં મળેલ ગ્રાન્ટ કરતા કરેલ અતિખર્ચ બાબતે જે તે સબંધિત અધિકારી/કર્મચારીશ્રીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

ઉકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. પી. બારોટ)
ઉપસચિવ (પંચાયત)
નર્મદા, જ. સં., પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ
જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, સર્વે જિલ્લા પંચાયત
અધિક્ષક ઇજનેરશ્રીઓ,

- ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર,

- વડોદરા પંચાયત સિંચાઇ વર્તુળ, વડોદરા
- રાજકોટ પંચાયત સિંચાઇ વર્તુળ, રાજકોટ
- કચ્છ સિંચાઇ વર્તુળ, ભુજ (કચ્છ)

<u>નકલ સમાન કાર્યવાહી અર્થે રવાનાઃ-</u>

- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, પંચાયત સિંચાઇ વિભાગ, સબંધિત જિલ્લા પંચાયત

પત્રક-૨

ઓડિટ દરમ્યાન ધ્યાને આવતી અતિ ચુકવણી, ઉચાપત, નિયમ વિરૂધ્ધની ચુકવણી વગેરેની રકમ વસૂલ કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંકઃપીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૧૪-(૨૦)-આઇ
૯/૩,સરદાર ભવન, સચિવાલય,ગાંધીનગર
તા.૧૮/ ૦૯/૨૦૧૯

પરિપત્રઃ-

તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલ પર પંચાયતી રાજ સમિતિની ભલામણ મુજબ દરેક પંચાયતે જે તે વર્ષના ઓડિટ દરમ્યાન ધ્યાને આવતી અતિ ચુકવણી, ઉચાપત, નિયમ વિરૂધ્ધની ચુકવણી વગેરેની રકમ વસૂલ કરવાનું ઓડીટ દ્વારા સૂચવવામાં આવે છે. સન ૨૦૦૬-૨૦૦૭ના અંતે ઓડિટ દ્વારા સૂચવાયેલી વસૂલાતની બાકી રહેતી રકમ જિલ્લા પંચાયતોની કુલ રકમ રૂ.૫૮૦૩૩-૨૮ લાખ થવા જાય છે. વસૂલાત અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવે અને આ માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી, તે સમય મર્યાદામાં આવી વસુલાત ન થાય તો તેના માટે સંબંધિત તાબાના અધિકારીશ્રીઓની જવાબદારી નિશ્ચિત કરી અગાઉના વર્ષોની બાકી રહેવા પામેલ વસુલાતની ઝૂંબેશ હાથ ધરી સમયમર્યાદામાં પૂર્ણ કરવી. વસુલાતને પાત્ર રકમ પૈકી કેટલી રકમ વસુલ કરવામાં આવી અને કેટલી રકમ જે તે વર્ષ પેટે બાકી રહેવા પામેલ છે તેની વિગતો ચોક્કસ રજીસ્ટરમાં નોંધી અદ્યતન રેકર્ડ કચેરીઓ પાસે નિભાવવામાં આવે.

બાકી વસૂલાત પૈકી જે કોઇ વસુલાત થઇ શકે તેમ ન હોય તો તેવા કિસ્સામાં સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષક સાથે પરામર્શ કરીને તે રકમ માંડવાળ કરવાની કાર્યવાહી કરવી.

અગાઉના વર્ષોની બાકી રહેવા પામેલ વસુલાત માટે પંચાયત સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓએ માહિતીનું પત્રક દર છ-માસિક ધોરણે સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.

ઉકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. પી. બારોટ)
ઉપસચિવ (પંચાયત)
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ

**જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, સર્વે જિલ્લા પંચાયત**

**અધિક્ષક ઇજનેરશ્રીઓ,**

- ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર
- વડોદરા પંચાયત સિંચાઇ વર્તુળ, વડોદરા
- રાજકોટ પંચાયત સિંચાઇ વર્તુળ, રાજકોટ
- કચ્છ સિંચાઇ વર્તુળ, ભુજ (કચ્છ)

નકલ સમાન કાર્યવાહી અર્થે રવાનાઃ-

- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, પંચાયત સિંચાઇ વિભાગ, સબંધિત જિલ્લા પંચાયત

પત્રક-૩

બાકી ઓડિટ ફકરાઓના નિકાલ કરવા ઝુંબેશ
હાથ ધરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંકઃપીઆરસી-૨૦૧૭-ગુ.વિ.સ.૧૪-(૨૦)-આઇ
૯/૩,સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/ ૦૯/૨૦૧૯

પરિપત્રઃ-

તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલ પર પંચાયતી રાજ સમિતિની ભલામણ મુજબ ઓડિટ ફકરાઓનો સમય મર્યાદામાં નિકાલ કરવાની કાર્યવાહીમાં પંચાયતો દ્વારા ઉદાસીનતા દાખવવા બાબતે અવલોકન કરવામાં આવેલ છે અને વર્ષો વર્ષ નિકાલ બાકી ઓડિટ ફકરાઓની સંખ્યા વધતી જ જવા પામી છે. વહીવટી તંત્ર વિધાનસભાની મંજૂરી વિના કોઇ ખર્ચ કરી શકતું નથી અને વિધાનસભાએ મંજૂર કરેલ નાણા તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ખર્ચાય છે તેની દેખરેખ રાખવાની મહત્વની જવાબદારી નિભાવવા માટે જુદી જુદી સમિતિઓની વિધાનસભા દ્વારા રચના કરવામાં આવતી હોય છે. એટલે સમિતિઓની કામગીરી કે તેની ભલામણો વિધાનસભાની કામગીરીનો જ એક ભાગ છે. ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિએ તેના ત્રીજા અહેવાલમાં જે ભલામણ કરેલી છે તેની વહીવટી તંત્ર દ્વારા કરાતી ઘોર ઉપેક્ષા અતિ ગંભીર બાબત હોઇ હળવાશથી લઇ શકાય નહિ અને આ બાબત સમિતિ અને સભાગૃહના અવમાન સમાન છે. વહીવટી તંત્ર સમિતિઓની અને આડકતરી રીતે વિધાનસભા ગૃહની ભલામણો/સૂચનો પ્રત્યે દુર્લક્ષ ન સેવી, વધુ વિલંબ ન કરતા બાકી ઓડિટ ફકરાઓના નિકાલ કરવાની કામગીરી એક ઝુંબેશ તરીકે હાથ ધરી સ્થાનિક ભંડોળ હિસાબ, નિરીક્ષકશ્રીના પરામર્શમાં રહી ઝુંબેશ પુરી કરવા અને જે વર્ષના ઓડિટ ફકરાઓનો નિકાલ પણ નિશ્ચિત સમય મર્યદામાં કરી અને તેની સમિતિને જાણ કરવા અને અગાઉના વર્ષોના બાકી ઓડિટ ફકરાઓ માટે પંચાયત સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓએ માહિતીનું પત્રક દર ત્રિમાસિક ધોરણે સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વિગતોથી વાકેફ કરવાનું રહેશે.

ઉકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. પી. બારોટ)
ઉપસચિવ (પંચાયત)
નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ
જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા પંચાયત

## (૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

૧. અતિખર્ચ પગાર ભથ્થાંઓના સ્થાયી ખર્ચના કારણે થવા પામેલ છે. જે પછીના વર્ષની ગ્રાંટ ચુકવણા સમયે સરભર કરવામાં આવેલ છે.

૨. ઓડીટ વસુલાત અંગે સમયાંતરે પત્ર દ્વારા તેમજ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (પંચાયત) સાથે રીવ્યુ મીટીંગ યોજવામાં આવેલ છે અને વસુલાત માટે તાકીદ કરવામાં આવેલ છે.

બાકી વસુલાત પૈકી મુખ્યત્વે વ્યક્તિગત કારીગરોને આપેલ લોન બાબત અંગેની છે, જેમાં કારીગરો કેટલાક કિસ્સામાં અવસાન પામેલ છે. તેમજ સ્થળાંતર કરી અન્યત્ર જ્યાએ ચાલ્યા ગયેલ છે, તેવા કિસ્સાઓમાં લોન ની રકમ માંડવાળ કરવા અંગે સંબંધિત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓનુ અત્રેની કચેરીના તા.૧૬/૨/૨૦૧૭ના પત્રથી ધ્યાન દોરેલ છે.

જિલ્લા પંચાયત વડોદરા દ્વારા વ્યક્તિગત કારીગરોને આપેલ લોન અંગેની વસુલાત થઈ શકે તેમ ન હોઈ માંડવાળ અંગેની દરખાસ્ત કમિશનર કુટિર અને ગ્રામોધોગ દ્વારા મંજુર કરવામાં આવેલ છે તેમજ અન્ય મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓને પણ લોન વસુલાત ન થઈ શકે તેવા કિસ્સાઓમાં માંડવાળ કરવા અંગે જરૂરી દરખાસ્ત કરવા અત્રેથી તા.૪/૨/૨૦૧૭ અને તા.૧૯/૯/૨૦૧૭ની મિટીંગમાં જણાવેલ છે.

૩. બાકી ઓડીટ ફકરાઓના નિકાલ માટે સમયાંતરે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રીને પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે. અત્રેની કચેરીએ તા.૧૯/૯/૨૦૧૭ના રોજ યોજાયેલ મિટીંગ માં પણ મદદનીશ રજિસ્ટ્રારશ્રીઓને બાકી ઓડીટ ફકરાના નિકાલ માટે તાત્કાલિક કાર્યવાહી કરવા જણાવેલ છે. છેલ્લી પરિસ્થિતિ એ ૧૧૬ ફકરા બાકી ઓડીટ ફકરા છે. જેના નિકાલ માટે કાર્યવાહી ચાલુ છે.

આ સિવાય તેરમી ગુજરાત વિધાનસભાના ચોથા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો ઉપર યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

## પશુપાલન પ્રભાગ

૧. અતિ ખર્ચ પગારભથ્થાઓના સ્થાયી ખર્ચના કારણે થવા પામેલ છે. જે પછીના વર્ષની ગ્રાન્ટ ચુકવણા સમયે સરભર કરવામાં આવેલ છે.

૨. આ અંગે અત્રેથી યોજાતી વિડિયો કોન્ફરન્સ/મિટિંગમાં આ અંગે જરૂ સુચનાઓ આપવામાં આવે છે.

૩. આ અંગે અત્રેથી યોજાતી વિડિઓ કોન્ફરન્સ/મિટિંગોમાં આ અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવે છે.

## <u>(૩) શિક્ષણ વિભાગ</u>

૧. આ બાબતે રાજયની જિલ્લા પંચાયતોને અનુદાન ફાળવણી પી.એલ.એ. ટુ ડી.ડી.ઓ.ના એકાઉન્ટથી થાય છે. જેથી અતિખર્ચ બાબતે આ કચેરી દ્વારા પરિપત્ર ક્રમાંક: પ્રાશિનિ.ચ.ર/પીઆરસી/૨૦૧૭-૧૮/૨૧૫-૮૧, તા.૧૬/૦૨/૨૦૧૮થી રાજયના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને તેઓના હિસાબી અધિકારીશ્રીઓને જરૂરી સુચના આપવા વિગતવાર સુચનાઓ પ્રસિધ્ધ કરી સમિતિની ભલામણ અનુસરી તેની અમલવારી કરવા તાકીદ કરેલ છે. <u>(જુઓ પત્રક-૪)</u> સમિતિએ ભલામણ કરેલ સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રીના સન ૧૯૯૯-૨000થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલ ઉપરનો અહેવાલમાં અગાઉ થયેલ અતિખર્ચ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને ક્રમાંક: પ્રાશિનિ.ચ.ર/પીઆરસી/૨૦૧૮/૨૧૫-૮૧, તા.૨૪/૦૪/૨૦૧૮થી ફરીથી સુચનાઓ આપેલ છે. અગાઉ થયેલ અતિખર્ચ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને ઉદ્દેશીને તેમજ હિસાબી અધિકારીશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની કચેરી હસ્તક જિલ્લા પંચાયતોની લગતી સદરવાર હિસાબી તેમજ અનુદાન તેમજ અનુદાન ફાળવણી તેમજ નિયંત્રણની કામગીરી હોઇ તેઓ તમામને અત્રેની કચેરીના ક્રમાંક: પ્રાશિનિ.ચ.ર/પીઆરસી/૨૦૧૮-૧૯/૧૯૪૪-૧૯૭૭, તા.૦૫/૧૨/૨૦૧૮થી ત્રીજા તબક્કે પણ સુચનાઓ આપેલ છે. આમ અત્રેની કચેરી દ્વારા સમિતિની ભલામણ મુજબ સતત અમલવારી કરવામાં પત્રવ્યવહાર કરેલ છે.

૨. આ બાબતે રાજયની જિલ્લા પંચાયતોને અનુદાન ફાળવણી પી.એલ.એ. ટુ ડી.ડી.ઓ.ના એકાઉન્ટથી થાય છે. જેથી અગાઉના વર્ષોની ઓડિટ વસુલાતો બાબતે આ કચેરી દ્વારા પરિપત્ર ક્રમાંક: પ્રાશિનિ.ચ.ર/પીઆરસી/૨૦૧૭-૧૮/૨૧૫-૮૧, તા.૧૬/૦૨/૨૦૧૮થી રાજયના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને તેઓના હિસાબી અધિકારીશ્રીઓ હસ્તક જિલ્લા પંચાયતોની લગતી સદરવાર હિસાબી તેમજ અનુદાન તેમજ અનુદાન ફાળવણી તેમજ નિયંત્રણની કામગીરી હોઇ તેઓને જરૂરી સુચના આપવા વિગતવાર સુચનાઓ પ્રસિધ્ધ કરી સમિતિની ભલામણ અનુસરી તેની અમલવારી કરવા તાકીદ કરેલ છે. સમિતિએ ભલામણ કરેલ સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રીના સન ૧૯૯૯-૨000થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલ ઉપરનો અહેવાલમાં અગાઉની બાકી વસુલાતો બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને ક્રમાંક: પ્રાશિનિ.ચ.ર/પીઆરસી/૨૦૧૮/૨૧૫-૮૧, તા.૨૪/૦૪/૨૦૧૮થી ફરીથી સુચનાઓ આપેલ છે. અગાઉના વર્ષોની બાકી વસુલાતો બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને ઉદ્દેશીને તેમજ હિસાબી અધિકારીશ્રી જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની કચેરી તમામને અત્રેની કચેરીના ક્રમાંક:-

પ્રાશિનિ.ચ.૨/પીઆરસી/૨૦૧૮-૧૯/૧૯૪૪-૧૯૭૭, તા.૦૫/૧૨/૨૦૧૮થી ત્રીજા તબક્કે પણ સુચનાઓ આપેલ છે. આમ અત્રેની કચેરી દ્વારા સમિતિની ભલામણ મુજબ સતત અમલવારી કરવામાં પત્રવ્યવહાર કરેલ છે.

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગુ.રા., ગાંધીનગરના ક્રમાંક: એલ/એચ.કયુ./જિ.તા.પ./એલ.આર/૧૨૫૩-૧૩૧૯, તા.૯-૮-૨૦૧૮થી જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, તમામને ૧૯૬૩-૧૯૬૪થી સને ૨૦૧૩-૧૪ના ઓડિટ અહેવાલના બાકી ફકરાઓના નિકાલ તેમજ પાછલા વર્ષોની ઓડિટ વસુલાત બાબતે તમામ જિલ્લા પંચાયતોએ તેમના જિલ્લાના જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીઓને નિયત નમુનામાં માંગેલ વિગતો મોકલી આપવા અત્રેની કચેરીના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને ઉદ્દેશીને તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની કચેરી તમામને અત્રેની કચેરીના ક્રમાંક: પ્રાશિનિ.૨/પીઆરસી/૨૦૧૮/૧૫૯૦-૧૬૨૫, તા.૩૦/૦૮/૨૦૧૮થી જાણ કરેલ છે.

૩. અગાઉના વર્ષોના બાકી ફકરાઓના નિકાલ બાબતે આ કચેરી દ્વારા પરિપત્ર ક્રમાંક: પ્રાશિનિ.ચ.૨/પીઆરસી/૨૦૧૭-૧૮/૨૧૫-૮૧, તા.૧૬/૦૨/૨૦૧૮થી રાજયના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને તેઓના હિસાબી અધિકારીશ્રીઓને જરૂરી સુચના આપવા વિગતવાર સુચનાઓ પ્રસિધ્ધ કરી સમિતિની ભલામણ અનુસરી તેની અમલવારી કરવા તાકીદ કરેલ છે. સમિતિએ ભલામણ કરેલ સ્થાનિક ભંડોળ હિસાબોના નિરીક્ષકશ્રીના સન ૧૯૯૯-૨૦૦૦થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલ ઉપરનો અહેવાલમાં અગાઉના વર્ષોના બાકી ફકરાઓના નિકાલ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને ક્રમાંક: પ્રાશિનિ.ચ.૨/પીઆરસી/૨૧૫-૮૧, તા.૨૪/૦૪/૨૦૧૮થી ફરીથી સુચનાઓ આપેલ છે. અગાઉના વર્ષોના બાકી ફકરાઓ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને ઉદ્દેશીને તેમજ હિસાબી અધિકારીશ્રી જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની કચેરી હસ્તક જિલ્લા પંચાયતોને લગતી સદરવાર હિસાબી તેમજ અનુદાન ફાળવણી તેમજ નિયંત્રણની કામગીરી હોઇ તેઓ તમામને અત્રેની કચેરીના ક્રમાંક: પ્રાશિનિ.ચ.૨/પીઆરસી/૨૦૧૮-૧૯/૧૯૪૪-૧૯૭૭, તા.૦૫/૧૨/૨૦૧૮થી ત્રીજા તબક્કે પણ સુચનાઓ આપેલ છે. આમ અત્રેની કચેરી દ્વારા સમિતિની ભલામણ મુજબ સતત અમલવારી કરવામાં પત્રવ્યવહાર કરેલ છે.

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ક્રમાંક: એલ/એચ.કયુ./જિ.તા.પ./એલ.આર/૧૨૫૩-૧૩૧૯, તા.૯-૮-૨૦૧૮થી જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, તમામને ૧૯૬૩-૧૯૬૪થી સને ૨૦૧૩-૧૪ના ઓડિટ અહેવાલના બાકી ફકરાઓના નિકાલ તેમજ પાછલા વર્ષોની ઓડિટ વસુલાત બાબતે તમામ જિલ્લા પંચાયતોએ તેમના જિલ્લાના જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિકભંડોળ હિસાબની કચેરીઓને

નિયત નમુનામાં માંગેલ વિગતો મોકલી આપવા અત્રેની કચેરીના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને ઉદ્દેશીને તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની કચેરી તમામને અત્રેની કચેરીના ક્રમાંક: પ્રાશિનિ.ચ.૨/પીઆરસી/૨૦૧૮/૧૫૯૦-૧૬૨૫, તા.૩૦/૦૮/૨૦૧૮થી જાણ કરેલ છે. (જુઓ પત્રક-૫ અને પત્રક-૬)

પત્રક-૪

ઇમેલ/પત્ર

પંચાયતી રાજ સમિતિ ઘણુંજ અગત્યનું/
સંદર્ભ સમય મર્યાદા
તાત્કાલિક

ક્રમાંક: પ્રાશિનિ.ચ.૨/પીઆરસી/૨૦૧૭-૧૮/૨૧૫-૮૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર, તા.૧૬/૦૨/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના પંચાયતી રાજ સમિતિ સંદર્ભ/ઘણું જ અગત્યનું/ તાત્કાલિક/સમયમર્યાદા પત્ર ક્રમાંક: પીઆરસી/૨૧/૨૦૧૭/૭૬૬/વ.૧, તા.૦૯/૧૧/૨૦૧૭

(૨) શિક્ષણ વિભાગના પંચાયતી રાજ સમિતિ સંદર્ભ/ઘણું જ અગત્યનું/તાત્કાલિક/ સમયમર્યાદા પત્ર ક્રમાંક: પીઆરસી/૨૧/૨૦૧૭/૭૬૬/વ.૧, તા.૧૭/૧૧/૨૦૧૭

(૩) તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિનો ચોથા અહેવાલ (સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીના સને ૧૯૯૯-૨૦૦૦થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના જિલ્લા અને તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલ ઉપરનો અહેવાલ)

વિષય: તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિનો ચોથા અહેવાલ (સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીના સને ૧૯૯૯-૨૦૦૦થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડીટ અહેવાલ)માં દર્શાવેલ શિક્ષણ વિભાગને સ્પર્શતા મુદ્દાઓ અંગે સમિતિએ કરેલ ભલામણ મુજબ કાર્યવાહી/અમલવારી બાબત
ઓડીટ અહેવાલના પ્રકરણ-૧ના ફકરા ક્રમાંક;- ૧.૨.૨, ૧.૬ અને ૧.૭.૨

પરિપત્ર:-

આમુખ-૧ અને આમુખ-૨ પરના શિ.વિ.ના પંચાયતી રાજ સમિતિ સંદર્ભના તા.૦૯/૧૧/૨૦૧૭ અને તા.૧૭/૧૧/૨૦૧૭ના બન્ને પત્રો અને તે પત્ર સાથે સામેલ તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિનો ચોથા અહેવાલ (સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીના સને ૧૯૯૯-૨૦૦૦થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના જિલ્લા અને તાલુકા પંચાયતોના ઓડિટ અહેવાલ

ઉપરનો અહેવાલ) આ પરિપત્રની સાથે સમિતિએ કરેલ ભલામણ મુજબ કાર્યવાહી/અમલવારી અર્થે મોકલી આપવામાં આવે છે.

(૧) પંચાયતી રાજ સમિતિ તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલ ઓડિટ અવલોકનો પ્રત્યે દુર્લક્ષ બાબતના ફકરા-૬ અગાઉ થયેલ અતિ ખર્ચ ઓડિટ અહેવાલોના પ્રકરણ-૧ ના ફકરા ક્રમાંકઃ- ૧.૨.૨, ફકરા ૧.૬ (ઓડીટ વસુલાત અંગે) અને ફકરા ૧.૭.૨ (ઓડીટ ફકરાઓના નિકાલ) અંગે લીધેલ પગલાં બાબતે સરકારશ્રીને કરેલ કાર્યવાહીની અત્રેની કચેરી દ્વારા જાણ કરવાની થાય છે.

(સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીના સને ૧૯૯૯-૨000થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડીટ અહેવાલ) પ્રકરણ-૧ના ફકરા ક્રમાંક: ૧.૨.૨, અગાઉ થયેલ અતિ ખર્ચ ફકરા ૧.૬ (ઓડીટ વસુલાત અંગે) અને ફકરા ૧.૭.૨ (ઓડીટ ફકરાઓના નિકાલ) અંગે લીધેલ પગલાં બાબતે જિલ્લા પંચાયતો હસ્તકની શિક્ષણ શાખાને જુદા જુદા સદરો મુજબ નાણાંકીય વર્ષ ૧૯૯૯-૨000થી ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન અનુદાન ફાળવણી કરેલ છે તે અનુદાન સામે જે તે નાણાંકીય વર્ષમાં જે તે સદર સામે ફાળવેલ અનુદાન સામે બજેટ જોગવાઇ કરતાં વધુ ખર્ચ થયેલ છે તે અતિ ખર્ચ સામે ગુજરાત વિધાનસભા સચિવાલયના પંચાયતી રાજ સમિતિ તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિનો ચોથા અહેવાલ (સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીના સને ૧૯૯૯-૨000થી ૨૦૦૬-૨૦૦૭ના વર્ષના જિલ્લા/તાલુકા પંચાયતોના ઓડીટ અહેવાલ)માં દર્શાવેલ શિક્ષણ વિભાગને સ્પર્શતા અગાઉ થયેલ અતિખર્ચ અંગે સમિતિએ કરેલ ભલામણ મુજબ અતિખર્ચ થયેલ છે તે બાબતે પંચાયતી રાજ સમિતિએ કરેલ ભલામણોનો સ્વીકાર સરકારશ્રીએ કરેલ હોઇ આ બાબતે હવે નીચે મુજબ અતિ ખર્ચ નિવારવા કાર્યવાહી કરવા આથી કાયમી સ્વરૂપે સુચના આપવામાં આવે છે. આ સુચના મુજબ કરેલ કાર્યવાહી/અમલવારી તેમજ લીધેલ પગલાંનો અહેવાલ દિન-૨ માં રજુ કરશો.

<u>(અ) અતિખર્ચ નિવારવા લેવાના થતાં પગલાં</u> ;-

(૧) શિક્ષણ શાખાના જે જે મુખ્ય સદરોમાં ગ્રાન્ટ ન હોય તો ખર્ચ ન કરવા જિલ્લા પંચાયતોને વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરે અગાઉ આપને પરિપત્ર કરેલ છે તે પરિપત્રનું વાસ્તવિક અમલીકરણ કરવા આથી સુચના આપવામાં આવે છે.

(૨) હવેથી અતિ ખર્ચ ન થાય તે માટે તકેદારી રાખવા કોઇ ચોક્કસ વ્યવસ્થા જિલ્લા કક્ષાએ ઊભી કરવી અને આ વ્યવસ્થા મુજબ કાર્યવાહી થાય છે કે કેમ? આ વ્યવસ્થાના સતત મોનીટરીંગથી અતિખર્ચ માં વધારો ન થાય તે માટે વ્યવસ્થાતંત્ર સંગીન બનાવવાની કાર્યપ્રથા વિકસે તે માટે નિરંતર પ્રયાસો કરી અતિ ખર્ચ ટાળવા જોવું.

(૩) હવે પછી જો અતિ ખર્ચ થાય તો તેના માટે સંબધિત અધિકારીની જવાબદારી ઠરાવવા સમિતિએ કરેલ ભલામણ મુજબ અતિ ખર્ચ માટે જવાબદાર અધિકારી સામે વિના વિલંબે પગલાં લઇ સંમિતિને તાત્કાલિક કરેલ કાર્યવાહીના હુકમો સાથે જાણ કરવી.

સમિતિએ કરેલ ભલામણના ફકરા ક્રમાંક: ૧.૨.૨ અગાઉ થયેલ અતિ ખર્ચના આંકડા સામેલ ઓડિટ અહેવાલમાં અમલવારી માટે રજુ કરેલ છે. જે આંકડાઓ ચકાસી શિક્ષણ શાખા સંબધિત અતિ ખર્ચના આંકડા અલગ તારવી તે આંકડા મુજબ સમિતિની ભલામણ મુજબ આવશ્યક જરૂરી પગલાં લેવા.

સમિતિએ કરેલ ભલામણના ફકરા ક્રમાંક: ૧.૬ ઓડિટ વસુલાતના આંકડા નીચે મુજબ છે.

<u>(બ) બાકી ઓડિટ વસુલાત ઝડપથી કરવા બાબતે લેવાના થતાં પગલાં</u> :-

(બ.૧) સદર ઓડિટ વસુલાતમાં શિક્ષણ વિભાગ, હેઠળ જુદા જુદા સદરો મુજબ નાણાકીય વર્ષ ૧૯૯૯-૨000થી ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીઓને જુદા જુદા બજેટ સદરો હેઠળ અનુદાન ફાળવણી કરેલ છે. તે અનુદાન સામે જે તે નાણાંકીય વર્ષમાં જે તે સદર સામે ઓડિટ વસુલાત સુચવેલ છે તે ઓડિટ વસુલાત બાબતે રજીસ્ટર નિભાવી તે રજીસ્ટર મુજબ બાકી વસુલાતો ઝડપથી પુરી કરવા, મોનીટરીંગ સેલના નિયંત્રણ હેઠળ આવી વસુલાતો કરવા તેમજ વસુલાતોનું રેકર્ડ/રજીસ્ટર અદ્યત્તન રાખવા અને આ અંગે કરેલ કાર્યવાહી/લીધેલ પગલાંની અત્રે જાણ કરવા આથી સુચના આપવામાં આવે છે.

(બ.૨) સમિતિએ કરેલ ભલામણના ફકરા ક્રમાંક: ૧.૬ ઓડિટ વસુલાતના આંકડા સામેલ ઓડિટ અહેવાલમાં અમલવારી માટે રજુ કરેલ છે. જે આંકડાઓ ચકાસી શિક્ષણ શાખા સંબધિત ઓડિટ વસુલાતના આંકડા અલગ તારવી તે આંકડા મુજબ સમિતિની ભલામણ મુજબ આવશ્યક જરૂરી પગલાં લેવા

<u>(ક) ઓડિટ ફકરાઓના નિકાલ બાબતે લેવાના થતાં પગલાં ;-</u>

(ક.૧) સદર બાકી ઓડિટ ફકરાઓ પૈકી શિક્ષણ વિભાગ હસ્તકના બાકી ઓડિટ ફકરાઓના નિકાલ બાબતમાં સમિતિએ કરેલ ભલામણ મુજબ જે ઓડિટ ફકરાઓનો નિકાલ થયેલ નથી તે ઓડિટ ફકરાઓના નિકાલ કરવા હવે વધુ વિલંબ નિવારી બાકી ઓડિટ ફકરાઓના નિકાલ કરવાની કામગીરી એક ઝુંબેશ તરીકે હાથ ધરી સ્થાનિક ભંડોળ અને હિસાબ, નિરીક્ષકશ્રીના પરામર્શમાં રહી ઝડપથી પુરી કરવા અને જે તે વર્ષના ઓડિટ ફકરાઓના નિકાલ કરવા પણ ચોક્કસ સમયમર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવા અને તેની જાણ સમિતિને કરવા પંચાયતી રાજ સમિતિ દ્વારા ભલામણ થયેલ છે અને આ ભલામણનો સ્વીકાર સરકારશ્રીએ કરેલ હોઇ ઓડિટ ફકરાઓનો તાત્કાલિક નિકાલ કરવા આથી સુચના આપવામાં આવે છે.

(ક.૨) સમિતિએ કરેલ ભલામણના ફકરા ક્રમાંક: ૧.૭.૨ ઓડિટ ફકરાઓના નિકાલના આંકડા સામેલ ઓડિટ અહેવાલમાં અમલવારી માટે રજુ કરેલ છે. જે આંકડાઓ ચકાસી શિક્ષણ શાખા સંબધિત ઓડિટ ફકરાઓના નિકાલના આંકડા અલગ તારવી તે આંકડા મુજબ સમિતિની ભલામણ મુજબ આવશ્યક જરૂરી પગલાં લેવા

૨) સદર ભલામણોના અમલ બાબતની માહિતી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિને શિક્ષણ વિભાગે રજુ કરવાની થતી હોઇ આ બાબતે "ટોચ અગ્રતા" આપી આ અંગેની માહિતી સત્વરે મોકલી આપવા ભારપૂર્વક અનુરોધ કરવામાં આવે છે.

૩) સદર માંગ્યા મુજબની માહિતી મોકલી આપવામાં વિલંબ કે ઢીલાશ રાખવામાં આવે તો તે અંગે ઊભી થનાર પરિસ્થિતિની જવાબદારી સંબધિત માહિતી ન મોકલી આપનાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે જેની નોંધ લેવા બાબતે તાકીદ કરવામાં આવે છે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ'

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ તમામ

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તમામ આપના જિલ્લાના હિસાબી અધિકારીશ્રીઓને સુચના આપવા સારું

(૩) આ કચેરીની હિસાબી શાખા

(૪) આ કચેરીની અનુદાન ફાળવણી કરતી તમામ આયોજન-બિન આયોજન શાખાઓના શાખા વડાશ્રીઓ

(૫) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

<u>પત્રક-૫</u>

# નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી

૨૩૨૫૩૯૦૮ (નિરીક્ષક)
૨૩૨૫૪૬૭૦ (સંયુક્ત નિરીક્ષક)
૨૩૨૫૭૪૪૯ (નાયબ નિરીક્ષક)
૨૩૨૫૪૬૨૦ (નિરીક્ષકશ્રીના અંગત મદદનીશ)
૨૩૨૫૭૭૫૪ (ફેક્સ)
e-mail:exam-dat@gujarat.gov.in

વીમા અને લેખા ભવન
ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ,
બ્લોક નં-૧૭, બીજો માળ,
સેકટર-૧૦/બી, એમ.એલ.એ. કવાર્ટર સામે,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

નં.એલ./એચ.ક્યુ./જિ.તા.પં/એલ.આર:/૧૨૫૩ થી ૧૩૧૯ તા.૦૯/૦૮/૨૦૧૮

પ્રતિ
જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,
......................(તમામ)

વિષય: ઓડીટ અહેવાલના બાકી ફકરાઓના નિકાલ બાબત તથા પાછલા વર્ષની ઓડીટ વસુલાત બાબત.

સંદર્ભ : (૧) અત્રેની કચેરીના તા.૪/૮/૨૦૧૮ના પત્ર નં. એલ./એચ,ક્યુ./૧૧૪૫ થી ૧૧૭૮
(૨) સને ૨૦૦૮-૦૯ સામાજિક ન્યાય અધિકારિતા વિભાગની તા.૦૭/૦૮/૨૦૧૮ની પી.આર.સી. બેઠક

ઉપરોક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, જિલ્લા/તાલુકા પંચાયતના મહેસુલ વિભાગના અગાઉના વર્ષના ઓડીટ રિપોર્ટના બાકી ફકરાઓનો નિકાલ થાય તે માટે તા.૧૧/૦૮/૨૦૧૮ સુધીમાં જવાબ તૈયાર કરવા તથા સબંધિત જિલ્લા/તાલુકા પંચાયત દ્વારા તા.૧૬/૦૮/૨૦૧૮થી તા.૩૧/૦૮/૨૦૧૮ દરમ્યાન ઓડીટ ફકરાના નિકાલ માટે કેમ્પ યોજી સંસ્થા દ્વારા રજુ કરેલ જવાબ ફકરાને અનુરૂપ/નિયમ અનુસાર હોય તેમજ વસુલાત કરેલ હોય તો વસુલાતની રેકર્ડ આધારીત ખાત્રી કરી ફકરાનો નિકાલ કરવા સંદર્ભમાં દર્શાવેલ પત્રથી જણાવવામાં આવેલ છે.

સંદર્ભ (૨) અન્વયે સને ૨૦૦૮-૦૯ના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની થયેલ ચર્ચા મુજબ ૬૨૨૫-સમાજ કલ્યાણની સને ૨૦૦૮-૦૯ના લોન પેશગીમાંથી ધિરાણ, ચુકવણી અને બચત/અતિ ખર્ચની ઓડીટ અહેવાલમાં દર્શાવેલ રકમ તથા સમાજ કલ્યાણ વિભાગ દ્વારા જવાબમાં દર્શાવેલ રકમમાં તફાવત જણાય છે. જિલ્લા પંચાયત દ્વારા સને ૨૦૦૮-૦૯ના વિધાનસભા અહેવાલના ફકરા નં.૧.૩ના (પરિશિષ્ટ ૨.૧ થી ૨.૩) મુજબ લોન પેશગીમાંથી ધિરાણ, ચુકવણી અને બચત/અતિ ખર્ચની રકમમાં

આવતા તફાવત માટે જિલ્લા પંચાયત દ્વારા તફાવતના મેળવણા પત્રકો તૈયાર કરી રજુ કરવામાં આવે તો નિયમોનુસાર ચકાસણી કરી આપવાની રહેશે.

પેરા નિકાલ કેમ્પ દરમ્યાન જિલ્લા પંચાયત દ્વારા મહેસુલ વિભાગ સિવાય અન્ય વિભાગના પણ સને: ૧૯૬૩-૬૪થી સને: ૨૦૧૩-૧૪ના વિધાનસભા અહેવાલના ફકરા ક્રમાંક-૧.૩ (સબંધિત વર્ષના અહેવાલના પરિશિષ્ટ-૨)માં દર્શાવેલ, સદરવાર, વિભાગવાર, જિલ્લાવાર બાકી વસુલાતના આ સાથે સામેલ નમુના મુજબનું અગાઉના વર્ષના રિપોર્ટમાં સુચવેલ વસુલાતનું વર્ષવાર બાકી પત્રક તૈયાર કરી રજુ કરે તો તેની પણ સબંધિત વર્ષના ઓડીટ રિપોર્ટના ફકરામાં સુચવેલ વસુલાતની રકમ સાથે નિયમોનુસાર ચકાસણી કરવાની રહેશે.

નાયબ નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u>:-

૧. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય બ્લોક-૧૬, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

પત્રક-૬

ઇ-મેઇલ/પત્રથી

| | |
|---|---|
| પંચાયતી રાજ સમિતિ બેઠક સંદર્ભ | પત્ર ક્રમાંક/પ્રાશિનિઃચ.૨/પીઆરસી/૨૦૧૮/૧૫૯૦-૧૬૨૫ |
| ઘણુંજ અગત્યનું/તાત્કાલિક | પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, |
| સમયમર્યાદા | બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, |
| | ગાંધીનગર, તા.૩૦/૦૮/૨૦૧૮ |

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ

વિષય:- પાછલા વર્ષોની ઓડિટ વસુલાત બાબત
સંદર્ભ:- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર નં:-એલ/એચ.કયુ./જિ.તા.પં/એલ.આર/૧૨૫૩થી ૧૩૧૯, તા.૦૯/૦૮/૨૦૧૮

ઉપરોક્ત વિષય બાબતે જણાવવાનું કે, નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર નં: એલ/એચ.કયુ./જિ.તા.પં/એલ.આર/૧૨૫૩થી ૧૩૧૯ તા.૯/૮/૨૦૧૮ના પત્રની નકલ સામેલ છે જે પત્રમાં તેમના તાબા હેઠળના જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, તમામ તેમજ સદર પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપેલ છે. જે પત્ર ધ્યાને લેશો.

૧) સદર પત્રમાં ઓડિટ અહેવાલના સામાન્ય ફકરા ૧.૩ ઓડિટ વસુલાત અંગેનો ફકરો છે અને તેના પેટા ફકરામાં ૧.૩.૧ જે તે નાણાંકીય વર્ષ દા.ત. ૨૦૦૯-૨૦૧૦, ૨૦૧૦-૨૦૧૧, ૨૦૧૧-૨૦૧૨, ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૨૦૧૪ના લોકલ ફંડે ઓડિટના કોઇ એક નાણાંકીય વર્ષ દરમ્યાન સંબધિત વિભાગના મુખ્ય સદર શિક્ષણ સદર- ૨૨૦૨ ની ઓડિટ વસુલાતની લોકલ ફંડના તા.૯-૮-૨૦૧૮ના પત્રમાં સુચવ્યા મુજબ જે તે જિલ્લા/તાલુકા પંચાયતો દ્વારા બચત/અતિ ખર્ચના લોકલ ફંડની પુસ્તિકામાં દર્શાવ્યા મુજબના આંકડા અને સંબધિત જિલ્લા તાલુકા પંચાયતોના વાસ્તવિક આંકડા બન્નેમાં થયેલ તફાવતના મેળવણાપત્રક નિયામાનુસાર રજુ કરવામાં આવશે તો દરેક લોકલ ફંડોની કચેરીઓ નિયમાનુસર ચકાસણી કરી આપવા નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તેમના તાબા હેઠળના જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, તમામ તેમજ સદર પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપેલ છે જેથી આ બાબતે કાર્યવાહી પૂર્ણ કરી લેશો.

૨) એ જ રીતે પેટા ફકરામાં ૧.૩.૧ પાછલા વર્ષોની ઓડિટ વસુલાત સને ૧૯૬૩-૧૯૬૪થી ૨૦૧૩-૨૦૧૪ના મુખ્ય સદર શિક્ષણ સદર- ૨૨૦૨ની ઓડિટ વસુલાતની લોકલ ફંડના તા. ૯-૮-૨૦૧૮ના પત્રમાં સુચવ્યા

મુજબ જે તે જિલ્લા/તાલુકા પંચાયતો દ્વારા લોકલ ફંડની પુસ્તિકામાં દર્શાવ્યા મુજબના પાછલા વર્ષોની ઓડિટ વસુલાત બાબતે તા.૯-૮-૨૦૧૮ના પત્રમાં સુચવ્યા મુજબ નિયમોનુસાર રજુ કરવામાં આવશે તો દરેક લોકલ ફંડોની કચેરીઓ નિયમાનુસાર ચકાસણી કરી આપવા નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તેમના તાબા હેઠળના જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, તમામ તેમજ સદર પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપેલ છે.

૩) આમ નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૯/૮/૨૦૧૮ના પત્રની નકલ આધારે કાર્યવાહી પૂર્ણ કરી પૂર્ણ ઓડિટ અહેવાલના સામાન્ય ફકરા ૧.૩માં સુચવેલ જે તે વર્ષની ઓડિટ વસુલાત અને વર્ષ ૧૯૬૩-૧૯૬૪ થી ૨૦૧૩- ૨૦૧૪ના મુખ્ય સદર શિક્ષણ સદર - ૨૨૦૨ બાબતે તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણ સમિતિઓએ જિલ્લાની જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી સાથે સંકલન/પરામર્શ કરી સામાન્ય ફકરા ૧.૩ ઓડિટ વસુલાત બાબતે વસુલાત પ્રગતિ અહેવાલ રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

નોંધ ઉપર નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના આદેશ અનુસાર

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u>:-

પ્રતિ,

- સંયુકત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, વ.૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત તમામ

## (૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

૧. અતિ ખર્ચની રકમ પંચાયતના સ્વભંડોળમાંથી મેળવવા બાબતે જિલ્લા પંચાયતના નિયંત્રણ અધિકારી તરીકે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા વિકાસ કમિશનરશ્રી દ્વારા કાર્યવાહી કરવાની રહે છે.

ગુજરાત સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના તા.૧૯/૪/૯૩ના ઠરાવની જોગવાઇ મુજબ કરવામાં આવેલ અતિ ખર્ચની રકમ ત્યાર પછીના વર્ષમાં આ જ હેતુ માટે મળેલ ગ્રાન્ટ સામે તેને સૌ પ્રથમ સરભર કરવા જણાવવામાં આવે છે. જેના કારણે સને ૨૦૦૬/૦૭થી ૨૦૧૩/૧૪ના વર્ષના જિલ્લા અને તાલુકા પંચાયતો પરના ઓડીટ અહેવાલમાં જાહેર આરોગ્ય સદર હેઠળ એક પણ જિલ્લામાં અતિ ખર્ચ થયેલ નથી. આ સમયગાળા દરમિયાન પરિવાર કલ્યાણ સદર હેઠળ જિલ્લા પંચાયત મહેસાણા દ્વારા અતિ ખર્ચ કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત મહેસાણાને પત્ર દ્વારા અતિ ખર્ચ કરવા બદલ જવાબદાર અધિકારી/કર્મચારીની જવાબદારી નક્કી કરવા અને તેમના ઉપર પગલાં લેવા પત્રવ્યવહાર દ્વારા જણાવવામાં આવેલ છે.

અત્રેની કચેરીના તા.૩૦/૯/૨૦૧૯ના પત્રથી જિલ્લા પંચાયતોને મળેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવા અને મળેલ ગ્રાન્ટ કરતાં વધુ ખર્ચ કરવામાં આવશે તો આ બાબતે સંબંધિતની જવાબદારી નકકી કરવામાં આવશે તેમ જિલ્લા પંચાયતોને જણાવવામાં આવેલ છે.

૨. ઓડીટ અહેવાલમાં સુચવ્યા મુજબની વસુલાત સત્વરે થાય તે માટે સમયાંતરે પત્રો/અ.સ.પત્રો પાઠવવામાં આવે છે અને રૂબરૂ મિટીંગો યોજી વસુલાત મેળવવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તમામને જણાવવામાં આવે છે.

કમિશનરશ્રી(આરોગ્ય)ના તા.૨૫/૯/૨૦૧૭ના પત્રથી તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને ઓડીટ દ્વારા સુચવેલ વસુલાતો સત્વરે કરી લેવા સુચનાઓ આપવામાં આવેલ છે. છેલ્લે તા.૨૦/૭/૨૦૧૮ના પત્રથી પણ તમામ જિલ્લા પંચાયતોને વસુલાતની કાર્યવાહી પૂર્ણ કરી અદ્યતન વિગતો રજુ કરવા સુચના આપેલ છે.

૩. ઓડીટ ફકરાઓના સત્વરે નિકાલ થાય તે માટે સમયાંતરે પત્રો/અ.સ. પત્રો પાઠવવામાં આવે છે અને રૂબરૂ મિટીંગો યોજી જણાવવામાં આવે છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને સંબંધિત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને નિયમિત રીતે ફકરાઓના નિકાલ કરવા સૂચના આપવામાં આવી છે અને સંબંધિત જિલ્લા આરોગ્ય અધિકારીને આંતરિક અન્વેષણ અધિકારીના સંપર્કમાં રહી જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી પાસેથી પારાના આખરી નિકાલ કરવાની સૂચના આપવામાં આવે છે અને તેની સમીક્ષા કરવામાં આવે છે. સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા તેમની જિલ્લા પંચાયતને ફકરા નિકાલ ઝુંબેશ માટે સમય ફાળવતા એ દિવસે ફકરા નિકાલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે આવું કામકાજ વર્ષ દરમ્યાન બે થી ત્રણ વાર કરવામાં આવે છે. આ સતત અને નિયમિત ચાલતી પ્રક્રિયા છે.

## (૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

૧. અતિખર્ચ બાબતમાં જિલ્લા અને તાલુકા પંચાયતોનો નાણાકીય વહીવટ સને ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયે ઘડવામાં આવેલા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતના નાણાકીય હિસાબો અને અંદાજપત્ર બાબતના નિયમોમાં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર કરવાનો રહેતો હોય છે. દરેક પંચાયતે સરકાર તરફથી મળેલ ગ્રાંટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોય છે તેમ છતાં ગ્રાંટ કરતા વધારે ખર્ચ કરવામાં આવે છે. નિયમ મુજબ આવો ખર્ચ જે તે પંચાયતે પોતાના સ્વભંડોળમાંથી મેળવવો જોઇએ અને ત્યાર પછીના વર્ષમાં સરકારની મંજૂરી મેળવીને સરકાર તરફથી ઉપલબ્ધ થતી ગ્રાંટ સામે સરભર કરવો જોઇએ તથા હવે પછી જો અતિ ખર્ચ થાય તો તેના માટે સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવી જોઇએ, જે અંગે અત્રેથી તા.૦૬/૧૨/૨૦૧૭ના પરિપત્રથી તથા તા.30/૧૧/૧૭, તા.૧૨/૦૨/૨૦૧૮, તા.૦૧/૦૯/૨૦૧૮, તા.૦૨/૦૧/૨૦૧૯ના પત્રોથી સુચના આપવામાં આવેલ છે.

૨. જે તે વર્ષના ઓડિટ અહેવાલમાં જે તે વર્ષની આવી વસૂલાતને પાત્ર રકમ પૈકી કેટલી રકમ વસૂલ કરવામાં આવી અને કેટલી રકમ જે તે વર્ષ પેટે બાકી રહેવા પામેલ છે તેની કોઇ વિગતો નિભાવવામાં આવે તેમજ તરત જ વસૂલાત અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવે અને આ માટે ચોક્કસ સમયમર્યાદા ઠરાવવા અને તે સમયમર્યાદામાં આવી વસૂલાત ન થાય તો તેના માટે સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે. વધુમાં અગાઉના વર્ષોની આવી વસૂલાત બાકી રહેવા પામેલ છે તે માટે એક વસૂલાત ઝુંબેશ હાથ ધરી તે વસૂલાત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા અને આવી વસૂલાત પૈકી જે કોઇ વસૂલાત થઇ શકે તેમ જ ન હોય તો તેવા કિસ્સામાં સ્થાનિક ભંડોળ હિસાબ નિરિક્ષક સાથે પરામર્શ કરીને તે રકમ માંડવાળ કરવાની કાર્યવાહી કરવા અંગે અત્રેથી તા.૧૪/૦૯/૨૦૧૮ના પરીપત્રથી તથા તા.30/૧૧/૧૭, તા.૧૨/૦૨/૨૦૧૮, તા.૦૧/૦૯/૨૦૧૮ અને તા.૦૨/૦૧/૨૦૧૯ના પત્રોથી સુચના આપવામાં આવેલ છે.

૩. બાકી ઓડીટ ફકરાઓના નિકાલ કરવાની કામગીરી એક ઝુંબેશ તરીકે હાથ ધરી સ્થાનિક ભંડોળ હિસાબ, નિરીક્ષકશ્રીના પરામર્શમાં રહી ઝડપથી પુરી કરવા અને જે તે વર્ષના ઓડીટ ફકરાઓનો નિકાલ પણ નિશ્ચિત સમયમર્યાદામાં કરવા અત્રેથી તા.૧૪/૦૯/૨૦૧૮ના પરિપત્રથી તથા તા.30/૧૧/૧૭, તા.૧૨/૦૨/૨૦૧૮, તા.૦૧/૦૯/૨૦૧૮ અને તા.૦૨/૦૧/૨૦૧૯ના પત્રોથી સુચના આપવામાં આવેલ છે.

## (૬) આદિજાતિ વિકાસ વિભાગ

૧. અતિ ખર્ચ બાબતમાં જિલ્લા અને તાલુકા પંચાયતોનો નાણાકીય વહીવટ સને ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયે ઘડવામાં આવેલા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતના નાણાકીય હિસાબો અને અંદાજપત્ર બાબતના નિયમોમાં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર કરવાનો રહેતો હોય છે. દરેક પંચાયતે સરકાર તરફથી મળેલ ગ્રાંટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોય છે તેમ છતાં ગ્રાન્ટ કરતા વધારે ખર્ચ કરવામાં આવે છે. નિયમ મુજબ આવો ખર્ચ જે તે પંચાયતે પોતાના સ્વભંડોળમાંથી મેળવવો જોઇએ અને ત્યાર પછીના વર્ષમાં સરકારની મંજૂરી મેળવીને સરકાર તરફથી ઉપલબ્ધ થતી ગ્રાંટ સામે સરભર કરવો જોઇએ તથા હવે પછી જો અતિ ખર્ચ થાય તો તેના માટે સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવી જોઇએ. જે અંગે અવાર-નવાર પત્રો પાઠવવામાં આવેલ છે. છેલ્લે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરના તા.૨૩/૦૫/૨૦૧૯ના ૨(બે) પરિપત્રથી સુચના આપવામાં આવેલ છે. આદિજાતિ વિકાસ વિભાગ તરફથી ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવા ફાળવેલ ગ્રાન્ટના તમામ હુકમોમાં સૂચના આપવામાં આવે છે જેની ચૂસ્તપણે અમલ કરવાની પણ સૂચના આપવામાં આવે છે. તેમજ આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૨/૧૧/૧૯ના ઠરાવ ક્રમાંક: બીયુડી/૨૦૧૯-૨૦/Rev/૩૩૨/છ તથા સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને મળતી અઠવાડિક સમીક્ષા બેઠકમાં તથા આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:પીઆરસી/૧૦૨૦૧૭/૯૦૩/છ, તા.૧૮/૦૧/૨૦૨૦ તથા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુ.રા., ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: આવિ/હસબ/પીઆરસી/૧૩.મી/૪થો અહે./ફા.નં.૨૭૧૪/૨૦૨૦/૭૧૧૫ થી ૫૩, તા.૧૮/૦૧/૨૦૨૦થી સૂચના આપવામાં આવેલ છે.

૨. જે તે વર્ષના ઓડીટ અહેવાલમાં જે તે વર્ષની આવી વસૂલાતને પાત્ર રકમ પૈકી કેટલી રકમ વસૂલ કરવામાં આવી અને કેટલી રકમ જે તે વર્ષ પેટે બાકી રહેવા પામેલ છે તેની કોઇ વિગતો નિભાવવામાં આવે તેમજ તરત જ વસૂલાત અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવે અને આ માટે ચોક્કસ સમયમર્યાદા ઠરાવવા અને તે સમયમર્યાદામાં આવી વસૂલાત ન થાય તો તેના માટે સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે. વધુમાં અગાઉના વર્ષોની આવી વસૂલાત બાકી રહેવા પામેલ છે તે માટે સચિવશ્રીના અધ્યક્ષસ્થાને મળતી અઠવાડિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે તથા પત્રો પાઠવવામાં આવેલ છે ઉપરાંત એક વસૂલાત ઝુંબેશ હાથ ધરી તે વસૂલાત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા અને આવી વસૂલાત પુર્ણ કરવા આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:પીઆરસી/૧૦૨૦૧૭/૯૦૩/છ, તા.૧૮/૦૧/૨૦૨૦ તથા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુ.રા., ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: આવિ/હસબ પીઆરસી/૧૩.મી/૪થો અહે./ફા.નં.૨૭૧૪/૨૦૨૦/૭૧૧૫થી ૫૩, તા.૧૮/૦૧/૨૦૨૦થી સૂચના આપવામાં આવેલ છે.

૩. બાકી ઓડીટ ફકરાઓના નિકાલ કરવાની કામગીરી એક ઝુંબેશ તરીકે હાથ ધરી સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષકશ્રીના પરામર્શમાં રહી ઝડપથી પુરી કરવા અને જે તે વર્ષના ઓડીટ ફકરાઓનો નિકાલ પણ નિશ્ચિત સમયમર્યાદામાં કરવા અંગે અવાર-નવાર મિટીંગોનું આયોજન કરવામાં આવે છે તથા પત્રો પાઠવવામાં આવેલ છે. છેલ્લે આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પીઆરસી/ ૧૦૨૦૧૭/૯૦૩/છ, તા.૧૮/૦૧/૨૦૨૦ તથા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુ.રા., ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:આવિ/હસબ/પીઆરસી/૧૩.મી/૪થો અહે./ફા.નં.૨૭૧૪/૨૦૨૦/૭૧૧૫ થી ૫૩ તા.૧૮/૦૧/૨૦૨૦થી સૂચના આપવામાં આવેલ છે.

## (૭) મહેસૂલ વિભાગ

૧. સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૪/૧૧/૨૦૦૬ના પરીપત્રથી અગાઉના વર્ષોના અતિ ખર્ચ સરભર કરવા બાબતે મેળવેલ ગ્રાંટ અને ગ્રાંટ વગર થયેલ અતિ ખર્ચની વર્ષવાર વિગતો અને અતિખર્ચ કરવાના કારણી તથા સક્ષમ અધિકારીની મંજુરીની વિગતો અને ગ્રાંટ વગર કરવામાં આવેલ ખર્ચ અંગે ઉભી થતી અધિકારી/કર્મચારીની જવાબદારી અને તેની સામે લીધેલ પગલાની વિગતો મોકલી આપવા અત્રેની કચેરીના તા.૨૭/૧૨/૧૨, તા.૦૮/૦૪/૧૩, તા.૧૯/૦૪/૧૩, તા.૨૬/૦૨/૧૪, તા.૦૬/૦૫/૧૫, તા.૧૧/૦૫/૧૫, તા.૧૮/૦૨/૧૬, તા.૨૪/૦૨/૧૬ તા.૦૫/૦૮/૧૬, તા.૧૬/૧૧/૨૦૧૬, તા.૦૨/૧૨/૧૬,તા.૨૧/૦૭/૧૭, તા.૧૨/૧૦/૧૭, તેમજ તા.૧૦/૧૧/૨૦૧૭ પત્રોથી અતિ ખર્ચ સરભર કરવા બાબતે સંબંધિત જિલ્લા પંચાયતોને જણાવવામાં આવેલ છે.

૨. મુખ્ય સદર - ૨૨૪૫, કુદરતી આફતો અંગે રાહત સદરમાં વર્ષ ૧૯૬૩-૬૪થી વર્ષ ૨૦૦૭-૦૮ સુધીની પાછલા વર્ષોની રૂ.૨૫૭૫-૯૦ લાખની બાકી ઓડિટ વસુલાતમાંથી આજની પરિસ્થિતિએ રૂ.૧૦૭-૦૪ લાખની વસુલાત થયેલ છે અને રૂ.૨૪૬૮-૮૬ લાખની વસુલાત બાકી રહેવા પામેલ છે. આ બાબતે અત્રેથી વખતોવખત પત્રો પાઠવવામાં આવેલ છે. પાછલા વર્ષોની ઓડિટ વસુલાત કરવા અંગે તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને અત્રેની કચેરીના તા.૧૨/૧૨/૧૨, તા.૧૫/૦૪/૧૩, તા.૧૫/૦3/૧૪, તા.૨૨/૦૨/૧૬ તથા તા.૩૧/૦૫/૨૦૧૭ના પરિપત્રથી પાછલા વર્ષોની ઓડિટ વસુલાત ત્વરિત કરવા તમામ જિલ્લા પંચાયતોને સુચના આપવામાં આવેલ છે.

૩. મુખ્ય સદર - ૨૨૪૫, કુદરતી આફતો અંગે રાહત સદરમાં વર્ષ ૧૯૬૩-૬૪થી વર્ષ ૨૦૦૭-૦૮ સુધીના ૬૪૬૨ બાકી ફકરાઓમાંથી ૪૧૭ ફકરાઓનો નિકાલ થયેલ છે અને બાકી રહેલ ૬૦૪૫ ફકરાઓ માટે જિલ્લા પંચાયતોને સમયાંતરે પત્રો પાઠવવામાં આવેલ છે. તેમજ જિલ્લા પંચાયતો દ્વારા વખતોવખત ઓડિટ પારાના નિકાલ બાબતે પણ કાર્યવાહી કરવામાં આવેલ છે. બાકી ઓડિટ ફકરાઓના સત્વરે નિકાલ કરવા તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને અત્રેની કચેરીના તા.૦3/૧૨/૧૨, તા.૧૫/૦૪/૧૩, તા.૦૯/૦૭/૧૩, તા.૧૫/૦3/૧૪, તા.૨૨/૦૨/૨૦૧૬ તથા તા.૩૧/૦૫/૨૦૧૭ના પરીપત્રોથી પણ ઓડિટ અહેવાલના બાકી ફકરાઓનો તાત્કાલિક નિકાલ કરવા સુચના આપેલ છે.

## (૮) મહિલા અને બાળ વિકાસ વિભાગ

૧. સમિતિ દ્વારા પંચાયત વિભાગને મોનિટરીંગ કરી અતિ ખર્ચ ન થાય એ બાબતે ચોકસાઈ તથા સમિતિના રીપોર્ટ બાદ અતિ ખર્ચ થાય તો એ અંગે સંબંધિત અધિકારીની જવાબદારી ઠરાવવા ભલામણ કરેલ હતી. પાછલા વર્ષોનો જે અતિ ખર્ચનો ઓડિટ અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવેલ તે પણ સરભર કરવા જણાવેલ.

ઉક્ત બાબતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિયામકશ્રી (આઈસીડીએસ) મારફત જિલ્લાઓને ક્રમાંક: પીઆરસી/૧૦૨૦૧૭/૧૯૮૯(ચોથો અહેવાલ)/બી-૧, તા.૭/૧૧/૨૦૧૭, તા.૧૭/૧૧/૨૦૧૭, તા.૧૮/૧૨/૨૦૧૭, તા.૧૨/૪/૨૦૧૯ તથા અ.સ.પત્ર તા.૫/૨/૨૦૧૮ના પત્રથી તેરમી વિધાનસભાના પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલની ભલામણ ધ્યાને લઈને એ પ્રમાણે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે.

૨. ઉક્ત બાબતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિયામકશ્રી (આઈસીડીએસ) મારફત જિલ્લાઓને ક્રમાંક: પીઆરસી/૧૦૨૦૧૭/૧૯૮૯(ચોથો અહેવાલ)/બી-૧, તા.૭/૧૧/૨૦૧૭, તા.૧૭/૧૧/૨૦૧૭, તા.૧૮/૧૨/૨૦૧૭, તા.૧૨/૪/૨૦૧૯ તથા અ.સ.પત્ર તા.૫/૨/૨૦૧૮ના પત્રથી તેરમી વિધાનસભાના પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલની ભલામણ ધ્યાને લઈને એ પ્રમાણે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે.

કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા પરિપત્ર ક્રમાક: મબવ/હિસાબી/પીઆરસી/ઓડીટ વસુલાત/વશી/૪૮૭૯૫/૪૮૮૬૭, તા.૪/૧૦/૨૦૧૮થી બાકી ઓડીટ વસુલાત માટે સમયબદ્ધ આયોજન કરી તાબાના અધિકારી કર્મચારીઓને સુચના આપી વસુલાતની કામગીરી ત્વરીત હાથ ધરવા અને જે કિસ્સામાં ઓડીટ દ્વારા સુચવાયેલ રકમ વસુલાતપાત્ર થતી ન હોય ત્યારે જરૂરી આધાર/પુરાવા સાથે સ્વયંસ્પષ્ટ વિગતો સાથે સ્થાનિક ભંડોળ હિસાબ, નિરીક્ષક સાથે પરામર્શ કરીને તે રકમ માંડવાળ કરવાની કાર્યવાહી કરવાની સૂચના પરિપત્રિત કરેલ છે.

૩. ઉક્ત બાબતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિયામકશ્રી (આઈસીડીએસ) મારફત જિલ્લાઓને ક્રમાંક: પીઆરસી/૧૦૨૦૧૭/૧૯૮૯(ચોથો અહેવાલ)/બી-૧, તા.૭/૧૧/૨૦૧૭, તા.૧૭/૧૧/૨૦૧૭, તા.૧૮/૧૨/૨૦૧૭, તા.૧૨/૪/૨૦૧૯ તથા અ.સ.પત્ર તા.૫/૨/૨૦૧૮ના પત્રથી તેરમી વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલની ભલામણ ધ્યાને લઈને એ પ્રમાણે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે.

કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા પરિપત્ર ક્રમાક: મબવ/હિસાબી/પીઆરસી/ઓડીટ વસુલાત/વશી/૬૮/૪૮૯૩૯, તા.૪/૧૦/૨૦૧૮થી બાકી ઓડીટ ફકરાઓનો તાત્કાલિક ઝુંબેશના રૂપમાં નિકાલ કરવા માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ પારા નિકાલ

કેમ્પોનું આયોજન કરી ફકરાઓના નિકાલ કરવાની સૂચનાઓ પરિપત્રિત કરેલ છે. વધુમાં જણાવેલ કે જેની વસુલાત થઈ શકે એમ નથી, એવા ફકરાઓની વસુલાત માંડવાળ કરવા સક્ષમ સત્તાધિકારીશ્રીના હુકમો મેળવી અથવા તો સંબંધિતની જવાબદારી નક્કી કરી વસુલાતની રકમ માંડવાળ કરીને બાકી ઓડીટ ફકરાઓનો નિકાલ કરવો.

## પરિશિષ્ટ-૨

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૨.૮, અહેવાલ ભલામણ ક્રમાંક : ૨

આથી સમિતિ ભલામણ કરે છે કે, સમગ્ર રાજ્યની તમામ જિલ્લા પંચાયતો હેઠળની ગૌચરની તથા ગામતળની જમીન પરના દબાણો દૂર કરાવવા સઘન ઝુંબેશના રૂપમાં કાર્યવાહી કરવા અને થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા સમિતિ ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

ઓડીટ અહેવાલ વર્ષ ૨૦૦૩-૦૪ ફકરા ક્રમાંક-૨.૮ દબાણ સેલની નબળી કામગીરી અંગે સમિતિની ભલામણ અનુસાર નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

તા.૨૦/૦૯/૨૦૧૯ના રોજ સર્કીટ હાઉસ, આણંદ ખાતે માનનીય અગ્ર સચિવશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ પાંચ જિલ્લાઓની રીજીયોનલ મિટીંગમાં આ બાબતે તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને દબાણો દુર કરવા બાબતે એક ઝુંબેશના ભાગ રૂપે સઘન કામગીરી કરવા સુચના આપેલ છે.

ઉક્ત બેઠક ઉપરાંત અત્રેની કચેરી તરફથી "ગૌચર સહિતની સમપ્રાપ્ત થયેલી જમીનો પરના દબાણો દુર કરવા બાબત" પરિપત્ર ક્રમાંક: વિક/પંચાયત/દબાણ/યુ-૫/૧૬૫૦, તા:૧૦/૧૦/૨૦૧૯ના રોજ પરિપત્રિત કરેલ છે. (જુઓ પત્રક-૭)

ઉક્ત બેઠક બાદ અત્રેની કચેરી તરફથી "ગૌચર સહિતની સમપ્રાપ્ત થયેલી જમીનો પરના દબાણો દુર કરવાની કામગીરી માટે પોલીસ બંદોબસ્ત વિનામૂલ્ય આપવા બાબત" નો પરિપત્ર ક્રમાંક: વિક/પંચાયત/દબાણ/યુ-૫/૧૬૯૨/૨૦૧૯, તા.૨૩/૧૦/૨૦૧૯ના રોજ પરિપત્રિત કરેલ છે. (જુઓ પત્રક-૮)

તથા વખતોવખત માનનીય અગ્રસચિવશ્રી તથા વિકાસ કમિશનરશ્રી દ્વારા વિડીયો કોન્ફરન્સ, સમીક્ષા બેઠકમાં આ બાબતને ટોચઅગ્રતા આપવા આદેશ આપીને આ બાબતને ઝુંબેશના રૂપમાં લેવા કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

આ બાબતે તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા ટી.ડી.ઓ. દ્વારા આ બાબતને જિલ્લા સમીક્ષા બેઠકમાં લઇને ઝુંબેશ રૂપે કાર્યવાહી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

પત્રક-૭

ગૌચર સહિતની સંપ્રાપ્ત થયેલી જમીનો પરના
દબાણો દૂર કરવા બાબત.

ક્રમાંક: વિક/પંચાયત/દબાણ/યુ.પ/૧૬૫૦
વિકાસ કમિશનર કચેરી,
ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૬/૨, ગાંધીનગર
તા.૧૦/૧૦/૨૦૧૯

પ રિ પ ત્ર ::

ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૯૩ની કલમ - ૧૦૫ અન્વયે થયેલી જોગવાઇઓ અનુસાર ગ્રામ પંચાયતને સંપ્રાપ્ત જમીનો પરના અનઅધિકૃત દબાણો દૂર કરવાના અધિકારો ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવેલા છે. અનુભવે જણાયેલ છે કે, ગ્રામ પંચાયતો દ્વારા સદર દબાણો દુર કરાવવા નિષ્ક્રિયતા દાખવવામાં આવે છે. ગ્રામ પંચાયતો દ્વારા દબાણ દૂર કરાવવા માટે દાખવવામાં આવતી આવી શિથિલતા બિલકુલ ચલાવી શકાય નહીં. ગ્રામ પંચાયત કક્ષાએથી આવું ઈરાદાપૂર્વક દબાણ દૂર નહીં કરાવવા અને ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૯૩ની કલમ - ૧૦૫ની વૈધાનિક જોગવાઇઓનો અમલ ન થવાના કારણે હોદ્દાના દુરુપયોગ બદલ યોગ્ય સત્તાધિકારી પગલાં લઇ શકે છે, તે તરફ આપનું અંગત ધ્યાન દોરવામાં આવે છે. ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૯૩ની કલમ - ૧૦૫ની પેટા કલમ - ૭ અને પેટા કલમ - ૮ હેઠળ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દબાણ દૂર કરાવવા સંબંધી કાર્યવાહી કરાવવાની વૈધાનિક સત્તાઓ સુપ્રત થયેલ છે. જે અન્વયે તેઓએ દબાણ દૂર કરાવવા આ કલમની પેટા કલમમાં જણાવેલ સમયની અવધિને ધ્યાને લઇ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તાલુકા વિકાસ અધિકારીશ્રીએ કરેલ કાર્યવાહીનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને કરવાનો રહેશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અહેવાલ મળ્યેથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઇઓ હેઠળ નિયમાનુસારની કાર્યવાહી કરવાની રહેશે. દબાણોમાં ખાસ કરીને કોમર્શિયલ દબાણો અગ્રિમતાના ધોરણે દૂર કરાવવા તેમજ ઉભા પાકને લગત દબાણો અને રેસીડેન્શીયલ્સ દબાણો દૂર કરાવતી વખતે સરકારશ્રીની વખતોવખત થયેલ સ્થાયી સૂચનાઓનું પાલન કરવાનુ રહેશે. આવા અનઅધિકૃત દબાણો દૂર કરાવતાં જો કોઇ સુલેહ - શાંતિનો ભંગ થાય તેવી દહેશત રહે તેવા સંજોગોમાં સ્થાનિક કક્ષાએ મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને પોલીસ ઈન્સ્પેકટરશ્રીના સંકલનમાં રહી આ કામગીરસી કરવાની રહેશે.

જે ગ્રામ પંચાયતો દબાણો દૂર કરાવવા સબંધે શિથિલતા કે નિષ્ક્રિયતા દાખવશે તે બદલ ગુજરાત પંચાયત અધિનિયમની કલમ - ૧૦૫ અન્વયેની વૈધાનિક જોગવાઇ હેઠળ સદર કાર્યવાહી ન કરવા સંબંધે યોગ્ય સત્તાધિકારીએ જવાબદારી નકકી કરી અધિકાર પરત્વે પગલા લેવાના રહેશે.

ઉપરોકત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ થાય તે જોવા સુનિશ્ચિત કરવાનું રહેશે.

વિકાસ કમિશનર
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી / કલેકટરશ્રી, તમામ.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u> :-

૧. અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

<u>પત્રક-૮</u>

ગૌચર સહિતની સંપ્રાપ્ત થયેલી જમીનો પરના
દબાણો દૂર કરવાની કામગીરી માટે પોલીસ
બંદોબસ્ત "વિનામૂલ્યે" આપવા બાબત

વિકાસ કમિશનરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૬/૨, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક: વિક/પંચાયત/દબાણ/યુ.પ/૧૬૯૨/૨૦૧૯
તા.૨૩/૧૦/૨૦૧૯

:: <u>પ રિ પ ત્ર</u> ::

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ અન્વયે થયેલી જોગવાઇઓ અનુસાર ગ્રામ પંચાયતને સંપ્રાપ્ત જમીનો પરના અનઅધિકૃત દબાણો દૂર કરવાના અધિકારો ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવેલ છે. પરંતુ ઘણીવાર ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરાવવાની કામગીરી હાથ ધરતાં, સંબંધિત ઇસમો તરફથી અડચણ ઉભી કરાતાં સુલેહ શાંતિનો ભંગ થાય તેવી દહેશત રહે છે. તેથી દબાણો દૂર કરી શકાતા નથી. આવા સંજોગોમાં દબાણો દૂર કરાવવાની કાર્યવાહી સરળતાથી થઇ શકે, તે માટે પોલીસ બંદોબસ્તની મદદ લેવામાં આવે છે. સદર પોલીસ બંદોબસ્ત "વિનામૂલ્યે" આપવા માટે ગૃહ વિભાગના તા.૧૭/૪/૧૯૭૯ના પરિપત્ર ક્રમાંક: જીઆરડી-૧૪૭૮-૫૦૦૧-સ, તા.૧૨/૧૦/૧૯૮૨ના સુધારા પરિપત્ર ક્રમાંક: જીઆરડી-૨૪૭૮-૫૦૦૧-સ થી સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

આથી દબાણ દૂર કરવા માટે સુલેહ શાંતિનો ભંગ થવાની પરિસ્થિતિ ઉભી થતી જણાય ત્યારે ઉક્ત પરિપત્ર મુજબ વિનામૂલ્યે પોલીસ બંદોબસ્ત મેળવવા કાર્યવાહી કરવાની રહેશે અને તે માટે ગૃહ વિભાગના પરિપત્ર મુજબ પોલીસ અધિકારીશ્રીના ધ્યાને લાવવાનું રહેશે.

વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી/કલેક્ટરશ્રી, તમામ.
<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u> :

૧. અગ્રસચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ :

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, તમામ.

<u>પરિશિષ્ટ-૩</u>

<u>માર્ગ અને મકાન વિભાગ</u>

<u>લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૪.૧૨, અહેવાલ ભલામણ ક્રમાંક : ૫</u>

આથી સમિતિ ભલામણ કરે છે કે, યોજનાકિય કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જોઈએ. જો કોઈ કામ પૂર્ણ કરવામાં તેની સમયમર્યાદા કરતાં વધારે સમય થાય તો તેવા કામોના વિલંબ માટે બાંધકામ સમિતિએ બારોબાર નિર્ણય ન લેતાં યોગ્ય વિલંબ વળતર વસુલ થઈ શકે તે રીતે રાજય સરકારના પરામર્શમાં નિર્ણય લેવા જોઈએ. આ બાબતમાં સંબંધિતોને સૂચના આપવા સમિતિ ભલામણ કરે છે.

<u>સરકારે લીધેલ પગલાં</u>

સમિતિનાં અહેવાલની ભલામણ અન્વયે જરૂરી પરિપત્ર કરી ક્ષેત્રિય અધિકારીશ્રીઓને જણાવવામાં આવેલ છે. <u>(જુઓ પત્રક-૯ અને પત્રક-૧૦)</u>

પત્રક-૯

તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલની ભલામણ ઉપર સરકારે લીધેલાં પગલા

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક: વસપ/૨૦૧૮/૮/ડ.૧
તા.૧૯/૦૨/૨૦૧૮

વિષય : તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલની ભલામણ ઉપર સરકારે લેવાના થતા પગલા બાબત

સંદર્ભ : (૧) ગુજરાત સરકાર મા. અને મ. વિભાગનાં પરિપત્ર ક્રમાંક : ટીએનસી/૨૪૮૦/ આઈબી-૧૩૨/૫૩/સી તા.૨૮/૦૫/૧૯૮૧.

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની નોંધ પરની અનુમતી.

પરિપત્ર:-

તેરમી ગુજરાત વિધાનસભાની પંચાયત રાજ સમિતિએ ચોથા અહેવાલમાં નીચેની વિગતે ભલામણ કરેલ છે.

યોજનાકિય કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જોઈએ જે કોઈ કામ પૂર્ણ કરવામાં તેની સમયમર્યાદા કરતાં વધારે સમય થાય તો તેવા કામોના વિલંબ માટે બાંધકામ સમિતિએ બારોબાર નિર્ણય ન લેતાં યોગ્ય વિલંબ વળતર વસુલ થઈ શકે તે રીતે રાજ્ય સરકારના પરામર્શમાં નિર્ણય લેવા જોઈએ. આ બાબતમાં સંબંધિતોને સુચના આપવા સમિતિ ભલામણ કરે છે.

આથી તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ (પંચાયત મા.મ. વિભાગ)ને વિભાગ હસ્તકનાં કામો કરારખત મુજબની સમય મર્યાદામાં જ પૂર્ણ થાય તે બાબતે પુરતી તકેદારી રાખવા અંગત લક્ષ આપવા સુચના આપવામાં આવે છે. જે કામોમાં વિલંબ થયો છે તેવા કેસોમાં વળતર સાથે સમય મર્યાદા મંજુર કરવામાં આવે છે ત્યારે ટેન્ડર ક્લોઝ પ્રમાણે વળતર વસુલાતની કાર્યવાહી હાથ ધરવા અંગે ક્ષેત્રીય કક્ષાએ પુરતી કાળજી રાખવામાં આવતી નથી. હાલમાં સંદર્ભમાં જણાવ્યા પ્રમાણેનાં પરિપત્રમાં આપેલ સુચના અન્વયે સમયમર્યાદા વિના વળતરે વધારી આપવા માટે

પ્રવર્તમાન જોગવાઈ મુજબ અધિક્ષક ઈજનેરશ્રીઓનો તાંત્રિક અભિપ્રાય મેળવવામાં આવે છે, તે ચાલુ રાખવાની રહેશે. પરંતુ પંચાયતી રાજ સમિતિની ભલામણ અન્વયે કરારખત થયા બાદ કામની સમયમર્યાદ કરારખતની મૂળ સમયમર્યાદા કરતાં બે ગણી અથવા તેનાથી પણ વધારે સમયમર્યાદા આપવાની થાય, તેમજ વિલંબ વળતર નક્કી કરવાનું થાય તેવા કિસ્સાઓમાં જિલ્લા પંચાયત દ્વારા રાજ્ય સરકારનાં પરામર્શમાં રહી નિર્ણય કરવા જણાવવામાં આવે છે.

સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૦૨/૦૨/૨૦૧૮નાં રોજ અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરની અનુમતી મેળવેલ છે.

ઉક્ત સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવા સુચના આપવામાં આવે છે.

(ડી. કે. ગાવિત)
ઉપસચિવ (પં.૨) ૨,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય,ગાંધીનગર

પ્રતિ,

(૧) સર્વે અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વર્તુળ.

(૨) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વિભાગ.

<u>નકલ રવાનાં</u> :-

(૧) અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

(૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

(૩) ઉપસચિવશ્રી(પં.૨)૧ અને ૩, માર્ગ અને મકાન વિભાગ સચિવાલય, ગાંધીનગર

(૪) સેકશન અધિકારીશ્રી, સી શાખા, માર્ગ અને મકાન વિભાગ.

(૫) સીલેક્ટ ફાઈલ

પત્રક-૧૦

**ગુજરાત સરકાર**

**મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગ**

**ક્રમાંકઃ ટીએનસી/૨૪૮૦/આઈબી-૧૩૨/(૫૩)-સી**

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૨૮-૫-૧૯૮૧**

**પરિપત્ર :-**

**વિષયઃ- જાહેર હિસાબ સમિતિના ૧૫મા અહેવાલ ભલામણ ક્રમાંકઃ૧૨ (ફકરો નં.૧૨) કસુરદાર કોન્ટ્રાકટરોને કરવામાં આવેલ દંડની વસુલાત (પંચાયતોના કામો)**

**વંચાણેમાં લીધાઃ-**

**(૧) ગુજરાત પી.ડબલ્યુ. મેન્યુઅલ ભાગ-૧ (પ્રથમ આવૃત્તિ, ૧૯૬૬ પુનઃ મુદ્રિત ૧૯૭૪)નો ફકરો ક્રમાંક: ૨૧૧-બી**

**(૨) તા.૮-૨-૭૫નો સરકારી પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી/૨૫૭૪/(૧૮૮)સી**

**(૩) તા.૨૦-૧૧-૭૫નો સરકારી ઠરાવ ક્રમાંકઃ રાસીએટી/૧૯૬૯/૧૫૯૫૬(૧૪)/સી**

**(૪) તા.૧૭-૫-૧૯૭૬ નો સરકારી પરિપત્ર ક્રમાંકઃ પીડબલ્યુએમ/૧૫૭૬/(૬૮)/સી**

**જાહેર હિસાબ સમિતિએ તેના ૧૫મા અહેવાલના ફકરા નં.૧૨ (ભલામણ ક્રમાંક:૯)માં અવલોકનો કરી અને સરકારશ્રીને નીચે મુજબની ભલામણ કરી છે.**

**૨. "કોન્ટ્રાકટરોને નજીવો દંડ કરવાના કે દંડ ભર્યા પછી માફ કરવાના જે કિસ્સા સમિતિએ તપાસયા તે ઉપરથી સમિતિને લાગે છે કે, પંચાયતો તેમની ઈચ્છા મુજબ દંડ ઘટાડી શકે તે આદર્શ પરિસ્થિતી નથી. કોન્ટ્રાકટરને દંડ કરવા પાછળની મુખ્ય આશય સમયસર કામ પુરું કરવાની છે. સમયસર કામ પુરું ન થાય તો કામ પાછળ કરવામાં આવેલું મુડી રોકાણ વ્યર્થ નીવડે છે અને સાથોસાથ યોજનાના લાભો મળવામાં પણ વિલંબ થાય છે. આમ દંડ કરવા પાછળ એક સ્પષ્ટ ભુમિકા રહેલી છે. તેથી માત્ર ૧૦ પૈસા જેવો નજીવો દંડ કરવાથી કે પછી માફ કરવાથી દંડ કરવા પાછળની આ ભુમિકા નષ્ટ થઈ જાય છે. સમિતિને લાગે છે કે, પંચાયતોના સ્વવિવેક પર આ બાબત અવલંબતી હોઈ, પંચાયતોએ પણ આ ભુમિકાને લક્ષમાં રાખવી જોઈએ સમિતિ સ્વીકાર છે કે પંચાયતોના કાર્યક્ષેત્રની બાબત હોઈ રાજય સરકાર આ બાબતમાં કોઈ બંધનકારક હુકમો કરી શકે નહિ. તેમ છતાં સમિતિને લાગે છે કે, પંચાયતોને માર્ગદર્શન મળે તે માટે ઓછો અને વધુમાં**

વધુ કેટલો દંડ પંચાયતો કરી શકે તેમજ કયા સંજોગોમાં દંડ ઘટાડી શકે તે સંબંધમાં સરકારે માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવી જોઈએ."

૩. ઉપરોકત ભલામણોની સરકારશ્રીએ સ્વીકાર કર્યો છે અને તદનુસાર સર્વે પંચાયતોના માર્ગદર્શન માટે આથી સુચનાઓ આપવામાં આવે છે કે પંચાયતના કામો ઉપર જયારે જયારે ટેન્ડરની શરત પ્રમાણે સમય મર્યાદામાં કામો પુરા ન થતા હોય અને જે કિસ્સામાં પંચાયતના કે સરકારના કામો પુરા થવા માટે ટેન્ડરની શરતો પ્રમાણે જમીનનો કબજો શીડયુલ 'એ' હેઠળ માલસામાન કે બીજી શરતોનું પાલન થઈ શક્યું ન હોઈ તેવી બાબત સ્પર્શતી ન હોય તેવા કિસ્સામાં કામો પુરા થતાં સુધીમાં વર્કચાર્જડ મહેકમ અંગેના ખર્ચ, માલસામાનના ભાવ વધારાને લીધે થયેલ નુકશાન તેમજ પંચાયતના કામો મોડા થવાથી જે કંઈ પ્રશ્ન ઉપસ્થિત થવાને કારણે જે કંઈ બીજું નુકશાન થયું હોય તે ધ્યાનમાં લઈને વળતર લેવું જરૂરી છે અને તેમાં વળતર પેટે વસુલ રકમ માફ કરવી જોઈએ નહીં. આવું વળતર ટેન્ડરની શરતો પ્રમાણે વધુમાં વધુ ૧૦ ટકા સુધી લેવાની જોગવાઈ છે. જે કિસ્સામાં ખર્ચે અને જોખમે કામ કરેલ હોય પંચાયતને જે નુકશાન થયેલ હોય તે વસુલ કરવાની થતી વળતરની રકમ તેમજ ખર્ચે અને જોખમે વધારાનો જે ખર્ચ થયો હોય તેની પણ વસુલાત કામ પેટે જમા કરવા માટે કરવાની રહે છે.

૪. જેમ રાજયમાં અધિક્ષક ઈજનેરશ્રીને વળતર લેવા માટેની સત્તા આપવામાં આવેલ છે. તેમ જીલ્લા પંચાયતમાં વળતર લેવાની સત્તા બાંધકામ સમિતિને કાર્યપાલક ઈજનેરશ્રીની ભલામણ મેળવીને બાંધકામ સમિતિને આપવી જરૂરી છે. તેવી જ રીતે સમય મર્યાદા બાબતની સત્તા રાજયમાં જેમ જુદી જુદી કક્ષાએ આપેલ છે તે જ પ્રમાણે કામના અંદાજો, કિંમત પ્રમાણે ટેન્ડરની સમય મર્યાદાને અનુલક્ષીને સરકારશ્રીના તા.૨૦/૧૧/૭૫ની જે છેવટનો ઠરાવ છે તે પ્રમાણે પંચાયતમાં પણ જુદી જુદી કક્ષાએ સત્તાઓ આપવી જરૂરી છે. રાજયમાં જે સત્તા કાર્યપાલક ઈજનેરશ્રીને આપેલ છે તે જ પ્રમાણે જીલ્લા પંચાયતમાં પણ કાર્યપાલક ઈજનેરશ્રીને તેવી સત્તા આપવી જરૂરી છે. રાજયમાં જે સત્તા અધિક્ષક ઈજનેરશ્રીને આપેલ છે તે સત્તા બાંધકામ સમિતિને આપવી જરૂરી છે. અને મુખ્ય ઈજનેરશ્રીને જે સત્તા આપેલ છે તે સત્તા જીલ્લા પંચાયત પાસે હોવી જરૂરી છે. જેથી સમય મર્યાદા ખરેખર આપવી કે કેમ, વળતર વસુલ કરવું કે કેમ ? તેનો નિર્ણય જે તે સક્ષમ કક્ષાએ થઈ શકે. જે કિસ્સામાં કામની સમયમર્યાદા ટેન્ડરની શરતોની જોગવાઈ પ્રમાણે આપવાની થતી હોય ત્યાં વળતર લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ જે કિસ્સામાં સમય મર્યાદા વળતરની રકમ લઈને વધારી આપવામાં આવે ત્યારે તેવા કિસ્સામાં વળતર લેવા અંગેનો સમગ્ર નિર્ણય જીલ્લા પંચાયતની બાંધકામ સમિતિને આપવામાં આવે તે યોગ્ય જણાય છે. જયારે વળતર માફ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે જે તે અધિક્ષક ઈજનેરશ્રીની ભલામણ મેળવીને જીલ્લા પંચાયત પાસે વળતર માફ કરવાની સત્તા રાખવી જોઈએ. વળતર માફ કરતાં પહેલાં તે અંગે તાંત્રિક ચકાસણી અધિક્ષક ઈજનેરશ્રી, તેમજ વહીવટી તેમજ નાણાંકીય ચકાસણી જિલ્લા

વિકાસ અધિકારી તરફથી કરીને જીલ્લા પંચાયતે ભલામણો મેળવવી જરૂરી છે અને વધુમાં વધુ વળતર ટેન્ડરની શરત પ્રમાણે લેવાનું રહે છે.

૫. આ સુચનાઓ નાણાંકીય સલાહકારશ્રીઓ (મ અને મા તથા સિંચાઈ) સિંચાઈ વિભાગ તેમજ પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગની સંમતિ મેળવીને આ વિભાગની ફાઈલ ક્રમાંક : ટીએનસી/૨૪૮૦/આઈબી-૧૩૨/(૫૩)/સી પર બહાર પાડવામાં આવે છે.

ગો. કુ. શાહ,
સરકારના નાયબ સચિવ,
મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગ

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ

## પરિશિષ્ટ-૪

## શિક્ષણ વિભાગ

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૬.૪, અહેવાલ ભલામણ ક્રમાંક : ૪

આથી સમિતિ ભલામણ કરે છે કે, રાજયની શાળાઓમાં જે ઓરડાઓ જર્જરીત અને વધારે જર્જરીત હોય તેની પ્રાયોરીટી નક્કી કરવામાં આવે તથા જે શાળામાં સાત શિક્ષકો હોય અને પુરતા વિદ્યાર્થીઓ હોય અને શાળાના રૂમની ઘટ હોય તેમને પ્રાયોરીટી આપી શાળાના ઓરડા બાંધવા ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

રાજયની પ્રાથમિક શાળાઓમાં હયાત ઓરડાઓની ભૌતિક સ્થિતિ ચકાસણી, નવીન ઓરડાઓના બાંધકામ તેમજ હયાત જર્જરીત તેમજ અતિ જર્જરીત ઓરડાઓ ઉતારી તેવા ઓરડાઓના નવીનીકરણ, રીનોવેશનની તમામ કામગીરી માટે શિક્ષણ વિભાગ હસ્તક્ના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન (SSA) અમલીકરણ હોઈ સ્ટેટ પ્રોજેકેટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન (SSA) દ્વારા રાજયના તેઓના તાબા હસ્તકના જિલ્લાઓના જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટરશ્રીઓ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તમામને ક્રમાંક:એસએસએ/સિવિલ/૨૦૧૯/૧૫૩૪૪-૩૭૮, તા.૧૩/૦૫/૧૯થી સમિતિની ભલામણ મુજબ અમલવારી કરવા જાણ કરવામાં આવેલ છે. (જુઓ પત્રક-૧૧)

લોકલ ફંડ ફકરા ક્રમાંક : ૬.૩, અહેવાલ ભલામણ ક્રમાંક : ૬

આથી સમિતિ ભલામણ કરે છે કે, વધુ ચુકવાયેલ રકમ રૂ.૧૦,૭૫,૦૦૦/- વસુલ કરવા અને જવાબદારોની જવાબદારી નક્કી કરી તેઓની સામે કાર્યવાહી કરવા સમિતિ આથી ભલામણ કરે છે.

સરકારે લીધેલ પગલાં

અનઅધિકૃત રીતે ખાનગી ટ્રસ્ટને પ્રાથમિક શાળાઓનાં ઓરડાઓના બાંધકામની વધુ ચુકવાયેલ રકમ રૂ.૧૦,૭૫,૦૦૦/- વસુલ કરવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટના રજી.પો.એડી. પત્ર ક્રમાંક:એકા-૨/વશી/૧૦૫-૧૦૮ તા.૧૬/૦૫/૨૦૧૯થી ટ્રસ્ટ સંચાલિત ૪૩ ખાનગી પ્રાથમિક શાળાઓના ઓરડાઓના બાંધકામની વધુ ચુકવાયેલ રકમ રૂ.૧૦,૭૫,૦૦૦/- દિન-૦૭માં જમા કરાવી ચલણની નકલ રજુ કરવા જણાવેલ છે. દિન-૦૭ની સમયમર્યાદામાં રકમ વસુલાતની કાર્યવાહી ન કરાય તો સદર રકમ રૂ.૧૦,૭૫,૦૦૦/-ની રેવન્યુ રાહે વસુલાત કરવા કાર્યવાહી કરવાની પણ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, સૌરાષ્ટ્ર મેડીકલ & એજયુકેશન ટ્રસ્ટ “લાઇફ” ને જાણ કરેલ છે.

આ બાબતે જવાબદાર તત્કાલીન જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રી, રાજકોટ, શ્રી એ. કે. છાયા વયનિવૃત્તિ તા.૩૦/૦૯/૨૦૧૧ સામે ગુજરાત મુલ્કી સેવા પેન્શન નિયમો-૨૦૦૨ના નિયમ

૨૪ની જોગવાઇ મુજબ તેઓ સામે આ ઘટનાનો બનાવ ૨૦૦૭નો છે અને તેઓની નિવૃત્તિ તા.૩૦/૦૯/૨૦૧૧ છે. તેથી નિવૃત્તિ તારીખ પછી ચાર વર્ષ પહેલાંના બનાવ/ઘટનામાં નિવૃત્તિ તારીખ પહેલાં આ અંગે આરોપનામું બજવેલ હોય તો જ તેઓ સામે ખાતાકીય તપાસ હાથ ધરી આ કિસ્સામાં પગલાંમાં માત્ર પેન્શન કાપની જ કાર્યવાહી કરી શકાય છે, જવાબદાર તત્કાલીન જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રી, રાજકોટ, શ્રી એ. કે. છાયા વયનિવૃત્તિ તા.૩૦/૦૯/૨૦૧૧થી વયનિવૃત્ત થયેલ હોઇ હવે ખાતાકીય તપાસના સા.વ.વિ.ના પ્રર્વતમાન નિયમોની જોગવાઇ મુજબ તેઓની જવાબદારી નક્કી થયેલ હોવા છતાં કાર્યવાહી સંભવ થઇ શકે તેમ નથી.

જિ.પ્રા.શિ.અધિ.શ્રી, રાજકોટનો તા.૦૩/૦૭/૨૦૧૯ના મળેલ પત્રમાં સને ૨૦૦૬-૦૭ના ફકરા નં.- ૬.૩માં ખાનગી પ્રાથમિક શાળાઓને યુનિટ કોસ્ટ દીઠ રૂ.૫૦,૦૦૦/-નું અનુદાન ફાળવણી કરવાના બદલે રૂ.૭૫,૦૦૦/- આમ કુલ ૪૩ પ્રાથમિક શાળાઓને રૂ.૧૦,૭૫,૦૦૦/- વધુ ચુકવણી થયેલ તે રકમ વસુલાત કરવા અને જવાબદારો સામે પગલાં લેવા બાબતમાં નીચે મુજંબની વિગતો આપેલ છે.

સૌરાષ્ટ્ર મેડીકલ & એજયુકેશન ટ્રસ્ટ “લાઇફ” રાજકોટનું હાલ વિછીયા તાલુકાના દડલી પ્રાથમિક શાળાનાં ૧૦ ઓરડાનું બાંધકામ ચાલુ છે જેની અંદાજે ચુકવવાપાત્ર રકમ રૂ.૩૧,૦૦,૦૦૦/- થાય છે. આ રકમનું ચુકવણું કરતા પહેલાં અત્રેથી વસુલાતની રકમ રૂ.૧૦,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પંચોત્તેર હજાર પુરા) વસુલ કરી સરકારશ્રીમાં જમા કરીને જ સૌરાષ્ટ્ર મેડીકલ & એજયુકેશન ટ્રસ્ટ “લાઇફ” ને ચુકવણું કરવામાં આવશે.

ખાનગી પ્રાથમિક શાળાઓને યુનિટ કોસ્ટ દીઠ રૂ.૫૦,૦૦૦/-નું અનુદાન ફાળવણી કરવાના બદલે રૂ.૭૫,૦૦૦/- ફાળવણી કરવાના જવાબદારો પૈકી શ્રી એ. કે. મહેતા, જુનિયર કલાર્ક છે અને પંચાયત સેવાના કર્મચારી સામે શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવા જિ.પ્રા.શિ.અધિ.શ્રી, રાજકોટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, રાજકોટને તા.૦૩/૦૭/૨૦૧૯ના પત્રથી જાણ કરેલ છે.

ઉકત કામગીરીમાં કેળવણી નિરીક્ષકે પણ સહીઓ કરેલ છે. જે નોંધો તત્કાલીન જિ.પ્રા.શિ.અધિ.શ્રી એ. કે. છાયા વયનિવૃત્તિ તારીખ ૩૦/૦૯/૨૦૧૧ દ્વારા મંજુર કરેલ છે. વર્ગ-૧ના નિવૃત અધિકારીના શિસ્ત અધિકારી સરકારશ્રી હોઇ તેઓની સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની સત્તા વિભાગને પહોંચે છે.

શ્રી જે. એલ. પટેલ, તત્કાલીન કેળવણી નિરીક્ષક સામે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની થાય પરંતુ શ્રી જે. એલ. પટેલ તા.૩૧/૦૩/૨૦૦૯ના રોજ સેવા નિવૃત થયેલ હોઇ ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો-૨૦૦૨ના નિયમ ૨૪(૨) ખ (૨) મુજબ તેઓની નિવૃતિને ૦૪ વર્ષથી વધુ સમય વીતી ગયેલ હોઇ તેઓ સામે ખાતાકીય તપાસ કરી શકાય નહી.

પત્રક-૧૧

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા અભિયાન (એસએસએ),
સેકટર નં. ૧૭, ગાંધીનગર – ૩૮૨ ૦૧૭.
ગુજરાત રાજય
ફોન નં. ૦૭૯ – ૨૩૨૩૫૦૬૯, ૨૩૨૩૪૯૩૯
Email: ssamcivilgepe@yahoo.com
Website: www.ssagujarat.org
ફેક્ષ નં. ૨૩૨૩૨૪૩૬, હેલ્પ લાઈન નં :૧૮૦૦-૨૩૩-૭૯૬૫

ક્રમાંક: એસએસએ/સિવિલ/૨૦૧૯/૧૫૩૪૪-૩૭૮ તા.૧૩/૫/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટરશ્રી, અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

જિલ્લો : અમદાવાદ, અમરેલી, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, ભરૂચ, બોટાદ, છોટા ઉદેપુર, ડાંગ, દાહોદ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગીરસોમનાથ, જામનગર, જુનાગઢ, ખેડા, કચ્છ, મહીસાગર, મોરબી, મહેસાણા, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, તાપી, વડોદરા અને વલસાડ

વિષય : તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલની ભલામણો પર લીધેલા પગલાંની માહિતી બાબતે.

સંદર્ભ: નાયબ શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક : પ્રાશિનિ.ચ.૨/પી.આર.સી/ ૨૦૧૮-૧૯/૪૫૪-૫૫, તા.૦૮/૦૪/૨૦૧૯

શ્રીમાન,

ઉપરોકત વિષયના સંદર્ભમાં દર્શાવેલ નાયબ શિક્ષણ નિયામકશ્રીના પત્રથી તેરમી ગુજરાત વિધાનસભા પંચાયતી રાજ સમિતિના ચોથા અહેવાલની ભલામણોના ફકરા નં ૬.૪ વર્ષ ૨૦૦૬-૦૭ નો ઉલ્લેખ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

રાજયની શાળાઓમાં જે ઓરડાઓ જર્જરિત હોય તેની પ્રાયોરીટી નકકી કરવામાં આવે તથા જે શાળાઓમાં ૦૭ શિક્ષકો હોય અને પુરતા વિધાર્થીઓ હોય અને શાળાના રૂમની ઘટ હોય તેમને પ્રાયોરીટી આપી શાળાના ઓરડા બાંધવા ભલામણ કરે છે.

ઉપર જણાવેલ ભલામણ મુજબ આપના તરફથી રાજય સરકાર, ભારત સરકાર અથવા અન્ય સત્તા મંડળમાં જયારે પણ વર્ગખંડો અંગે બજેટની રજુઆત કરવામાં આવે ત્યારે પંચાયતી રાજ સમિતિના અહેવાલમાં કરેલ ઉપર મુજબની ભલામણો મુજબ વર્ગખંડો અંગે પ્રાયોરીટી આપવાની રહેશે.

ઉપર જણાવેલ પંચાયતી રાજ સમિતિ ધ્વારા કરેલ ભલામણો મુજબ આથી કાર્યવાહી કરવા વિનંતી આભાર,

સ્ટેટ પ્રોજેકટ ઈજનેર
એસએસએ, ગાંધીનગર

<u>નકલ રવાના</u> :

- નાયબ શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, જુના સચિવાલય, ગાંધીનગરને જાણ થવા વિનંતી.
- ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, વ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.